હપુષા, વપુષા, વિશ્વા. વિગંધા, વિશ્વગંધિકા; પાંચ નામ છે. ભુખ વધારનાર દીપન, તિખાસે. કડવાસે. ગર્મ, તૂરાસે. પાચન થવાને ભારી છે. ॥ ૩૮૮ ॥ પિત્તકોપે પેટના રોગને. વાયુકોપને. હરસને, સંગ્રહણીને, સોઝાને, પેટમાં ચહડતા ગોળાના ગુલ્મ રોગને, શૂળરોગને જીતે છે.

(વાયડીંગ, વાયવડીંગ.)

વિડંગ, જન્તુઘ્નનં. ક્રિમિઘ્નં, ક્ષુદ્ર તંદુલાઃ ॥ ૩૮૯ ॥ ભૂતઘ્ની તંદુલા, ઘોપા, કરાળા. મૃગગામિની; આઠ નામ છે. કડવાસે, તીખાસે, ગર્મ, લુખા. કોઠામાં અગ્નિ ઉપજાવે. પાચન થવાને હલકા ॥ ૩૯૦ ॥ શુળરોગને. અજીરણને. પેટમાં ચહડતા ગોળાના ગુલ્મરોગને, જીવાતના કૃમિરોગને, બંધાયલા વાયુને જીતે છે.

(ધાણા, કોથમીર.)

ધાન્યાકં. ધાન્યક, ધાન્યં, ધાનેયં વિતુન્નકમ ॥ ૩૯૦॥ કુસ્તુંબુરૂ. તદભદ્દ, તુંધાની. ધાનિયકાલકાઃ નવ નામ છે. તૂરાસે. ચિકણા સ્નિગ્ધ. શરીર પુષ્ઠ કરે. પિશાબ વધારે લાવે, પાચન થવાને હલકા ॥૩૯૧॥ મન અને હૃદયને વધારે શક્તિ આપે, લુખાસે, ઝાડાને અટકાવે. મુખે રૂચી લાવે, પાચન થતીવખતે વાયુ પિત્ત અને કફના ત્રણે દોષના સનિપાત રોગને. ખાંશીને હાફણને દમને, લોહગંધાને તૃષાને, હરશને, જીવાતના કૃમિરોગને જીતેછે. ॥૩૯૨ ॥ ઉપર લખેલા ગુણોસહિત છતાં પિત્તકોપને તરત જીતે છે.

(હિંગુપત્રા, હીંગડાના પાંત્રા.)

હિંગુપત્રી, પૃથુસ્તન્વી. પૃથ્વીકા, ચારૂ ત્રિકા ॥ ૩૯૩ ॥ વા-ષ્પિકા, કારવી, તંદ્રીવિલ્વિકા. દીર્ઘકા, હિંગપત્રા, પરાવેણુપત્રી, હિંગુ શિવાટિકા. ॥ ૩૯૪ ॥ જંતુકા, રામઠી, નાડી, વિંડા, હિંગુફળા; સોળ નામ છે. એહુ જાતના તીખાસે, ગર્મ, પાચન કર્તા, કડવાસે. ॥ ૩૯૫ ॥ હઈઆ અને હ્રદય રોગને. ઝાડા|પિશાબના બસ્તિ રોગને, ઝાડાને કબજ કરે, હરશના રોગને, રસવિકારને, કફકોપના પેટના ગુલ્મ રોગને ઝીતે છે.

(હિંગ અને હિંગડો.)

હિંગુ, વાલ્હીકં, અત્યુગ્રં, રાંમઠં, ભૂતનાશનમ ॥ ૩૯૬ ॥ અ-ગુઢં, ગંધા, જરણં, જંતુઘ્નં, સુપભૂપણુમ; આઠ નામ છે. ગર્મ. પાચનકર્તા, મુખે રૂચી ઉપજાવે, ઉગ્ર, તિક્ષ્ણ, કફ અને વાયુકોપને ઝીતે છે. ॥ ૩૯૭ ॥ શુળરોગને, પેટમાં ચડતા ગોળાના ગુલ્મોદ-રને, પેટના રોગને, અજીરણ રોગને. જીવાતના કૃમિરોગને ઝીતે છે; પણ પિત્તકોપને વધારે છે.

(વંશલોચન—ઘણા ઓષડોમાં જાુજ વપરાય છે.)

વંશજા, વૈષ્ણવી. ક્ષીરી, ત્વક્ક્ષીરી, વંશરોચના ॥ ૩૯૮ ॥ તુ-ગાક્ષીરી, તુગાવંશી, વંશક્ષીરી, શુભ્રાંસિતા; નવ નામ છે. શરીર બળને વધારે. શુક્રધાતુને વધારી શરીર પુષ્ટ કરે, પાચન થના શિતળ, મધુર મીઠો પાક થાય છે. ॥ ૩૯૯ ॥ તૃષાને, ક્ષયરોગને, તાવને, હા-ફ્ણને. દમને, ખાંશીને. પિત્તકોપને, લોહગંધાને, કમળાને, વાયુકો-પને ઝીતે છે.

(સિંધાલુણ, સૈંધવખાર.)

સૈંધવં, સિંધુજં, શુદ્ધં. પાણિમંથં. પટૂત્તમમ; ॥ ૪૦૦ ॥ પાંચ નામ છે. મીઠારસે, મન અને હ્રદયને પધારે શક્તિ આપે, ભૂખ વધારનાર દીપન. શિતળ ગુણે, પાચન થવાને હલકો, આંખના રોગને ઝીતે, ખાધેલા ખોરાકનું પાચન કરે, ચિકાસે સ્નિગ્ધ, શરીર પુષ્ટ કરે છે. વાયુ પિત્ત અને કફ ત્રણે દોષને ઝીતે છે. ॥ ૪૦૧ ॥

(સંચળખાર.)

સૌવર્ચલં, સુગંધ્યાખ્યં, રૂચ્યકં, હૃદ્યગંધકં; ચાર નામ છે. સિંધાલુણના સર્વે ગુણો સંચળમાં છતાં, કોઠાની અગ્નિને વધારે, ભૂખ લાગે, કડવાસે, ગર્મ, કોઠાને સાફ કરે, પાચન થવાને હલકુ છે. ॥ ૪૦૨ ॥ હોડકારને શુદ્ધ કરે, શરીરમાં શૂક્ષ્મ રીતે પસરે, ઝાડા પિશાબની કબજાતને, અજીરણને, શૂળરોગને જીતે છે.

(બીડલોણ, બીડખાર.)

વિડં, કૃત્રિમકં, પાક્યં, ધૂર્ત્તદ્રા, વિડંમાસુરમ ॥ ૪૦૩ ॥ પાંચ નામ છે. પાચન થવાને હલકું, ગર્મ તુર, ઝાડા પિશાબને શુદ્ધ કરે, શૂળરોગને, હઈઆના રોગને, અરૂચીને, અજીરણને, કફકોપને, જીતે છે. શરીરના રૂવાટામાં વાયુકોપ ભરાયલો હોય તેને બહાર કહાડે છે. ॥ ૪૦૪ ॥

(સમુદ્દર લોણ—મીઠું, નિમખ.)

સામુદ્રં, વારિસન, ભૂતમક્ષી, વમસુરં; ચાર નામ છે. ભૂખ વધારનાર દીપન છે, સ્વાદિષ્ટ, પાચન થતા તેનો મીઠો રસ થાય, ગર્મ નથી, ઝાડા પિશાબની બંધાએલી ગાંઠોને છુટી પાડનાર ભેદન ગુણે, ખારૂ અને કડવું ॥ ૪૦૫ ॥ રસવિકાર અને કફ ઉપજાવે, વાયુકોપને જીતે, લુખાસે, પિત્તકોપને વધારતુ નથી.

(ભોયખાર પાપડખાર.)

ઔદ્ભિદં, ભૂમિજં, ભૌમં, પાર્થિવં, પૃથિવી ભવમ્ ॥૪૦૬ પાંચ નામ છે. લોહીને વધારે, શરીરમાં પસરે, પાચન થવાને હલકો, વાયુકોપને હરે છે. રૂવાટામાં પ્રવેશ કરેછે.

(સાભરમીઠું, ગંડમીઠું, સાબર મીઠું.)

ગંડાખ્યં, રોમલવણં, રોમશાકભરી, ભવમ. ॥૪૦૭॥ ચાર નામ છે. પચવાને હલકુ. વાયુકોપને જીતે, અતિ ગર્મ, ઝાડાપિશાબની બંધાયલી ગાંઠોને છુટી પાડનાર ભેદી છે. પિશાબના રોગને જીતે છે.

(બાગડખાર.)

ક્ષારં, પાંશુભવં, ત્વૌપ, ભાપરં, પાશવવસુ ॥ ૪૦૮ ॥ ચાર

નામ છે. પચવાને ભારી, કડવાસે, તીખાસે, ચિકાસે, રસવિકારને બહાર કહાડે, વાયુકોપને ઝીતે છે.

(સુરોખાર સોધેલો, ઓષડોમાં જુજ વપરાય છે.)

કાચં, ત્રિકુટં, પાક્યાંહવ, લવણં, કાચસંભવમ્ ॥ ૪૦૯ ॥ પાંચ નામ છે. ભૂખ વધારનાર દીપન છે, અતિશે ગર્મ, લોહીનો ઝાડો અને ઉલટીનો રક્તપિત્ત રોગને ઉપજાવે છે.

(જવખાર ઘણો જલદ છે તેથી ઓષડોમાં-
જુજ વાપરે છે.)

યવક્ષારઃ, સૂકપાકયો, યવસૂકો, યવાગ્રજઃ ॥૪૧૦॥ સ્વરજીકા, સ્વરજીક.પાકય, સુખપાકય. સુવર્તિકા; આઠ નામ છે. કોઠાની અગ્નિને ઉપજાવે, રસવિકારને, કફકોપને, હાફણને, કંઠના રોગને ઝીતે છે. ॥ ૪૧૧ ॥ કાચીઆમના રોગને. હરશના રોગને. સંગ્રહણીના ઝાડાને, પેટના ગુલ્મરોગને. કળેજાના રોગને, તાપતલ્લીને, ફેફસાના રોગને ઝીતે છે.

(સાજીખાર, પાપડખાર.)

સ્વરજીકા, એક નામ છે. શિતળ, ઝાડો પિશાબ સાફ કરે, પેટના ગુલ્મરોગને, શળરોગને ઝીતે છે. ॥ ૪૧૨ ॥

(ટંકણખાર સેકીને મધમાં જુજ વાપરે છે.)

ટંકણો, માલતી જાતો, દ્રાવી, લોહ, વિશુદ્ધિદઃ; ચાર નામ છે. કોઠાની અગ્નિને ઉપજાવે, લુખાસે, કફકોપને વધારે, વાતપિત્ત કોપને ઝીતે છે. ॥ ૪૧૩ ॥

(સોધેલો નવસાગર.)

સુધાહ્વયં, સુધા, સૌધભૂષણં, કટુ શર્કરા, સુધાક્ષારો, અગ્નિ સંકાશઃ, પાકી, કલેદી, વિદારણઃ; નવ નામ છે. કોઠાની અગ્નિને સંકોચે, મળમુત્રાદિક રોગને જુદો પાડે. ॥ ૪૧૪ ॥

(સર્વક્ષાર.કેટલીક વનસ્પતીમાંથી કહાડેલો ખાર.)

પલાશ, તિળનાગર, દંષ્ટ્રકા, કદલીભવઃ, અપામાર્ગો, અર્ક સેહુંડા. મોક્ષકાદિ સમુદ્‌ભવઃ ॥ ૪૧૫ ॥ સાત નામ છે. એ સાતે

જાતના ઝાડનો ખાર કાહાડેલો અગ્નિ જેવો જલદ છે. માટે નાગરવેલના પાનઉપર જેમ ચુનો લગાડે, તેમ ઉપલો ખાર લગાડીને ખાવો, તેથી ખાધેલા ખોરાકને પચાવે, ભૂખ વધારે, કોઠામાં અતિશે ગર્મી ભેદાય, પાચન થવાને હલકો છે, શરીરને ગળાવે, પિત્તકોપ અને લોહગંધી રોગને વધારે, તુરાસે છે, તીક્ષણ છે, શુક્રધાતુનો, શરીરના માંસનો, ચરબી બગડી વધેલા મેદ રોગનો, આંખોની દૃષ્ટિનો નાશ કરેછે; ॥ ૪૧૬ ॥ લોહી ઝાડા અને ઉલટીનો, રક્તપિત રોગનો વધારો થાય. અજીરણ રોગનો, નાકના પિનસરોગનો. કલેજાના રોગનો, તાપતલીના રોગનો, ફેફસાના સોઝાના રોગનો, પેટના ગુલ્મ રોગનો, હરશના રોગનો, સંગ્રહણીના ઝાડાનો. જીવાતના કૃમિરોગનો નાશ કરે છે. ॥ ૪૧૭ ॥

राज्ञांमुख्यतिलकः कटारमल्लस्तेन श्रीमदननृपेणनिर्मितेऽत्र ।
ग्रन्थेऽभून्मदनविनोदनाम्निपूर्णः शुन्ठादिखलुभिषजोहितायवर्गो॥

द्वितियःध्यायः ॥ २ ॥

શુંઠાદિક મુળો, પાંત્રાની ચટણી, ઉકાળાનો બીજો અધ્યાય પુર્ણ.

(કપુર.)

કર્પુરઃ, સ્ફટિક, શ્ચંદ્રઃ, સિના, ભ્રાહ્મિ બાલુકઃ, હિમોપળઃ, શીતરજો, ભૂતિક, સ્તુહિમા હવ્યઃ, હિમાભ્રા, ઘનસારશ્ચ, ચંદ્રાહવૈઃ, શ્ચાપી ગીયતે; બાર નામ છે. પાચન થતા શિતળ રસે, શરીર પુષ્ટીકર્તા, આંખોના રોગને હરે, રસાદિક ધાતુ અને વાતાદિક રોગને સોપી પાતળા કરનાર લેખન ગુણે, પાચન થવાને હલકો છે. કફકોપને, બળત્તરને, જીભના બગડેલા સ્વાદને, બગડેલી ચરબીના મેદ રોગને, સોઝાને ઝેહેરી વસ્તું ખાધા પિધાના રોગને ઝીતે છે. ॥ ૩ ॥

(મૃગનાભાની કસ્તુરી, એક ઝાડની લતાકસ્તુરી.)

કસ્તૂરિકો, મૃગમદો, વેદમુખ્યા, મૃગાંડજ, મૃગનાભિસ્થા. અન્યાસ્યાલતા, કસ્તૂરિકામદઃ ॥ ૪ ॥ સાત નામે મૃગ જનાવરની ડુંટીમાંથી કસ્તુરી નિકળે છે તે, શુક્રધાતુંને ઉપજાવે, ઘણાં ગુણોની

કડવી, કફકોપને, સરદીને ઝીતે, ગર્મ, ઝેરી વસ્તુંના રોગને, ઉલટીના રોગને, સંતાપને, અફસોશને, દુરગંધીને, વાયુકોપને ઝીતે છે. ।।૫।।

બીજી કસ્તુરિ એક ઝાડના વેળામાંથી થાય છે; તે આંખોના રોગને ઝીતે છે. પાચન થતા શિતળ રસે અને હલકી છે. ।।૬।।

(જવાદિ બીળાડાના નાભાની કસ્તુરી.)

માર્જારી, પૂતિકા, પૂતિક્યા, સ્યાગન્ધ ચેલકા; ચાર નામ છે. ઉલટીને, આંખોના રોગને, કફ અને વાયુકોપને ઝીતે છે. ।। ૭ ।।

(સૂખડ સફેદ.)

ચન્દનં, તિળપર્ણ, સ્યાન્મહાર્હ, શ્વેત ચન્દનમ, ભદ્રશ્રયં, મળયજં, ગોશીર્ષ, ગન્ધસારકમ. ।। ૮ ।। આઠ નામ છે. શિત્તળ, લુખાસે, ઉગ્ર, ખુશી ઉપજાવે, પાચન થવાને હલકુ, મન અને હૃદયને વધારી શક્તિ આપે, શરીર તેજને વધારે, ઝેરી વસ્તુંના રોગને, રસવિકારના રોગને, કફકોપને, તૃષાના રોગને, પિત્તકોપને, લોહગંધીને, બળત્તરના દાહરોગને ઝીતે છે. ।। ૯ ।।

(લાલ ચંદન, રતાંજળી.)

રક્તચન્દનં, ઉદ્દીષ્ટ, લોહિતં, ક્ષુદ્રચન્દનં, તામ્રસારં, રક્તસારં, જ્યોતિઃ, સોમંચ, રંજનમ; ।। ૧૦ ।। નવ નામ છે. શિત્તળ ગુણે, પચવાને ભારી, સ્વાદેમીઠાસે, ઉલટીને, તૃષાને, પિત્તકોપને, લોહગંધીને ઝીતે છે. ઊગ્ર, આંખોના રોગને હરે, શરીર પુષ્ટ કરે, તાવને, ફોડકાને, ઝેરના રોગને ઝીતે છે. ।। ૧૧ ।।

(મલ્યાગર ચન્દન.)

કાળીયકં, પીતસારં, પીતં, નારાયણ પ્રિયમ; ચાર નામ છે. મળ્યાગરનો ગુણ રતાનજળીને મળતો છે. ઘણુંકરીને વાયુને વધારનાર છે. ।। ૧૨ ।।

(કૃષ્ણાગર, કાળુ અગર.)

કૃષ્ણાગુરૂ, સ્યાદગુરૂ, રાજાર્હ, વિશ્વરૂપકમ, જોગકં, શીતમલિનં, ક્રિમિજગ્ધમ, અનક્તકમ, ।।૧૩।। આઠ નામ છે. પચવાને ભારી, ગર્મ કાન અને નાક તથા આંખોના રોગને ઝીતેછે. પિત્તકોપને વધારે, પાચન થવાને હલકુ.

(કેશર.)

કુન્કુમં, ચારૂ વાહ્લિકં, વર્હ્નિ, અગ્નિશિખિં વરમ. ॥ ૧૪ ॥ કાશ્મીરં, પીતમ, ભ્રાહ્વં, સંકોચં, પિશુનાં શુકમ. આઠ નામ છે. કડવાસે, અર્ધ અથવા આખું માથું દુઃખવાના રોગને, વિંધ-ના નાશૂરાદિક ગાંઠા અને ફોડકાના રોગને, જીવાતના કૃમિરોગને જીતે છે. ગર્મ ઉષ્ણુ, ઘેન ચહડે, હસાવે, શરીરબળ અને તેજને વધારે, શરીરસડો ખરસવા, વાયુ પિત્ત અને કફ ત્રણે દોષના વ્યંગ રોગને જીતે છે.

(લોબાન, સેલારસ.)

સિલ્હકઃ, કંપિજ્જે, ધુમ્રસ્તુરૂષ્ક, પિન્ડતઃ કપિઃ ॥ ૧૫ ॥ ચાર નામ છે. શરીર સડાને, ખુજલીને જીતે છે. ચિકાસે, ગર્મ, શુક્રધાતુ અને તેજને વધારે છે.

(ભીમસેની કપુર.)

ચેલવાલુક, મૈલ્યાલુ, વાલુકં, હરિવાલુકમ. ॥ ૧૬ ॥ ચાર નામ છે. શિતળ, ખુજલીને. શરીરસડાને. કફ કોપને, જીવાતના કૃમિ રોગને જીતે છે. તૃષાને, ઉલટીને, ઝેરના રોગને. કફ પિત્તકોપને, લોહગંધીરોગને,મનના હૃદ્રોગને,ઝાડા પિશાબના ગુદસ્થાનના રોગને જીતે છે. પાચન થવાને હલકો છે. ॥ ૧૭ ॥

(જાયફળ.)

જાતીફળં. જાતી. સૂતં શાલૂકં, માલતી સુતમ; ચાર નામ છે. પાચન થવાને હલકા, શુક્રધાતુને વધારે શખ્ત કરે, શબ્દાદિ સ્વરને સુધારે, ભૂખ વધારનાર દીપન પાચન છે. ॥ ૧૮ ॥ ગર્મ, કફકોપને, વાયુકોપને, ઉલટીને, જીવાતના કૃમિ રોગને, નાકમાં થતા પિન્સ રોગને, ખાંશીને જીતે છે.

(જાવંત્રી.)

જાતીપત્રી, જાતિ પર્ણી, માલતી પત્રિકા; ત્રણ નામ છે. પાચન થવાને હલકી, ગર્મ, કફકોપને, જીવાતના કૃમિરોગને, ઝેરના રોગને જીતે છે. ॥ ૨૦ ॥

(લવંગ.)

લવન્ગ, શિખરંદિવ્યં, લવંચન્દન,પુષ્પકમ, શ્રીપુષ્પં, દેવકુસમં, ભૃંગારં,વારિસંભવ. ॥ ૨૧ ॥નવ નામ છે. પચવાને હલકા,આંખોના રોગને ઝીતે, મન અને ત્હ્દયને શક્તિ આપી વધારે, ભૂખ લગાડનાર દીપન પાચન છે. શૂળના રોગને, કફ કોપની હાફ્ણને, દમને, ખાંશીને, ઉલટીને, ક્ષય રોગને ઝીતે છે. ॥ ૨૨ ॥

(શીતળ ચિની, મરીચકંકોળ, ચિની કબાળા,)

કન્કોળં, કટુકં કોલ, મારીચં, માધવોપિતમ. ચાર નામ છે. ગર્મ, મનના ત્હ્દ્રોગને, કફ અને વાયુ કોપને, ભૂખ બેશિજવાના મંદાગ્નિ રોગને ઝીતે છે. ॥ ૨૩ ॥

(ઝીણી એલચી.)

યેલા, ત્રટિસ, ચન્દ્રબાળા, બહુલાનિક, કુટિસ્તિવપા. કપોતવર્ણા સૂક્ષ્મૈલા. કોનટિ, દ્રાવિડીં, મદી. ॥૨૪॥ નવ નામ છે. કફકોપને. હાફ્ણને. દમને. ખાંશીને, હરશને, મૂત્ર અટકવાના રોગને ઝીતે છે.

(મોટી એલચી.)

સ્થૂલૈલા, ત્રિપુટા, કન્યા. ભદ્રૈલા, ત્રિદિવોદભવા. ॥ ૨૫ ॥ પાંચ નામ છે. મુખે રૂચી આપે, તીક્ષ્ણ, પાચન થવાને હલકી, ગર્મ, કફપિત્ત કોપને ઝીતે છે. મુખમાંથી લાળ ગળવાના રોગને, ઝેહેરના રોગને, પિશાબના મૂત્રાસ્ય સ્થાનના રોગને, મુખના રોગને, મસ્તક દુઃખવાના રોગને, ઉલટીના રોગને, ખાંશીના રોગને ઝીતે છે.

(તજ, દાલચીની.)

ત્વચં, વરાન્ગં, સકલં, ત્વકકીચં, તનુકં, વરમ, લાટપર્ણ્ય ધનં, ભૃંગં, ગુરૂત્વક, સ્વર્ણ ભૂમિકમ. ॥૨૭॥ અગીઆર નામ છે. પાચન થવાને હલકી, ગર્મ, કડવાસે, કોઠાને સુદ્ધકર્તા, મીઠાસે, પિત્ત ઉપજાવે છે. મનના ત્હ્દય રોગને, પિશાબના રોગને, વાયુકોપને, હરશને, નાકના પિનસરોગને, જીવાતના કૃમિરોગને ઝીતે છે. શુક્ર ધાતુને પાતળી કરી છોડે. ॥ ૨૮ ॥

(તમાલ પત્ર.)

પત્રં, દલાહન્તા, સૂમન્ત માલં, રોમરોમશમ. ચાર નામ છે. ગર્મ, પાચન થવાને હલકા, રસવિકારને, મુખમાંથી કડવુ પાણી ગળવાને, મનના હૃદય રોગને, હરશને, વાયુકોપને ઝીતે છે. ॥૨૯॥

(નાગ કેશર)

નાગ કેશરકં, નાગંચમ્પિયં, કેશરન્ગજમ; ત્રણ નામ છે. સુખાસે, ગર્મ, પાચન થવાને હલકી. કાચી આમનું પાચન કરે છે. શરીરના ખરાબ વાસને, દુરગંધને, શરીરસડાને, બળત્તરના વિસર્પ રોગને, કફકોપને, પિત્ત કોપને, ઝેરના રોગને ઝીતે છે. ॥ ૩૦ ॥

(ચાર જાતની સુગંધી ફળ.)

યેલા દ્વિ, ત્રિભિરૂદ્દિષ્ટં, ત્રિજાતં, ત્રિસુગંધકમ, એલચી બે જાતની અને ત્રિજુ ભિરૂદ્દિષ્ટ, મળી ત્રણ જાત અને ચોથી નાગકેશર. મેળવ્યાથી ચાર જાતે સુગંધી ફળ,વાયુ અને કફકોપને ઝીતેછે.॥૩૧॥

(તાલીસ પત્ર, તાલીનામે તાડના પાંત્રા.)

તાલીસપત્રં, તાલીસં, ધાત્રીપત્રં, સકોદનમ, અપરં, ગ્રંથિકાપત્રં, પાત્રાઢયં, તુલસીચ્છદમ. ॥૩૨॥ આઠ નામ છે. પચવાને હલકા, તીક્ષ્ણ, ગર્મ, દમને, હાફ્ણને, ખાંશીને, કફકોપને, વાયુકોપને. મુખેરૂચી લાવે, પેટના રોગને, ગોળાના ગુલ્મ રોગને, ભૂખ બેશી જવાના અગ્નિ માંધરોગને, શરીર ક્ષય રોગને ઝીતે છે. ॥ ૩૩ ॥

(સરળો, પીતલોધર વૃક્ષ, સરળ દેવદાર.)

સરળો, મદનંસ, ચંડી, નમેરૂઃ, પીત વૃક્ષકઃ; પાંચ નામ છે. ગળાના રોગને, કાનના રોગને, આંખના રોગને ઝીતે છે. ગર્મ પાચન થવાને હલકી, કડવી અને તિખી. ॥ ૩૪ ॥

(લોબાન.)

શ્રીવાસો, વેટકો, દાસી, શ્રીનિવાસઃ, કલિદ્રુમઃ; પાંચ નામ છે. કફકોપને, ચકરી ભમરીને, મૂર્છા પડીજવાને, આંખોના રોગને, વાયુકોપના રોગને તીરની રીતે ઝીતે છે. ॥ ૩૫ ॥

(વાળો, ખુશબોઈનો નેત્રવાળો.)

બાળક, વારિ, -હીવેર, મ્પિન્ગ માચમન. કચમ, ઉદીચ્ય, વજ્જમન્થા, હવ વરિષ્ટન્ગ, અન્ધ મૂલકમ. ॥ ૩૬ ॥ આઠ નામ છે. શિતળ, લુખાસે, પાચન થવાને હલકો, ભૂખ વધારનાર દીપન પાચન છે, રક્તપિત રોગના લોહી ઝાડા અને ઊલટીને, તાવને. રસ-વિકાર અને કફકોપને, બળતરની દાહને, પાણીની તૃષાને, વિધન, ફોડકા અને નાસૂરના રોગને ઝીતે છે. ॥ ૩૭ ॥

(જટામાંસી, મોથ, નાગરમોથ, માંસરોહિણી, રૂદંતી.)

માંસી. જટામાંસી. ભૂતકેશી, કવ્યાદા, નળદંશિખા, કૃષ્ણાન્યા પૂતના, કેશીગંધા, માંસી પિશાચિકા. ॥ ૩૮ ॥ આઠ નામ છે. શિતળ, વાયુપિત્ત અને કફ ત્રણેના સન્નિપાત રોગને, દાહને, બળ-તરના વિસર્પ રોગને. શરીરસડાને ઝીતે છે.

(કાળો વાળો. પિળો વાળો, ગાડરવ.)

ઊશીરં, મભયં, સેવ્યં વારં, વીરણિ મૂલીકા. ॥ ૩૯ ॥ ચાર નામ છે. પાચન થતા શિતળ, શુક્રધાતુને અટકાવનાર સ્તભનં, કફ અને પિત્તકોપને ઝીતે છે, તૃષાને, લોહગંધીને, ઝેરના રોગને. બળત-રના વિસર્પ રોગને, પિશાબના રોગને, સોઝાને, વિંધની ગાંઠોને, નાસૂરને. ફોડકાને ઝીતે છે. ॥ ૪૦ ॥

(રેણુંકા બીજ.)

રેણુંકા, કપિલા, કૌન્તી, પાંડપત્રી, હરેણકા; પાચ નામ છે પિત્તકોપને, બુદ્ધિને, કોઠાની અગ્નિને વધારે, ગર્ભને પાડે છે. ॥ ૪૧ ॥

(ગહુંલા, કાંગ.)

પ્રિયંગુઃ, ફલિની, શ્યામા, કાન્તા હવા, નંદની, લતા; ૭ નામછે. શિતળ, ઊલટીને, દાહની બળત્તરને, પિત્તકોપના તાવને ઝીતે છે. ॥ ૪૨ ॥ મુખની કાંતીને, ગર્ભને વધારે, શરીર ગાત્રની દૂર્ગધીને ઝીતે છે. ॥ ૪૩ ॥

(કેવડી, ક્ષૂદ્રમોથ, જળમુસ્તા.)

પરિપેલ, પ્લવં વન્યં. શુકાહવં, પરિપેલકમ; પાંચ નામ છે.

શિત્તળ. ખજવાળને, શરીરસડાને, હર્શને, કફ અને પિત્તકોપને જીતે છે. ॥ ૪૪ ॥

(શિળાજીત, પથ્થરફુલ.)

શૈલેયં, સ્થવિરં, વૃદ્ધં, શિળાપુષ્પં, શિળોદ્ભવંમં; પાંચ નામ છે. શિત્તળ, હૃદય અને મનને વધારી શક્તિ આપે, કફ અને પિત્તકોપને જીતે; પાચન થવાને હલકી. ॥ ૪૫ ॥

(પીળાવાળા જેવું પીળું ઘાસ, પીળોવાળો.)

લામજ્જકં, જંગાચારં, દીર્ઘમૂળં, જળાશયમ, ઈષ્ટકા, પથકં, શીઘ્ર. અમૃણાળં, સુનાલકં; ॥ ૪૬ ॥ નવ નામ છે. શિત્તળ. પિશાબના રોગને, સોઝાને, બળત્તરની દાહને, વાયુ પિત્ત અને કફ ત્રણે કોપના રોગને જીતે છે.

(ડોલરનું, સાળઈનું ઝાડ, સુગંધી બિરોજો)

કુન્દરૂર. મેચકઃ, કન્દઃ. ખપુરો, ભીષણો, બલી; ૭ નામ છે. પરસેવો ઝરવાના રોગને, વાયુકોપને, રસવિકારને, સળકમને, તાવને જીતે છે.

(ગુગ્ગળ સોધેલો.)

ગુગ્ગુળું, કાળનિર્યાસો, મહિષાક્ષઃ, પલંકષઃ, જટાયુઃ. કૌશિકો, ધૂર્તો, દેવધૂપઃ, શિવઃ પુરઃ ॥ ૪૮ ॥ નવ નામ છે. કોઠાને શુદ્ધ કરે, ઉગ્રસવાદે, ગર્મવિર્યે, પાચન થતા મીઠારસે, સહરાસે, ભાંગેલા ફાટેલા ફુટેલાને સાંધનાર, શરીરને પુષ્ટકરનાર, સૂક્ષ્મરીતે શરીરમાં પસરે, રસાયન ગુણે છે. ॥ ૪૯ ॥ ભૂખ વધારનાર દીપન છે, ચેપદાર ચીકણુ, બળને વધારે, કફકોપને, વાયુકોપને, વિંધના નાશૂર અને ફોડકા ગાંઠાના રોગને જીતે છે. બગડેલી ચરબી વધવાના મેદ રોગને, પરમાના રોગને, પિત્તકોપના લોહગંધી રોગને, હર્શના રોગને, જીભના રોગને, જીભ ચંચળ થવાને, આમવાયુના રોગને, શપ્ત વાયુકોપને; ॥ ૫૦ ॥ ફોડકીને, ગાંઠોને, સોઝાને, ગળામાં થતી ગળગંડને, જીવાતના કૃમિ રોગને જીતે છે. નવુ લોહી અને માંસ વધારી શરીર પુષ્ટ કરે, અતિ વાતાદિક દોષ બળવત હોય તેનું શોષણકર્તા લેખણુ ગુણે છે. ॥ ૫૧ ॥

(રાળ.)

રાળ, સર્જ્જરસો, યક્ષદૂપ, સર્જોડગ્નિ, વલ્લભઃ, ક્ષણુકઃ, સાળનિર્યાસો, લાક્ષા, સ્થાલલનો રવઃ ॥ ૫૨ ॥ નવ નામ છે. શિત્તળ, પાચન થવાને ભારી, ઉગ્ર અને કસાયલા સ્વાદે, મળમૂત્રાદિનું શોષણ કરી ભૂખ વધારનાર ગ્રાહી છે. દુષ્ટ ગ્રહોના કોપના રોગને, લોહગંધીને, પિત્તકોપને, પરસેવાના રોગને, બળત્તરના વિસર્પ રોગને, તાવને, ઝેરી ફોડકા, નાસૂર, ખુજલીને, વિંધના રોગને ઝીતે છે. ॥૫૩॥

(ગાજર, થુનેર, ગંઠીવણ, ભટોરા વનસ્પતી.)

સ્થૌણેયકં, વહિસ્ચૂડં, શુક વર્ણ, શુકચ્છદમ; ચાર નામ છે. શિત્તળ, પુષ્ટીકર્તા, બુદ્ધિને વધારનાર, વાયુ પિત્ત અને કફ ત્રણે દોષના રોગને ઝીતે છે. ॥ ૫૪ ॥

(ચોર, ચોક, કળખાપરી, ગંહોના, વનસ્પતી.)

ચૌરક, કિતવશ્ચનંદ્રો દુપપુત્રઃ, શાન્કિતો, રિપું; પાંચ નામ છે. સ્વાદિષ્ટ, મીઠાસે, પાચન થવાને હલકી, શિત્તળ, શરીરસડાને, વાયુ અને કફકોપને, લોહગંધીને ઝીતે છે. ॥ ૫૫ ॥

(મોરમાસી, તાલીમપત્ર વનસ્પતી.)

મુરા, ગન્ધવંતી, દૈત્યગન્ધા, સુરભિઃ, કુટિ; પાંચ નામ છે. શિત્તળ પચવાને હલકી, શરીરસડાને, સડેલી ચરબીના ઓજરોગને, પિત્તકોપને, વાયુકોપને, લોહગંધીના રોગને ઝીતે છે. ॥ ૫૬ ॥

(કચોરો, કચૂર)

કર્ચૂરો, દ્રાવિડો, ગન્ધ મૂલકો, દુર્લભ, શટી; પાંચ નામ છે. ભૂખ ઉઘાડનાર દીપન છે, મુખે રૂચી ઉપજાવે, શરીરસડાને, હર્શના રોગને, વિધના ફોડકા નાશૂરની ગાંઠોને, ખાંશીને ઝીતે ॥ ૫૭ ॥ ગર્મગુણે, પચવાને હલકો, હાફ્ણને, દમને, પેટનાં ગોળાના રોગને, વાયુ અને કફકોપને, જીવાતના કૃમિ રોગને ઝીતે છે.

(કપૂર કાચરી, કચોરો.)

શટી, પળાશી, પડગ્રન્થા, સુવતા, ગન્ધમૂલિની; પાંચ નામ છે. શિત્તળ, તાવને, આમવાયુને, લોહગંધીને, ખાંશીને ઝીતે છે, મ-

ળમૂત્રાદિનું શોષણુ કરી ભૂખને વધારનાર ગ્રાહીગુણે પચવાને હલકી. ॥ ૫૮ ॥

(પીંડીકા વનસ્પતી, સફેદ લાજાળુ, બ્રાહ્મી, નેપાલી.)

સ્પૃક્કા.સ્પૃગ્. બ્રાહ્મણી. દેવી નિર્મ્મલ્યા, કટિલા. બધૂ: છ નામ છે. મીઠાસે. શિત્તળ, પુષ્ટીકર્તા, શરીરસડાને, આવર્દા વધારનાર, સંપતી કર્તા, વાયુ પિત્ત અને કફ કોપના રોગને ઝીતે છે. ॥ ૫૯ ॥

(ગંથીવન, ભટોરૂ ગંડરદૂર્વા, ગંઠોના.)

ગ્રન્થિ પર્ણી, નીળપુષ્પ, શુક્લપુષ્પ,શુકચ્પદમ; ચાર નામ છે. પાચન થવાને હળકી, ઉગ્ર, મુખે રૂચી, ગર્મ, કફ અને વાયુકોપને ઝીતે છે. ॥ ૬૦ ॥

(પવારિ વનસ્પતી, ગુલછબ્બુ. ઉતરણી, ઘેવડા.)

નળિકા, નર્તકી, શૂન્યા, નિર્મ્મળા, ધમની, નટી; છ નામ છે. પિત્તકોપને, લોહગંધીને, આંખોના રોગને, ફોડકાને, શરીરસડાને, સોઝાના રોગને, પિશાબના રોગને ઝીતે છે. ॥ ૬૧ ॥

(પદ્મકાષ્ટ, કોષ્ટ, કમળાક્ષ, સરળદેવદાર.)

પદ્મકં, મયલશ, ચારૂ, પીતરક્તાશ્ર, સુંપ્રભ; પાંચ નામ છે. બળતરને, રંડીબાજીના વિસ્ફોટકનાં શરીરસડાને, રસવિકાર અને કફકોપને, લોહગંધી અને પિત્તકોપને ઝીતે છે. ॥ ૬૨ ॥ ગર્ભવાન કરે, શિત્તળગુણે, પાણીનીતૃષાને, બળત્તરના વિસર્પ રોગને, બળત્તરની દાહને ઝીતે છે. ॥ ૬૩ ॥

(કમળસ્થળ, પુંડરીક વૃક્ષ.)

પ્રપુન્ડરીક:, પૌન્ડ્રા હવ, શતપુષ્પ, સુપુષ્પકમ; ચાર નામ છે. શુક્રધાતુને ઉપજાવે, શિતળ, આંખોના રોગને, રસવિકારને, કફકોપને, પિત્તકોપને ઝીતે છે. ॥ ૬૪ ॥

(તગર.)

તગરં, વર્હિણું, જીહવં, વક્તાત્રહવં, નહુપં. નતમ. અપરં, પિંડતગરં, ચીન, કટુ મહોરગમ. ॥૬૫॥ દશ નામ છે. મીઠાસે, ચિકાસે. તિખાસે, ગર્મ. પચવાને હલકુ. ભૂતવાયુને ઝીતે છે. ઝેરના રોગને, ફેફરાના રોગને; મસ્તકના રોગને, આંખના ત્રણે દોષોના રોગને ઝીતે છે. ॥ ૬૬ ॥

(ગોકુચંદન, ગોરોચન.)

ગોરોચના, રૂચિર્ગોરી, રોચના, પિંગળા, મંગલ્યા, ગૌતમી. મેધ્યા, બંધ્રા, ગોપિત્ત સંભવા. ॥ ૬૭ ॥ આઠ નામ છે. શિતળ, શરીરબળને ઝીતે, અધુરો ગર્ભ પડવાના વેહતા આવને, દુષ્ટ ગ્રહના દોષને ઝીતે છે.

(નખલા એહું જાતના.)

નખાહવો, નખરઃ શુક્તિ, હનુર્નાગ, હનુઃસ્વરઃ; ॥ ૬૮ ॥ શુક્તિશંખો. વ્યાઘ્રનખ. મન્યદ્વ્યાઘ્રતળં. પદમ; આઠ નામ છે. એહું જાતના દુષ્ટ ગ્રહને. રસવિકારને, કફકોપને, વાયુકોપને, લોહગંધીને, તાવને, શરીરસડાને ઝીતે છે. ॥ ૬૯ ॥ પચવાને હલકા, ગર્મ. શુક્ર ધાતુને ઉપજાવે, શરીરબળને વધારે. મન હ્દયને વધારી શક્તિ આપે, મીઠાસે. ઝેરના રોગને ઝીતે છે.

(પતંગવૃક્ષ.)

પતંગ, પટરાગં, રક્ત કોષ્ઠ, કુચન્દનમ, ॥ ૭૦ ॥ સુરંગકં, જગત્યાહવં. પતૂરં, પટરંજકમ; આઠ નામ છે. મીઠાસે. શિતળ. પિત્તકોપને, રસવિકાર અને કફકોપને, વિંધની ગાંઠો નાશૂર ફોડકાને ઝીતે છે. ॥ ૭૧ ॥

(લાખ.)

લાક્ષા, નિર્ભત્સરો, રક્તાદુ. વ્યાધિ, પળંકષા, ક્રિમિજા, જંતુ દીપાહવા, જાવકો, લક્ષ કોમતાં ॥ ૭૨ ॥ નવ નામ છે. શરીરનો રંગ સુધારે, શિત્તળ, બળવધારે, સ્નિગ્ધ ચિકાસે, રસવિકાર અને કફકોપને, પિત્તકોપને ઝીતે, વિંધની ગાંઠો નાસૂર અને ફોડકાને, જખમને. બળતરના વિસર્પ રોગને, જીવાતના કૃમિ રોગને, શરીર સડાને, દુષ્ટ ગ્રહના દોષને ઝીતે છે. ॥ ૭૩ ॥

(અળિતા લાખ.)

અલક્ત, એક નામ છે. તેનો ગુણ ઉપલી લાખને મળતો છે, તે ઉપરાંત વ્યંગનામે સડાને, ખરસવાના રોગને ઝીતે છે.

(પિત્તપાપડો, પાપડ, રંગ આશા, કુંભીવૃક્ષ.)

પર્પટી, રંજનીકૃષ્ણા, જનની, જની; ॥ ૭૪ ॥ ચાર નામ છે. શરીરના રંગને સુધારે. શિતળ, કફ અને પિત્તકોપને, લોહગંધી રોગને શરીરસડાને ઝીતે છે.

(કમલિની, હસ્તિણ, કંટક, કમળણી.)

પદ્મિની, વિશિની, ઝેયા, નાલિની, સૂર્ય વલ્લભા. ॥ ૭૫ ॥ ચાર નામ છે. શીતળ, પચવાને ભારી, પિત્તકોપને, રસવિકાર અને કફકોપને, ઝેરના રોગને, લોહગંધીને ઝીતે છે.

(કમોદિની, કેરવી)

કુમુદદ્વતી, કૈરવિણી, કુમુદિન્ય, ઉડુ પપ્રિયા. ॥ ૭૬ ॥ ચાર નામ છે. લુખાસે, મીઠાસે, શીતળ, પચવાને, ભારી, વાયુકોપને ઉપજાવનાર, સ્તંભણ ગુણે.

[પદ્મચારી, કમળ, શામીવૃક્ષ, હરિદ્રા, વૃદ્ધિ, લાક્ષા.]

પદ્મ ચારિણ્ય, અતિચરા, પદ્માહવા, ચારટી મતા. ॥ ૭૭ ॥ ચાર નામ છે. શિતળ, પચવાને હલકુ, રસવિકાર અને કફને પિશાળના રોગને. સોઝાને ઝીતે છે. ઘાવણા મોટા, બળતર શરીરે થાય.

(સફેદકમળ.)

કમળં, શવેતમંભોજં, સારસં, સારસીરૂહમ. ॥ ૭૮ ॥ સહસ્ત્ર પત્રં, શ્રીગેહં, શતપત્રં, કુશેશયમ, પંકેરૂહન્. તામરસં, રાજીવં, પુષ્કરા, હવયમ. ॥ ૭૯ ॥ અંમ્બુજ, મમ્ભોરૂહં, પદ્મં પુન્ડરીકં, પંકજમ, નળં, સરોજં, નલિન, અરવિન્દ, મહોત્પલમ. ॥૮૦॥ એક વિસ નામ છે. તેના ગુણદોષ નિચે લખેલ કમળ જેવાછે.

(લાલ કમળ, ગેરૂ.)

રક્તોત્પલં, કોકનદં, હલ્લકં, રક્તસન્ધિકમ; ચાર નામ છે. તેના ગુણ દોષ નિચે લખેલા કમળથી હલકા છે.

(અસ્માની કમળ.)

નીલોત્પલં, કુવલયં, ભદ્રમિન્દીવરં, મતમ; ॥ ૮૧ ॥ યતદેવ, સિત, કિંચિત્, કુમુદં, કૈરવં, કુમુત. દશ નામ છે. ઉપલા ત્રણે

કમળ ફુલના રોપા શિતળ, શરીરના રંગને સુધારે, મીઠા, કફ અને પિત્તકોપને જીતે છે. ॥ ૮૨ ॥ પાણીની તૃષાને, બળતરની દાહને, લોહગંધીને, રંડીબાજીના વિસ્ફોટકને, ઝેરના રોગને, બળતરના વિસર્પ રોગને જીતે છે; પણ લાલ કમળના ગુણ દોષ હલકા છે. ॥૮૩॥

(કલ્હાર, જરા સફેદ અને લાલ મોટા કમળ.)

કલ્હારં, હ્રસ્વ પાથોજં, સૌમ્યં સૌગન્ધિકં; ત્રણ નામ છે. ઝાડા પિશાબને શોષી ભૂખ વધારનાર ગ્રાહી છે. કોઠાની શુદ્ધિ કરનાર, ગર્ભના રોગને, લુખ્ખાસે, પાચન થવાને ભારી, શિતળગુણે. ૮૪

(પદ્મકેશર, પુષ્પરેણુ, કમળ ફુલ મધ્યેની કેશર.)

કિંજલ્કઃ, કેશરં, ગીરમાપીતં, કાંચના હ્વયમ; ચાર નામ છે. શિતળ ઝાડા પિશાબને સોષી ભૂખ વધારનાર ગ્રાહી, લોહી પડવાના હરસ રોગને, કફ અને પિત્તકોપને જીતે છે. ॥ ૮૫ ॥

(પદ્મબીજ, કમળબીજ.)

પદ્મબીજં, તુકાલેયં, પદ્માક્ષં, પદ્મકર્કટી; ચાર નામ છે. શિતળ. મીઠાસે, ગર્ભને ઉત્પન્ન કરે, પચવાને ભારી. ॥ ૮૬ ॥ કફ અને વાયુને હરે, શરીર બળને વધારે, ઝાડા પિશાબને શોષે ભૂખને વધારનાર ગ્રાહી, પિત્તકોપને, બળતરને જીતે છે.

(ભીંસું, ભિસા, મિસ, શાખ્ત કમળનું ડીટયુ; કાળોવાળો, પીળોવાળો.)

મૃણાળં, વિષમમ્ભોજં, નાળન્ચ, નળિં નીરૂહમ. ॥ ૮૭ ॥ પદ્માદિમૂળં, શાળુકં શાળીનં, કરહાટકમ્; છ નામ છે. શિત્તળ, સરીર પુષ્ટકર્તા. પિત્તકોપને. દાહને, લોહગંધીને જીતે, પચવાને ભારી. ॥ ૮૮ ॥ ઝાડા પિશાબને શોષી, ભૂખ વધારનાર સંગ્રાહી, મીઠાસે. લુખાસે અને કમળકંદ જેવા ગુણે છે.

(જાઈના ફુલનો રોપ, ચંબેલીનો રોપ, જાતિ સ્વર્ણ જાતી.)

જાતીપ્રિયં, અમ્બદા રાજ્ઞી, માલતી સુમનામતા. ॥ ૮૯ ॥ પીતાજાત્ય, અપરા, પીતપુષ્પા, કાન્ચન પુષપિકા; સાત નામ છે. પાચન થવાને હલકી, ગર્મ, મસ્તકના રોગને, આંખોના રોગને, દાંતોના રોગને, વિંધની ગાંઠો ફોડકાના વેહેતા લોહીને જીતે છે. ॥૯૦॥

(મોગરાફુલનો રોપ, લક્ષ્મણાકંદ, ઈન્દ્રગોપ, કાળો-
કુડો, ઘોડાવજ.)

મલ્લિકા, મોદિની, મુક્તા, બન્ધના, મદયન્તિકા; પાંચ નામ છે. ગર્મે, પચવાને હલકો, શરીર પુષ્ટકર્તા, વાયુ કોપને, પિત્તકોપને, લોહગંધીને જીતે છે. ॥ ૫૧ ॥

(જાઈફુલનો રોપ, શફેદ અને પીળા ફુલની જુઈ.)

યુથિકા, હરિણિ, બાળા, પુષ્પગન્ધા, શિખન્ડિની, સ્વર્ણયુથા, અપરાપીતા, ગણિકા, સ્વર્ણપુષ્પિકા. ॥ ૫૨ ॥ નવ નામ છે. શિતળ, હાડકાના રોગને, મસ્તકના રોગને, આંખોના રોગને જીતે છે; કફ અને વાયુકોપને ઉપજાવે.

(કુંજસેવતી, કાંટેસેવતી, બે જાતના ફુલનો રોપ, ગુલાબ ફુલનો રોપો.)

કુંજકા, ભદ્દતરૂણી, વૃહત્પુષ્પા, મહા સહા. ॥ ૫૩ ॥ શતપત્રી, તરૂણ્યુંક્તા, કર્ણિકા, ચારૂકેશરા, રક્તા, પરારક્તપુષ્પા, લાક્ષાપુષ્પા. અતિ મંજુલા,॥૫૪॥ બાર નામછે. શિતળ, હૈયાને વધારી કુવત આપે, ઝાડા પીશાબને શોષી ભુખ વધારનાર ગ્રાહી, શુક્રધાતુને ઉપજાવે, પાચન થવાને હલકી. વાયુ પિત્ત અને કફ ત્રણે દોષના રોગને, લોહગંધી રોગને જીતે, શરીરનો રંગસુધારે, બે જાતની સેવતીના રોપા અને ગુલાબફુલના રોપા ત્રણેના ગુણદોષ સરખાછે.॥૫૫॥

(સફેદ અને પીળા કેવડો તથા સ્વર્ણ કે સોન કેવડો.)

કેતકી, સૂચિકા, પુષ્પી જમ્બુકઃ, કકચ ચ્છદઃ, સફેદ અને પીળા કેવડાના ચાર નામ છે.

સુવર્ણકેતકી, ચાન્યા, લઘુપુષ્પા, સુગન્ધની ॥ ૫૬ ॥ સોન-કેવડાના ચાર નામ છે. બેહું કેવડા સ્વાદિષ્ટ, મીઠાસે, પાચન થવાને હલકા, ઉગ્ર, તિખાસે, કફકોપને જીતે છે.

(કુસરી, કસ્તુર કે બટમોગરો, સફેદ મોટી જાઈ, વેલમોગરો)

વાસન્તી, સારચી, કુન્દા, પ્રહસન્તી, વસન્તજા; પાંચ નામ છે.

શિતળ, પચવાને હલકી. ઉગ્ર, તિખાસે વાયુપિત્ત અને કફ ત્રણે દોષના રોગને હરે છે. ॥ ૯૭ ॥

(નેપાળનો મણસળ, મણશીળ અને ત્રાયમાણ.)

નૈપાળી, ઐબ્મિકા, ળુતા, લાપિની, વનમાલિકા, વાર્ષીકી, ત્રીપુટાત્વન્યા, શ્રીમતી, ષટ્ પદપ્રિયા. ॥ ૯૮ ॥ આઠ નામ છે. શિતળ. તિખાસે, પાચન થવાને હલકી, વાયુપિત્ત અને કફ ત્રણે દોષના રોગને હરેછે. કાનના રોગને, આંખના રોગને, મુખરોગને જીતે અને ત્રાયમાણનું સંસ્કૃત નામ વાર્ષીક છે તેનો ગુણદોષ મનશીળને મળતો છે. ॥ ૯૯ ॥

(મધુકના ફુલનો રોપો, ધાયટીના ફુલનો રોપો.)

માધવી, મન્ડપઃ, કામી પુષ્પે ન્દ્રો, અર્ભાટગન્ધકઃ; ચારનામ છે. મીઠાસે, શિત્તળ, પચવાને હલકી, વાયુપીત્ત અને કફ ત્રણેદોષોના રોગને જીતે છે. ॥ ૧૦૦ ॥

(ચાપાના ફુલ, સોનચાપાનું ઝાડ.)

ચમ્પકઃ, કાન્ચના, રમ્યસઃ, ચામ્પેય, સુરભીશ્રળઃ; પાંચનામ છે. શિતળ, પિશાબના રોગને, સોઝાને, કફ અને પિત્તકોપને, લાહેગંધીને, ઊલટીને, વાયુકોપને જીતે છે. ॥ ૧૦૧ ॥

(સુરંગી, સોરંગી, ઉંડીનું ઝાડ)

પુન્નાગઃ, પાટલી, પુષ્પ, કેશર, ષટ્પદાલયઃ; પાંચ નામ છે. મીઠાસે, શિત્તળ, લોહગંધીને, પિત્તકોપને, લોહી ઝાડા ઉલટીના રક્તપિત્ત રોગને. કફકોપને જીતે છે. ॥ ૧૦૨ ॥

(બકુલ, મોરસળીના ફળ, ફુલનું ઝાડ)

બકુલઃ, કેશરો, મધ્વગન્ધઃ સિંહો, વિશારદઃ; પાંચ નામ છે. શિત્તળ, રસવિકારને, કફકોપને, પિત્તકોપને, દાંતોના રોગને જીતે છે. ॥ ૧૦૩ ॥ તેના ફળ વાયુ ઉપજાવનાર. ઝાડા પીસબને શોષી ભુખ ઉપજાવનાર ગ્રાહી, તુરાસે, કફ અને પિત્તકોપને જીતે, પાચન થતા શિતળ છે.

(મોટી શંખાહુલી, મોટા બકુલવૃક્ષ, મખમાલના
ફુલનું ઝાડ.)

વુષોવુકઃ, સ્થુળ પુષ્પો, વસુકશ્ચિવ, સોધકઃ ॥ ૧૦૪ ॥ ચાર નામ છે. શિત્તળ, ઝેરના રોગને, રસવિકાર અને કફ કોપને, પિત્તકોપને, મસ્તકના રોગને, પિશાબના રોગને, બળત્તરને જીતે છે.

(કુન્દ, ડોલરના ફુલનું ઝાડ.)

કુન્દઃ, શુકળઃ, સદા પુષ્પી, ભૃંગ બંધુ, મનોરમઃ ॥ ૧૦૫ ॥ પાંચ નામ છે. શિત્તળ, પચવાને હલકુ, રસવિકાર અને કફકોપને, મસ્તકના રોગને, ઉલટીને, ખાંશીને, ઝેરના રોગને, પિત્તકોપને જીતે છે.

(મુચકંદ વૃક્ષ.)

મુચુકુન્દઃ, ક્ષેત્ર વૃક્ષસ, અચિવુકઃ, પ્રતિવિપ્લુષઃ ॥ ૧૦૬ ॥ ચાર નામ છે. મસ્તકના રોગને, પિત્તકોપને, લોહગંધી રોગને, મુખના રોગને જીતે છે.

(મોગરી ફુલની વેલ.)

ભૂમન્ડલો, વિચચ્ચિછઓ, દ્વિપદાષ્ટપદો; ચાર નામ છે. શિત્તળ, પચવાને હલકુ, અર્ધુ મસ્તક દુઃખવાના રોગને, કફકોપને, પિત્તકોપને, ઝેરના રોગને જીતે છે. ॥ ૧૦૭ ॥

(તલના ફુલનો રોપો.)

તિલકઃ, ક્ષુરકઃ, શ્રીમાન્, વિચિત્રો, સુખમન્ડનઃ પાંચ નામ છે. કફકોપને, શરીરસડાને હરે છે. અતિશય ગર્મ, રસાયન ગુણે.॥૧૦૮॥

, (પારીંગાનુ ઝાડ, નરવેલ, અણેરી ફુલનો રોપો.)

ગણેરૂકઃ, કર્ણિકારઃ, કર્ણશ્ચ, ગણકારિકા; ચાર નામ છે, કોઠાનું શોધનકર્તા, સોઝાને, રસવિકાર અને કફકોપને, લોહગંધીને, વિષની ગાંઠો નાસૂર ફોડકાને, શરીરસડાને જીતે છે. ॥૧૦૯॥

(દુપારી, અસાલીયો કે દુપ હરિયા, બંધુ જીવકફુલનો રોપો.)

બન્ધુજીવઃ, શરતપુષ્પો, બન્ધુબન્ધુક, રક્તકઃ; ચાર નામ છે. કફકોપને વધારે, તુરાસે, ઝાડા પિશાબને શોધી વાયુ પિત્તને હરે, પચવાને હલકા. ॥ ૧૧૦ ॥

(જાસવંદ ફુલનો રોપો.)

જપાપુષ્પં, જપારક્તં, ત્રિસન્ધ્યા, અત્યારૂણુસિતા; ચાર નામ છે. ઝાડા પિશાબને શોષી ભૂખ વધારનાર આકી. શરીરના, વાળને વધારી શરીરના ત્રણે સાંધાઓના રોગને, કફ અને પિત્તકોપને જીતે છે. ॥ ૧૧૧ ॥

(સિંદુરી કે સેંદરી ફુલનો રોપો.)

સિન્દુરી, રક્તવીજા, રક્તપુષ્પા, સુકોમળા; ચાર નામ છે. ડફ અને પિત્તકોપને, લોહગંધીને, પાણીની તૃષાને, ઊલટીને જીતે છે, પચવાને હલકો છે. ॥ ૧૧૨ ॥

(તુલસીનો રોપ કાલો અથવા લીલો.)

તુલસી, સુરસા, ગૌરી, ભૂતઘ્ની, બહુમંજરી; પાંચ નામ છે. કડવાસે, તીખાસે, હૈયાને વધારી મજબુત કરે, ગર્મ, બળતરની દાહ અને પિત્તકોપને ઉપજાવે. ॥ ૧૧૩ ॥ ભૂખ વધારનાર દીપની. શરીરસડાને, સોઝાને, પિશાબના રાગને, લોહગંધીને, પાસળાના. શૂળરોગને, કફ વાયુકોપને જીતે.

(મરવા નામે સુગંધીનો રોપ.)

મરૂમ. મરૂવકર તીક્ષ્ણા, ખરપુષ્પઃ, ફણિંજકઃ ॥ ૧૧૪ ॥ ભૂખ વધારે, દીપન. હૈયાને વધારી કુવત આપે, ઊગ્ર અને ગર્મ છે, પિત્તકોપને વધારે. પાચન થવાને હલકો, વિછુઆદિકના ઝેરને. રસવિકારને. વાયુકોપને. શરીરસડાને, જીવાતના કૃમિરોગને, સોઝાને જીતે છે. ॥ ૧૧૫ ॥

(દમનો, દોના સુગંધીનો રોપ.)

મદનો. મદના, દાન્તો, દમો મુનિ, સુતો મુનિઃ, ગન્ધોત્કટો, મદનકો. વિનીતા પુલ પુત્રકઃ ॥ ૧૧૬ ॥ આઠ નામ છે. આંખોના રોગને, ઝેરના રોગને, શરીરસડાને, લોહગંધીને, મુખમાંથી લાળ ગળવાના રોગને, ખુજલી અને ખરસવાને, વાયુ, પિત્ત અને કફ ત્રણેના કોપના રોગને જીતે છે.

(ત્રિમષ, આજવળા,-નાંદરૂખી, તીળવણ, કાનફોડીના ફોપ.)

વર્વરી, વર્જકઃ, કુન્ઠો વૈકુન્ઠઃ, કુડેરકઃ ॥ ૧૧૭ ॥ કપિત્થાર્જક, વટપત્રઃ, કઠિંજરાઃ, કૃષ્ણાર્જકઃ, કાળમાસઃ, કરાળઃ, કૃષ્ણા મલ્લિકા ॥ ૧૧૮ ॥ અગીયાર નામ છે. ત્રણે દોષોના રોગને, લુખાસે, શિતળગુણે, કડવા તિખાસે, કોઠાગાં અગ્નિ ઉપજાવનાર વિદાહી, પિત્તકોપને વધારે, કફ અને વાયુ, લોહગંધીને, દરાઝને, જીવાતં કૃમિરોગને, ઝેરના રોગને ઝીતે છે. ॥ ૧૧૯ ॥

श्री राज्ञां मुख तिलकः कटार मल्लस्तेन
श्री मदन नृपेण निर्मित ऽत्र ग्रन्थेऽभून्मदन
विनोद नाम्नि पुर्णः कर्पूर प्रभृति
सुगन्धि द्रव्य वर्ग स्तृतीयः ॥ ३ ॥

શ્રીમદનપાળ નૃપના નિઘંટનો કપુરાદિક ફુલ, સુગંધી વર્ગનો
ત્રીજો અધ્યાય સંપૂર્ણ ॥ ૩ ॥

यद्यान्छयां विश्वकृतोऽपि देवा ब्रह्मादयो यान्ति मुहुर्भवन्ति
अचिन्त्य कृत्यं पुरुषं पुराणं गोपत्वमाप्तं तमुपाश्रयामि ॥

ઈચ્છાએ વિશ્વકૃત વનસ્પતીને ઉપજાવી બ્રહ્માદિ દેવતાઓએ પ્રાચીન થી ॥૧॥ વારવાર અનુભવ મેળવી પારાદિક ધાતુ પ્રાણીમાત્રને માટે પ્રસિદ્ધ કરી છે.

(સુવર્ણ, સોનાનો વર્ક. ભસ્મ.)

સુવર્ણ, કાન્ચનં, હેમહાટકં, તપ્તકાંચનમ, ચામીકરં, શાંતકુંભં, તપનીયં, રૂકાકમ. ॥ ૨ ॥ જામ્બુનદં, હિરણ્યં, સ્વરલં, જાત રૂપકમ; બાર નામ છે. પાચન થતાં શિતળ, શરીર પુષ્ટકર્તા, પચવાને ભારી, રસાયન ગુણે. ॥ ૩ ॥ શરીરની કાંતિને વધારે, ઝેરના રોગને, ભેળાપણાના ઊન્માદ રોગને. વાયુપિત અને કફ ત્રણે કોપના તાવને, શરીરશોષ રોગને ઝીતે છે; તુરા અને ઊચસવાદે, મીઠાસે, પચવાને ભારી, રસાદિ ધાતુ અને વાતાદિક દોષને શોષી પાંતળા કરનાર લેખન ગુણે છે. ॥ ૪ ॥

(રૂપુ, રૂપાનો વર્ક, ભસ્મ.)

રૂપ્યકં, રજતં, રૂપ્યતારં, શ્વેતં, વસૂત્તમમ; પાંચ નામ છે. પાચન થતા શિત્તળ, સહરાસે, વાયુ અને પિત્તકોપને હરનાર, રસાયણગુણે ॥ ૫ ॥ વાતાદિક દોષનું શોષણકરનાર લેખનગુણે, કસામલા અને ખટાસે, પાચન થતા મીઠારસે, જુવાની કાયેમ રાખનાર, ચિકાસે સ્નિગ્ધ, સાતે ધાતુને વધારી હિતકારક થાય છે. ॥ ૬ ॥

(તાંબાનો વર્ક, ભસ્મ.)

તામ્રં, મ્લેચ્છમુખં, શુલ્વં, નેપાળં, રવિનામક, ઉદુમ્બરં, સૂર્યપ્રિયં, રક્તજં, રક્તધાતુકમ ॥૭॥ નવ નામ છે. સહરાસ, પચવાને હલકુ, મીઠાસે, પાચન થતાં શિત્તળરસે, પિત્ત અને કફકોપને જીતે, શરીરના રૂપરંગને વધારે, શરીર પીળુ થવાના પાંડુરોગને, શરીરસડાને, હર્શના રોગને, સોઝાને, હાફણ દમને, ખાંશીને જીતેછે. ॥ ૮ ॥

(કાંશાનો વર્ક, ભસ્મ.)

કાંસ્યંલોહં, નિજન્ઘોષં, પંચલોહં, પ્રકાશકમ; ચાર નામ છે. પચવાને ભારી, ગર્મ, આંખોનું તેજ વધારે, કફ અને પિત્તકોપને હરે, તીર જેવા રોગને જીતે છે. ॥ ૯ ॥

(સોનપિતળ કે પિતળનો વર્ક. ભસ્મ.)

પીતલોહં, સિંહલકં, કપિલં, સૌકચમારકમ, વર્ત્તલોહં, ત્રિલોહન્ય, રાજરીતિર, મહેશ્વરી ॥ ૧૦ ॥ નવ નામ છે. શિત્તળ, લુખાસે, કડવાસે, ગર્મ, કફ અને પીત્તકોપને જીતે છે.

(કલઈનો વર્ક, ભસ્મ.)

રંગક, રતીરક, વન્ગંત્રપુ, સ્યાલકરટી, ધનમ ॥ ૧૧ ॥ પાંચ નામ છે. પચવાને હલકી, સહરાસે, લુખી,પાચન થતા ઉગ્રરસે, ગર્મ, પરમાને, કફકોપને, જીવાતના કૃમિરોગને, શરીર પીળુ થવાના પાંડુરોગને, હાફણ, દમ, ખાંશીને જીતે છે; તેઉપરાંત સોન પીતળના ગુણ દોષને મળતા છે. ॥ ૧૨ ॥

(જસદનો વર્ક, ભસ્મ.)

જસદં, રન્ગસદ્દશં, હિતિહેતુશ્ચ, તન્મતમ; ચાર નામ છે.

તુરાસે, તીખાસે, પાચન થતા શીતળ, કફ અને પિત્તકોપને હરે આંખોના રોગને, અતિ શખ્ત પરમાને, શરીર પીળુ થવાના પાંડુરોગને, હાફ્ણુ, દમને જીતે છે.

(સીસાનો વર્ક, ભસ્મ.)

સીસં, ધાતુમળં નાગમુરગં, પરિપિષ્ટકમ, જવનેષ્ટચ, ભુજંગ વિસૃષં, કૃષ્ણાકં, વિદુઃ ॥ ૧૩ ॥ આઠ નામ છે. શરીરનો રંગ સુધારનાર, ઘણું કરીને પરમાના રોગને જીતે છે.

(તિખ્ખા લોહડાનો કીટ, લોહુ ભસ્મ.)

લોહં, શસ્ત્રમયઃ, કુષ્ં, બ્યંગં, પારાવતં, ધનમ ॥ ૧૪ ॥ કૃષ્ણયસ્તન્મળં, કિટટં, મણ્ડુરો, લોહજંરજઃ; દશ નામ છે. લોહભસ્મ સવાદે સહરી, પચવાને ભારી, સ્વાદિષ્ઠ, કસાએલી, કફ અને પિત્તકોપને જીતે ॥૧ ॥ શિત્તળગુણે. આંખોના રોગને ગુણ થાય. ખુખાસે, શરીરબળ વધારે, વાયુકોપને ઉપજાવે. તીર જેવો રોગને જીતે, સોઝાને, શરીરસડાને, પરમાને, હરશના રોગને. શરીર પીળુ થવાના પાંડુરાગને, જીવાતના કૃમિરોગને જીતે છે. ॥ ૧૬ ॥ લોહનો કાટ કે કીટ-ઉપલા ગુણોને મળવા છતા પાંડુરોગને તરત જીતે છે.

(પારાની કઝળી, ભસ્મ.)

પારદસ, ચપળો, હેમનિધિઃ, સૂતો રસોત્તમઃ ॥ ૧૭ ॥ ત્રિનેત્રો, રોષણઃ, સ્વામી, હરવીજં, રસઃપ્રભુઃ. રસેન્દ્રશ્ચ, રસલોહં, મહારસઃ, બાર નામ છે. જીવાતના ક્રમિરોગને. શખ્ત શરીરસડાને, આંખોને હિતકર્ત્તા, ગર્મ, રસાયન ગુણે. ॥ ૧૮ ॥

(અભ્રખકે અભ્રકની ભસ્મ.)

અભ્રકં, સ્વચ્છમાકાશં, પટલં, વરપીતકમ; ચાર નામ છે. પચવાને ભારી. શિત્તળ, શરીર પુષ્ઠકર્ત્તા, બળ વધારનાર, શરીરસડાને, પરમાને, વાયુ પિત્ત અને કફના ત્રણે દોષને હરે છે.

અભ્રખનું પાંચમું નામ (ગગનં) છે તે જીવાતના કૃમિરોગને, શરીરસડાને, પરમાને, ઝેરના રોગને, શુક્રધાતુ ઉપજાવવાને, ભૂખ વધવાને દીપન. ॥ ૧૯ ॥ તેવિશે પૂર્વે શરીર પુષ્ટ થવા અને શુક્-

ધાતુ ઉપજાવવામાં માટે ઋષીમુનિઓએ તેનું વખાણ કરી સેવન કરવા કહેલું છે.

(આમળસાર ગંધકનું ચુરણ.)

ગંધઃ, સૌગન્ધ. કોલેખી, ગંધાસ્મા, ગંધપીતકઃ ॥ ૨૦ ॥ લેલીતકો, વળિવસા, વેગંધો, ગંધકોવળિઃ; નવ નામછે. પાચ થતા કડવારસે, ગર્મવીર્યે, પિત્તકોપને ઉપજાવે, સહરાસવાદે ॥ ૨૧ ॥ શરીરસડાને,શરીર ઘસાઇ જવાના ક્ષયરોગને, ખાંશીને.હાફણુ દમને, કેફશાના રોગને, કલેજા અને તાપતિલ્લીના રોગને, કફ અને વાયુ કોપને જીતે; રસાયન ગુણેછે.

(સોનમુખી, સુવર્ણમાક્ષિકા સોધેલી.)

માક્ષિકં, ધાતુમાક્ષિકં, તાપ્યં, તાપીજ મુચ્યતે ॥ ૨૨ ॥ ચાર નામ છે. તુરાસે, શરીર પુષ્ટકર્તા. શુક્રધાતુને ઉપજાવે, પાચન થવાને હલકી. રસાયન ગુણે. આંખોને હિતકારક;શરીરસડાને,સોઝાને, હરશના રોગને, પરમાને, પિશાબની કોથલીનાં રોગને. શરીર પીળું થવાના પાંડુરોગને જીતે. ॥ ૨ ॥ તે કોઠાની અગ્નિમાં નહી જતાં આખા શરીરે કફની રીતે પસરનાર વ્યવાયિગુણે, કડવાસે, શરીર-સડાસાથે પેટના સોઝાના રોગને, જીવાતના કૃમિરોગને, ઝેરના રોગને, ક્ષયરોગને જીતે છે.

(મનઃશિળ સોધેલો.)

મનઃશિળા, શિળાઓળા, નેપાળી, કુનટી, કુળા. ॥ ૨૪ ॥ દિવ્યૌષધી, રનાગમાતા, મનોગુપ્તા, મનોહ્મ્બિકા; નવ નામછે. પિશાબ અટકવાના રોગને હરે, સહરાસવાદે, ગર્મ; રસાદિ ધાતુ અને વાતાદિક દોષને શોષી પાતળા કરનાર લેખનગુણે, પાચન થતા કડવો રસ થાય. ॥ ૨૪ ॥ ઉગ્ર તિખાસે, ચિકાસેસ્નિગ્ધ; ઝેરના રોગને, હાફણને, દમને, ખાંશીને, ભૂતવાયુને, કફકોપને જીતે છે.

(હરતાળ સોધેલી.)

હરિતાળ, મળતાળં, ઓદન્તં, નટભૂષણુમ ॥૨૫॥ ચાર નામ છે. કડવાસે, તિખાસે, ચિકાસે, સ્નિગ્ધ, કષાયલાસવાદે, ગર્મ, ઝેરના

રોગને જીતેછે; ખુજલીના રોગને, શરીરસડાને. મુખરોગને, લોહીગંધી રોગને, કફકોપને, પિત્તકોપને, માથાના વાળમાં થતા રોગને, દુષ્ટ ગ્રહના રોગને જીતે છે. ॥ ૨૭ ॥

(ગેરૂ અને સોના ગેરૂ સોધેલો.)

ગૈરિકં, રક્ત પાષાણં, ગિરિમૃચ્ય, ગવેધુકમ, સ્વર્ણવર્ણ.-પર સ્વર્ણ, મણકળં, સ્વર્ણગૈરિકમ, ॥ ૨૭ ॥ આઠ નામ છે. શરીર બળતરની દાહને, પિત્તકોપને, લોહીગંધીને, કફકોપને. હેડકી ઉચકીને, ઝેરના રોગને, આંખોના રોગને જીતેછે. સાદો ગેરૂ ઘણુકરીને વાયુ કોપ અને ઉલટીને જીતે છે. ॥ ૨૮ ॥

(કૃત્રિમ રસાજન, સોધેલો નખલો તથા મોરથુથુ.)

તુત્થકં, કર્પૂરિકા. તુત્થમમૃતા, સંગમુચ્યતે, મયુરગ્રીવકં, ચાન્ય ચ્છિખિ, કન્દંચ તુત્થકંમ ॥૨૯ ॥ આઠ નામ છે. રસાદીધાતુ અને વાતાદિક દોષને શોષી પાતળી કરનાર લેખનગુણે, વાતાદિક દોષ ઝાડા પશાબની બંધાયેલી ગાંઠોને છુટી પાડી બહાર કાહાડનાર ભેદનગુણે, ખુજલી, ખરસવા, શરીરસડા, ઝેરના રોગને, કફકોપને. જીવાતના મીરોગને હરેછે. શખત મોરથુથુ ઝેરીછે તે ફક્ત આંખના રોગ માટે અંજનમાં વપરાય છે. ॥ ૩૦ ॥

(હિરાકસી બેજાતની, આક્ષિક મધ.)

કાસીસં, ધાતુકાસીસં, ખેચરં, તમલોમશમ, અપરં, પુષ્પ કાસીસં, તુવરં, વસ્ત્રરાગ ધૃક ॥ ૩૧ ॥ આઠ નામ છે. બેહું ખટાસે, ગર્મ, ઉગ્ર, શરીરના વાળને સુધારે, આંખોનું તેજ વધારે, ખુજલીના રોગને. ઝેરના રોગને, ચિત્રીના રોગને, પિશાબ અટકવાના રોગને, કફકાપને, વાયુકોપને જીતેછે. ॥ ૩૨ ॥

(હિંગળો સોધેલો.)

હિંગુળં, દરદં, મ્લેચ્છં, સૈક્તં, ચુર્ણપારદમ, મણિરંગં, કર્મા વરં, ધન; આઠ નામ છે. પિત્તકોપને, કફકોપને, આંખોના રોગને; ઝેરના રોગને, શરીરસડાને હરે છે. ॥ ૩૩ ॥

(સિંધુર સોધેલો.)

સિન્દૂરં, નાગજં, રક્તં, શ્રીમચ્છ, શૃંગારભૂષણમ, વસન્ત મંડનં, નાગરક્તં, રક્તરજસ્તથા; ॥૩૪॥ આઠ નામ છે. ગર્મ, બળ- તરના વીસર્પરોગને, શરીરસડાને, ખુજલીને, ખરસવાને, ઝેરના રોગને ઝીતે છે. ભાંગેલા તુટેલાને સાંધે, વીંધ નાશૂર ફોડકાનું શોધન કરી રૂઝાવે. ॥ ૩૫ ॥

(સુરમો સફેદ અને કાળો સોધેલો.)

સૌવીર મંજનં, કૃષ્ણં, કાળનીળં, સુવીરજમ, સ્રોતોયન્જનં, સ્રોતોજં, નદીજં, યામુનંવરમ ॥ ૩૬ ॥ દશ નામ છે. ભૂખ વધારી આમાદિકનું પાચનકર્તા ગ્રાહીગુણે, મીઠાસવાદે, આંખોના રોગને. કફકોપને, વાયુકોપને, શરીરસડાને, શરીરક્ષયની ખાંશી હાફણ દમને ઝીતેછે. અંજન કરવાને સુરમો પ્રખ્યાત છે. ॥૩૭॥

(રસાંજન એટલે દારૂહલદનો બકરીના દુધમાં કરેલો માવો.)

રસાંજનં, રસોદ્ભૂતં, તાર્ક્ષ્યં, શૈલંચ, તાર્ક્ષ્યજમ, રસાગ્રાં, કૃત્રીમં, તાર્ક્ષ્યં, દાર્વ્યં, દાર્વીરસોંભવમ ॥૩૮॥ દશ નામ છે. કડવાસે, રસવીકાર અને કફકોપને, મુખરોગને, આંખોના રોગને ઝીતેછે. ગર્મ, રસાયનગુણે, ઉગ્ર, તિખાસે,વાયુપિત અને કફ ત્રણેના કોપે બંધાયેલા રોગને છુટા પાડનાર છેદનગુણે, નાસુરાદિક વિંધના રોગને ઝીતેછે.॥૩૯॥

(પુષ્પાંજન જસતફુલ એટલે તાંબુ અને જસતને ગાળતી વખતે સફેદ ફુલ જેવી ભસ્મ ઉડી બહાર પડે છે તે.)

પુષ્પાંજનં,પુષ્પકેતુ, રીતિજં, કુસુમાંજનં, ચાર નામછે; ખાર, ભ્રમ, ગર્મ છે; આંખના કાચબિંદુના અને પડળરોગને ઝીતેછે. ॥૪૦॥

(શિળાજીત, પત્થરફુલ.)

શિળાજતુ, અષ્મજં, શૈલં, નિર્યાસો, ગિરિશાહ્વયમ્, શિળાહ્વં, ગિરિજં, શૈલં, શૈલેયં, ગિરિજત્વપિ ॥ ૪૧ ॥ દશ નામ છે. ગર્મ, કડવાસે, ઝેરની રીતે શરીરે પસરનાર યોગવાહી અને રસાયનગુણે છે; ઉલટીના રોગને, પરમાના રોગને, વાયુકોપના હર્શરોગને, શરીર- સડાને, શરીર પીળુ થવાના પાંડુરોગને, હાફણને, ખાંશી દમને, ક્ષય

રોગને. ઘેલા થવાના ઉનમાદ રોગને, લાહી ઉકાળાને, લોહગંધીને, સોઝાને. કફકોપને, જીવાતના કૃમિરોગને જીતે છે. તેનો ઉકાળો કરી શત્વ કહાડી ઘી કે માખણ સાકર સાથે થોડી થોડી ચાટવાથી, ભુખ ઉઘાડી મંદાઅગ્નિને, શરીર ક્ષીણ થવાના રોગને, સાતે ધાતુ ક્ષીણ કે બગડવાના રોગને, પાંડુરોગને, કમળવાયુને, કફકોપને, પિત્તકોપને, વાયુકોપને જીતે, મુખે રૂચી લાવે; હાફણને, દમને, ખાંશીને, તાવને હરેછે.

(હીરાબોળ.)

બોળં; ગંધરસં, બોરં, નિર્લોહં, પર્વરંજલમ ॥ ૪૩ ॥ સુગંધિ. ના બિહ્નાપિન્ડ, રસગંધજ તદ્વિધા; આઠ નામ છે. બગડેલા કે બંધાયલા લોહીને સુધારે, શિત્તળ, બુદ્ધિને વધારે, ભૂખ વધારનાર દીપન પાચન થાય ॥ ૪૪ ॥ તાવને, ફેફરાના રોગને, શરીરસડાને જીતે છે; સ્ત્રીઓના ગર્ભસ્થાનનું સોધન કરેછે.

(ફુટકી સેકી ફુળવીને વાપરવી તથા શોરટી મટોડી.)

સ્ફટિકા, અમૃતા, વાપ્ પીકાક્ષી, સૌરાષ્ટ સંભવા; ॥ ૪૫ ॥ આઢકી, તુવરા, ત્વન્યા, મૃતિકા, સુરમૃતિકા; નવ નામ છે. તુરાસે, ગર્મ, કફ અને પિત્તકોપને, ઝેરના રોગને, વીંષની ગાંઠો, નાસુર ફોડકાને ॥ ૪૬ ॥ ચિત્રીને, બળત્તરના વિસર્પ રોગને જીતે છે; તુવરી એટલે સોરઠી મટોડી, ગોપીચંદનનાગુણને મળાતા ગુણ ફટકીનાછે.

(સમુદ્રફીણ, માકડીમાચ્છલીનીપીઠ.)

સમુદ્રફેનો, ડિન્ડીર., ફેનીબારી, કફોદ્વિજઃ ॥ ૪૭ ॥ ચાર નામ છે. આંખો તથા કાનના રોગને જીતે, રસાદિધાતુ અને વાતાદિક દોષને શોષી પાતળા કરનાર લેખનગુણે, રોગનું શમનકર્તા શિતળ, સરાહ સવાદે છે.

(પરવાળાની ભસ્મ.)

પ્રબાળં, વિદ્રુમં, સિન્ધું લતાગ્રં, રક્ત વર્ણકમ; ચાર નામ છે. શરીર પુષ્ટ થવાને, કન્તિનો વધારો થવા, શરીર બળ વધવાને, શુક્રધાતુ વધવાને સરશ છે. બળતરના વિસર્પરોગને; કફ અને વાયુકોપને જીતે છે. ૧

(મોતીની ભસ્મ.)

મૌક્તિકં, તૈતિલા, મુક્તાફળં, મુક્તાચ, શુક્તિજમ; પાંચ નામ છે. મીઠાસે, શીતળ રોગને જીતનાર, ઝેરના રોગને હરનાર, રાજક્ષયરોગને, અતિપિત્તકોપને, સર્વે પ્રકારની નબળાઈને દુર કરી શરીર પુષ્ટી કર્તા છે. ૨

(લાલ, માણેક નામે ઝવેરાતની ભસ્મ.)

માણિક્યં, પદ્મરાગં, વસુરત્નં, સુરત્નકં. ॥ ૪૯ ॥ ચારનામ છે. ૩

(વલંદી, ત્રિમણી, સુર્ય કાંતાની ભસ્મ.)

સૂર્યકાન્તા, સૂર્યમણિઃ, સૂર્યાક્ષો, દહનોપળઃ, ચાર નામ છે. ૪

(સ્ફટીક, ચંદ્રકાંતાની ભસ્મ.)

ચંદ્રકાંતસ, ચંદ્રમણિઃ, સ્ફટિકઃ, સ્ફટિકોપળઃ ॥ ૫૦ ॥ ચારનામછે. ૫

(પોખરાજ, ગોમેદની ભસ્મ.)

ગોમેદં. સુંદરં, પીતરત્નં. તૃણચરં; ચાર નામ છે. ૬

(બીલીયાન હીરાની ભસ્મ.)

હીરકં. ભિદુરં, વજ્રં, સૂચીવક્રં, વરાર્ધકમ. ॥ ૫૨ ॥ ૭

(નીલરત્ન. સ્નિસચરની ભસ્મ.)

નીળરત્નં. નીળમણિઃ, વૈદુર્ય્ય, બાળવાયજમ. ચાર નામ છે. ૮

(લીલારંગે પાનાની ભસ્મ.)

ગારૂત્મતં, મારકતં. દૃપગર્ભ, હરિન્મણિ. ॥ ૫૩ ॥ ચાર નામ છે. ૯

(મોતીની છીપલીની ભસ્મ.)

મુક્તાસ્ફોટો, અબ્ધિમન્ડૂકી, શુક્તિ, મૌક્તિ, કમન્દિરમ; પાંચ નામ છે. ૧૦

ઉપર લખેલા પરવાળા. મોતી, માણેક. સૂર્ય; પાચન થતા શિતળ ગુણે થાય. ॥ ૫૪ ॥ પોખરાજ, હીરા, સનિસચર, પાનાદિ-મળી દશે આંખોના રોગને જીતે, રસાદિક ધાતુ અને વાતાદિક દોષોને શોધી પાતળા કરનાર લેખનગુણે, શિતળ, કશાયલા સવાદે, મીઠાસે, સહરાસે, ॥ ૫૫ ॥ માંગલીક સુભ કામ કર્તાં, તેનો ઉપયોગ કરેથી, દુઃખ, બળત્તર દુષ્ટ ગ્રહના દોષે રોગ, ઝેરના રોગને હરે છે.

(શંખભસ્મ.)

શંખ, કમ્બુર્જ, જળધરો, વારિજો, દીર્ઘ નિઃસ્વનઃ, પાંચ નામ છે. તે હાડકા જેવું, કશાયલા સવાદે, પાચન થતા મધુર રસે, પચવાને હલકુ ॥ ૫૬ ॥ આંખોના રોગને ઝીતે, રસાદિ ધાતુ અને વાતાદિક દોષને શોષી પાતળા કરનાર લેખનગુણે, શરીરસડાથી પાકેલાને, શુળરોગને, પિત્તકોપને ઝીતે છે. આંખોના રોગને હિત કરે, શીતળ, પચવાને હલકી, પિત્ત અને કફ કોપને ઝીતે છે.

(નહાના શંખલા, કોડીની ભસ્મ.)

લઘુશંખાદય, શમ્બુક, વારિશુક્ત, કર્પદી ક્ષુલ્લક, ચરાચર, વન્ટિકા; છ નામ છે. પાચન થતા શીતળ, આંખોના રોગને, ફુલા પડવાના રોગને ઝીતે છે. ॥ ૫૭ ॥

(ચાક, ખઠી નામે મોઠી મટોડી, ઘોળ.)

ખટી, કપોળઃ, ખટિનો, શ્વેતા, નાડી તરંગકઃ, તદ્ભેદો, ગૌડ પાષાણુઃ, ક્ષીરપાક, ઓદાત્દતઃ ॥ ૫૮ ॥ નવ નામ છે. શરીર બળતરની દાહને, લોહગંધી રોગને ઝીતે છે. શિતળપણું, ગોળાના ગુણને મળતા ગુણો છે.

(જવાદિ કસ્તુરી, કીચવાળુ, કાદીવાળુ, એળવાળુ, ગાર નામે જાડી રેતીની ભસ્મ.)

પંકઃ, કર્દમકો, ગ્રાયો, વાલુકાઃ, સિકતાસ્તથા. ॥ ૫૯ ॥ પાંચ નામ છે. શરીર બળત્તરની દાહને, પિત્તકોપને, તૃષાને, સોઝાને ઝીતે છે, શીતળ, સહરાસવાદે, રસાદિધાતુ અને વાતાદિક દોષને શોષી પાતળા કરનાર લેખનગુણે, શિત્તળ છે તેથી વિંધના નાશ્રૂરની ગાંઠો, ફોડકા, જખમના રોગને હરે છે. ॥ ૬૦ ॥

(લોહચુંબક પત્થર)

ચુંબકઃ, કાન્તપાષાણોય, અસ્કાન્તો, લોહકર્ષકઃ; ચાર નામ છે. રસાદિધાતુ અને વાતાદિક દોષનું શોષનકર્તા લેખનગુણે, શીતળ, ખરાબ ચરબી વધવાના મેદોરોગને, ઝેરના રોગને ઝીતે છે. ॥૬૧॥

(કાંચ નામે પત્થર, બીલોરી કાંચ.)

કાચઃ, કૃત્રિમરત્નં, પિંગળા, કાચભાજન; ચાર નામછે. વાતાદિકદોષ બંધાયલાને જુદા પાડનાર વિદારણગુણે, વિંધની ગાંઠો નાશૂરાદિક ફોડકાને, આંખોના રોગને જીતેછે. રસાદિધાતુ અને વાતાદિકદોષને પાતળા કરનાર લેખનગુણે, પચવાને હલકા છે. ॥ ૬૨ ॥

यो राज्ञां मुख तिलकः कटार मल्ल-
स्तेन श्रीमदन नृपेण निर्मितेऽत्र ।
ग्रन्थेऽभून्मदन विनोद नाम्नि पूर्णः
श्चित्रोऽयं ललितपदैः सुवर्ण वर्ग श्चतुर्थः ॥ ४ ॥

ઈતિશ્રી મદનપાળ વિરચિતે નિઘંટનો સુવર્ણાદિક ધાતુની ભસ્મનો વર્ગ ચોથો અધ્યાય પૂર્ણ.--

---

करेण संगृह्य कुचौ महिष्याः पयः पिबंतं पुरुषं पुराणम् ।
विचित्र लीलं परि शुद्ध शीलं तमाल नीलं शिशुमाश्रयामि॥ १॥

વનસ્પતિના દુધ, પાણી પીવાનો પાંચમો અધ્યાય પ્રારંભ.

(વડનામે ઝાડ)

વટો, રક્તપદા, ક્ષીરી, બહુપાદો, વનસ્પતિઃ, યક્ષવાસઃ, પદારોહી, ન્યગ્રોધઃ, સ્કંધ, જોધ્રુવઃ ॥ દશ નામ છે. શીતળ, પચવાને ભારી. ભૂખ વધારી મળમુત્રાદિનું શોષણ કર્તા ગ્રાહીગુણે, કફ અને પિત્તકોપને, વિંધની ગાંઠોને. નાશૂર ફોડકાના રોગને જીતેછે.

(પિપળાનું ઝાડ.)

પિપ્પળઃ, શ્યામળો, અશ્વત્થઃ, ક્ષીરવૃક્ષો, ગજાશન. ॥ ૩ ॥ હરિવાસશ્ચ, બળદળ મંગળ્યો, બોધિ પાદપઃ; આઠ નામ છે. દુષ્ટ રોગને જીતે, શીતળ, પિતકોપને, રસવિકારકે કફકોપને, વિંધની ગાંઠો નાશૂર ફોડકાના રોગને જીતે છે. ॥ ૪ ॥

(પારસ પીપળાનું. પીપલીનું ઝાડ.)

પરિશોન્યઃ, કૂળોશઃ, કપિનૂતઃ, કપીતનઃ; ચાર નામછે. શરીર

પુષ્ટકર્તા, ચિકાસે સ્નિગ્ધ છે, રસ વિકાર અને કફકોપને તથા જીવાતના કૃમિરોગને ઉપજાવે છે. ॥ ૫ ॥

(સફેદ ઊંબરાનું ઝાડ.)

ઊદુંબર:, ક્ષીરવૃક્ષો:, જન્તુ વૃક્ષ:, સદાફળ, હેમદુગ્ધ, કૃમિફળો, યજ્ઞાંગ, શીતવલ્કલ: ॥૬॥ આઠ નામછે. શિતળ, રૂપને વધારે. કફ અને પિત્ત કોપને જીતે, પચવાને ભારીછે.

(કાળા ઊંબરાનુંઝાડ.)

કાકો દુમ્બરિકા:, ફળગુઅંબળા, યુશ્ચિત્રભેષજમ ॥ ૭ ॥ ત્રણ નામ છે. સફેદ ઊંબરાના ગુણુને મળતા ગુણે છે; ઘણું કરીને ચિત્રીના રોગને સમાવે છે.

(અશોક, રૂદ્રમોથ, પિંપરી)

પ્લક્ષ:, પ્લવ. શ્રારૂવૃક્ષ:. સુપાર્શ્વો, ગર્ભભાંડક: ॥ ૮ ॥ વરીકમંડલુ:, પુપ: પિપ્પરિ, શ્રારૂદર્શન: ॥ આઠ નામ છે. શિતળ, વિંધના નાસુરાદિ રોગને, રસવિકાર અને કફકોપને, પિત્તકોપને, સોઝાને. બળતરના વિસર્પ રોગને જીતે છે. ॥ ૯ ॥

(મુષિકપર્ણી, ઊદિરકાની, વડાદિક દુધના પાંચ ઝાડ.)

ન્યગ્રોધો. ઊદુંબરો. અસ્વત્થ. પરિશ. પ્લક્ષશ્ચપાદપ; પાંચ ઝાડને ક્ષીરીણુ એટલે દુધના કેહેછે. તેશરીરને પોષણ અને સંતોષકર્તા છે; તેની ચામડી કે છાલ શિતળ, તુરાસ્વાદે, કડવાસે. ॥૧૦॥ પાંચેની ચામડી શીતળ હિમ, ભૂખ વધારનાર. ઝાડા પિશાબનું શોષનકર્તા ગ્રાહી છે. વિંધની ગાંઠોને, નાસૂરને. ફોડકાને. સોઝાને, બળત્તરના વિસર્પરોગને જીતે છે. (કેચિતુ પારિશ સ્થાને શિરીષં વેતસંપરે. ॥ ૧૧ ॥) દુધના ઝાડ સર્વે શીતળ ગુણે, વિંધની ગાંઠ નાસૂરાદિક રોગને. બૈરીના પિશાબ માર્ગે થતા રોગને. સોઝાને, પિત્તકફકોપને, બોહગંધી રોગને જીતે છે; ભાંગેલા હાડકાને સાંધે ॥ ૧૨ ॥ તેના પાંત્રા શીતળ, ભૂખ વધારનાર અને ઝાડા પિશાબને શોષનાર ગ્રાહી ગુણે; કફ અને વાયુકોપને જીતે, પચવાને હલકા છે. તેના ફળ.

મળમુત્રાદિક બંધાયેલી આંટોને, કોઠાની કબજીતને છોડે, ભૂખ વધારનાર સંગ્રાહી ગુણે, રક્તપિત્ત રોગના લોહીના ઝાડા કે ઊલટીને, સોઝ ગંધીને, કફકોપને જીતે છે. ॥ ૧૩ ॥

(નન્દીવૃક્ષ, નાંદરૂખી, જળનું ડીકા, સફેદ અઘાડો)

નન્દીવૃક્ષો, અશ્વત્થભેદઃ, પ્રરોહી, ગજપાદપઃ; ચાર નામ છે. તેના ગુણદોષ પિપળાને મળતા છે. તે ઉપરાંત પચવાને હલકુ. ગર્મ ઝેરના રોગને જીતે છે. ॥ ૧૪ ॥

(કદંબ ત્રણ જાતના ઝાડ.)

કદંબો, ગન્ધવત્પુષ્પઃ, પ્રાવૃષેણ્યો, મનોજ્ઞતિઃ. પેહેલાના ચાર નામ છે. બીજુ ધુલિકદંબ, ત્રિજુ રાજકદંબનું ઝાડ છે. ॥ ૧૫ ॥ ત્રણે શીતળ, રસવિકાર અને કફકોપને, પિત્તકોપને. લોહી વિકારને જીતે છે.

(અર્જુનવૃક્ષ, આંઝણીપાનું ઝાડ.)

કકુભો, અર્જુનનામઃ, સ્યાન્નદી મંજુઃ, શઠદ્રુમઃ ॥ ૧૬ ॥ ચાર નામ છે. શીતળ, ભાંગેલા હાડકાને સાંધનાર, જખમને, ક્ષયરોગને, ઝેરના રોગને જીતે છે.

(જળ શીરીષવૃક્ષ, અસાલિઓ, ઢિંઢિણીકા ઢાંઢાણીનું ઝાડ.)

શિરીષઃ, પ્લવગીવિપ્રઃ, શુકવૃક્ષઃ, કપીતનઃ ॥ ૧૭ ॥ મૃદુપુષ્પઃ શ્યામવર્ણી, ભણ્ડીરઃ, શંખિનીફળઃ; આઠ નામ છે. શીતળ, શરીરના રૂપને સુધારે, ઝેરના રોગને, બળત્તરના વિસર્પરોગને, સોઝાના રોગને જીતે છે. ॥ ૧૮ ॥

(આર્તગળ, કોરાંટો, ચેરવર્ણીનું ઝાડ.)

આર્જટઃ, આર્તગળા, બહુકંટઃ, પ્રધર્શણઃ; ચાર નામ છે. તુરાસે, શીતળ, વિંધની ગાંઠો નાશુરાદિકનું શોધન કરી રૂઝવે. ॥૧૯॥

(નેતરનું ઝાડ, વેતસ.)

વેતસી, બંજુળો, નમ્રો, વાનીરો, દીર્ઘપત્રકઃ, નદિયો, મઘ્મ પુષ્પો, અન્યસ્તોય, કામી, નિકુંજક; ॥ ૨૦ ॥ દશ નામ છે. તેના ગુણ નીચે લખેલા છે.

(જળવેત્તસ, પાણીમાં થતી નેતર.)

જલૌકા, સંભૃતો, અંભોજે, નિચુલો, જળવેતસ; પાંચ નામ છે. તેના ગુણદોષ નીચે લખેલા છે.

(ઈજર નામે પાણીમાં થતો વેલો.)

ઈજજળો, હિજજલો, ગુચ્છપળો, કચ્છપોલિકા. ॥ ૨૧ ॥ ચાર નામ છે. તેના ગુણદોષ નીચે લખેલા છે.

નેતર—શીતળ; બળત્તરને, સોઝાને, હર્શનારોગને ઝીતે; વિષની ગાંઠો અને નાસુરાદીક રોગનું સોધન કરી રૂઝવે; બળત્તરસહિત વિસર્પરોગની ગાંઠોને, પિશાબ અટકવાના રોગને, પિત્તકોપે પિશાબમાં બંધાતી પથરીના રોગને. કફકોપને ઝીતે છે.૨૨॥

જળવેતસ—શીતળ; ભૂખવધારી ઝાડા પિશાબને શોધનાર આહી ગુણે; પણ વાયુકોપને વધારે છે.

ઈજર—ઉપલા ગુણોને મળતા છતા ઝેરના રોગને ઝીતે છે.

(ગુંદીકે ગુંદાનું ઝાડ.)

શ્લેષ્માંતક, કર્બુદાર, પિચ્છલો. ભૂતપાદપ. શેળુ. શૈળુશ્ર. શેલુક. શૈલિકો. દ્વિજકુસ્તીકઃ. ॥ ૨૪ ॥ નવ નામ છે. વિસ્ફેટક ફોડકાના ઝેરીરોગને. વિષના ફોડકા, ગાંઠો, નાશ્રુરને, બળતરની વિસર્પ ગાંઠોને, શરીર સડાને ઝીતે છે. તેના ફળ ગર્મ, પુટીકર્તા ભારી, વાયુ અને પિતકોપને, લોહગંધી રોગને ઝીતેછે. ॥ ૨૫ ॥

(પીળુડાનું ઝાડ, અખરોડનું ઝાડ.)

પીળુ, શતસહસ્ત્રાંશો, તીક્ષ્ણન્તુ. કરભપ્રિય, સહસ્ત્રાંગી. ગુડફળસ, તત્ફળં, પાંડુ, પીળુજમ; ॥ ૨૬ ॥ નવ નામ છે. ગર્મ, ભૂખ વધારનાર દીપન, ઝાડા પિસાબાદિક બંધાયલા મળને છુટો પાડનાર ભેદી ગુણે, રક્તપિત્ત રોગનો લોહીઝાડો અને ઉલટી થાય; પચવાને હલકા છે. પેટમાં ચહડતા ગોળાના રોગને. હર્શના રોગને, ક્લેગ્ન અને તાપતિલ્લીના રોગને, વાયુકોપને, પથરીના રોગને, કફકોપને ઝીતે; રસાયન ગુણે છે. ॥ ૨૭ ॥

(શાક, સાગવાનનું ઝાડ.)

શાક, ખરચ્છદો, ભૂમી સહો, દીર્ઘચ્છદોમતઃ॥ ચાર નામ છે. રસવિકારના કફકોપને, વાયુકોપને, લોહીગંધીને જીતે છે. ગર્ભસ્થાનને સુધારે, પાચન થતા શીતળ છે. ॥ ૨૮ ॥

(શાયલાનું-શાલનું ઝાડ.)

શાળ, સર્જરસ, સર્જ્જ, શ્રીકૃતં, મારિચપત્રક; પાંચ નામ છે. ભૂખ વધારી ઝાડા પીશાબને શોષનાર ગ્રાહી. વિંધની ગાંઠોને, નાશુરોને, ફોડકાને, રસવિકારના કફકોપને, બળેલાને રૂઝાવે, ઝેરના રોગને જીતે, પચવાને શીતળ છે. ॥ ૨૯ ॥

(તમાલપત્રનું ઝાડ.)

તમાલ, ઉક્તાસ્તા, પિચ્છ, કાલસ્કંધો, મિતદ્રુમ; પાંચ નામછે. ભીમાના ગુણને મળતા ગુણુદોષે, સોઝાને, બળતરને, વિસ્ફોટકના ફોડકાને જીતે છે.

(ખેરનું ઝાડ સફેદ અને લાલ.)

ખદિરો, રક્તાસાર, ગાયત્રી, બાળપત્રક; લાલખેરના ચાર નામ છે. શ્વેત સારોડન્ય, કામુક, કુંજ કયટક. ॥ ૩૧ ॥ સફેદ, ખેરના ત્રણ નામ છે. ખેહું શીતળ, દાંતના રોગને, જીવાતના કૃમિરોગને, પરમાના રોગને, તાવને, વિંધના ફોડકા નાસૂરને, ચિત્રી કરોડીયાને, સોઝાને, આમવાયુના રોગને, પિત્તકોપને, લોહીગંધી રોગને, પાંડુરોગને, શરીરસડાને, કફકોપને જીતે છે. ॥ ૩૨ ॥ ખેરની લાખ મીઠાસે. શરીરબળ અને શુકધાતુને વધારે છે. ખેરઝાડનો ગર ઝેરના રોગને, ગળાની ગળગ ડ ગાઠને, મુખરોગને કફકોપને જીતે છે. ॥૩૩॥

(ખેરના ઝાડની જડ-મૂળ.)

ધરિમેદો, વિટ્ખદિરી, ગોધાસ્કંધો, અરિમેદકઃ; ચાર નામ છે. કસાયલા સવાદે. ગર્મ, મુખરોગને, દાંતના રોગને જીતે છે. ॥ ૩૪ ॥ ખજવાળને, ઝેરના રોગને, રસવિકાર અને કફકોપને, જીવાતના કૃમિરોગને, શરીરસડાને, વિંધની ગાઠો, ફોડકા નાસૂરને જીતે છે.

(બાવળનું ઝાડ.)

વવુળ, કિન્કરાળ, પીતક, પીતપુષ્પક. ॥૩૫॥ ચાર નામ છે. કફકોપને ઝીતે. ભૂખ વધારી ઝાડા પીસોબને શોષનાર ગ્રાહી ગુણે. શરીરસડાને, ખુજળીને, જીવાતના કૃમિરોગને, ઝેરના રોગને ઝીતે છે. બાવળની અંતરછાલનો ઉકાળો, સાત દિવસ પીધાથી લોહીનો ઝાડો અને ઉલટીનો રક્તપિત રોગ દૂર થાય છે.

(બિબળાનું ઝાડ.)

બીજકો, શનક, સૌરીપ્રિય, કામ્યો, પલકપ્રિય; પાંચ નામ છે. શરીરસડાને, ખુજલીને, બળતર સહિત વિસર્પરોગની ગાંઠને, ચિત્રાંના ખોડાને, પરમાને, તાવને, જીવાતના કૃમિરોગને ઝીતેછે. ॥૩૬॥ રસવિકારના કફકોપને, લોહગંધીને, પિતકોપને, સડતી ચામડીના રોગને ઝીતે છે. શરીરના વાળને રંગે અને રોગને ઝીતે, રસાયન ગુણે છે.

(તમરનું ઝાડ, તિવસનું ઝાડ.)

તિનસ, સ્યન્દનો, નેમી, સર્વ સારો, યસ્મગન્ધક; પાંચ નામ છે. રસવિકારના કફકોપને, પિત્તકોપને, લોહગધી રોગને, બગડેલી ચરબીના મેદરોગને, શરીરસડાના કુષ્ટરોગને, પરમાને ઝીતે છે. ॥ ૩૮ ॥

(ભોજપત્ર. ભૂર્જપત્ર.)

ભૂર્જપત્ર, ભૂજ, બહુપુટો, મૃદુત્વ, ગર્ભષ્પ પત્રકઃ; પાંચ નામ છે. દુષ્ટ ગ્રહોના રોગને, રસવિકારના કફકોપને, કાનના રોગને, પિતકોપને ઝીતે છે. ॥ ૩૯ ॥

(પળાસ, ખાખરાનું ઝાડ–ફુલ, પળશપાપડો ફળ.)

પલાશ, કિંશુક, કિર્મીયાગ્નિકો, બ્રહ્મ પાદપા, ક્ષીરશ્રેષ્ઠી, રક્તપુષ્પ, ત્રિવૃત, સમિદ્ધત્તમ; ॥ ૪૦ ॥ આઠ નામછે. ભૂખ વધરાનાર દીપન, પુષ્ટીકર્તા, સહરાસે, ગર્ભ, વિષના ફોડકા અને ગાંઠોને. પેટમાં ચહડતા ગોળાનાં ગુલ્મરોગને ઝીતે, ભાંગેલા અવયવને સાંધે, કલેજા અને તાપતલ્લીના રોગને, સંગ્રહણીના ઝાડાને, હર્શના રો-

ગને, જીવાતના કૃમિરોગને હરે છે. ॥ ૪૧ ॥ તેના ફુલ કફ અને પિતકોપને, લોહગંધીને, પિશાબના રોગને, સોઝાને જીતે; ભૂખ વધારી ઝાડા પીશાબને સોષનાર ગ્રાહી, શિત્તળ ગુણે; તેના ફળ. પચવાને હલકા, ગર્મ, પરમાના રોગને, હર્શને, જીવાતના કૃમિ રોગને, વાયુ અને કફકોપને હરે છે. ॥ ૪૨ ॥

(**ધાવરો, ધાવડાનું ઝાડ.**)

ધવો, નન્દિતરૂ, રગૌર, શકટાક્ષી, ધુરંધર; પાંચ નામ છે. શિતળ, પરમાના રોગને, હર્શના રોગને, શરીર પીળુ થવાના પાંડુ-રોગને, પિત અને કફકોપને જીતે છે. ॥ ૪૩ ॥

(**ધામણીનું ઝાડ, ધમાસાનું ઝાડ.**)

ધન્વની, ગોત્રવિટપી, ધમ્મણી, ગોત્રપુષ્પક; ચાર નામ છે. કફ અને પિતકોપને, લોહગંધીને, ખાંશીને જીતે, પચવાનેહલકું. ॥ ૪૦ ॥

(સાયલાનું ઝાડ, શાલનું ઝાડ.)

સર્જજી, યજ્કર્ણ, સ્વેદઘ્ની, લતાવૃક્ષ, કુદેહક; પાંચ નામ છે. શરીરના રંગ રૂપને સુધારે, કફ કોપને, પરસેવાને. ઝાડા પીશાબાદિક મળ બંધાવાના રોગને. પિત્તકોપને, કૃમિરોગને જીતે છે. ॥ ૪૫ ॥

(શાખોટાનું. સાહોડાનું, શુકનાસાનું ઝાડ.)

શાખોટ, પીતફળ, સ્છાગી, ક્ષીરવિનાશન; ચાર નામ છે. ગળત કોડના વાતરક્ત રોગને, લોહગંધીને. કફ અને વાયુકોપના અતિસારને જીતે છે. ॥ ૪૬ ॥

(**વરૂણનુ—વાયવર્ણાનું, વાવડીંગનું ઝાડ.**)

વરૂણો, વરૂણા, શ્વેત, શાકવૃક્ષ, કુમારક; પાંચ નામ છે. પિત્ત-કોપને ઉપજાવે, શરીરમાં પસરનાર ભેદી ગુણે, રસ વિકારના કફ-કોપને, પીશાબના રોગને, વાયુકોપને, ॥ ૪૭ ॥ પેટના ગુલ્મરોગને, વાયુકોપના કૃમિરોગને. સોઝાને જીતે; ભૂખને વધારીઅગ્નિ દીપનથાય.

(**મંજીઠનું-મોઈનું-મોણનું-મદનમંજરીનું ઝાડ**)

જિંગિણી, ઝિમિણી, જિંગી, સુનર્યાસાચ, મોટકી; ॥ ૪૮ ॥ પાંચ નામ છે. વિંધના ફોડકા નાસુરની ગાંઠોને, હૈયાના હૃદ્રોગને,

વાયુકોપના અતિસારને જીતે, સવાદે કડવું, ગર્મ છે. તેનો ગુંદર હાથ પગની વેદનાને દુર કરે છે. ॥ ૪૯ ॥

(સાળથીનું-સલઈનું-સાલકનું ઝાડ.)

સલ્લકી, વલ્લકી, મોચો, ગજભક્ષા, મહારૂહા, ગંધવીરા, કુન્દુરૂકી, સુશ્રાવા, વનકર્ણિકા;॥૫૦॥ નવ નામ છે. વિંધના ફોડકા નાસુરના રોગને, પિતકોપને, લોહગંધીને, રસવિકારના કફકોપને, પિતકોપના અતિસારના ઝાડાને જીતે છે.

(હીંગણબેટનું-ઈંગોળીયાનું ઝાડ.)

ઇંગુદી, અલ્લકી, વૃક્ષકંટક, રતાપસમુદ્ર; ચાર નામ છે. શરીરસડાને, ભૂતાદિ ગ્રહને, વિંધના ફોડકા નાશૂરોની ગાંઠોને, ઝેરના રોગને, જીવાતના કૃમિરોગને ॥ ૫૧ ॥ ગરમીને, પિત અને કફ કોપને, અતિશખ્ત શૂળરોગને જીતે છે. તેના ફળ કફ અને વાયુકોપને જીતે છે. ॥ ૫૨ ॥

(ટેટુનું ત°। લોધરનું, કિન્હીનું ઝાડ.)

કટંભર, શ્રારૂ, શૃંગી, કટભી, તૃણ શૈંડકા; પાંચ નામ છે. પરમાના રોગને, લોહગંધી રોગને, નાડીવણુના નાશૂરને, ઝેરના રોગને, જીવાતના કૃમિરોગને જીતે છે ॥૫૩ ॥ ગરમીના રોગને. પિતકોપને. કફકોપને, શરીરસડાને જીતે; તેના ફળ કફ અને શુક્ર ધાતુને ઉપજાવે છે. લોધરના ઝાડનો ગુંદર પચવાને ભારી, શરીર પુષ્ટ કતો. બળ વધારનાર, વાયુકોપને જીતે છે. ॥ ૫૪ ॥

(મોરવાનું-મોખાનું ઝાડ.)

મુક્ષકો, મોક્ષકો, ધુયેટી, શિખરી, ક્ષુદ્રપાટલા; પાંચ નામ છે. કફ અને વાયુકોપને જીતે, ભૂખ વધારી ઝાડા પીશાબને શોપનાર ગ્રાહી, પેટના ગુલ્મરોગને, ઝેરના રોગને, જીવાતના કૃમિરોગને જીતે; ॥ ૫૫ ॥ ગરમીના રોગને. ઝાડા પિશાબના બસ્તિરોગને, ખુજલીને, ખરસવાના રોગને જીતે; તેના ફુલ કફ અને પિતકોપને જીતે; તેનો ગુંદર અતિ શરીર પુષ્ટકર્તા, શરીર શોપને, પિતકોપને દુર કરેછે.॥૫૬

(પારિભદ્રનું-પારિજાતનું-પર્બતનિંનું-પાંગારાનું-પ્રાજતનું ઝાડ.)

પારિભદ્રો, નિંબવૃક્ષો, રક્તપુષ્પ, પ્રભદ્રક, કયેટકી, પારિજાત, મન્દાર, કટિકિંશુક. ॥ ૫૭ ॥ જીવાતના કૃમિરોગને, રસવિકારના કફકોપને, બગડેલી ચરબીના રોગને, સોઝાને, વાયુકોપને જીતે છે.

(**સાંવરોનું** ઝાડ-ફળ, **ફુલ**.)

શાલ્મલી, તૂલિની, મોચા, કુકકુટી, રક્તપુષ્પિકા, કયટકાઢયા, સ્થુળફળા, પિચ્છલા, ચિરંજીવની; ॥૫૮॥ નવ નામ છે. શીતળ, શરીર પુષ્ટકરી બળ વધારે, લોહીના ઝાડા અને ઉલટીના રક્તપિતરોગને જીતે, રસાયનગુણે, સ્નિગ્ધ ચીકાસે છે. તેના ફુલ ભુખ વધારી ઝાડા પિશાબને શોષનાર આહી; પિત્તકોપને જીતે છે. તેનો ગુંદર અતિ બળ વધારનાર, સોઝાને, પિત્તકોપને, લોહગંધીને, વાયુકોપને જીતે છે.॥૫૯

(**નાંદુરખીનું, આજવળાનું** ઝાડ-ફળ. **ફુલ**.)

તુણિ, કુંદેર, આપીત સ્તનું, કોનાન્દ પાદપ; ચાર નામ છે. ભુખ વધારી ઝાડા પીશાબને શોષનાર ગ્રાહી,શીતળ,શરીર બળ વધારનાર, વિંધના ફોડકા ગાંઠોને, શરીરસડાને, લોહગંધીને, પિત્તકોપને જીતે છે. ॥ ૬૦ ॥

(**સાતવણનું** ઝાડ-ફળ, **ફુલ**.)

સપ્તપર્ણો, ગુચ્છપુષ્પ છત્રી શાલ્મલી, પત્રિક; ચાર નામ છે. વિંધના ફોકડા ગાંઠો ને, રસ વિકારના કફકોપને, વાયુકોપના ગળતકોઢના શરીર સડાને હરે છે. ॥ ૬૧ ॥

(હળદવાનું-હળદરનું ઝાડ-ફળ, ફુલ)

હારિદ્રક, પીતવર્ણો, શ્રીગાન, ગૈર દ્રુમીવર; ચાર નામ છે. કફ કોપને હરનાર, વિંધના ફોડકા ગાંઠોને શોષી રૂઝાવનારઃ; ॥૬૨॥

(**નખલાનું-કાચકાનું, કરંજનું મોટું ઝાડ**-ફળ **ફુલ, પાંત્રા**.)

કરંજસ્તો, નક્તમાળ, નરતાહી. ઘૃતવર્ણક, પૂતીકાયન્ય, પૂતિવર્ણ, પ્રકાર્ણશ્રિ, રવિલ્વક; ॥૬૩॥ આઠ નામ છે. કડવાસે. ગર્મ, વીર્યોષ્ણો, ઐરીના પીશાબની જગાએ થતા રોગને જીતે; શરીરસડાને, જ્વરતરને, પેટમાં ગોળાના ગુલ્મરોગને, હરશનારોગને વિંધના

ફોકડા અને ખુજલીને,જીવાતના કૃમિરોગને,કફકોપને જીતે છે. ॥૬૪॥ તેના ફુળ—કફ અને વાયુકોપને. પરમાને, જીવાતના કૃમિરોગને જીતે છે. તેના પાંત્રા—કફ અને વાયુના હર્શરોગને, જીતાવના કૃમિરોગને, સોઝાને જીતે, અતિ ગુણકારી છે. ॥ ૬૫ ॥

(કરંઝીનું ઝાડ-ફુળ-પાંત્રા.)

કરંજી, કાકતિક્તાચ, વયસ્ય, નંગાર વલ્લરી; ચાર નામ છે. વાયુના હર્શને, કૃમિરોગને, શરીરસડાને, પરમાના રોગને જીતે છે. ॥૬૬॥

(સાગરગોટીનું—તિરગિછીનું ઝાડ-ફળ, ફુલ.)

તિરિગિચ્છિ, ગર્જિકચેટ, કરંજી, ક્ષિરિણી, દિપ; પાંચ નામ છે. બગડેલી ચરબીના મેદોરોગને, હર્શને, જીવાતના કૃમિરોગને, શરીરસડાને, પરમાના રોગને, સોઝાને જીતે છે. ॥ ૬૭ ॥

(નહાની સમીનું—જીવકનું. સમડીનું ઝાડ ફળ.)

શમી, તુંગા, શાકુફળા, પવિત્રા કેશહૃત ફળા, લક્ષ્મી શિવા, આન્યાધિમતી, ભુશમી, શંકરાહ્વયા, ॥ ૬૮ ॥ નવ નામ છે. શીતળ, પચવાને હલકી, ખાંશીને, હાફણને, શરીરસડાને હર્શને, કફકોપને જીતે છે. તેના ફળ—પિત્તકોપને ઉપજાવે, લખાશે. બુદ્ધિને વધારે, શરીરના વાળનો નાશ કરે છે. ॥ ૬૯ ॥

(મોટી શમીનું, પાણીની શરસીનું, અશાળીયાનું ઝાડ-ફળ ફુલ)

શમીવિકા, ટિણિટિણિકા, દુર્બળાંગુ, શિરીવિકા; ચાર નામ છે કફકોપને, શરીરસડાને, હર્શને, વાયુ પિત્ત અને કફના સન્નિપાતરોગને, ઝેરનારોગને જીતે છે. ॥૭૦ ॥

(અરીઠાનું ઝાડ-ફળ ફુલ.)

અરિષ્ટકો, ગર્ભપાતિ, કુંભવીર્યશ્ચ, ફેનિલ, કૃષ્ણવીજો, રક્તબીજ, પીતફેનો, અર્થ સાધન; ॥ ૭૧ ॥ આઠ નામ છે. વાયુ પિત્ત અને કફના ત્રણે દોષને જીતે, ગર્ભ, બૈરીના ગર્ભને પાડે, ખરાબ મહને દૂર કરે છે.

(શિંસમનામે કાળા લાકડાનું ઝાડ.)

શિંશપો, કપિલા, કૃષ્ણા, સારા, મયડળપત્રિકા, ॥ ૭૨ ॥ કુ-શિંશપા, ભસ્મ પિંગળા, વસાદની; આઠ નામછે. ગર્ભ, પરમાને, શરીરસડાને, સફેદ કોહોડને, ઉલટીને, જીવાતના કૃમિરોગને ઝીતે ॥ ૭૩ ॥ ઝાડા પિશાબના રોગને. વિંધના ફોડકાને, બળતરની દા-હને. ગર્ભના છોડ બંધાયલાને, અબોલા મુકા થવાના રોગને, બૈરીનો ગર્ભ પાડવાને ઝીતે છે.

(અગથ્યાનું ઝાડ-ફુલ.)

અગસ્ત્ય, વંગસેનાહ્વ, મધુશિગ્રુ, મુનિદ્રુમઃ; ચાર નામ છે. પિત્તકોપને, કફકોપને ઝીતે, ચોથીયા તાવને કહાડે, શિત્તળ ગુણેછે.

તેના લીલા ફુલ.—રસવિકારના શળકમ, કફકોપને, પિત્તકો-પને, નાકના પિનૂસ રોગને ઝીતે છે.

योराज्ञांमुखतिलकःकटारमल्लस्तेनश्रीमदननृपेणनिर्मितेऽत्र ।
ग्रंथेऽभून्मदनविनोदनाम्निपूर्णश्चित्रोऽयंललितपदैर्वटादिवर्गः ॥

મોટા ઝાડનો પાંચમો અધ્યો સમાપ્ત.

વેલા અને ફળનો છઠ્ઠો અધ્યાય પ્રારંભ.

भ्रमीच्छलद्दद्धरिकारिकाग्रपिष्टं मन्दस्मितंवेणुनिनादरक्तम् ।
गोपालिकानाङ्करतालिकाभिर्नृत्यन्महस्तत्परमंस्मरामि ॥१॥

(દરાખનો વેલો-ફળ.)

દ્રાક્ષા, મધુફળા, સ્વાદ્વી, હારહુણ, ફલોત્તમા, મૃદ્વાકા, મધુ-યોનિશ્ચ, રસાળા, ગોસ્તની, ગુડા; ॥ ૨ ॥ દશ નામ છે. પાકેલી દરાખ સરાહસે. શિતળ, આંખોને ગુણકારી, શરીર બળ વધારે, પચવાને ભારી, તૃષ્ણા રોગને, પાણીની તૃષાને, તાવને, ખાંશી અને હાફણને, વાયુકોપને, પિત્તકોપને, લોહગંધિને, કમળાને; ॥ ૩ ॥

પિશાબના રોગને, લોહી ઝાડા અને ઉલટીના રક્તપિત્ત રોગને, શરીરશોષ રોગને, ભુખ બેસી જવાની મંદાગ્નિને ઝીતે છે.

કાચી દરાખ,—ખટાસે, પચવાને ભારી, લોહગંધી અને પિત્તકોપને ઝીતે, લોહી ઝાડા અને ઉલટીના રક્તપિત્તને ઉપજાવે; ॥ ૪ ॥ ઝીણી અને મોટી દરાખનો ગુણ સરખો છે. પહાડ ઉપર જે વેલા થાય છે તેની દરાખ સામળી કે કાલી હોય તે પચવાને હલકી અને રસવિકારના કફકોપને, પિત્તકોપને ઝીતે છે. ॥ ૫ ॥

આંબાનું ઝાડ, ફળ.

આમ્ર, શ્રુતો, રસાળો ડસી, સહકારી, અતિ સૌરભ, માકન્દ, પિકબન્ધુ, સ્યાદ્રસાળ, કામ વલ્લભ ॥૬॥ નવ નામછે. આમવાયુ અને ભુખ વધારી ઝાડા પિશાબનું શોષણ કરનાર ગ્રાહી, પરમાને, કફ અને પિત્ત કોપને, ફોડકા, નાશ્કરના વિંધ રોગનેઝીતેછે. તેના કાચાફળ—ચઢેલા મદને ઉતારે, લુખાસે, વાયુપિત્ત અને કફના ત્રણે દોષને ઉપજાવે ॥૭॥ પાકેલા ફળ—મિઠાસે, શરીર બળને વધારે, ચીકણા સ્નિગ્ધ, હૃદયને બળ આપે, પચવાને ભારે. વાયુ કોપને હરે. મુખે રૂચી લાવે, વિંધના ફોકકાને ઉપજાવે, શીતળ, પિત્તને ઉપજાવે. તેનો કાઢેલો રસ—પચવાને ભારી, ચીકણો રેચન, બળને વધારે, વિંધના ફોડકાને ઉપજાવે. ૮ ઘણો મીઠો આંબો—વાયુ કોપને વધારે, પિત્ત કોપ અને રસ વિકારનો નાશ કરેછે. તેના રસનો ઉકાળો અથવા કઢી મીઠાસે, બળ વધારનાર, પચવાને ભારી, ચીકણી સ્નિગ્ધ, શિત્તળ. ઘણા પાકેલા આંબા—આવરદાને વધારનાર, મીત્ર, શુક્ર ધાતુ અને બળને વધારનાર. ॥૯॥ કાચા આંબાને શુકવેલા અથવા આંબોશીનો ઉકાળો—શરીરમાં ગુણ દોષ પસરનાર ભેદી ગુણે, આમને, રસવિકારને, કફ અને વાયુ કોપને ઉપજાવે છે.

(નાહાના મોટા રસાળ જાંબુનું ઝાડ, ફળ)

મહાજંબુ, રાજજંબુ, મહાસ્કન્ધા, વૃહત ફળા, ॥ ૧૦ ॥ ક્ષુદ્રજંબુ, ક્ષીરપત્રા, મેઘાભા, કમવલ્લભા, નાદેયી, ક્ષુદ્રફળા, તત્ ફળજજમ્બુ, જામ્બવમ; ॥ ૧૧ ॥ બારનામ છે. ભુખવધારી ઝાડાપિશા-

અને શોષનાર ગ્રાહી, લુખાસે, કફ અને પિતકોપને, વિંધના ફોડકાને જીતે, લોહગંધીને દુરકરે છે. રાજજાંબુના મોટા ફળ–સ્વાદીષ્ટ, મીઠા, તુરાસે, પચવાને ભારી, ઝાડો લાવનાર રેચન છે. જાંબુના ઝીણા ફળ–ઉપલા ગુણને મળવાછતા દાહની બળતરનેસમાવે છે. ॥ ૧૨ ॥

(નારીયળનું ઝાડ ફળ.)

નારીકેલો, દૃઢફળ, મહાવૃક્ષો, મહાફળ; ॥ ૧૨ ॥ તૃણુરાજ, સ્તૃણુફળો, તૃણાહવી, દૃઢવીજક ॥ આઠનામ છે. પાણીભરેલું ફળ, શીતળ, ઝાડાપિશાબની બસ્તી સ્થાનનું શોધન કર્તા; ॥ ૧૩ ॥ કોઠાની કબજાત અને ગર્ભરોગને; બૃંહણુરોગને જીતે; પુષ્ટીકર્તા, વાયુ અને પિત્તકોપને, બળતરની દાહને જીતે, નારીયળનું પાણી શિતળ, હૈયાને કુવત આપે, ભુખ વધારનાર દીપન છે, શુક્રધાતુને ઉપજાવે, પાચન થવાને હલકુ છે. ॥ ૧૪ ॥ નારીયળના ઝાડઉપરનો ગર્ભ–શુક્રધાતુને ઉપજાવે, વાયુ અને પિત્ત કોપને જીતે.

(ખજુરીના ઝાડ ત્રણ જાતના–તેનાફળ.)

શ્રેણીનામે મોટી ખજુરીને–શ્રીફળા, દ્વિપસંભવા. બેનામ છે પિંડનામે ખજુરીને–ખર્જુ, દુઃપ્રધર્ષા, સુકંટકા; ॥ ૧૫ ॥ સ્કંધફળા, સ્વાદ્વી, દુરાસ્નેહ, મૃદુચ્છદા, છનામ છે. ભૂમિખજુરીને–કાક કર્કટી, કાસુક કર્કટી. ॥૧૬॥ બેનામ છે. ખજુરીના ફળ દળદાર. પાચન થતા શિતળગુણે, સ્વાદીષ્ટ મીઠાસે, ચીકાસે, જખમ ચાઠાને રૂઝવનાર, પુષ્ટા. કર્તા, વાયુકોપને, પિત્તકોપને. મદચઢેલાને, બેસુદ્ધ થવાના મૂર્છા રોગને, ઘેળાપણાના મદાત્ય રોગને જીતે છે. ॥૧૭॥ ખજુરાના ફળ વગર દળદારનો ગુણ થોડોછે. ફળનાં ઠલીઆ. શખ્ત શિત્તળ, પુષ્ટીકર્તા, શરીર સડાને, પિત્તકોપને, લોહગંધીને, બળતરનીદાહનેજીતે; ॥૧૮॥

(અંજીરનું ફળ.)

શિલેમાની, પરાલોકે, મૃદુલા, નિર્વલી ફળા; ચાર નામછે. મહેન્તના ઠાકોટાને, બેભાન થવાની ભ્રાંતીને, બળત્તરની દાહને, પડી જવાના મૂર્છા રોગને, લોહગંધીને, પિત્તકોપને જીતેછે. ॥૧૯॥

(કેળનું ઝાડ, કંદ, ફળ–ફુલ.)

કદલી, ગ્રંથિની; મોચા, રંભા, વીરા, યતચ્છંદા, કદળી, વારણી, પુંસાં, રંમ્ભા મોચા, મહત ફળા; અગીયાર નામછે. બૈરીનાયોનિ રોગને, પિશાબનાપથરી રોગને સમાવે, લોહી ઝાડા અને ઊલટીના રક્ત પિત્ત રોગને હરે, શીતળ ગુણે; ॥૨૦॥ કેળનો કંદ શીત્તળ, શરીર બળ અને વાળને વધારે, પિત્તકોપને, કફકોપને, લોહગંધીને ઝીતે. કેળનાફળ કેળા--મીઠાસે, શીત્તળ, ઝાડાને કબજ કરે, કફકોપને વધારે, પચવાને ભારી. ॥૨૧॥ ચિકાસે સ્નિગ્ધ, તર, પિત્તકોપને, લોહગંધીને, પાણીની તૃષાને, બળત્તરને, જખમને, શરીર ક્ષયને, વાયુકોપને ઝીતેછે. ॥૨૨॥

(દાડમનું ઝાડ–ફળ.)

દાડિંમી, રક્ત, કુસુમા, દન્ત વીજા, શુક પ્રિયા; પાંચ નામછે. ભૂખ વધારનાર દીપન, મનની શક્તિ વધારે, મુખે રૂચી આપે, પિત્તકોપને સમાવે; ॥૨૩॥ કસાયલા સવાદે. ભૂખ વધારી ઝાડા પિશાબને શોષનાર ગ્રાહી ગુણે, ઘણું ગુણકારી, ખટાસે, મીઠાસે, સ્વાદીષ્ટ, વાયુ પિત્ત અને કફના ત્રણેના રોગોને સમાવે, ખાટું ફળ હોય તો વાયુકોપને વધારી શરીરે બળ આપે, ॥૨૪॥ દાડમના શુકવેલા બે દાણાનો ઉકાળો કફ વાયુકોપને હરેછે.

(કમરખનું ઝાડ–ફળ.)

પ્રસાદિરિકં, સેકંતકં, તકળંચ, તત્ ॥ ૨૫ ॥ કતકસ્ય, ફળ નેત્રાં, જળનિર્મળતા, કરમ; આઠ નામ છે. વાયુ અને રસવિકારને હરનાર, શીતળ, મીઠાસે. તુરાસે, ખટાસે, પચવાને ભારી. ॥ ૨૬ ॥

(ઝીણા સકરજન ફળ, ત્રણ જાતના. ખારેકી મોટા બોર.)

બદરી, કર્કંકટી, મોઘા, કોરયટી, યુગ્મ કયટકા; પાંચ નામ મોટા બોરના છે. સ્નિગ્ધચ્છંદા, વકોશાફળા, સૌવીરીકા; ॥૨૭॥ ત્રણ નામ બીજી જાતના બોરના છે. હસ્તિકોલિ, પરાવન્યા, લક્ષ્વી, કર્કન્ધુ, કોધુકા; ચાર નામ રાની બોરના છે. શીતળ, ઉગ્ર, લુખા, પિત્ત, અને કફકોપને સમાવે છે.

(પાંચ નામે મોટા બોર.)

બદરં,વપરં, લોકે, કૈનિલં, કુવળં, કુહમ; ॥૨૮॥ પાંચ નામ મોટા બોરના છે. કર્કંન્ધુ. હ્રસ્વવદરં, વરટં, ધુકંધુકમ; ભોયબોર અથવા રાયબોરના ચાર નામ છે. પાકેલા ફળ ઘણા મીઠા, ખટાસે, શીતળ, સફરજનના ગુણને મળતા છે. બદરં નામે ઝીણા બોર પચવાને હલકા, ભુખ વધારી, ઝાડા પીશાબને શોષનાર ગ્રાહી ગુણે, મુખે રૂચી આપનાર, ગર્મ, વાયુકોપને ઝીતે છે. ॥ ૨૯ ॥ કફ પિત્ત-કોપને ઉપજાવે છે. કોલં નામે બોર, પચવાને ભારી, શુક્રધાતુને ઉપજાવે, સ્મૃતિકે બુદ્ધિને સુધારે. **સૌવીરં નામે બોર.**—શીતળ, શરીરમાં પસરનાર ભેદી ગુણે, પચવાને ભારી, શુક્રધાતુને વધારનાર, શરીરપુષ્ટકર્તા, પિત્તકોપને, બળતરની દાહને, લોહ-ગંધીને, જખમને, પાણીની તૃષાને ઝીતે છે. ॥ ૩૦ ॥ **શુકવેલા બોર.**—શરીરમાં પસરનાર ભેદીગુણે, ભૂખને બેસાડે, પચવાને હલકા, પાણીની તૃષાને, વાયુ અને કફકોપને ઝીતે છે. **કર્કંધુ**—એક ચીનીઆ બોરનું નામ છે. મીઠાસે, ચીકાસે, પચવાને ભારી, પિત્તકોપને, લોહગંધીને, વાયુ અને પિત્તકોપને હરેછે. **બોરના ઠલીઆની મીજ.**—શરીરપુષ્ટકર્તા, શુક્રધાતુને, શરીર બળને વધારનારે છે. ॥ ૩૧ ॥

(**રાયેણ, ક્ષીરણી, રાન કોકડી ત્રન જાતના** ઝાડ-ફળ.)

ક્ષીરી, ક્ષત્રિય, રાજહવા, રાજદન, ફળાશિત; પાંચ નામ એક જાતના છે. રાજન્ય, બીજી જાતે સ્તંભન ગુણે છે. ક્ષચિવુકી, મુચિ-લિયેટક; ॥૩૨॥ બે નામ ત્રીજી જાતના છે. ત્રણે જાતના ફળ, શીતળ, ચિકાસે, પચવાને ભારી, શરીરબળને વધારે, પાણીની તૃષાને, બે-શુદ્ધ થવાની મૂર્છાને, શરીરે મદ ચઢેલાને, ભ્રમ કે ભ્રાંતીમાં પડવાના રોગને, શરીર ક્ષયરોગને, વાયુ પિત્ત અને કફ ત્રણે કોપના રોગને, લોહગંધીરોગને ઝીતે છે. ॥ ૩૩ ॥

(**ચારોળીનું**-ઝાડ, ફળ, **મીજ.**)

ચારો, ધનું, પટ, શાળ, પ્રિયાળી, મુનિવલ્લભ; છ નામ છે.

પિત્તકોપને, કફકોપને, લોહગંધીને જીતે છે. **તેના ફુળ—મીઠાસે,** પચવાને ભારી, ॥ ૩૪ ॥ ચિકાસે, વાયુકોપને, પિત્તકોપને, બળતરની દાહને, પાણીની તૃષાના રોગને, જખમના રોગને ઝીતે છે.તેની મીંજ ચારોળી, મીઠાસે, શરીરપુષ્ટકર્તા, શુક્રધાતુને ઉપજાવનાર, પિત્તકોપને, વાયુકોપને ઝીતે છે. ॥ ૩૫ ॥

(ફાળસાનું ઝાડ-ફળ.)

પરૂષકો, મૃદુફળ, પરૂષો, રોપણપર; ચાર નામછે. કાચા ફળ—કસાયલા સવાદે, ખટાસે, પિત્તકોપને ઉપજાવે, પાચન થવાને હલકા. ૩૬॥ પાકેલાફળ—પાંચન થતા મીઠારસે, તુરાસે, શરીર બળને વધારે, હૈયાને હીતકારી, પાણીની તૃષાને, પિત્તકોપને, બળતરની દાહને, લોહગંધી રોગને, જખમને, ક્ષય રોગને, વાયુકોપને ઝીતેછે, ॥૩૭॥

(ટેંભુરણીનું, ટેંમરૂનું, કાજરાનું-કાજુનું ઝાડ-ફળ.)

તિંદુક, સ્પંદન, સ્ફુર્જય, કાળ સારશ્વ, રાવણ, કાકપીળુ, કુપીળુ, વિષતિંદુક; ॥ ૩૮ ॥ આઠ નામછે. ટેંમરૂ-વિંધના ફોડકા, નાસૂરનીગાંઠોને, વાયુકોપને ઝીતે, તેનો ઉકાળો પિત્તકોપને ઝીતે, તેના કાચાફળ, તુરાસે, ભૂખ વધારી ઝાડા પીશાબને શોપનાર ગ્રાહી, વાયુકોપને ઉપજાવે, શીત્તળ, પાચન થવાને હલકાછે.॥૩૯॥ પાકેલાફળ—પિત્તકોપને, પરમાને, લોહગંધીને, રસ વિકારના કફકોપને ઝીતે, કેફ ચઢાવે, પચવાને ભારીછે.

વિષતિંદુક જે કાજુછે તેના ગુણ દોષ ઉપલા ટેંમરૂને મળતા અને અતિશે ગ્રાહી ગુણે, પાચન થતા શીતલછે. ॥૪૦॥

(વેહેકળનું-કરટોળીનું-હાંસાનું ઝાડ-ફળ.)

કિંકિણી, વ્યાઘ્રપાદો, દેવતરૂ, ચર, કવચિત; પાંચ નામછે. તુરાસે, તિખાસે, પિત્ત અને રસ વિકારને હરનાર, શીતળ ગુણે. ॥૪૧॥ તેના ફળ કાચા, વાયુકોપને ઉપજાવે; પાકેલા ફળ—મીઠાસે, વાયુ પિત્ત અને કફ ત્રણેના કોપને ઝીતેછે.

(હિમાચળ પર્વત ઉપર આદું નામે-વીરસેન, વીર, વિશારૂક, અરૂક નામે ઝાડ-ફળ.)

આરૂક, વીરસેન, તજ્જાતિ ભેદા; ચાર જાતનાફળ ; ॥૪૩॥ ભુખ વધારનાર જારક, વાયુકોપને, પરમાને, હર્શને, કફકોપનો નાશ કરેછે.

(જેઠીમધ બે જાતના, મહુવડાના, શોનચાપાના, ઝાડ-ફળ-ફુલ.)

મધુકી, મધુક, સ્તીક્ષણુ, સારશ્ચ, ગુડ પુષ્પક, ગીળાફળો, મધુકોષ્ટો, મધુ દ્રમઃ ॥ ૪૪ ॥ આઠનામ એક જાતના છે. -હસ્વફળો, મધુરી, દીર્ઘપુષ્પક, ત્રણનામ બીજી જાતના છે. જેઠીમધ-કફ અને વાયુકોપને ઝીતે, કસાયલા સ્વાદે, વિંધના ફોડકાને, નાશ્રરના રોગને રૂઝવે; ॥૪૫॥ તેના ફુલ મીઠાસે, શરીરબળ વધારે, શીતળ, પચવાનેભારે. પુષ્ટીકર્તા.; તેના ફળ-શીતળ, પચવાને ભારી, મીઠા, શુક્રધાતુને વધારનાર, વાયુ અને પિત્તકોપને ઝીતે; ॥ ૪૬ ॥ હૈયાને નબળુંકરે , પાણીની તૃષાને, લોહગંધીને, બળતરની દાહને, ખાંશીને, જખમને, આફ્રણુ અને દમને, ક્ષયરોગને ઝીતે છે.

(ફણસનું ઝાડ-ફળ.)

પનસ. કંટકિફળ, સ્વાસહા, ગર્ભકંટક; ॥ ૪૭ ॥ ચારનામ છે. પાકેલુંફળ-શીતળ, ચિકાસે. પિત અને વાયુકોપને ઝીતે, શરીરે બળઆપે, શુક્રધાતુને ઉપજાવે, લોહીઝાડા અને ઉલટીના રક્તપિત્તને સમાવે, જખમને રૂઝવે, ક્ષયરોગને હરે. ॥ ૪૮ ॥ કાચુફળ, આમને વધારે. ઝાડો પિશાબશોષે, વાયુકોપને ઉપજાવે, તુરાસવાદે, પાચન થવાને હલકુ.

(ક્ષુદ્રફનસનું ઝાડ-ફળ.)

લકુચ, ક્ષુદ્રપનસો, લકુચી. ગ્રંથિમત ફળ; ॥૪૯ ॥ ચારનામ છે. પચવાને ભારી, ઝાડા પીશાબને અટકાવનાર, મીઠાસે, તુરાસે, ખટાસે. લોહીની ઉલટી અને ઝાડાના રક્તપિત્તને. રસવિકાર અને કફને ઉપજાવે; ગર્મછે, શુક્રધાતુને. વાયુને, કોઠાની અગ્નીના રોગનો નાશકરે છે. ॥ ૫૦ ॥

(તાડ નોરસ, ફળ, તામ્રવલ્લી, તાળીસપત્રનાફળ.)

તાલી, ધ્વજી, દુરારોહ, તૃણરાજી, મહાદ્રુમ; પાંચનામ છે. શીતળ, વાયુ પિતકોપને, વિંધના ફોડકા, નાશૂરને ઝીતે, કેફલાવે, શુક્રધાતુને ઉપજાવે; ॥ ૫૧ ॥ તેનાફળ—શીતળ, શરીરબળ વધારે, ચીકાસે, મીઠાસે, પચવાને ભારી, કોઠાની કબજીયતને, વાયુકોપને, પિતકોપને, લોહગંધીને, જખમને, બળતરની દાહને, ક્ષયરોગને ઝીતે છે. ॥ ૫૨ ॥ ધાતુવીર્યમે, પિશાબને વધારે, લોહીઉકાળાને નમેપાડે, વાયુ અને પિતના શરીરસડાને ઝીતે, શીતળ ગુણે છે.

(ખરબુજાની વેલ—ફળ—શકરટેટીની વેલ—ફળ)

ખર્બુજં, ફળરાજં, અમૃતાહવં, દશાંગુળમ; ॥૫૩॥ પીશાબ, વધારેલાવે, કોઠાનું શોધનકરી ઝાડોપિશાબ થાય, પચવાને ભારી, ચીકાસેમીઠાસે, શીતળ, શરીર બળ વધારે, પિતકોપને, વાયુકોપને, પાકાફળ ઝીતે છે. ॥ ૫૪ ॥ કાચા ફળ—ખટાસે, મીઠાસે, વાયુને, રશવિકારને, લોહીના ઝાડા ઉલટીના રક્ત પિતને વધારે, મૂત્ર કૃચ્છને, પીશાબ અટકવાના રોગને ઉપજાવે.

(સફરજનનું ઝાડ—ફળ.)

હિંમ, સ્યંદનકં, મુષ્ટિ પ્રમાણં, બદર, સેવં, શીવફળં, ફળં, સિતિકાપૂર્વ; આઠ નામ છે. મીઠાસે, શીતળ. કોઠામાહેની અને બહાર બળતરની દાહને, હૈયાના કંપારાને, પિત્તકોપને ઝીતે; વાયુકોપને, મળમુત્ર બંધાયેલાના તાવને, ઝેરના રોગને ઝીતે છે. તેના ફળ. શીતળ, પિત્ત અને વાયુકોપને હરે, પચવાને ભારી છે. ॥૫૫॥ શરીર પુષ્ટકર્તા, કફને, ચરબીને વધારે, મીઠાસે. પાચન થતા મીઠો અને શીતળ રસ થાય છે.

(જાડી ચામડીના સફરજન, નાશપતિનું ઝાડ—ફળ.)

અન્યદંભ, ફળંચાન્યો, મહત્સિં, ચિતિકાફળ; ચાર નામ છે. પચવાને ભારી, વાયુકોપને હરે, મીઠાસે. ખટાસે, મુખને રૂચી આપે, શુક્રધાતુને ઉપજાવે; ॥ ૫૬ ॥ તે ઉપરાંત સફરજનના ગુણને મળતા છતા તુરા સવાદે અને શિતળ ગુણે છે. ॥ ૫૭ ॥

(બદામનું ઝાડ-ફળ.)

બદામં, સુફળં, વાતવૈરી, નેત્રોપમં, મતમ; પાંચ નામ છે. ગર્મ, ચીકાસે, મગજ તરકતા, વાયુકોપને હરતા, શરીરબળ અને શુક્રધાતુને વધારે છે. ॥ ૫૮ ॥

(પિસ્તાના, અંકોળના ઝાડ-ફળ.)

નિકોચકં, ચારૂફળં, મકીઠં, ગળકોંજકમ, પિત્તં, મુકુળકં, જ્ઞેયં, દંતીફળં, સમાકૃતિ; ॥ ૫૯ ॥ નવ નામ છે. પચવાને ભારી, ચિકાસે, બળ વધારનાર, ગર્મ, મીઠાસે, ધાતુ ઉપજાવનાર, લોહી વધારનાર, બળવાન, વાયુકોપને હરનાર, કફ અને પિત્તકોપને ઉપજાવનાર. ॥ ૬૦ ॥

(એળચીના ઝાડ-ફળ.)

તન્નમુકુલં, જ્ઞેયં, વિશેષાદ્દગુરૂ, દુર્જર; ॥ ૬૧ ॥ ચાર નામછે. વાયુકોપને હરે, જરા ગર્મ. પચવાને ભારી, ઝાડો પિશાબ લાવનાર રેચન ગુણે, પાકેલા ફળ-મીઠાસે, શીતળ, બળ વધારનાર, વાયુ અને પિતકોપનો નાશ કર્તા છે. ॥ ૬૨ ॥

(આળુબોખારાનું ઝાડ-ફળ.)

આલ્લૂ, કમલ્લૂ, ભલ્લૂક, ભલ્લૂ, રકત્તફળં, પાંચ નામછે. કાચા અને પાકેલા ફળ રસ વિકારને વધારે, શીતળ, મીઠા અને ખાટા; વાયુ અને પિત્તને ઝીતે. ॥૬૩॥

(અંજીરનું ઝાડ-ફળ.)

અન્જીરં, મજ્જલં, જ્ઞેયં કાકો, દુમ્બરિ કાફળં; ચાર નામછે. શીતળ, મીઠા, પચવાને ભારી, પિત્તકોપને, લોહગંધીને, વાયુકોપને ઝીતે. ॥૬૪॥

(અખરોટના ઝાડ-ફળ.)

આક્ષોટકી, વૈત્રૃતફળં, કન્દલાભ, પૃથગ્છદઃ, ॥૬૫॥ ચાર નામછે. મીઠાસે, બળ વધારે, પચવાને ભારી. ગર્મ, વાયુકાપને હરેછે.

(દ્વીપાંત્તરના, ખજુરના ઝાડ-ફળ.)

પાળેવતં, સિતં પુષ્પૈ, સ્તિન્દુકં, ફળં સ્મૃતમ; ॥૬૬॥ ત્રણ

નામ નહાના ફળના છે; તથા માનવકં મોટા ફળનું એક નામ છે. હૈ-યાને પાણીની તૃષાને ઝીતે, મીઠાસે, ખટાસે. ॥૬૭॥ શીત્તળ, મીઠાસે, પચવાને ભારી, ગર્મ. ભૂખ વધારનાર, વાયુકોપને ઝીતેછે.

(તુતીનું ઝાડ-ફળ. પારસ પિપળાનું ઝાડ-ફળ.)

તૂતં, તૂદં, બ્રહ્મકાષ્ઠં. બ્રાહ્મણ્યં, બ્રહ્મદારૂચં; ॥૬૮॥ પાંચ નામછે. પચવાને ભારી, શીતળ, પાકેલા ફળ-મીઠા, પિત અને વાયુકોપને ઝીતે.

(કાકડાનું-તોરણાનું ઝાડ-ફળ)

અંગેરૂકં, કકટકં, કારકં, મૃગલિંડકં; ॥૬૯॥ તીદનં, ક-ન્દનં ચાન્યં, મૃદંગં, વિટસ દશન્તથા; આઠ નામછે. કાચાફળ ઝાડો લાવનાર રેચકછે. પાકેલા ફળ-પચવાને ભારી, વાયુકોપને, પિતકોપને, લોહગંધીને ઝીતેછે. ॥૭૦॥

તોરણાના ફળ.—ભૂખ વધારી ઝાડો પિશાબને શોષનાર ગ્રાહી, તુરાસે, મીઠાસે, વાયુ અને પિતકોપને ઝીતે, પચવાને હલકાછે.

(તુંબરૂના, તિવરના, ચિરના ઝાડ-ફળ.)

તુંવરા, તુંબરૂના ઝાડ જંગલમાં થાય તેના કાળામરી જેવા ફળ ત્રણ જાતના સામળા રંગે હોય છે, ગર્મ. કાચા ફળ પિતકોપને ઉપજાવનાર. ॥ ૭૧ ॥ કાળાયન ફળૈ. પત્રૈ, કેશરાર્મૈ, સમુદ્રજે; ચાર નામે સમુદ્રમાં તુંબરૂ નામે ઝાડના ફળ કાળામરી જેવા થાય તે ઉપલા ગુણે છે. વૃક્ષસ્તુંબરકીં; નામે ભીલામા ફળના ગુણે છે. ॥૭૨॥ **ઉપલા ત્રણે ફળો.**—તિખાસે કફકોપને ઝીતે, પાચન થતા કડવો અને તિખો રસ થાય, અતિ ગર્મ, વિંધના ફોડકા, ગાંઠો, પરમાના રોગને ઉપજાવે છે.

(બીજોરાનું ઝાડ, ફળ.)

બીજપૂરી, માતુલિંગ, કેશરી, ફળપૂરક; ॥૭૩॥ ચાર જાતના ઝાડ છે. મુખને રૂચી આપે, ફળનો રસ ખટાસે, ભૂખ વધાર નાર, પચવાને હલકો. લોહી ઝાડા અને ઉલટાના રક્તપિત્ત રોગને ઉપજાવે, ગળાના અને ઝીભના રોગનું શોધન કરે છે. એ ઝાડની

છાલ પચવાને ઘણી ભારી છે. ॥ ૭૪ ॥ બીજોરાફળનો ગર, શરીરબળને વધારે, શીતળ, પચવાને ભારી, પિતકોપને, વાયુકોપને જીતે; બીજોરા ફળનું ખમણ અથવા તેની કેશર પચવાને હલકી ભૂખ વધારી ઝાડા પિશાબને શોધનાર ગ્રાહીગુણે, શૂળવાયુને, પેટના ગોળાના ગુલ્મરોગને, પેટના સર્વે રોગને દૂર કરે છે. ॥ ૭૫ ॥ તેના બીજ ગર્મ, કૃમીરોગને, જીવાતને, રસવિકારના કફકોપને, વાયુકોપને, ગર્ભને ઉપજાવે, પચવાને ભારી; તેના ફુલ વાયુને ઉપજાવે, ભુખ વધારી, ઝાડા પીશાબને શોધનાર ગ્રાહી, લોહીઝાડા અને ઉલટીના રક્તપિત રોગને જીતે, પચવાને હલકા, ॥ ૭૬ ॥ શૂળવાયુને, અજીરણના રોગને, બંધ કોઠને, કોઠાની મંદા અગ્નિને, ભૂખ બેસી જવાને, કફકોપને, વાયુકોપને, મોહની અરૂચીને, ખાંશીને, દમને, હાફણુને રસની રાતે જીતે છે. ॥ ૭૭ ॥

(મીઠા બીજોરાનું, પપનન્સનુઝાડ-ફળ, મધુકાકડી.)

મધુકર્કટિકા, સ્વાદુ, લુંગી ઘંટાલિકા, ઘટા; પાંચનામ છે. શીતળ, લોહીઝાડા અને ઉલટીના રક્ત પિતરોગને જીતે, પચવાને ભારી; ॥ ૭૮ ॥ તેનામૂળ મોરચીના રોગને, કાનના સોઝાને જીતેછે.

(નારંગીનું ઝાડ-ફળ.)

નારંગી, નાગરંગ, ગોરક્ષો, યોગસાગર; ॥ ૭૯ ॥ ચાર નામ છે. ખટાસે, ગર્મ, પિત અને વાયુને હરે, મોહને રૂચી આપે, ખાટા સ્વાદે, હૈયાને સુધારે, બગડેલા વાયુકોપને જીતે છે.

(મોટા ખાટા લીંબુના-આજવળાના ઝાડ, ફળ.)

જંબીરકી, દન્ત સટી, જંભારી, જંગલો મોત ; ॥૮૦॥ ચાર નામ છે. ખટાસે, શૂળરોગને જીતે; પચવાને ભારી. ગર્મ. કફ અને વાયુકોપને જીતે, મુખરોગને, હૈયાના રોગને, ભૂખ બેસી જવાની મંદાગ્નિના રોગને, જીવાતના કૃમિરોગને જીતે છે. ॥૮૧॥

(આંમલીનું, કોકમનું ચુકાનું જળવેતસ ઝાડ-ફળ.)

આમ્લો, અમ્લવેતસ, ચુકો, વેતસ, શરભેદક; પાંચ નામ છે. ગર્મ, શરીરમાં પસરનાર ભેદીગુણે, પાચન થતા હલકી, ભૂખ વ-

ધારનાર દીપન; ॥ ૮૨ ॥ હૈયાના રોગને, શૂળરોગને, પેટના ગુલ્મ-રોગને, પિત્તકોપને, બગડેલા કફકોપને ઝીતે છે.

(ખાટા લિંબુનો ભેદનું, સારામ્ળનું ઝાડ-ફળ.)

સારામ્લક, સારફળો, રસાળ, સારપાદપ; ॥ ૮૩ ॥ ચાર નામ છે. ખટાસે, વાયુકોપને ઝીતે, પચવાને ભારી, પિત્ત અને કફને હરે.

(ખાટા લિંબુનું, કાગદી લિંબુનું, મીઠા રાજલિંબુનું ઝાડ-ફળ.)

નિંબુકં, નિંબુકં, રાજનિંબુ, કમપરં, સ્મૃતમ; ॥૮૪ ॥ પાંચ નામ છે. ખટાસે, વાયુને ઝીતે, ભૂખને વધારે, પચવાને હલકા. **રાજલિંબુના** ફળ-મીઠાસે, સ્વાદિષ્ટ, મુખને રૂચી આપનાર, પચ-વાને ભારી, પિતકોપને, લોહગંધી રોગને ઝીતે. ॥ ૮૪ ॥

(**કર્મરંગ, નીવ, કરબેલ.**)

કર્મરંગ, નાગફળ, ભવ્યં, પિચ્છિળ, બીચકમ; પાંચ નામ છે. શીતળ, ભૂખ વધારી ઝાડા પિશાબને શોષનાર ગ્રાહી, ખાટા સવાદે. કફ અને પિતકોપને ઝીતે. ॥ ૮૫ ॥

(**સફેદ પીહોડી, અંબાડાનું, પીચોડાનું, આંમલીનું**, ઝાડ ફળ.)

અમ્લિકા, ચુક્રિકા, ચિંચા, તિંત્તિડી, શુક્તિચંદ્રિકા; પાંચ નામ છે. કાચાફળ, ખટાસે, પચવાને ભારી, વાયુકોપને હરે, પિત અને કફને ઉપજાવે. ॥ ૮૫ ॥ પાકા ફળનો ગુણ કાચાને મળતો. મુખને રૂચી ઉપજાવનાર, ભૂખ વધારનાર, ઝાડા પિશાબના બસ્તિ સ્થાનને શુદ્ધ કરનાર છે. સુકવેલી હોયતો હૈયાને કુવત આપે મેહ-નતને વિશામો મળે, બેશુદ્ધીની ભ્રાતીને, પાણીની તૃપાને સમાવે, પચવાને હલકા છે. ॥ ૮૬ ॥

(**કોકમના, આંબોણીના** ઝાડ-ફળ.)

તિંત્તિડીક. વૃક્ષામ્લ, અમ્ળશાકો, અમ્લપાદપ; ચારનામ છે. કા-ચાફળ વાયુકોપને હરે, ગર્મ, પચવાને ઘણા ભારી; ॥ ૮૭ ॥ પાકેલા પચવાને હલકા, ભૂખવધારી ઝાડા પિશાબને શોષ નારગ્રાહી, ફોડકાને રૂઝવે, કફવાયુ કોપને ઝીતે.

(કરમદીના કાચા પાકા-ફળ.)

કરમર્દી, સુષેણા, કૃષ્ણફળા; ત્રણ નામ છે. ॥ ૮૮ ॥ કાચાફળ પચવાને ભારી, ગર્મ, ખટાસે, લોહીઝાડા અને ઉલટીના રક્તપિત્ત રોગને, કફકોપને ઉપજાવે; પાકેલા ફળ-મીઠાસે, મુખને રૂચી ઉપજાવે. પચવાને હલકા. પિત્ત અને વાયુકોપને ઝીતે. ॥ ૯૧ ॥

(કોઠનું-કવિઠનું ફળ.)

કપિત્થકો, દધિફળ, કપિત્થ, સુરભિચ્છદ; ચાર નામ છે. કાચા ફળ-તુરા, ભૂખ વધારી ઝાડા પિશાબને શોષનાર ગ્રાહી, પચવાને હલકા, વાયુ પિત્ત અને કફને હરે છે. ॥ ૯૨ ॥ પાકેલા ફળ-પચવાને ભારી, પાણીની તૃષાને, હેડકી તથા ઉચકીને સમાવે, વાયુપિત્ત કોપને ઝીતે. સ્વાદે ખટાસે, મીઠાસે, તુરાસે, ગળાનું શોધનકર્તા, ભૂખ વધારી ઝાડાપિશાબને શોષનાર ગ્રાહી, પુષ્ટીકર્તા છે. ॥ ૯૩ ॥

(ઝરસની ભાજી-ઝરસી, ફણી.)

કપિત્થપત્રી, ફણિજા, ફુલજા, જીવપત્રિકા; ચાર નામ છે. તીખાસે, ગરમ, કફકોપને, પરમાને, ઝેરના રોગને ઝીતે. ॥ ૯૪ ॥

(અંબાડાનું ફળ.)

આમ્રાતક, અમ્રવટ, ફળીમોદ, ફળકપિ; ચાર નામ છે. કાચાફળ-વાયુકોપને ઝીતે, પચવાને ભારી. ગર્મ, મુખને રૂચીઆપે, લોહગંધી રોગને ઝીતે. ॥ ૯૫ ॥ પાકેલા ફળ-મીઠાસે, સ્વાદીષ્ટ, શિત્તળ, શરીર બળને વધારે, વાયુ અને પિત્તકોપને. ક્ષયરોગને, લોહગંધીને ઝીતે.

(મોટા અંબાડા-રાજાગ્રનું ફળ.)

રાજાગ્રાહ્ય, કામ્રમાના, કામાહવી, રાજપુત્રક. ॥ ૯૬ ॥ ચાર નામ છે. મીઠા, શિત્તળ, ભૂખ વધારી ઝાડા પિશાબને શોષનાર ગ્રાહી, પિત્ત અને કફ કોપને ઝીતે.

(ચાર તથા પાંચ ખાટા ફળ એટલે પંચામ્લ.)

વૃક્ષામ્ળં એટલે કોકંમના ફળ, દાંડિમી એટલે દાડમ, ચિચ્ચા એટલે આંમલીના ફળ, કપિત્થૈ એટલે કોઠફળએ ચારે ફળને આં-

ત્ળિકમ કહે છે. ॥ ૯૭ ॥ આંમ્લ વેતસમાં-ચુકા, ખાટા લિંબુ, કોકમ, દાડમ,બોર,ગરમાળો કે બીજોરૂ લિંબુ મેળવેથી પંચામ્લ થાય છે. ૯૮

(કસર્ઈનું, કોશામ્રનું-લાલ જંગલી આંબાનું ઝાડ-ફળ.)

કોશામ્રકો, ધનસ્કન્ધો, ૯૮ંતુ વૃક્ષ, સુકોશક; ચાર નામ છે. શરીર સડાને, સોઝાને, લોહગંધાને, હરશને, પિત્તકોપના ફોડકાને, કફકોપને હરેછે. ॥ ૯૯ ॥ તેના કાચાફળ, ભૂખવધારી ઝાડા પિશાબને શોષનાર ગ્રાહી, વાયુકોપને ઝીતે. ખટાસે, ગરમ, પચવાને ભારી, પિત્તકોપને વધારે; પાકેલા ફળ-ભૂખવધારનાર દીપન, મોહને રૂચી આપનાર, પચવાને હલકા, ગરમ, કફ અને વાયુકોપને ઝીતે. ॥ ૧૦૦ ॥ તેની ગોઠલી, પિત્ત અને વાયુ કોપને હરે, મીઠાસે, શરીર બળ વધારનાર, ભૂખ વધારનાર દીપન છે.

(સોપારીનું ઝાડ-ફળ.)

ક્રમૂકં, ક્રમુકં, પુગં, પૂગીફળં, મુદ્દાલ્હતં. ॥ ૧૦૧ ॥ પાંચ નામ છે. પચવાને ભારી, શિત્તળ, લુખાસે, તુરાસે, કફ અને પિત્ત કોપને ઉપજાવે, કેફ ચઢાવે, એ શુદ્ધ કરે, ભૂખવધારે, મુખને રૂચી આપી સાફ કરે, શુક્રધાતુનો નાશ કરે; ॥ ૧૦૨ ॥ લીલી સોપારી-ઉપલા ગુણસહિત પચવાને ભારી, તેની ચિકાસ સર્વે નસોમાં ભરાઇ શરીર ભારી કરી જખડનાર અભિષ્યન્દિ ગુણે, કોઠાની અગ્નિ અને આંખોના તેજને અતિ બગાડે; ચિકણી સોપારી, વાયુપિત્ત અને કફ ત્રણેના કોપને ઝીતે; પાકેલી અને સુકવેલી સોપારી વાયુ કોપને ઉપજાવે ; આછીગરી સોપારી ઘણા પ્રકારે શિત્તળ. ॥૧૦૩॥ પાચન થતા શરીરની નસોમાં નહી ભરાતા વિભેદન ગુણે; ચિકણી સોપારી સર્વે રોગને હર્તા, કૃમિ જીવાતને ઉપજાવે; સોપારી ઝાડના ફુલ-તુરાસે, મીઠાસે, પાચન થવાને ભારી. ॥ ૧૦૪ ॥ ચિકાસે, વાયુ, પિત્ત અને કફ ત્રણે દોષનેહર્તા, શરીર બળ વધારનાર, શરીરમાં પસરનાર ભેદી ગુણે છે.

(નાગર વેલી કે માંડવાના પાન અને તેની વેલ.)

તાંબુલ વલ્લી, તાંબૂલી, નાગિની, નાગવલ્લરી; ॥ ૧૦૫ ॥ પાંચ

નામ છે. કફ ચઢાવે, મુખે રૂચી આપે, તીખાસે, ગર્મ, ભૂખને વધારે, તુરાસે, લોહગંધી રોગને ઝીતે, તીખાસે, ખારાસે, કામાતુર અથવા બૈરીવાશે હવશને, લોહીને, પિત્તકોપને, વસી કર્ણને ઉપજાવે, પચવાને હલકા. શરીર બળને વધારે, રસવિકારના કફકોપને, મુખમાંથી નિકળતી દુર્ગંધીને, વાયુકોપે ઝાડો પિશાબ અટકાવાના રોગને, અતિ મેહનતથી ઉપજેલા રોગને ઝીતે છે. ॥ ૧૦૬ ॥

(નાગરવેલી પાન, સોપારી, કાથો, ચુનો ઈત્યાદિક.)

પાન સોનાની ભસ્મની રીતે ગુણ કરે; સોપારી કફકોપનો નાશ કરે; જાયફળ, જાવંત્રી, અગર અને તગર ભૂખને વધારી ઝાડા પીશાબને શોધનાર ગ્રાહી ગુણે, કપુરકાચલી, એલચી બગાસા લાવે. ખેરશાળ કે કાથાની ગોળી પિત્તકોપને હરે; ચુનો ગળાને, કફકોપને ઝીતે; સુખડ મુખનું તેજ વધારી આનંદમાં રાખે; મુખ અને દાંતનું સાધન થઈ દુર્ગંધી દુર થાય, ઉપલી સર્વે જણસો મેળવી પ્રથમથી રાજાઓ ખાધાથી તેના દાંત દીપી નિકળે છે. ॥ ૧૦૭ ॥

(ખેરશાળ. કાથો. કાથાની ગોળી)

ખદિરં; એક નામ. તેનું ચુર્ણ ખાધાથી કફ અને વાયુને હરે. કફપિત્તને ઝીતે; વશાણા મેળવીને ગોળીઓ બાંધી પાન સોપારી સાથે ખાધાથી વાયુપિત્ત અને કફના ત્રણે કોપને હરી. સેહેજ કફ લાવે છે. ॥ ૧૦૮ ॥ મુખની દુર્ગંધી કહાડી સારી સુગંધી બેહેકે, શરીરની કાંતિનો વધારો થઇ સોભાવાન થાય.

(હરપર રેવડીનું, લવલીનું, ટાંકળાનું કે ટાયફળ.)

ઘનસ્નિગ્ધા, મહત્પાંશુ, પ્રપુન્નાટ, સમચ્છદા, સુગન્ધમૂળા, લવલી, પાંડુકોમળા, વલ્કલી. ॥૧૦૯॥ આઠ નામછે. વાયુકોપને, હર્શના રોગને. પિત્તકોપને હરે, પચવાને હલકા, ઝેરના રોગને, અજીર્ણને, વાયુકોપને ઝીતે, ઝુમખાસે, હૈયાના રોગને, પિત્ત કફકોપને ઝીતે. ॥૧૧૦॥ તેના ફળ ઉપળા ગુણને મળતા છે; તેની મીંજ અને બીજ ઉપલા રોગને હરે છે. તેના ફળ-બળાત્તરને, વાયુકોપને, સર્પાદિક ઝેરના રોગને ઝીતે છે. ॥૧૧૧॥ એકાએક ઉપજેલા પાકાતિસા-

રના શખ્ત અતિ સારના ઝાડાને, જખમને, આમ વાયુના કોપને ઝીતે છે. ઘણુ કરીને ફળ ખડબચડા શરીરના રોગને ઝીતે, જરૂર જરૂર એ ફળ શુક્ર ધાતુને અતિ ઉપજાવે છે. ॥૧૧૨॥ તેમજ તેના બીજ અને મીજ પણ સાતે ધાતુને ઉપજાવનાર છે. રોગીને જીવાત કે કૃમિ રોગને કોપ થયાથી તેને બહાર કહાડનાર છે. ॥૧૧૩॥

इतिश्री मदनपालविरचिते निघन्टेफलादिवर्गः षष्ठं ऽध्यायसंपूर्ण.

ઇતિ ફળાદિ વર્ગ છઠ્ઠો અધ્યાય સમાપ્ત.

अथ पुष्पवर्ग प्रारंभः

સર્વે ફુલ, શાકભાજી ઇત્યાદિનો સાતમો ભાગ પ્રારંભ.

राधापदाब्जे निपतन् विनोदी मानापनुत्यै जगदेक वन्द्यः। केनाऽपि कामेन सगोपरूपी पायाद पायात्पुरुषः पुराण. ॥ १ ॥ सर्व शाकेषु जीवंति श्रेष्ठा निंद्यस्तु सर्षषः। शाकं चतुर्द्धा तत्पुष्पं छदकन्द फलैःस्मृतम् ॥ २ ॥ कूष्मांडकी पुष्प फली पचनालि चतुर्विधः । कर्क्कारुर फला कन्दीस्यादारुराज कर्क्कटी ॥ ३ ॥

ભાજીપાલો, ફુલ, ફળ, શિંગ, કંદમૂળ, ઢાખલી; મળીને
પ્રકારે શાકમાં વનસ્પતી વપરાયછે.

(કોહોળું સફેદ અને લાલ.)

કૂષ્માંડકી, પુષ્પફળી, પચનાલિ; ત્રણ નામેજ, ચાર તરેહના ચતુર્વિધ;સફેદ કોહોળા છે. કર્કવારૂર, ફળાકન્દી, રૂરાજ કર્કવટી; ત્રણ નામ લાલ કોહાળાના છે. સર્વે કોહોળા શરીર પુષ્ટકર્તા, શિત્તળ, પચવાને ભારી છે; પિત્તકોપને, લોહગંધીને, વાયુકોપને ઝીતે છે. કાચુ કોહળું પિત્તકોપને વધારે. શિત્તળ પુષ્ટ છે ; અરધુ પાકેલું કફ કોપને વધારે; ॥ ૪ ॥ ઘણું પાકેલું ઘણું શિત્તળ નથી, મોઠાસે, ખરાસે, ભૂખવધારનાર દીપન, પચવાને હલકુ, ઝાડાપીશાબના બસ્તિ સ્થાનનું સો-

ધ ન કરનાર, શરીરની ધાતુ વહી જવાના રોગને, વાયુપિત્ત અને કફના ત્રણે રોગને હરેછે. ॥ ૫ ॥

ફીકાં સવાદનું કોહોળુ વાયુ કોપને, પિશાબમાં બંધાતી પથરીના રોગને, કફકોપને વધારે છે. તેના બીજ પિત્તકોપને હરે, શરીર પુષ્ટ કરે, મીઠાસે, ઝાડાપિશાબના બસ્તિ સ્થાનનું સોધન કરેછે. ॥૬॥

(મીઠી કાકડી.)

કર્કટી; એક નામ છે. કાચી શીતળ, ભૂખ વધારી ઝાડાપિશાબને શોષનાર ગ્રાહી, લોહીના ઝાડા ઉલટીના રક્તપિત્ત રોગને હરે, પચવાને ભારી; પાકેલી કાકડી પિત્તકોપને, શરીર બળત્તરને જીતે, ખરાસે છે તેથી રસવિકારના કફકોપને, વાયુકોપને જીતે છે. ॥ ૭ ॥ કાકડીનો વેળો, પાંત્રા, દાખલા, મૂળ, રસ, ફળ, સર્વે એકસરખા ગુણમાં શીતળ. લુખાસે. ભૂખવધારી ઝાડા પિસાબને શોષનાર ગ્રાહી. મીઠાસે. પચવાને ભારી. ॥ ૮ ॥ મુખે રૂચી આપનાર. પિત્તકોપને હરે,વાયુને વધારે; પાકેલી કાકડી ઇત્યાદી વેળો સુકાયલો ગરમ, પિત્તકોપને, શરીર બળત્તરને વધારે છે.

(તરબુજ, કલિંગડ)

કિલિંગ, કૃષ્ણ બીજં, સ્યાત્કાલિંગ, ફળ વર્તુલમ; ચાર નામ છે. કાચા ફળ ભૂખ વધારી ઝાડા પિશાબને શોષનાર ગ્રાહી; આંખોના રોગને. પિત્તકોપને જીતે; શુક્ર ધાતુના રોગને વેહવડાવે, પચવાને ભારી. ॥૯॥ પાકેલા ફળ–શરીર બળત્તર અને ગર્મીને શોષે, પિત્તને ઉપજાવે, કફ અને વાયુકોપને જીતે.

(મીઠા દુધીઆ, મીઠી તુંબડી.)

તુમ્બી મિષ્ટા, મહા તુમ્બી, રાજલા, તુરલાવુની ॥ ૧૦ ॥ ચાર નામ છે. શરીર પુષ્ટ કરે, કફ પિત્તકોપને હરે, પચવાને ભારી.

(કડવા દુધીઆ, કડવી તુંબડી.)

કટુ તુમ્બી. મિષ્ટ ફળો, રાજ પુત્રી, દુગ્ધિની. ॥૧૧॥ ચાર નામ છે. કડવુ દુધુંયું શિતળ, હૈયાના રોગને, પિત્તકોપને, ખાંશીને. ઝેરના રોગને હરે છે. ॥ ૧૨ ॥

(કડવીકાકડી.)

ત્રપુસં, કયટ કિળાતા, સુધાવાસો, અપરંકટુ, છર્દિયણી મૂત્ર ફળા, પિત્તકં, હસ્તિ પર્ણિની. ॥ ૧૩ ॥ આઠ નામ છે. કડવી કાકડી કાચી પિશાબ વધારે લાવે, શિત્તળ, લૂખાસે, પિત્તકોપને સમાવે, અટકેલા પિશાબને છોડે. પાકેલી કડવી કાકડી-ગર્મ, ખટાસે, પિત્તને વધારે, કફ અને વાયુકોપને ઝીતે. ॥ ૧૪ ॥

(ચીભડા મીઠા.)

ચિર્ભિટ, અન્ધેનું, દુગ્ધં, ભેયં. ગોરક્ષ, કર્કટી; છ નામ છે. કાચા ફળ મીઠાસે. લુખાસે, પચવાને ભારી, પિત્ત અને કફ કોપને હરે. ॥ ૧૫ ॥ શિત્તળ, બંધ કોઠાની સુદ્ધિ કરી ઝાડો પિશાબ છોડવે, ગર્ભના બંધાયલા છોડને પીગળાવે, ભુખવધારી ઝાડા પીશાબને શોધનાર ગ્રાહી ગુણે. પાકેલા ગર્મ અને પિત્તકોપને ઉપજાવે છે.

(અતિ મોટી વાળુક કાકડી.)

વાળુકં, કાંડકં; બે નામછે. કાચી શિત્તળ, મીઠાસે, પચવાને ભારી લોહી ઝાડા ઉલટીના રક્તપિત્ત રોગને હરે, ઝાડો પિશાબ છોડનાર ભેદી. પચવાને હલકી, ગરમ છે. પાકેલી વાળુક મોટી કાકડી, કોઠાગ્ અગ્નિ ઉપજાવી ભૂખ વધારે છે.

(કોઠીંબડા મીઠા.)

શીર્ણવૃન્તં, ચિત્રફળં, વિચિત્રં, પીત્તવર્ણકમ; ચાર નામ છે. પચવાને હલકા, મીઠાસે. ઝાડો પિશાબ છોડનાર ભેદી. ગરમ, કોઠાની અગ્નિ ઉપજાવી ભૂખ લગાડનાર, પિત્તકોપને ઉપજાવે છે. ॥ ૧૭ ॥

(તુરીઆ, ગળકા, પંડોળાની વેલ, તેના કડવા ફળ.)

કોશાતકી. કૃતાક્ષુદ્રા, જાલિની, કૃતવેધના, મૃદંગફલિની, જવેરાં ઘોટાકી, કુર્કશછંદા; ॥ ૧૮ ॥ સાત નામ છે. પચવાને હલકા, ઉગ્ર સવાદે, લુખાસે, આમાસ્યને શોધનાર સોઝાને, શરીર પીળુ થવાના પાંડુરોગને, પેટના રોગને, તાપતિલ્લિ કે કલેજાના રોગને, શરીરસડાને, હરસના રોગને, કફ અને પિત્તકોપને ઝીતે છે. ॥ ૧૯ ॥ તેના કડવા ફળ-ઝાડો પિશાબ છોડનાર ભેદી ગુણે, શીતળ, પચવાને હલકા, પરમાના રોગને, વાયુપિત્ત અને કફ ત્રણે દોષના કોપને ઝીતે છે.

(મીઠા તુરીઆ, ગળકા, પંડોળા કુમળા.)

રાજકોશાંતકી, મિષ્ટા, મહાજાળી, સપીતકાઃ; ॥ ૨૦ ॥ ચાર નામ છે. શીતળ, તાવને હરનાર, કફ અને આમ, વાયુકોપને ઉપજાવે છે.

(મોટા તુરીઆ, ગળકા, પંડોળા મીઠા.)

મહાકોશાંતકી, ત્વન્યા, હસ્તિઘોષા, મહતફળા; ॥ ૨૧ ॥ ચાર નામ છે. ચિકણા, સ્નિગ્ધ, મીઠા, પિત્ત અને વાયુકોપને હરે છે.

(વેગન, વંત્યાક કાળા.)

વૃન્તાકી, વાર્તિકી, વૃંત્તા, ભંટાકી, ભંટિકા; ॥ ૨૨ ॥ પાંચ નામ છે. કાચા વેગણ મીઠાસે, સ્વાદીષ્ટ, તીક્ષ્ણ, ગર્મ; પાચન થતા તીક્ષ્ણ રસ થાય, પિત્તકોપને વધારે, કફ અને વાયુકોપને હરે, હૈયાના રોગને હરે, ભૂખવધારનાર દીપન, શુક્રધાતુને ઉપજાવે, પચવાને હલકા છે. ॥ ૨૩ ॥ તાવને, અજીર્ણને, ખાંશીને હરે; પાકેલા વેગણ પિત્તકોપને વધારે પચવાને ભારી છે.

(વેગન, વંત્યાક સફેદ.)

શ્વેતવાર્ત્તાકુ, કુકકુટાંડ, ફળોપમ; ॥ ૨૪ ॥ ત્રણ નામ છે. ઉપર લખેલા કાળા વેગણના ગુણ દોષથી સફેદ ઉતરતા છે પણ ઘણું કરીને હર્શના રોગને થોડા હીતકારી છે.

(તિન્દોડા, તીંડોરા, કન્દુરીના વેલ–મીઠા ફળ.)

બિંબનિ, રક્તફળા, ગોળાતુંડી, દન્ત છદોપમાં; ॥૨૫॥ ચાર નામ છે. ઉલટી કરાવે, લોહી ઝાડા અને ઉલટીના રોગને, લોહગંધી રોગને, કમળ વાયુકોપને જીતે છે. તેના ફળ–શીતળ, મીઠાસે, પચવાને ભારી, પિત્તકોપને, લોહગંધીને, શરીર બળતરને જીતે છે.॥૨૬॥ વાયુકોપને ઉપજાવનાર સ્તંભન ગુણે, વાતાદિક દોષને શોષી પાતળા કરનાર લેખન ગુણે, બંધાયલા વાયુકોપને છુટો પાડે છે.

(કારેલાની વેલ–ફળ.)

કારવેલ્લં, કટિલ્લં, દુગ્ધકાંડં, સુકાંડકમ, કારવલ્લી, વારિવલ્લી, વૃહફલ્લા, પરારમૃતા; ॥ ૨૭ ॥ આઠ નામ છે. શિત્તળ, ઝાડો પિશાબ.

છોડનાર ભેદી, પચવાને હલકા, કડવાસે, ઉગ્ર, વાયુ કોપને ઉપજાવતા નથી, પિત્તકોપને, લોહગંધીને, કમળાને, શરીર પીળુ થવાના પાંડુરોગને, કફકોપને, પરમાને, જીવાતના કૃમિરોગને ઝીતેછે. ॥૨૮॥

(કંટોળા, કરોળી, કકોડાની વેલ–ફળ.)

કર્કોટકી, પીતપુષ્પા, મહાજાલિની, રૂચ્યતે; ચાર નામ છે. તેનો અને ફુલનો ગુણ દોષ કારેલાને મળવા છતા શરીર સડાના કરોડીયાને, અરૂચીને ઝીતે છે. ॥ ૨૯ ॥

(કકોડાનો વાઝીઓ વેલ એટલે ફળ ન આવતા હોય તે.)

બન્ધ્યા કર્કોટકી, દેવી, નાગારી, વિષ કંટકા; ચાર નામ છે. ઉગ્ર, ઝેરના રોગને, બળાત્તરના વિસર્પ રોગને, ખાંશીને ઝીતે છે. ॥૩૦॥

(ડોડીં, હરણ દોડીનો વેળ–ફળ.)

ડાડીંકા. વિષ મુષ્ટી, સ્યા દ્વિષ મુષ્ટી, સમુષ્ટિકા; ચાર નામ છે: કફ કોપને. પિત્તકોપના હર્ષને, જીવાતના કૃમિ રોગને, પેટના ગુલ્મ રોગને, ઝેરના વિષ રોગને ઝીતે છે. ॥ ૩૧ ॥

(ટીંગ ટીંગ કે ઘેંડશીની વેલ–ફળ.)

ડિંડિસો. રોમ સફળો, તિન્દિસો, મુનિ નિર્મિત; ચાર નામ છે. વાયુને ઉપજાવે, લુખાસે, પિશાબ વધારે લાવે. પિશાબની જગાએ પથરીના રોગને ઝીતે. ॥ ૩૨ ॥

(મીઠી ખાજવણીની, ચીનીકબાલાની, કાળા આંબાની વેલ–શિંગ.)

કોળ શિમ્બિ, કૃષ્ણ ફળા, ષડવસીકર, પાદિકા; ચાર નામ છે. વાયુકોપને હરે, પચવાને ભારી, ગરમ. કફ અને પિત્તકોપને ઉપજાવે. ॥ ૩૩ ॥

(મોથા તૃણની, જંગલી મગની, લાલ કુલથીની, શિંબી ધાન્યની શિંગ.)

શિંબી, કુશિમ્બિ. કુત્સાસ્ત્ર. શિંબિપુત્રક, શિંબિકા; પાંચ નામ છે. શિત્તળ, પચવાને ભારી, શરીર બળ આપનાર, રસ વિકાર અને કફ વધારે, વાયુ અને પિત્તકોપને ઝીતે; ॥ ૩૪ ॥

(પાળકની ભાજી, લીલો બથુવો, ચંદનબથુવા, ચાકવત.)

વાસ્તુક, શાકપત્ર, કંબીરસ્તુ:, પ્રસાદક; ચાર નામ છે. પાચનકર્તા, મુખે રૂચી આપનાર, પચવાને હલકી, શુક્રધાતુ અને શરીરબળને વધારનાર; ॥ ૩૫ ॥ તાપતિલ્લીને, લોહગંધીને, પિત્તકોપના હરશને, જીવાતના કૃમિ રોગને, વાયુ, પિત્ત અને કફના ત્રણે દોષોને જીતે છે.

(જીવશાકની, જીવંતીની, પુનર્નવાની, લાલપાલકની ભાજી.)

જીવન્તક, શાકવીરો, રક્તનાલ, પ્રનાલક; ॥ ૩૬ ॥ ચાર નામ છે. વાયુને ઉપજાવે, ખારા સવાદે, પાચન થતા મીઠો રસ થાય, વાયુ પિત્ત અને કફના ત્રણે કોપને, આંખોના રોગને ઝીતે છે.

(લોધરની, લાલ ચીલની, મેથીની, સુવાની, ભરૂચી ભાજી.)

ચીલ્લી, સરાલઘુ, શીતારૂચ્યા, મેધ્યાગ્નિ, દીપની; ॥ ૩૭ ॥ પાંચ નામ છે. શરીરબળ વધારે, લુખાસે, તાપતિલ્લી, કલેજાના રોગને. ફેફસાના રોગને, લોહી ઉકાળાને, વાયુ પિત્ત અને કફના ત્રણે કોપને, જીવાતના કૃમિરોગને ઝીતે છે.

(સરપંખો, કાળશાક, કલોજી, મેઢાશિંગ–ભાજી.)

કાળશાકં, કાલિકા, ચુંચુકા, ચુંચુકો અપર; ચાર નામ છે. સહરાસે, મુખે રૂચી આપનાર.વાયુને ઉપજાવનાર, કફ કોપ અને સોઝાને ઝીતે છે. ॥ ૩૮ ॥ તેના પાંત્રા કે ભાજી પવિત્ર સર્વે રોગ હરતા, આયુષ વધારનાર. પિત્તકોપને વધારતી નથી; તેના બીજ શીતળ, સહરાસે, લુખાસે, મીઠાસે, વાયુ પિત્ત અને કફના ત્રણે દોષના કોપને ઝીતે છે. ॥ ૩૯ ॥

(તાંદળજાની, ચોલાઈની ભાજી.)

તંડુલીયો, મેઘનાદ, કાંડીરસ, તંડુલીયક, વિષઘ્ન. ક્ષરોઅન્ય. મારીષો, માર્ષિકસ્તથા;॥૪૦॥ આઠ નામ છે. પચવાને હલકી, શીતળ, લુખાસે, પિત્તકોપને, કફકોપને, લોહગંધી રોગને ઝીતે છે. ઝાડા, પિશાબને લાવે અને સોધે. મુખે રૂચી લાવે, ભૂખ વધારનાર દીપની છે. લોહી ઝાડા અને ઉલટીના રક્તપિતને ઝીતે છે. ॥ ૪૧ ॥

(અતીવિખા, લાલકાંપશી, અંબાડાની, મજીઠની, ધમાસાની, ફોગુનીભાજી.)

ફોગો, મરૂભવ, શૃંગી, સૂક્ષ્મપુષ્પ, શશાદન; પાંચ નામ છે. ભૂખવધારી ઝાડાપિશાબને શોષનાર સંગ્રાહી, શીતળ, લોહી ઝાડા ઉલટીના રક્તપિત્તરોગને, કફ કોપને જીતે છે. ॥ ૪૨ ॥

(માઠની ભાજી.)

મારિષ; એક નામ છે. ઝાડા લાવનાર રેચન, શીતળ, પચવાને ભારી, બગડેલી ચરબીના મેદ રોગને, વાયુ પિત્ત અને કફ ત્રણે દોષના કોપને જીતે. ॥ ૪૩ ॥

(પરવરની વેલ-પાંત્રા-મૂળ-ફળ.)

પ્રટોળ, પાંડુકો, જાતીફલક, કર્કશચ્છદ, રાજીફળ, પાંડુફળો, રાજીમાના, મૃતાફલમ ॥ ૪૪ ॥ તિક્તોત્તમાં, વીજગર્ભા, અપરા, રાજપટોલિકા, જ્યોતસ્નિ, પટોલિકા, જાળીનાદેયી, ભૂમિજમ્બુકા; ॥ ૪૫ ॥ સોળ નામ છે. પાચનકર્તા, હૈયાના રોગને જીતે, શરીર બળવધારે, પચવાને હલકુ, ભૂખવધારનાર દીપન, ચીકાસેતર, વાયુ, પિત્ત, લોહગંધીને, તાવને, ખાંશીને, હર્શીને, વાયુપિત્ત અને કફકોપના ત્રણે દોષને, જીવાતના કૃમિરોગને જીતે છે. ॥૪૬॥ તેના પાંત્રા પિત્તકોપને હરે, શીતળ છે. તેની વેલ કફ કોપને જીતે છે. તેના મૂળ ઝાડો પિશાબ લાવનાર રેચન છે; તેના પાકેલા ફળ વાયુ પિત અને કફના ત્રણે દોષને હરે છે. ॥ ૪૭ ॥

(ચંચુની ભાજી, ચંચુડા, કિંચિન્યુ. મીઠા પંડોળા.)

ચંચુડો, વેશ્મકુળો, શ્વેતરાજી, બૃહતફળા; ચાર નામ છે. તેનો ગુણ દોષ ઉપલા પરવરને મળતો છે; તે ઉપરાંત શરીર બળ વધારે, તુરાસે, ચઢેલા મદને, ખાંશીને, દમને, લોહી ઝાડા અને ઉલટીના રક્ત પિત્તકોપને, ઝેરના વિષ રોગને જીતે છે.

(કાળી પાલકની, વાસ્તુંકાની, પાળકની ભાજી.)

પાલક્યા, વાસ્તુંકાકાર, ચક્ષુરિકા, ચીરિતચ્છંદા; ચાર નામ છે. વાયુકોપ ઉપજાવનાર, શીતળ, બંધાયલા મળ મુત્રાદીને છુટો

પાડનાર ભેદી, રસવિકાર અને કફ ઉપજાવનાર, પચવાને ભારી; ॥ ૪૯ ॥ બંધ કોઠાને શોધી ઝાડો પિશાબ લાવે, મદ સ્વાસને; લોહી ઝાડા ઉલટીના રક્તપિતને, કફ કોપને જીતે છે.

(સફેદ અને કાળી મયાળ વેલ, પોઈ, કોઈ, મયાળની મોટી વેલ.)

પોતકયા, પ્રોદિકા, પ્રોક્તા, મત્સ્યાકાળી, સુરંગિકા; પાંચ નામ છે. શીતળ, ચિકાસે સ્નિગ્ધ, રસવિકાર અને કફકોપને ઉપજાવે, વાયુ અને પિત્ત કોપને જીતે. ॥ ૫૦ ॥

(કાળી મયાળવેલ.)

પોતકયા, પ્રોદિકા, દિવ્યા; ત્રણ નામ છે. તે શુક્રધાતુને વધારનાર, લોહી ઝાડા ઉલટીના રક્તપિત્તરોગને જીતે છે.

(ચાંગેરીની, લુણીની, ઘોળની, ચુકાની, કુંજીની ખાટી ભાજી.)

લોણિકોક્તા, વૃહચ્છોટી, કુટિરસ્તુ, કુટિંજર, દુન્દુર, ગુડેરીક, પિંડી, પિન્ડીતકસ્તથા; ॥ ૫૨ ॥ આઠ નામ છે. લુખાસે, પચવાને ભારી, શીતળ, સહરાસે, બંધ કોઠાના રોગ હરે, ઝાડો પિશાબ છોડવે, સર્વે રોગ હરે, પાચન થતા મીઠા રસે, તે ઉપરાંત પચવાને ભારી, ॥ ૫૩ ॥ કુંજીની ભાજી વાયુને ઉપજાવનાર, ખાંશી અને દમને, રસવિકાર અને કફકોપને, ઝેરના રોગને હરે છે.

(કાળાનિશોત્તરની, કરડીની, કુરકુંની, મુળાની, તલની ભાજી.)

સુષેણુસ્તુ, સ્વસ્તિક, બવદ, સ્તિળપર્ણિકા; ॥ ૫૪ ॥ સુનિષણ્ણી; પાંચ નામ છે. શીતળ, ભૂખ વધારી ઝાડા પિશાબને શોધનાર ગ્રાહી, પરમાને, વાયુ પિત્ત અને કફના ત્રણે રોગને જીતે છે. તિળપર્ણી; તળની ભાજીનું એક નામ છે. તે શીતળ, મુખે રૂચી લાવે, ભૂખ વધારી ઝાડા પિશાબને શોધનાર ગ્રાહી, કફ અને પિત્તકોપને જીતે છે. ॥ ૫૫ ॥

(સુરપત્રીની, સાલસની, લાલ ઊંદાની, ધમાસાની, ધાણાની, કુંભાની, કોથમીરની, ચવકની સફેદ સરશીની ભાજી-ફુળ.)

સૂક્ષ્મ પત્ર, સ્તીક્ષ્ણ શાકો, ધનુપુષ્પ, સુબોધક, ચૌરક; પાંચ નામ છે. કફ અને વાયુકોપને જીતે, તીખાસે, પિત્તકોપને હરેછે. ॥ ૫૬ ॥

(ડીંડાની, પીળા લોધરની, ધામણીની ભાજી.)

હુહુકો, વિટપો, રૂક્ષ, ખર પત્ર, સ્વર ચેડજ; પાંચ નામ છે. વાયુ ઉપજાવનાર, લુખાસે, બંધ કોઠાના ઝાડા પિશાબને છોડનાર, કફ કોપનો નાશ કરનાર છે.

(જંગલી અડદની, રૂદ્ર જટાની, વેલ-ફુલ, ફળ.)

ધના, ગમભવા, ગમભવાવલ્લી, પ્રસિદ્ધોનામ, વસ્તિજ; ॥ ૫૭ ॥ પાંચ નામ છે. વાયુ પિત્ત અને કફના ત્રણે દોષને ઝીતે છે. તેના ફુલ મીઠાસે, સહરા સવાદે; તેના ફળ સહરાસે, બળ વધારનાર મીઠાસે, વાયુને ઉપજાવનાર છે.

(ગુંદાનું ફળ, બાજરીનો પોખ, ઘેવડો, કરંડકા, નાડીશાક, પટુવાની ભાજી.)

શીતવાર, કુરંડી, નાડીતુ, નલિકા મતા; ॥ ૫૮ ॥ ચાર નામ છે. સહરાસે, શરીર બળ વધારે, સોઝાને હરે, વાયુ અને પિત્તને ઉપજાવે છે. નાડીશાક—સહરાસે, પચવાને હલકી, શીત્તળ, પિત્તને હરે, કફ અને વાયુકોપને ઉપજાવે.

(સફેદ શરસ્વની, જંગલી કસુબાની, પુષ્પાં જનની, કરડીની ભાજી-ફુલ.)

સાર્ષપં, સાર્ષપોં ભૂતં, કૌસુંભંકં, કુસંભકમ; ॥ ૫૯ ॥ ચાર નામ છે. શરસ્વનું શાક ઝાડા પિશાબને શોષી અટકાવે, ભૂખ વધારે, પચવાને ભારી, ગરમ, બાયુ પિત્ત અને કફને ઉકળાવે છે.

કસુબા અને કરડીના ફુલનું શાક, મીઠાસે, લુખાસે, ગરમ, કફકોપને ઝીતે, પિત્તને ઉપજાવે, પચવાને હલકા.

(ચણા, વટાણા લીલા તથા સુકા.)

ચણંકં; એક નામ ચણાનું છે. ઝાડા પિશાબને જુદો પાડી છોડે, કફ અને વાયુ ઉપજાવતો નથી. ॥ ૬૦ ॥ કલાય વટાણાનું એક નામ છે.

(ચુકાની ખાટી ભાજી, આમ્લલોણીકાની ભાજી.)

ચાંગેરી. આંમ્લિકા, ચુક્રા, ક્ષુદ્રામ્લિકા, ચતુચ્છદા; પાંચ નામ છે. ભૂખ વધારનાર દીપન, મુખે રૂચી આપનાર, પચવાને હલકા, ગરમ, કફ અને વાયુ કોપને ઝીતે છે. ॥ ૬૧ ॥

(કાસમર્દની, કસોંદી ગાજરની, કપિલાની, કાસવિંદાની ભાજી.)

કાસમર્દ, કર્કશ, સ્યાદ્દગૃંજણા, ગજરસ્તથા; ॥૬૨॥ ચાર નામ છે. પચવાને હલકી. ગળાના કંઠરોગને, ખાંશીને, ઝેરના રોગને. લોહ-ગંધી રોગને ઝીતે છે.

(લાલ મુળો. ગોળાકારે મુળો, લાલ ગાજર, લાલ લસણ.)

ગૃંજનં; એક નામ છે. ઉગ્ર, કડવાસે, તીખાસે, ગરમ. ભૂખવધારનાર દીપન, પચવાને હલકા; ॥ ૬૩ ॥ ભૂખવધારી ઝાડા પિશાબને શોષનાર ગ્રાહી. લોહી ઝાડા ઉલટીના રક્ત પિત્તને. હ-રસના રોગને, સંગ્રહણીના ઝાડાને. કફ અને વાયુકોપને ઝીતે છે.

(સફેદ કુમળા મુળાની. મોટા મુળાની ભાજી—ફુલ, ફળ.)

મૂળકં. હસ્તિ દંતક. બાળ મૂળં. કપોતિકા; ચાર નામછે. કુમળા મૂળાની ભાજી.વાયુને છુટો પાડનાર.મુખે રૂચી આપનાર,ગરમ. પાચન કર્તા. પચવાને હલકો; ॥૬૪॥ વાયુપિત્ત અને કફના ત્રણે દોષને ખાંશીને.હાફણ દમને, ગળાના રોગને. આંખોના રોગને, સળકમ અને નાકના પિન્સ રોગને ઝીતે છે.

મોટા મૂળાની ભાજી. ઉપલા ગુણને મળતા છતા પચવાને ભારી છે. ગરમ છે, વાયુ પિત્ત અને કફના ત્રણે દોષોને ઉપજાવે છે. કુ-મળા મૂળા ચીકણા છે, તેથી વાયુ પિત્ત અને કફ કોપના ત્રણે દો-ષોને ઝીતે છે. શુકવેળા મૂળા—ઝેરના વિષ રોગને, સોઝાના રોગને પચવાને હલકા, વાયુ પિત્ત અને કફના ત્રણે દોષોને ઝીતે છે. ॥૬૫॥ મૂળાના ફુળ—રસવિકાર અને કફકોપને, પિત્તકોપને ઝીતે છે. ફળ એટલે મૂળા; વાયુ અને કફકોપને ઝીતે છે.

(કુઅળી કારવાઈની, ઉપલેટની, પીપલી મુળની, આંમ્રુની, અંકોળની બાજી. મુળ, ફુલ, ફળ.)

કરીરકો, ગુઢ પત્ર, કકચો, ગ્રંથિ લોમત; ॥ ૬૬ ॥ ચાર નામ છે. કડવાસે, ઝાડા પિશાબની બંધાયેલી ગાંઠોને છુટી પાડનાર ભેદી ગુણે, તીખાસે ગર્મ. કફ અને વાયુને. કોડકાનાશ્રરને. સોઝાને, ઝેરના રોગને, હરશના રોગને જીતે છે. તેના ફુલ. કફ અને પિત્તકોપને હરે છે; ॥ ૬૭ ॥ તેના ફળ–ભૂખવધારી ઝાડા પિશાબને શોષનાર ગ્રાહી, કશાયળા સવાદે, ગરમ. મીઠાસે. રસ વિકાર અને કફ તથા પિત્તકોપને ઉપજાવે છે.

(લાલ તથા સફેદ બીજનો કડવો મીઠો શેકટો પાંત્રા, ફુલ. શિંગ. હરિતશાક, સોહુજ.)

શિગ્રુ, સૈભાંજજન, કૃષ્ણગંધ, બાહુચ્છદ; ચાર નામ તેમાં લાલ બીજનો શેકટાંને ગધુ અને સફેદ બીજના શેકટાંને હરિતચ્છદ કહે છે. બેહું ઉગ્ર. ગરમ, પચવાને હલકા, ભૂખ વધારી ઝાડા પિશાબને શોષનાર ગ્રાહી ગુણે, કોઠાની અગ્નિને ભૂખને વધારે કફ અને વાયુકોપને જીતે; ઉગ્ર અને ગરમછે તેથી કોડકાને, તાપતીલ્લી કે કલેજાના રોગને, વિંધના નાશરાદિક રોગને, લોહી ઝાડા અને ઉલટીના રક્ત પિત રોગને ઉપજાવે. ॥ ૬૯ ॥ બેહું શેકટા ગુણે દોષે સરખા છે પણ મીઠો શેકટો ભૂખવધારનાર દીપન, પિત્તકોપને, લોહગંધાને હિતકારી છે. તેના ફુલ પચવાને હલકા, ભૂખવધારી ઝાડા પિશાબને શોષનાર સંગ્રાહી છે, વાયુકોપને ઉપજાવનાર, કફકોપ અને સોઝાના રોગને જીતે છે. શેકટાંના ફળ એટલે શિંગ, ભૂખવધારી ઝાડા પિશાબને શોષનાર ગ્રાહી, કશાયલા સવાદે, ગરમ. મીઠાસે, રસવિકારના કફ અને પિતકોપને હરે છે. ॥ ૭૦ ॥ શેકટાંના પાત્રાનો રસ આંખોમાં નાખવાથી સર્વે રોગ હરે છે.

(લસાનનો કાંદો. તેની કુમળી જડ. પાંત્રા.)

લસુન, ઉગ્રગંધો, યવનેષ્ટો, રસોનક, ગૃજનો, મહાકંદો, જજર્જરો, દીર્ઘ પત્રક; ॥ ૭૧ ॥ આઠ નામ છે. પૂષ્ટીકર્તા, મ-

ગર્જ અને શરીરને તરકતા, સ્નિગ્ધ ચીકણું, ગરમ, ખોરાકનું પાચન કર્તા, સહરાસે, ભાંગેલા તુટેલાં અવયવને સાંધનાર, શરીરના વાળ વધારનાર, પચવાને ભારી, પિત્તકોપને, લોહીબંધીને, બુદ્ધિને ઉપજાવે; ॥ ૭૨ ॥ રશાયન ગુણે, કફકોપની હાફણ અને ખાંશીને, પેટના રોગને, ચઢતા ગોળાને, ગુહ્યમ રોગને, તાવને, મુખની અરૂચીને, સોઝાને, પરમાને, હર્શને, શરીર સડાને, વાયુકોપને, શુળ રોગને, જીવાતના કૃમિ રોગને ઝીતે છે. ॥ ૭૩ ॥ લશનના પાંત્રા મીઠાસે, ખરાશે, કુમળીજડ મીઠાસે, પિત્તકોપને ઉપજાવે.

(લીલા શુકા સફેદ અને લાલ કાંદા, પિયાજ, પાંત્રા, મૂળ.)

પલાંડુર, ધવળાક્ષશ્ચ, દુર્ગન્ધો, મુખદૂષક; ચાર નામ છે. એહુના ગુણ દોષ ઉપર લખેલા લશણને મળવા છતા કફકોપ ઉપજાવતો નથી, પિત્તાળ છે. ॥ ૭૪ ॥ થોડાક ગરમ, ફકત વાયુ કર્તા, પાચન થતા મીઠારસે થાય તેથી પિત્તકોપને સેવટે સમાવે છે.

(લાલશિગ્રુ, લાલલશણ, લાલમુળો.)

ગૃજ્જન; એક નામ છે. પિત્તકોપ ઉપજાવનાર, ભૂખવધારી ઝાડા પિશાબને શોધનાર ગ્રાહી. તીખાસે, હર્શના રોગને ઝીતે છે. લાલ દેખાવે ગંધાતો, રસ ભરેલો, થોડા પાંત્રાનો, મૂળાના આકારે ગુણદોષને મળતો છે. ॥ ૭૫ ॥

(મોટું સુરણ કંદ, મૂળ, ભાજી, કડવું સુરણ જંગલી બે જાતના.)

સુરણ, કન્દલ કન્દો, ગુદામય, હરો ડપર, વજ્રકન્દ, સુરેન્દ્ર; પાંચ નામ એક જાતના અને બીજી જાતનું નામ ચિત્ર કન્દક ॥૭૬॥ ત્રણે જાતના ભૂખ વધારનાર દીપન, લુખાસે, તુરાસે, કડવાસે, ખુજલીના ચળ લાવનાર, ઝાડા પિશાબને છોડનાર, ઘેન ચઢાવે, મુખે રૂચીઆપે, કફકોપના હર્શ રોગને ઉપજાવે, પચવાને હલકુ; ॥ ૭૭ ॥ સુરણનાં કુમળા મૂળ-ભાજી; મુખે રૂચી આપનાર, કફ અને વાયુકોપને હરે, પચવાને હલકા; ॥ ૭૭ ॥ હર્શ રોગની શાંતીકર્તા, ઘણું કરીને કામ વ્યાપવાને, ભૂખવધારવાને હિતકારી છે; સૂરણની ચાકી ભૂખવધારનાર દીપન, લુખાસે, કફકોપના હર્શને ઉપજાવે, પચવાને હલકુ

છે. બીજી જાતનું જંગલી કડવા સૂરણને વજ્ર કન્દ કહે છે. બેહુ જાતના મીઠા સૂરણુની ચાકી કફકોપને હરે, પિત્તકોપ અને લોહીને ઉપજાવે. ॥ ૭૮ ॥

(વાવડીંગની, અસ્થિસિંહીની, અસ્થિશૃંગાલીકાની ભાજી.)

અસ્થિ શૃંકાલિકા, વજ્રગ્રંથિ, માનસ્થિ સંહતિ; ત્રણ નામ છે. પુષ્ટી કર્તા, રસવિકાર અને કફને ઉપજાવે, મીઠાસે. શિત્તળ. ॥ ૭૯ ॥ભાંગેલા હાડકાને સાંધનાર, શરીર બળવાન કરે, પિત્તકોપને, લોહી ઉકાળાને, વાયુકોપને ઝીતે.

(કુંકરકંદની, પીપરની, સફેદ ભોય કોહોળાની ભાજી, કંદ.)

વારાહી, માગધી, ગૃષ્ટિસ્તલ્કન્દ, સૌકરકાંતા. ॥ ૮૦ ॥ ચાર નામ છે. પિત્ત ઉપજાવનાર, શરીરના તેજને વધારે, મીઠાસે, ઉગ્ર, રસાયન ગુણે, આયુસને, શુક્રધાતુને; ભૂખને વધારે, પરમાને, કફકોપને, શરીરસડાને, વાયુકોપને ઝીતે.

(મુસળી, કાળી અને સફેદની ભાજી-કંદ.)

મુસળી તાલપત્રી, ખલિની, તાલ મૂલિકા; ચાર નામ છે. શરીરપુષ્ટકર્તા, બળ વધારનાર, વીર્યને ચેતવનાર, ગરમ, હર્ષીને વાયુકોપને ઝીતે છે. ॥ ૮૨ ॥

(આસનની, આસકંદની, બેંબકાની, પીળુડાની, કંચુકાની ભાજી-શાક.)

કંચુકા, પીળુની, પીળુ, ફેલુકા, દલશાલિની; પાંચ નામ છે. વાયુ ઉપજાવનાર, ભૂખવધારી ઝાડા પીશાબને શોપનાર ગ્રાહી. ભૂખવધારનાર દીપન, કફ અને પિત્તકોપને ઝીતે; ॥ ૮૩ ॥

(ભોય કોહોળાની ભાજી-કંદ.)

ભૂછત્રં, પૃથિવીકંદ, શિલીધ્રં, બળાકં મતમ; ચાર નામ છે. શીત્તળ, શરીર બળવધારનાર, પચવાને ભારી, ઝાડા પિશાબની બંધાયેલી ગાંઠોને છુટી કરી બહાર પાડનાર ભેદી ગુણે, વાયુ પિત્ત અને કફ કોપના ત્રણે દોષને ઝીતે.

(ક્ષુદ્રકૃષ્ણુસ, કચોરો, ખારૂસૂરણ, હસ્તિકંદ, રતાળુકંદ, માનકંદ, માળાકંદ.)

સ્થુળસ્કંદો, શ્રામકંદો, માનકંદો, મહચ્છંદ; ચાર નામ છે. ॥૮૪॥ પચવાને ભારી, રસવિકાર અને કફને. વાયુકોપને ઉપજાવે, પિત્તકોપના સોઝાને ઝીતે; આનકંદ શીતળ, ગીઠાસે, પિત્તકોપને, લોહગંધી રોગને ઝીતે છે. પચવાને ભારી છે. ॥ ૮૫ ॥

(નાગરમોથની, ખરસવાની, કચરાની, શિંગાડાની ભાજી–કંદ.)

કસેરૂકં, સ્વલ્પકંદ, બૃહદ્રાજ; ત્રણ નામ ખરસવાનાછે. કસેરૂકં, સિંધાડે, શૃંગાટ, જળકંદો, ત્રિકોણુ, ત્રિકુટ, દાત્રક; સાત નામ શિંગાડાના છે. ॥ ૮૬ ॥ બેહુ શીતળ, મીઠાસે, પચવાને ભારી. પિત્તકોપને, લોહગંધીને. શરીર બળત્તરને ઝીતેછે; ભૂખ વધારી ઝાડા પિશાબને શોપનાર ગ્રાહીગુણે, પિત્તને. વાયુને. કફને ઉપજાવે છે.

(બાર જાતના કંદમૂળમાં ગુળવેલ. રતાળુ સફેદ અને લાલ. મીઠાઅળુ. ભોયકોહોળુ, કંટાળુ. ભોયઆંમળા, હસ્તાળુ. કોનફળ, બટાકાયાદિ કંદ.)

પંડાલુકં, તૃષ્યગંધ, મંધ્યાળુ. રોમસમ, શૃંગાળુ. ચિત્રશંકા શંકાળુ. સ્વલ્પ કાકકમ; ॥૮૮॥ હસ્તાળુકં, મહત્કાઇં, રક્તકંદ, મહત્ફળં; બાર જાતના કંદ મૂળ બાર નામે છે. સર્વે શીતળ, મુખે રૂચી આપનાર, શરીરને હીતકારી. પુષ્ટીકર્તા, ઝાડા પિશાબને છુટો પાડનાર વિષ્ટંભિ. મીઠાસે, સહરાસે; ॥ ૮૯ ॥ પચવાને સક્ષ્મ. ઝાડા પિશાબને ઉપજાવે, લુખાસે. લોહી ઝાડા ઉલટીને હરે, કફ અને વાયુને ઉપજાવે, શરીરે બળ વધારી પુષ્ટ કરે, સ્રીના ધાવણામાં દૂધ વધારે; ॥ ૯૦ ॥ તેમાં કંદ ગુળવેલ કડવા સવાદે, પોતાના ચીકણા ગુણે શરીરની નસોમાં પ્રવેશ થાય, અભિષ્યંદિ ગુણે ઉગ્ર ગરમ છે. વાયુ પિત્ત અને કફને વધારે, પચવાને ભારી છે. મીઠા કંદમાં રતાળુ ઇત્યાદી પિત્તને, પાચન થતા કડવા રસે, થઇ કફને સમાવે છે. ॥ ૯૧ ॥

(કેમુકકંદ, જળગીઅરકંદ, કમળકંદ, કેળફુલનો
આંડ, કેલહુકંદ, કિલુટકંદ.

કેલુટ, સ્વલ્પવિટપ, કંદળ, સ્વાદુકંદળી; ॥ ૯૨ ॥ચાર નામછે. શીતળ ગુણે, ભૂખ વધારી ઝાડા પિશાબને શોધનાર આહી ગુણે. પિત્તને ઉપજાવે. કફ અને વાયુકોપને ઝીતે.

अति जीर्णमकालोत्थं रूक्षं स्निग्धं भूमिजम् ॥९३॥
जठरः कोमलं वात शीत पीत्तानिलापहम् ।
शुष्कं शाकंच सकलं नाश्नीयान्मूलकैर्विना ॥ ९४ ॥

અતિ પ્રાચીન કમળકંદાદિક કંદ લુખા ગુણે, ચિકણા ગુણે, પૃથ્વીમાંથી ઉપજે છે; ॥૯૩॥ કોમળ પેટના, કફ અને વાયુરોગને. શિતળ ગુણના કંદમૂળનું શાક ખાવાથી વાયુને ઉપજાવે છે, પણ પિત્ત વાયુ રોગને સમાવે છે. શુષ્ક અને લુખારો કંદમૂળના શાકમાં ફક્ત મૂળા વગર સર્વે કંદમૂળ પેટના રોગને વધારનાર છે. ॥ ૯૪ ॥

यो राज्ञांमुखतिलकःकटारमल्लस्तेनश्रीमदननृपेणनिर्मितेऽत्रा ।
ग्रंन्थेऽभून्मदनविनोदनाम्निपूर्णःकूष्मांडप्रभृतिरयंचशाकवर्गः ॥
इतिश्री मदनपाल विरचित मदनविनोदे निघंटौ शाकाख्यवर्गः

ઇતિશ્રી મદનપાલ નૃપે કહેલા નિઘંટના કોહોળાદિક
શાકનો સાતમો અધ્યાય સમાપ્ત.

आठमो अध्याय प्रारंभः

करेणसंगृह्यकुचौकपोले मात्रांगुलीभिर्मृदुताड्यमानम् ।
मुक्तन्त्वराजानुबलेनपानं नमामिकृष्णंनवनीतचौरम् ॥ १ ॥

પાણી, દુધ, માખણ, ઘી, તેલ, ઉકાળાદીક માત્રા પીવાનો સંગ્રહ કહેલો છે.

(ઘણી જાતનું પાણી પીવાનું થાય છે, તેના ગુણ દોષ ઘણા છે.)

પાનીયં, જીવનં, નીરં, કીલાલ અમૃતં, જલં, આપો,

અંભ, ઉદક, પાથો, અંબુ, સલિલં, પય; તેર નામ છે. ॥ ૨ ॥ શિત્તળ ગુણે, હૈયાને હીતકાર્ક, પિત્તકોપને, ઝેરને, લોહી ઉકાલાની ગરમીને બેસુદ્ધના ભ્રમિષ્ટરોગને, બળત્તરની દાહને, અજીરણને, મેહન્તે થાકોટાને, ઉલટીના ઉછાળાને, કેફ મદ ચહડેલાને, પડીજવાની ચકરીને, બે ભાનને, મસ્તાન થયેલાને. ઘેળા પણાના ચહડેલા મદના રોગને શિતળ અને મીઠું પાણી પીવાથી ઉપલા રોગને હરે છે. ॥ ૩ ॥ પણ સરદીને, બગડેલા કફકોપને, કોહાના રોગને, બૈરીના અડકાવના રોગને, ગળાના રોગને, સન્નિપાતના નવજ્વરના મેતાવને. ॥ ૪ ॥ સંગ્રહણીના ઝાડાના રોગને, નાકનો પીનસ રોગ અથવા રસવિકારના શળકમને, હેડકી ઉચકીને, ચડતા ગોળાના ગુલ્મ રોગને, પેટના રોગને, ફોડકા અને નાશુરાદિક વિંધના રોગને, ખાંશીને, પરમાના રોગને, દમ હાફણ અને સ્વાસના રોગને, શરીર પીળુ થવાના પાંડુ રોગને, વાયુકોપના સર્વે રોગને; ॥ ૫ ॥ પાસળાના કે શરીરમાં થતા શૂળ ઈત્યાદી વાયુકોપના રોગીએ શિતળ અને મીઠું પાણી પીધાથી રોગનો વધારો થાય છે. ૧ પહેલુ. દિવ્યં તુષાર, કહુરા કે ઝાકળનું પાણી અતિ શિતળ છે, તે પીધાથી સરદી અને વાયુના રોગનો વધારો થાય. ॥૬॥ બીજી ચતુર્વિધ વરન્ધારં; આકાશનું વરસેલું પાણી ચાર તરેહનું, તેમાં બે પ્રકારનું હલકું છે; ૩ જું ગંગાદિક નદી અને ૪ થું સમુદ્રમાં નદીનો સંગમ હોય તેનું પાણી પીવાને શ્રેષ્ઠ અને ઉતમ કહેલું છે. ॥ ૭ ॥ પાંચમું આસો મહીનામાં વરસાદ વરશેથી સમુદ્રનું પાણી ગંગાદિક નદીના જેતું ગુણકારી થાય; તે સોનાદિક ધાતુ અથવા મટોડીના વાશણમાં ભરવાથી; ॥ ૮ ॥ તે પાણી શિતળ ગુણે છતા વાયુ પિત અને કફના ત્રણે કોપના ઝેરી રોગને હરેછે; તેમજ ગંગાદિકનું વેહતું પાણી આસો મહીનામાં પીધાથી સર્વે રોગનો નાશ કર્તા છે. ૬ ઠું સમુદ્રનાં સંગમ થયેલી નદીનું કે સમુદ્રનું પાણીમાં ॥ ૯ ॥ ખારમળો હોય. તે પાણી પીધાથી શુક્રધાતુનું, આંખોનું બળ ઘટાડે છે. રસાયણ ગુણે, પાણીની તૃષાને. ચકરીની મૂર્છાને, બે સુદ્ધ પડવાને,

બળત્તરની દાહને, જીવાતના કૃમિ રોગને ઝીતે છે. ॥૧૦॥ સાતમું રાત્રે શિત્તળ પણાથી ઝરપેલુ પાણી ભૂમીમાં પ્રવેશ થયેલું કે પહાડ ઉપરથી ઝરો વેહેલું તેને રસાયન કેહે છે. તે ગુણકારી છતા મહા નિદ્રાના અતિ એ સુદ્ધ થવાના તન્દ્રા રોગને, વાયુ પિત્ત અને કફના ત્રણે રોગને ઝીતે, લોહી કોપના અને જન્મથી તમકશ્વાસ રોગના સંતાપને, ખુશી ઉપજાવે, અત્તિ મેહન્તે થાકેલાની સાંતી થાય. બુદ્ધિને વધારે. ॥૧૧॥ આઠમું વરસાદનું તાજુ પાણી સુદ્ધ પૃથ્વિમાં પ્રવશ થઇ, સુદ્ધ થઇ ગળાઇ તેના ઝરા જે કુવામાં પ્રવેશ થાય તે પવીત્ર પાણી અતિ ગુણકારી ગણાય છે.॥૧૨॥ તેવા નવા ઝરા આવતું કુવાનું તાજુ પાણી પીધાથી રસવિકાર અને કફકોપને હરે છે કેમકે તેમાં ખાર હોય તેથી પિત્ત તપી ભૂખને વધારી દીપન ગુણે થાય, પચવાને હલકુ છે. ૯ મું તળાવનું પાણી વાયુને વધારનાર, મીઠાસે, તુરાસે, પાચન થતા તીખા રસ થાય.॥૧૩॥ દસમું ડુંગરની ખીણનું પાણી પિત્તને વધારનાર, તિખાસે, વાયુ અને કફને ઝીતે. ડુંગરના ઝરાનું પાણી વાયુ પિત્ત અને કફના રોગોનું અને રસાદિક ધાતુનું શોષણ કર્તા લેખન ગુણે. હૈયાને તથા કફકોપને ઝીતે, ભૂખ વધાનાર દીપન ગુણે, પાચન થવાને હલકુ. ॥૧૪॥ અગીયારમું નદીના ટોહનું પાણી પચવાને હલકુ. પિત્ત અને ભૂખને વધારનાર દીપન ગુણે. ખાડા ખબોચીઆમાં ભરાયલું વરસાદનું પાણી, ભૂખવધારનાર, લુખાસે, મીઠાસે, રસવિકાર અને કફને વધારનાર. ॥ ૧૫ ॥ બારમું મોટી નદીનું વેહતું પાણી ભુખવધારનાર દીપન ગુણે,લુખાસે, વાયુકર્તા, પાચન થતા હલકુ, વાયુપિત્ત અને કફના ત્રણે દોષના રોગ અને મળ મૂત્રાદિકનું શોધન કર્તા લેખન ગુણે. મોટા સરોવરનું પાણી મીઠાસે, શરીર બળવાન કરે, પાણીની તૃષાને ભાંગે, તુરાસે, પાચન થતા હલકુ. ॥ ૧૬ ॥ તેરમું ખેતરના ખાડાનું પાણી ઉલટી લાવનાર ખરાબ સવાદે, પચવાને ભારી, રોગને ઉપજાવનાર છે. ચઉદમું ટાંકાનું કે ભરી રાખેલું પાણી ગંધાયેલા પાણી જેવું, ઝેરજેવું,. સર્વે રોગને ઉપજાવનાર. ॥ ૧૭ ॥

પંદરમું ખારો દવ કે ઝાકળનું પાણી વાયુનો કોપ કર્તા, શીતળ ગુણે, લુખાસે, પિત્ત અને કફને હરનાર છે. ૧૬ મું વેહતા ઝરાનું તાજુ પાણી સર્વે રોગને તરત હર્તા છે. ।। ૧૮ ।। સતરમું મોટ. ઝરાનું પાણી પીધાથી શરીરના તેજને વધારે, બગડેલા કફ અને વાયુ કોપને હરે છે. અડારમું બરફ બધાયેલું પાણી, પચવાને ભારી; તરી આપનાર, સરદી કર્તા, પિત્તને સમાવનાર, વાયુકોપને વધારનાર. ।। ૧૯ ।। ઓગણીસમું સુરજના તાપે ઝરેલું બાફનું પાણી રાતના થાય. તે પીધાથી સરદી થાય. ।। ૨૦ ।। વીસમું તાજુ પાણી હાંડલામાં ભરી દીવસે તડકામાં તપાવેથી સુવાળુ થઇ વાયુ પિત્ત અને કફના ત્રણે દોષને હરે છે. ૨૧ મું અન ભિષ્યન્દિ પાણી નિર્દોષ છે. ૨૨ મું મન્તરિક્ષ જળોપમમ ।। ૨૧ ।। શરીરે બળ વધારે, રસાયન ગુણે, શરીરમાં પસરે, શીત્તળ, પચવાને હલકુ. બુદ્ધિને વધારે. ૨૩ મું વર્ષા રૂતુંનું તાજુ પાણી જરૂર ગુણ-કારી છે. ।। ૨૨ ।। ચોવીસમું સરદરૂતુંનું તાજુ પાણી અગથ્યાનાં ગુણે ઝેર ઉતારનાર છે. પચીસમું હેમંતૠતુનું તાજુ પાણી શાંતિ સાર જેવું અથવા તલાવના પાણી જેવા ગુણે છે. ।। ૨૩ ।। છવીસમું વસંત અને ગ્રીષ્મૠતુનું તાજુ પાણી કુવા, વાવ અને ઝરાના પાણી જેવું છે. સતાવીસમું આખા ચોમાસામાં વરસાદનું તાજુ પાણી નદી નાળા જેવું, મળ મૂત્રને અટકાવનાર વિષ્ટંભિ છે. ।। ૨૪ ।। અઠાવીસમું (નદ્યઃ) જે નદીનું પાણી ઘણુંજ ઝડપ કે જોરથી વહી જતું હોય તે પચવાને હલકુ છે તેથી શરીરના સર્વે રોગ અને મળ મૂત્ર સોધનાર છે. ૨૯મું (મન્દગા જે નદી નાળાનું પાણી વેહતું નથી અથવા ખબોચીઆનું કે જેમાં ભેસાદીક જનાવરે બગા-ડેલું હોય, તે પાણી પચવાને ભારી તેમાં સેવાળ અને લીળ ઉપજે છે. ।। ૨૫ ।। તિસમું હિમાલય પરવતમાંથી નીકળેલી નદીનું શિ-તળ પાણી હલકુ પરેહજી રાખવા જેવું, વેહતી નદીના જેવું, ગરમ કરેલા પાણીને ગુણે છે. એકતિસમું ગંગા કે ભાગે-રથી, શતરૂદ્રા ત્રણે નદીનું પાણીએક સરખા ગુણે ઉત્તમ છે. ।।૨૬।।

તેનું શોધન કરેથી પિત્તને જરા ઉપજાવે. ચોખું, સુખ આપનાર, વાયુ અને કફ કોપને હરતા છે. ૩૨ મું મળયાચળ નદીનું. પાચન થવાને હલકું, જડપથી વેહનાર. ગુણકારી છે. ॥ ૨૭ ॥ તેતરીસમું (કૃત માળા અને તામ્ર પર્ણી) નદીના મુખનું પાણી નિર્મળ, સ્થિરપણે વેહેતું હોય તે પીધાથી અપચો. હાથી પગાનો શ્લીપદ રોગ ॥ ૨૮ ॥ શરીરે હાથે પગે, માથે, સોઝો, ગળગંડ ગળરીગા ર્બુદની ગળામાં ગાડ, જીવાતનો કૃમિરોગ થાય છે. ૩૪ મું (સચ, શૈળભવાં, ત્રીવેણી, ગોદાવરી નદીમાં મુખ્ય ત્રિવેણી અને ગોદાવરી છે ॥ ૨૯ ॥ તેનો આડો અવળો વિસ્તાર થયો છે તેનું પાણી પીધાથી શરીરસડાને, વાયુકોપને, કફકોપને હરે છે. ૩૫ મું વિધાચળ પર્વતમાંથી નીકળેલી નદીમાં શિપ્રા અને રેવાધાનું પાણી શરીર પીળુ થવાના પાંડુરોગ અને શરીર સડાને ઉપજાવે છે.॥૩૦॥છતરીસ મું પારિયાત્રા પર્વતમાંથી નીકળેલી જે નદીમાં ચર્મ ગૈવતીનું મુખ્ય તળાવનું પાણી છે તે પરેહજી રાખવા જેવું, વાયુ પિત્ત અને કફના ત્રણે દોષોને જીતે, શરીર બળ વધારે છે. ॥૩૧॥ સાડતીસમું, સાદરીમાંથી જે નદીઓ નીકળી છે તેનું પાણી શરીરસડાને, કોઠાની અગ્નિને, રસવિકારને, શ્લીપદરોગને ઉપજાવે છે; પણ પૂર્વે તરફની નદીનું પાણી પાચન થવા પછી ઝાડા પિશાબના ગુદસ્થાને કોપકર્તા છે. ॥ ૩૨ ॥ આડતીસમું, મરૂગ્ન નદીનું પાણી મીઠાસે, શરીર બળ વધારે, પચવાને હલકું, ભૂખ ઘણી વધારે છે. ૩૯ મું પશ્ચિમદિશા તરફથી આવેલી નદીમાં પાતેતા, ગોમતી, નર્મદાદયનું પાણી॥૩૩॥ પરેહજી રાખવા જેવું, વાયુકોપને, લોહગંધી રોગને હરે, શરીર બળ વધારે, ખુજલી અને કફકોપને હરે છે. ૪૦ મું દક્ષિણદિશાથી આવતી નદી જે સમુદ્રમાં ગઈ છે, તેનું પાણી શરીર બળ વધારે, પિત્તકોપને હરે, કફ અને વાયુને વધારે છે. ॥ ૩૪ ॥ એકતાળીસમું પુર્વે દિશાથી આવેલી નદીમાં જેનો વેગ થોડો છે તેનું પાણી પચવાને ભારી, શખ્ત છે. ૪૨ મું પૃથ્વીમાંથી નીકળતા ઝરાનું પાણી સવારેપીધાથી ગુણકારી ॥ ૩૫ ॥ નિર્મળ ગુણે, શીતળ, સર્વે

પ્રકારેગુણકારી છે પણ ભૂખ્યા પેટે જમવાની અગાઉ પાણી પા-
ધાથીશરીર નબળુ કરે ભૂખ ઘટાડે. કોઠાની અગ્નિ મંદકરી રોગો
ઉપજાવે છે. ॥ ૩૬ ॥ અરધુ જમવા પછી નિર્મળ પાણી થોડું
પીધાથી ભૂખવધારી દીપન પાચન થવાને શ્રેષ્ઠ ગણાય, શરીર જાડું
થઈ કફને વધારે છે જગતમાં પાણી પીધાથીશરીરનું રક્ષણ સર્વેનું
થાય છે.॥ ૩૭ ॥ જમવા પછી છેલ્લું પાણી પીનારને વિદ્વાન અ-
ંદસ્થે કોઇ વેળા અટકાવેલું નથી;પાણી પીધાથી પ્રાણી માત્રના જીવ,
નિશ્ચમેયનો તન્મય એટલે શરીરમાં પાણી પસરી જીવનું રક્ષણ કર્તા છે;
પણ ભોજન કીધાપછી છેલ્લુ પાણી પીનારને કોઇજ વખતે અટકાવ
થાય છે. કેમકે પાણીમાંથી પાણી કરેલું કે બાંધેલો બરફ અથવા
દેશોદેશનું પાણી ॥ ૩૮ ॥ તેમાં કેટલાક શીતળ, ગરમ, ગુણે અને
બગડેલું હોય. કેટલાક પાણીમાં રોગકર્તા ઝાડ પાનના મૂળ હોય
તેનો અટકાવ કરેલો છે. કાચા અજીર્ણ ઉપર ખારૂ અને ખુબ પાકેલા
અજીર્ણ ઉપર નિતરેલું મીઠું પાણી પીવું. પાણીની જેને ઘણી
તૃષા લાગતી હોય તેણે અને ખાધેલુ પાચન ન થતા કાચુ રહી
છારીઆ કે ખાટા ઓડકાર આવે તેને શીતળ પાણી પીવું. જેને
પેટમાં કે છાતીએ બળતરની દાહ થતી હોય અથવા અનાદિ ખો-
રાક પાચન થતા થોડો કાચો રહી બળતર થાય તે ઉપર શીતળ
પાણી પીવું. ૪૩ મું નૈરૂત દિશ્યાની નદીનું પાણી રોગકર્તા છે.
માટે પીવાને અટકાવ કરેલો છે. ॥ ૩૯॥ ચુમાલીસમું જંગલનું
વહેતું પાણી સર્વે રોગને હરી, ભૂખને વધારે છે. ૪૫ મું સાધા-
રણ હેમતરૂતુંમાં ખીકાસને, તૃષાને હણનાર, ખુશી ઉપજાવનાર,
પચવાને હલકુંછે. ॥ ૪૦ ॥ છેતાળીસમું વર્ષારૂતુંના વરસાદનું
પકડેલાં નવા પાણીમાં કરકું ઇત્યાદિ ઝાડોના મુળો પાંત્રાથી બ-
ગડેલું પીધુ હોય તો શરીરની બહાર અને ભીત્તરમાં રોગો
ઉત્પન્ન થાય છે. ॥ ૪૧ ॥ સુડતાળીસમું ડોહવાયલું કે મેલુ એકાંત
સ્થળનું દુષ્ટ ઝેરી પવનથી બગડેલુ. ઊંદરોના ઝેરનું, ભીલામાના
રોપાનું. ખાખરા ઝાડ અને પાત્રાં ભરેલું, ગળીના રોપા ઉપ-

જોહ્લાનું, ધાસ ઇત્યાદિક ઝેરી રોપા ભરેલું, દુરગંધી ભરેલું, જે પાણીમાં સૂર્ય અને ચંદ્રના કીર્ણો પડતા ન હોય તે, એટલા બગડેલા પાણી સર્વે રોગને ઉત્પન્ન કર્તા છે ॥૪૨॥ તેટલા પાણીને રદ કરવા કેમકે તે પીધાથી સર્વે રોગ ઉપજાવી મરણ પમાડેછે. રોગ ઉપજાવનાર પાણીવિશે ગ્રંથોમાં કહેલું છે કે તે પાણી શુરજની ગરમીથી તપેલું. ॥ ૪૩ ॥ શુરજના તાપે તપેલું, રેતીની જગામાં ગળાયલું, પહાડ પર્વતનું, દિપ્વથનું પાણી પીવાને યોગ્ય છે. તેમજ કપૂરની જગાનું, જલપ્રવાહનું વેહેતુ પાણી, કડવી કે મીઠી ઉંડી વૃક્ષ તળેનું, સુરંગીના ઝાડ તળેનું. સફેદ અને લાલ પાકળના કે શાલિનું, કાલીકિન્હી, તામ્રવલિ, જીમૂતકા, તામ્ર પુષ્પી ઝાડ તળેનું. સારી સુગંધનું પાણી ॥ ૪૪ ॥ સ્વચ્છ ચોખ્ખુ, સોન કમળનું, નાનુ મોટુ રાળનું ઝાડ, નાગ કેશરનું. સફેદ અને કાળા ધંતુરા હોય ત્યાનું. પીળા કોરાટાનું, ગુગળ કે મોતી ઉપજાવતા હોય તે જગાનું. શીતળ પાણી પીવાને કોઈ પ્રકારે અટકાવ કે દોષ નથી. ઉકળેલું, ફીણ વિનાનું. ગતિ વિનાનું. નિર્મળ પાણી ॥ ૪૫ ॥ સર્વે રોગ સમાવનાર, ભૂખ વધારનાર, પાચનકર્તા. પચવાને હલકુ છે. તપાવેલું ગરમ. તાજા ઝરાનું હલકું અગ્નિ ઉપર સોધેલું ॥ ૪૬ ॥ પાસળાના શૂળને, અજીરણના અરોચકને. રસવિકારના સળકમ રોગોના વધારાને, ઉચકી હેડકીને, વાયુ કોપને. કફકોપને જીતે છે; પગની બળતરને. વાયુકોપને, મદ ચડેલાને, પિત્તકોપને જીતે છે, ॥ ૪૭ ॥ ગાંઠોના મૂળને હણે. રસવિકારના સળકમને, ઝાડા પિશાબને સોધી ભુખને વધારનાર સંગ્રાહી, કોઠાની અગ્નિને વધારે, પચવાને હલકું છે; પણ અતિ બગડેલા કે વધેલા રસવિકારના શળકમને, વાયુના કોપે અતિ તવાયલાને ધટાડતો નથી ॥ ૪૮ ॥ અજીરણ થવા ઉપર, અતિ ધડપણ આવેલાને. પિત્તકોપ વધેલાને તપાવેલુ પાણી રાત્રે પીધાથી, ખોરાક ખાધેલાનું પાચન થાય છે; પગ વટો કે વટે મારગુને ગ્રીષ્મ. સરદ રૂતુનું તાજુ પાણી ॥ ૪૯ ॥ હેમન્ત, શશિર અને વષારૂતુનું, લાગેરથી નદીનું, તપાવેલું, મથીને સુધારેલું; પકવેલું પાણી શીતળ, સદા પથ્યનું, પચાવાને હલકુ, વાયુપિત્ત અને કફના ત્રણે દોષોને હરે છે. ॥ ૫૦ ॥

ફુપલી ફીરચા કીધા વિનાનું, કાચુ શિત્તળ, ઘણા દિવસનું વાસી, ખટાયેલું, કસાયલું પાણી વાયુ પિત્ત અને કફના ત્રણે દોષને ઉપજાવેછે. દિવસે પકવેલું પાણી, રાત્રે સુતીવખતે દુધ પીધાથી તામસપણું જાય. ॥ ૫૧ ॥ પકવેલું પાણી રાત્રે પીવાથી ઘણા રોગોને ઉપજાવે છે.

(દુધ.)

દુગ્ધં, પ્રસ્ત્રવણું, ક્ષીરં, સૌમ્યં, સંજીવનં, પય; છ નામ છે. બળ વધારતાં, શીત્તળ, મીઠાસે. વાયુ અને પિત્તકોપને જીતે. ॥૫૨॥ ચીકણું, રસાયન ગુણે, પવિત્ર, જીવાડનાર, ધાતુનો વધારો કરનાર; લોહીને ચેતવનાર, પિત્તકોપની ખાંશીને, હાંફણને, ક્ષયરોગને, હર્શને, ચકરીની ભ્રમન્તાના રોગને હરે, પચવાને ભારી છે. ॥ ૫૩ ॥ બાળકને, વૃદ્ધને, તવાયલા શરીરને, નબળાને, મૈરીના અભિલાશીને ફાયદો કરે છે. અન્નાદિ ખોરાક તજનારે, મરણતોલ થનારે પીધાથી, ઘણુ શ્રેષ્ટ ગણાય. ॥ ૫૪ ॥ તાજુ દોહેલું ધારોષ્ણ દુધના એવી-રીતે સાધારણ ગુણો છે.

ગાયનું દુધ મીઠાસે, શીત્તળ, પચવાને ભારી, ચીકાસે, રસાયણ ગુણે, શરીર પુષ્ટ કર્તા, ધાવણામાં દુધ ઉપજાવે, ઉમ્મર વધારનાર, વાયુ અને પિત્તકોપને જીતે. ॥ ૫૫ ॥ કાળી ગાયનું દુધ ઉપલા ગુણો સહિત શ્રેષ્ઠ છે. સફેદ ગાયનું દુધ કફને વધારે, પચવાને ભારે; વાછરડીનું કે પ્રથમ જણેલીનું દુધ ઘણુંકરીને વાયુ, પિત્ત અને કફને ઉપજાવે છે. ॥ ૫૬ ॥ કપીલા રંગની અથવા ખોળ ખાનાર ગાયનું દુધ પચવાને ભારી અને કફકોપને હરે છે. બકરીનું દુધ ગાયના દુધ બરોબર ગુણે છતા ભુખ વધારી ઝાડા પિશાબનું શોષણ કર્તા ગ્રાહી ગુણે, પાચન શક્તિ વધારનાર દીપન, પચવાને હલકું છે. ॥ ૫૭ ॥ ક્ષયરોગને, હર્શને, અત્તિસારના ઝાડાને, મૈરીને પિશાબ માર્ગે વેહતી ધાતુના પ્રદર રોગને, લોહગંધી રોગને, માથુ ફરવાના ભ્રમિષ્ટ રોગને; સર્વે પ્રકારના તાવને હરે છે. જે બકરી નહાની છતા કડવો અને ઉગ્ર તીખો ચારો ખાય. ॥ ૫૮ ॥ થોડું પાણી પીતી હોય તેનું દુધ પીધાથી, વાયુ પિત્ત અને કફ ત્રણે કોપના સર્વે

રોગ- દૂર થાય છે. મેંડીનું દુધ મીઠાસે. નબળું, ચિકણું, વાયુ અને કફકોપને હરે છે. ॥ ૫૯ ॥ પચવાને ભારી. વાયુકોપની ખાંશીને હરે છે. ભેશનું દુધ મીઠાસે, પુષ્ટ, ચીકણું, પચવાને ભારી, બળ વધારનાર; ॥ ૬૦ ॥ નિદ્રાને, શુક્ર ધાતુને વધારે, શીતળ, મળ મૂત્રાદિકનું સોધન કર્તા, ભૂખને સમાવે. માતાનું કે થાવ સ્ત્રિઓનું દુધ પચવાને હલકું, શીત્તળ, ભૂખ વધારનાર દીપન ગુણે, વાયુ અને પિત્તકોપને ઝીતે; ॥ ૬૧ ॥ આંખોના શૂળાદિક રોગને, નાક અને કાનના રોગને ઝીતે. હાથણનું દુધ—સ્વાદિષ્ટ મીઠાસે, શરીર બળ વધારે, આંખો, નાક અને કાનના રોગને ઝીતે; શીતળ, પચવાને ભારી. ॥ ૬૨ ॥ ઉટણીનું દુધ સ્વાદિષ્ટ, મીઠું, લુખાસે, છ ગુણ ભરેલા રસનું, ખારૂં, પચવાને હલકુ, ભૂખ વધારનાર દીપન, જીવાતના કૃમિરોગને, શરીર સડાને, કફકોપને, સોઝાસહિત પેટના રોગને તીરની રીતે ઝીતે છે. ॥ ૬૩ ॥ ઘોડીનું દુધ ગર્મ, લુખાસે, શરીર બળવધારનાર, વાયુ અને કફ કોપને હરે, ખરાસે, ખટાસે, પચવાને હલકુ, મીઠાસે, સર્વે ગુણે ખડી બંધાતુ. ॥ ૬૪ ॥ ધારોષ્ણ તાજુ દુધ ગરમ, પીધાથી ભુખ વધારનાર દીપન ગુણે, શરીર બળવધારનાર, પચવાને હલકુ, શીતળ, વાયુપિત્ત અને કફના ત્રણે દોષને ઝીતે; મુહૂર્તના ગુણે, ત્રણે તરેહની દુષ્ટ બુદ્ધિને તરત સુધારે, બેવડા ગુણે, ઘણા દિવસ પીવાની ટેપ પડેથી, તે પીધાવિના ચેહેન નપડે, તલફલાગે કેફ આવે, દુધ પીધાથી તૂર્ત શીત્તળતા જણાય, ઘણા દિવસ પીધાથી મેઘની રીતે શરીરમાં જમાવ થાય. ભૂખને અમૃતની રીતે સમાવે; ધારોષ્ણ દુધ શીત્તળ થયાપછી પીધાથી વાયુપિત્ત અને કફના ત્રણે દોષને ઉપજાવે છે. ॥ ૬૫ ॥ ગાયનું ધારોષ્ણ દુધ નબળુ અને ભેશનું શીત્તળ થયેલું દુધ નબળુ. ગરમ કરેલું ગામનું દુધ પરેહજી રાખવા જેવું; ગરમ થયેલું પાછુશીત્તળ થયેલું મજાપમ એટલે ઝાડની છાલની નાર જેવું. ॥ ૬૬ ॥ દુધ ગરમ કરીને શીત્તળ થયા પછી પીધાથી પિત્તકોપને અને ગરમ પીધાથી કફ તથા વાયુને ઝીતે, અતિશે ઉકાળી બાશુદી જેવું પાકુ થયેલું દુધ પીધાથી

પચવાને ભારી, વધારે પીધાથી ઝાડા થાય, ચિકણું, સ્નિગ્ધ, પુષ્ટીકર્તા, બળ વધારનાર. ॥ ૬૭ ॥ દુધની ખીર આમ રોગને ઉપજાવે, નસોમાં દહીની રીતે પસરે, પાચન થતા ભારી, આમ વધારનાર, શિત્તળ થયેલી ખીર પરેહજી રાખવા જેવું હોવા છતા, ફરીને ઉકાલી પીધાથી રોગોને ઉપજાવે. ॥ ૬૮ ॥ પ્રભાતેકે પરોડીએ ધારોષ્ણ દુધ પીધાથી, ઝાડા પિશાબને સોધ નાર, પચવાને ભારી, શરીર પુષ્ટ કરનાર. રાતના ચન્દ્રની શીત્તળતાનું બળગુણવધારે હોય, શરીર કસરત ન થાય, નિંદ્રા આવે તેથી મોડીરાતે દુધ પીવાને વર્જેલું છે. ॥ ૬૯ ॥ સાંઝના પીધાથી બળ વધારે, આંખોના રોગને, વાયુ પિત્ત કોપને હરે. દિવસે સૂરજના કીરણો તપવાથી, ઘણી મેહનતમાં નિંદ્રાન નહી આવેથી દુધનું સેવન કરેથી પાચન થાય. ॥ ૭૦ ॥ બગડેલું,–ખાટું, ગંધાયળું,–ખારૂ–ગાંઠો બંધાયલું દુધ–વર્જેવું એટલે પીવું નહી. ખાટુ, ખારૂ, બગડેલું દુધ પીધાથી શરીર સડાના કુષ્ટાદિ રોગો ઉપજાવે. ॥૭૧॥ દુધની તરીકે ફીણ અતિ ઘણા લૂખાસે; ઉકાલેલા દુધની મલાઈ વાપરવી, મલાઈ પચવાને ભારી, શીત્તળ, બળ વધારનાર, પિત્તકોપ અને લોહગંધીને, વાયુકોપને જીતે. ॥ ૭૨ ॥ સાત રાત સુધી ખુશીથી બગડેલું કે ઉતરેલું અથવા તરતની જણેલીનું કાચુ દુધ પીધું હોય તો ઝાડના મૂળની રીતે પેટમાં રોગ નીગાંઠ બંધાય. ॥ ૭૩ ॥ તે દુધની ગાંઠ લાંબે દિવસે જણાય માટે પીવાનું છોડી દેવું. તે ઉકાળેલું હોય તો દહી જેવા ગુણે, તે દુધ મેળવેલું કે અધરે કેલું ગણાય. ॥૭૪॥ તેની છાસ કીધી હોય તો છાસ અધ્રકેલા જેવી છતા ગોળીઓ બંધાય; વગર પકવેલું નિશ્ચય કરીને તે દુધ સરદી કર્તા છે. ॥ ૭૫ ॥ બગડેલા દુધની મલાઈ મેળવેલા દહી કે છાસ જેવી છે. ગોળા બંધાયલું દુધ ખાટા સવાદે હોય, તે ખાધાથી ઘણી નિંદ્રા લાવે. ॥ ૭૬ ॥ પચવાને ભારી, રસવિકાર અને સળકમે શરીર ભારે થાય, બળવધે; હૈયાના રોગનો, વાયુ કોપનો, બળત્તરની અગ્નિનો નાશ થાય; વાયુ કોપને વધારે. દુરજર, લુખાસે, ઝાડા પિશાબને શોષી ભૂખને વધારનાર ગ્રાહી, કે છાસ મેળવેલા જેવા ગુણે. ॥ ૭૭ ॥

(દહી ત્રણ જાતના.)

દધિ, સ્તાનંપય; સમ્યક્, સ્તાનમીષતુ, મંદકમ્, તન્મિષ્ટમ, મ્ળમત્યમ્ળ, મધુરામ્ળમિતિ, સ્મૃતમ્; ॥ ૭૮ ॥ નવ નામ છે. ગરમ, ભૂખવધારનાર દીપન, સ્નિગ્ધ ચિકાસે, કસાયલા સવાદે, રસવિકારને વધારે, પચવાને ભારી, પાચન થતા ખાટોરસ થાય. ઝાડા પિશાબને શોષનાર ગ્રાહી ગુણે, લોહ ગંધીઅને પિત્ત કોપને સમાવે, સોઝાના રોગને, બગડેલી ચરબીના મેદ રોગને, કફ કોપને વધારે. ॥ ૭૯ ॥ ગરમીના પિસાબના મૂત્ર કૃચ્છરોગને સમાવે. શળકમ ને, શીત્તળતાને, આળસને વધારે; એકાત્તરાકે ચોથીઆ તાવના વિષમ જ્વરને, અતિસારના ઝાડાને, મુખની અરૂચીને ફાયદો કરે, શરીર બળ વધારે. ॥ ૮૦ ॥ મંદ બુદ્ધિને, મૂર્ખને, વાયુપિત્ત અને કફ ત્રણે દોષના કોપને ઉપજાવે. મીઠું દહી—વાયુપિત્ત કોપને ઝીતે, ખાટું દહી—પિત્તકોપને, લોહગંધી રોગને સમાવે; કફ કોપને ઉપજાવે, લોહી ઝાડા અને ઉલટીના રક્તપિત્ત રોગને સમાવે. ॥ ૮૧ ॥ મોળુ દહી—ખાટા કે મીઠા—એહું દહીના ગુણ દોષને મળે છે. ગાયના દુધનું દહી—ઉત્તમ ગુણે, શરીર બળને વધારનાર, પાચન થતા મીઠારસે, મુખે રૂચી આપનાર. ॥ ૮૨ ॥ પવિત્ર, ભૂખ વધારનાર દીપન ગુણે, સ્નિગ્ધ ચીકાસે, શરીર પુષ્ટ કર્તા, વાયુ કોપને ઝીતનાર છે. બકરીના દુધનું દહી—ઉત્તમ ગુણે, ભૂખવધારી ઝાડા પિશાબને શોષનાર ગ્રાહી ગુણે, પચવાને હલકુ, વાયુપિત્ત અને કફ ત્રણે કોપને ઝીતે છે. ॥ ૮૩ ॥ હાફ્ણ કે દમનવા રોગને, સશણીને, ખાંશીને, ક્ષય રોગને, શરીર તવાયલાને, ક્ષય રોગને, ઝીતે. ભૂખવધારનાર દીપન, ખોરાક પાચન કર્તા છે. મેડીના દુધનું દહી પોતાના ચીકણા પણાથી શરીરની સર્વે નસોમાં પસારે, કફ અને વાયુ કોપને વધારે. ॥ ૮૪ ॥ અભિષ્યન્દિ રસના ગુણે, પાચન થતા મીઠારસે ઘણુંકરીને રોગોને ઉપજાવનાર છે. ભેશના દુધનું દહી—સ્નિગ્ધ ચિકાસે, રસવિકાર ઉપજાવનાર, વાયુપિત્તને સમાવે છે. ॥ ૮૫ ॥ શરીર બળને વધારે, પાચન થતા મીઠોરસ થાય, પચવાને ભારી,

શરીરના લોહીને બગાડે છે. બૈરીઓ કે ધાત્રના દુધનું દહીવાયુ પિત્ત અને કફ ત્રણે કોપના રોગોને હરેછે, આંખોના રોગ ઉપર પોળાકે તર્પણ કરાયછે, પચવાને ભારી, ॥ ૮૬ ॥ શરીર બળ વધારનાર, પાચન થતા મીઠો રસ થાય, સ્નિગ્ધ ચિકાસે, ઘણી ભૂખ વધારનાર છે. હાથણીના દૂધનું દહી—વીર્યે ઉષ્ણ, ગરમ પાચન થતા તીખાંરસે, ભૂખનોનાશકરનાર ॥૮૭॥ કશાયલા સવાદે, ઝાડા પિશાબાદિ મળને બાંધે. કફ અને વાયુકોપને ઝીતે. ઊંટણીના દૂધનું દહી—પાચન થતાં તીખા રસે, ઝાડા પિશાબની બંધાયલી ગાંઠોને છુટી કરી બહાર પાડનાર ભેદી ગુણે, ખારા અને ખાટા સવાદે દહી છે. ॥ ૮૮ ॥ તે પેટના સર્વે રોગને, શરીર સડાને, હરસના રોગને, શૂળ રોગને, વાયુ કોપને, જીવાતના કૃમિ રોગને ઝીતે છે. ઘોડી ઇત્યાદિ આખી ખૂરીના જનાવરોના દુધનું દહી—લૂખાસે, ગુલગુલીત અને સ્નિગ્ધછતા પોતાના ગુણે શરીરની નસોમાંપસરી,શરીર ભારેકરનાર અભિષ્યન્દિ રોગ કર્તા; ॥૮૯॥ ભૂખ વધારનાર દીપન ગુણે, મીઠાસે, આંખોના રોગને હર્તા. વાયુ કોપને ઉપજાવે. કફ કોપને, મૂત્ર રોગને ઝીતે. સર્વે પ્રકારનાં દુધમાંથી થયેલા દહીમાં ગાયના દુધનું દહી શ્રેષ્ટ ગુણે કહેલુ છે. ॥૯૦॥ કાપડમાંથી ગાળી કે છાણી કહાડેલું દહી, સુસ્નિગ્ધ ચિકાસે, વાયુ કોપને હર્તા, રસવિકાર અને કફને વધારનાર, પચવાને ભારી, શરીર બળ વધારી પુષ્ટીકર્તા, મૂખે રૂચી આપનાર, મીઠાસે, પિત્તકોપ હર્તા છે. ॥ ૯૧ ॥ રંધાયેલું અથવા તપાવેલું કે પાકેલું દહી—ભૂખને રૂચી આપનાર, સ્નિગ્ધ ચીકાસે, ઉત્તમગુણે, પિત્ત અને વાયુકોપને હરે, સર્વે ધાતુને, ભૂખની અગ્નિને, શરીર બળને વધારનાર છે. ॥ ૯૨ ॥ કાચુ દહી, ભૂખ વધારી ઝાડા પિશાબને શોષનાર સંગ્રાહી ગુણે, કસાયલા સવાદે, વાયુકોપને ઉપજાવનાર, પચવાને હલકુ, શરીરની નસોમાં ભરાઇ ઝાડા પિશાબને રૂંધનાર વિષ્ટંભિગુણે, ભૂખને વધારનાર દીપનગુણે, મૂખે રૂચી આપનાર, સંગ્રહણીના ઝાડાના રોગનો નાશ કરનાર. ॥૯૩॥ મથેલું કે નીચવેલુ દહી—શ્રેષ્ઠ ગુણે, તૃષાના રોગને, લોહગંધી રોગને, પિત્તકોપને, શરીર બ-

બળત્તરની દાહને ઝીતેછે. નીચવેલા દહીમાં ગોળ શાકર કે ખાંડ મેળવી શીખણ કરેલુ હોય તે—વાયુકોપને ઝીતે, શરીરબળ વધારે, પુશ્ટીકર્તા, પચવાને ભારીછે. ॥ ૯૪ ॥ તે વસંત, શરદ. ગ્રીષ્મરૂતુમાં શિત્તળતા કોઠામાં હોયછે તે વખતે શીખણ ખાવાનો અટકાવ કરેલો છે; પણ હેમંત. શશિર અને વર્ષારૂતુમાં સર્વેના કોઠામાં ગરમી અતિ હોય, તે વખતે શીખણ ખાધાથી કલ્યાણકર્તા સર્વે પ્રકારે ગુણ દાયેક છે. ॥૯૫॥ કાચુ દહી કે છાસ અભાવે રાત્રે પિત્તકોપ ઉપર કલ્યાણ કર્તા, નિંદરા લાવનારછે. દહી ઉપરની મલાઈ કે તરી, દહીની ચીકાસ ખાધાથી ઉગ્ર સવાદે પાચન થતા તીષ્ણ રસે, તીરની રીતે શિત્તળ શરીર કરનાર ॥૯૬॥ દહી તીર જેવું શિત્તળ ગુણે, પચવાને ભારી, બળ વધારનાર, વાયુ અને ભૂખ વધારનાર, નબળાઈનો નાશ કર્તા છે. ઝાડા પિશાબના બસ્તિસ્થાનનું શોધન કર્તા, ખટાસે, પિત્ત કોપને સમાવે, રસ વિકાર અને કફને વધારે છે. ॥ ૯૭ ॥ દહી નીચવીને ફકત પાણી કહાડેલું હોય, તે પીવાથી સંતાપ કે રીશનો, પિત્તકોપની બળત્તરનો નાશ કરે, શરીર બળ વધે; પચવાને હલકુ. અન્નાદિ ખોરાકની ઈચ્છા વધારે છે. કાનના રોગનું શોધન કર્તા, વીગરે કફકોપને, તૃષ્ણાને, વાયુ કોપને સમાવે છે. ॥ ૯૮ ॥ જરા તૃપ્તીકર્તા. મળ મૂત્રાદિકની જુદી જુદી જગાએ બંધાયલી ગાંઠો હોય તેનો સંગ્રહ તાકીદે કરે છે.

(છાસ–દહીમાંથી કરેલી હોય તે)

દંડાહતં, કાળપેયં, ગોરસશ્ચ, વિલોડિંતમ; ॥ ૯૯ ॥ સરસં, નિર્જળં, ઘોળં, મથિતં, રસવર્જિતમ, સમોદકં, શ્વેતમથ, મુદશ્વિત્વર્ધ્ધં, વારિકમ; ॥ ૧૦૦ ॥ પાદોદકં. ભવેત્તક્ર, મર્ધ્ધાંબી, અન્યેઅવ ભાવિરે; સત્તર નામછે. દહીમાં થોડું પાણી નાખી વહલોવી જાડા મઠાની છાસ, ભૂખ વધારી ઝાડા પિશાબને શોધનાર આદીગુણે, તુરાસે, કસાયલા સવાદે, ખટાસે, મીઠાસે, ભૂખ વધારનાર દીપન, પચવાને હલકી; ॥ ૧૦૧ ॥ ગરમ, બળ વધારનાર, લુખાસે, તૃપ્તિકર્તા, વાયુકોપનો નાશ કર્તા, સોઝાના રોગને, ઝેરના રોગને, ઉલટીના રોગને, કફકોપના રોગને, એકાંત્તરો

બીજે-ત્રીજે કે ચોથે દિવસે આવતો તાવ વિષ્મજ્વરને; ॥ ૧૦૨ ॥ શરીર પીળું થવાના પાંડુ રોગને, બગડેલી ચરબીના મેદો રોગને, ઝાડાના સંગ્રહણી રોગને, હર્શના રોગને, પિશાબના રોગને, ભગંનદરના રોગને, પરમાના રોગને, પેટના ગુલ્મ રોગને, અતી સારના ઝાડાને, શૂળ રોગને. ફેફસા અને કલેજાના તાપત્તિલી રોગને, કફકોપને, જીવાતના કૃમિ રોગને; ॥ ૧૦૩ ॥ પિત્તકોપના કરોળ્યા કે ચિત્રાંને, શરીર સડાને, કફકોપના શરીર સડાને, તૃષ્ણાકે તૃષાના રોગને, પેટના ઉદર રોગને, અપચાના રોગને ઝીતેછે. દહીનાભાગવિના છાસકે પાતળું પાણી પીધાથી સરદીકર્તા, નબળાઈમાં, ભ્રમીષ્ટરોગ, કે માથુ ફરવાના રોગને. પડીજવાની ચકરીના મૂર્છા રોગને; ॥૧૦૪॥ લોહી ઉકાળાના પિત્તકોપને. ચડેલા મદને, સોઝાદિક રોગને. કોઈ વેળા એજ એવી છાસમાફક આવેછે. શીતકાળે એટલે શીતળતામાં કે તહાડના દિવસમાં, સંગ્રહણીના ઝાડામાં, હર્શના રોગમાં, કફ અને, વાયુકોપના પરમાના રોગમાં. ॥ ૧૦૫ ॥ કાન બેહેરા થવાના રોગમાં, ભૂખ બેશી જવાનો મંદાગ્નિ રોગમાં, જાડી છાસ અમૃત પીવા જેવી ગુણકારી છે. મીઠી જાડી છાસ—સર્વે રસવિકારના શ્લેષ્મ રોગને. વાયુઅને પિત્તકોપને ઝીતેછે. ॥ ૧૦૬ ॥ ખાટી જાડી છાસ—વાયુકોપને હરે. લોહી ઝાડા અને ઉલટીના રક્ત પિત્તકોપને ઉપજાવેછે; વાયુકોપ માટે ખાટી જાડી છાસમાં સિંધાલૂણ મેળવી અને પિત્તકોપ માટે મીઠી જાડી છાસમાં ખાંડ કે શાકર મેળવીને પીવી. ॥ ૧૦૭ ॥ કફકોપ માટે મોળીજાડી છાસમાં સુંઠ, મરી ને પીપરનું ચુર્ણ તથા જવખાર મેળવીને પીવી. સમુદ્રનું મીઠુ કે નિમખ જાડી મીઠી કે મોળી છાસમાં મેળવીને પીધાથી પરેહજી રાખવા જેવી, પચવાને વાને હલકી, ઘણું કરીને જુવાનીમાં સર્વેને માફક આવેછે.॥૧૦૮॥ જાડી છાસના મહામાં, ઘીની ચીકાસ વધારે રહી હોય. તે પીધાથી-શરીરમાં ઘણું બળ વધે, પુષ્ટ, પચવાને ભારી, કફકોપને ઝીતે છે. જે છાસમાં ઘી થોડું હોય તે પીધાથી શીત્તળ જણાય પચવાને ભારી, પુષ્ટિકર્તા, કફકોપને વધારેછે.॥૧૦૯॥ ઘી વિનાની છાસ, નરસા દહી-

ના ગુણને મળતી છાસ ગણાય. તે પીવાથી તળાવના કે ડોહવાયલા, ચુથાયળા નરસ પાણી જેવું, રસ પદાર્થેતજેવું. ॥ ૧૧૦ ॥ દહી નીચ વીલાયેલા પાણી કે દહી ઉપરના તરતા પાણીને મળતુ અથવા હલકી છાસ જેવું કે દૂધમાં તરત દહી મેળવેલા જેવા ગુણે ગણાય. ॥૧૧૧॥

(માખણ, મસ્કો.)

હૈયંગવીનં, સરજં, નવનીતંતુ, મંથનમ્; ચાર નામછે. દહીની છાસને વહલવવાથી કે મથવાથી તાજુ માખણ નિકળેછે. તે ખાધાથી પચવાને હલકુ, ભૂખ વધારી ઝાડા પિશાબને શોષનાર ગ્રાહી ગુણે, તરત ગુણ દેખાડે, મીઠાસે, શીત્તળ. ॥ ૧૧૨ ॥ બુદ્ધિને વધારનાર, કસાયલા સવાદે, ખટાસે, પુષ્ટિકર્તા, પિત્ત અને વાયુકોપને હરે, શરીર બળત્તરને સમાવે, ભૂખને વધારે, આંખોના રોગને, શરીર ક્ષય કે ક્ષય રોગને, હર્શના રોગને હરે, ફોડકા અને નાશૂરને ઝીતે, જખમને રૂઝવે, ખાંશીને ઝીતે. ॥૧૧૩॥ વાસી માખણ ખાવાથી પચવાને ભારી, ચરબી અને કફને વધારે, સોઝાના રોગને હરે, શરીર બળ અને પુષ્ટી વધારે, ઘણુ કરી બાળકોને અમૃત જેવું છે. ॥ ૧૧૪ ॥ લાંબા વખતનું ઘણું જુનું માખણ અત્તિ ચીકણું હોય તો આંખોના રોગને, લોહીના ઝાડા ઉલટીના રક્તપિત્ત રોગને ઝીતે. પૂષ્ટીકર્તા શરીર બળ વધારનાર, ભૂખ વધારી ઝાડા પિશાબને શોષનાર ગ્રાહીગુણે, મધુરસવાદે ઘણું શીતળછે. ॥ ૧૧૬ ॥

(ઘી—માખણ તપાવીને કરેલું)

ઘૃતમાજ્યં, હવિઃ, સર્પિરા, ધારમમૃતા, હવ્યમ; પાંચ નામછે. રસાયણગુણે, મીઠાસે, આંખોના રોગને હરે, પચવાને ભારી, ભૂખ વધારનાર દીપનગુણે. ॥ ૧૧૭ ॥ શીત્તળ વીર્યે, ઝેરના રોગને હરે, શરીર સંપત્તી વધારે. વાયુ અને પિત્ત વાયુકોપને ઝીતે, પોતાના ગુણે સર્વે નસોમાં પસરી રૂંધે, કફ કરે, અતિ અભિષ્યંદિ ગુણે. કાંતીને, ચરબીને, શરીર તેજને, શરીર રંગ રૂપને. બુદ્ધિને ઉપજાવે. ॥૧૧૮॥ ચડતો વાયુ અને ઝાડા પિશાબ અટકાવવાના ઉદ્દાવર્ત રોગને, પિત્તકોપના સર્વે તાવને, ગરમીથી ઘેળાપણાના ઉન્માદ

રોગને, શૂળ રોગને, અજીરણના આફ્રાને, લોહી બગડવાના ફોડકા, નાશૂરના જખમોને જીતેછે. સ્નિગ્ધ ચીકાસે, કફને ઉપજાવે, લુખારૂક્ષ ગુણે, ક્ષય રોગને, બળત્તરની ગાંઠોના વીસર્પ રોગને, લોહી ઉકાળાના રોગને જીતે. ॥ ૧૧૯ ॥ પોતાના સ્વવીર્યથી ઉપજેલું ધી જખમોને હરે, ઘણા અર્થે સુવાળું, નબળુ. શરીરના વાળની વૃદ્ધિકર્તા છે. દૂધમાંથી ઉપજાવેલું ધી ભૂખ વધારી ઝાડા પિશાબને શોષનાર ગ્રાહીગુણે, શીતળ, આંખોના રોગને જીતેછે. ॥ ૧૨૦ ॥ પિત્તકોપને, બળત્તરની દાહને, લોહી ઉકાળાને, ઘેલાપણાને, ચડેલામદને, પડી જવાના મૂર્છા રોગને, મસ્તક ફરવાના ભ્રમરોગને, વાયુકોપને, જુનારોગને જીતેછે; પાચન થતા તીખારસે, સર્પના ઝેરાદિક રોગને, વાયુપિત્ત અને કફ ત્રણે કોપને જીતે. ॥૧૨૧॥ કાનના રોગને, આંખોના રોગને, મસ્તક શૂળને, શરીર સડાને, ફેફરાનાં રોગને, સોઝાના રોગનેજીતે, ઔરીને પિશાબની જગાએયોનિ રોગને, તાવને, હાફ્ણ કે શ્વાસને, હર્શને, ભગંદરને, પેટના ગુલ્મરોગને, સળકમ કે નાકના પીનસ રોગને જીતે. ॥ ૧૨૨ ॥ ભૂખ વધારનાર દીપનગુણે, બસ્તિસ્થાનમાં પિચકારી મારવાને, નાકમાં રેહડવાના નસ્યકર્મ કરવાને, શરીરની દુર્ગંધી દૂર થવાને ગુણકારી છે. ઘી ઉપરની તરીકે છારી ઘીના ગુણનેમળવા છતા તિક્ષણગુણે. પચવાને હલકુ, તીરના જેવું ગુણી. ॥૧૨૩॥ દશ વરશસુધી ઘીને મંટોડીના વાશણમાં જતનથી, ભરી રાખેલું હોયતે પચવાને હલકુ. તે ઉપરાંત સર્વે ગુણોમાં શ્રેષ્ઠ, આવરદાને વધારનાર, મહાઘૃત ગણાય. ॥૧૨૪॥ ઘીના ગુણ દોષો દૂધને મળતા જણાયછે. સર્વે દૂધમાંથી થયેલા ઘીના ગુણ દોષમાં ગાયના દૂધમાંથી ઉપજેલું ઘી ઉત્તમછે તેમાં કોઈ પ્રકારે અવગુણ નથી. ॥ ૧૨૫ ॥ ઘણું ઉકાળેલું કે ઘણું પકાવેલું ઘીનું વીર્ય હીણ થાય છે.

(તલનું તેલ.)

તેલ: એક નામ. ગરમ, પચવાને ભારી. સ્થિર પસરનાર, શરીરબળ અને રંગરૂપને તીરની રીતે વધારે, પુષ્ટીકર્તા, શરીરના

સાંધા નર્મ રાખનાર, ઝેરના રોગને વધારનાર, મીઠાસે, પાચન થતા સૂક્ષ્મ રીતે, શરીરમાં પ્રવેશ થાય, ૭ રસ મધ્યેનો એક રસ, પાકેલા જેવું. ॥ ૧૨૬ ॥ સોષ્ણ કર્તા. કસાયલા સવાદે, ઉગ્ર, તીખાસે, રસવિકારના કફ અને વાયુ કોપને હરે છે, પાચન થતા મીઠારસે, તીક્ષ્ણ, બળ વધારનાર, લોહી ઝાડા અને ઉલટીના રકતપિત્ત રોગને ઝીતે છે. ॥ ૧૨૭ ॥ રસવિકારના કફ કોપને, તીક્ષ્ણ પણાથી પિશાબ અટકવાને, મુખના રોગને, બૈરીઓના ગર્ભાસ્યનું શોધન કરે છે; ભૂખ વધારનાર દીપન, બુદ્ધિ અને શરીરના વાળ વધારનાર, ઠાકોટાને વિસામો આપનાર, જખમને રૂઝવનાર. પરમાને હરનાર છે. ॥ ૧૨૮ ॥ કાનના રોગને, બૈરીને પિશાબની જગાએ થતો યોનિરોગને, મસ્તક શૂળ રોગને, આંખોના રોગનો નાશ કરે છે. મથેલું, વલોવેલું કે સુદ્ધ કરેલું તલનું તેલ, ભાંગેલા તુટેલા હાડકાને સાંધે, ઝેરના રોગને ઝીતે છે. ॥ ૧૨૯ ॥ તે ઉપરાંત ફોડકાને, નાશૂરના જખમોને, દાઝેલા કે બળેલાના જખમોને ચોપડવા અને ખવાડવા પીવાડવાને પરેહજી રાખવા જેવું સદા છે. ધાને ઘણું ઉકાળે કે પકવેથી હીણવીર્ય થાય છે. ॥ ૧૩૦ ॥ પણ તેલને ઘણું ઉકાળેથી કે ઘણું પકવેલું લાંબે દિવસે તેના ગુણમાં વધારો થાય છે.

(એરંડયું તેલ.)

એરંડ તેલ; એક નામ છે. મીઠાસે, ગરમ, ભૂખ વધાનાર દીપન, શરીરનું શોધન કર્તા; ॥૧૩૧॥ બળ વધારનાર, ચામડી નેતર કરનાર, ઉંમર વધારનાર, યાદ શકિતને વધારનાર, શરીરની કાંતીને વધારનાર, બળ ઉપજાવે, કસેલા સવાદે, સૂક્ષ્મ રીતે શરીરમાં પ્રવેશ થાય, બૈરીના પિશાબની જગાના યોનિરોગ અને પુરૂષની શુક્રધાતુનું શોધન કરે. ॥ ૧૩૨ ॥ વાયુકોપના પેટના રોગને, અજીરણના રોગને, પેટના ગુલ્મ રોગને, અષ્ટીલા કંબરના રોગને, ગળાના રોગને, વાયુકોપના લોહી વિકારને, શૂળાદિક નાશૂરાદિક વિંધના રોગને, સોઝાના રોગને,.વિદ્રધીની ઉંડમી ગાંઠના રોગને હરેછે.૧૩૩

(સરસ્વ, કરંઝ ઈત્યાદિક, તિલણ પદાર્થનું તેલ.)

પૃથ્વીકા, ભૂમીમાંથી નિકળેલું, મૂળજીમૂતા–પીલૂનું, દન્તી–દાંતીનું, કવચ–કવચબીજનું, શિગ્રુજન્મ--શેકટાના બીજનું, નિમ્બાત-લિંબડાના બીજનું, તસી–અળશીનું, કરંજા–કરંઝનું, આર્ક--આકડાનું, હસ્તિનું, કર્ણ–કેશરનું, ઇંગુદી–ઇંગોલીનું, ભત્રમ--શંખિની કે શંખાહુલીનું, ॥ ૧૩૪ ॥ નિંબક–કપિલાનું, તૈલતેલ–તલનું, જયોતિષ્મ–માળકાંગોણીનું. કુસુંભ–કસુંબાનું, સર્ષા–સરસ્વનું એટલી જાતના તેલ સૌવર્ચલ એટલે સંચળખારના ગુણે. ॥ ૧૩૫ ॥ પાચન થતા કડવા અને તીખારસે, ગરમ, તીક્ષણુ રસે, પાચનથવાને હલકા છે. તે શરીરસડાને, રસવિકારના કફકોપને, પરમાને, પડીજવાના મૂર્છાના રોગને; ગાંડા ઘેલા થવાના મદ રોગને, જીવાતના કૃમિરોગને ઝીતે છે. ॥ ૧૩૬ ॥

(લિંબડાનું તેલ.)

નિંબતૈલં; એક નામ છે. શરીરસડાને, ફોડકા અને નાશ્વરાદિક વિંધના કે જખમના રોગને, રસવિકારના કફકોપને, તાવને, જીવાતના કૃમિરોગને ઝીતે છે.

(અળસીનું તેલ.)

અતસીતૈલં; એક નામ છે. કોઠાની અગ્નિને ઉપજાવે, ચીકાસે, સ્નિગ્ધ, ગરમ, કફ પિત્તકોપને હરે, પાચન થતા તિખા રસે, આંખોના રોગને હરે, શરીરબળ વધારે, વાયુકોપને હરે, પચવાને ભારી. ॥ ૧૩૮ ॥

(સરસ્વનું તેલ.)

સાર્ષતૈલં; એક નામ છે. જીવાતના કૃમિરોગને, શરીરસડાને, ખુજલી અને ખરસવાને ઝીતે, પચવાને હલકુ, પિત્તકોપને, ઝેરના રોગને, બગડેલા લોહીના રોગને, પરમાના રોગને, કાનના રોગને, મસ્તક દુખવાના રોગને ઝીતે છે. ॥ ૧૩૯ ॥

(કસુંબાના બીજનું તેલ.)

કૌસુંભતૈલં; એક નામ છે. તિખા સવાદે, પિત્તકોપને ઉકળાવે

આંખોના રોગને જીતે, શરીરબળ વધારે, ફકત વાયુકોપને હરે, તીક્ષણ ગુણે, ભૂખ વધારનાર વિદાહી, ગરમ ગુણે, પિત્તકોપ અને ગરમીના નવા રોગ ઉપજાવે. ॥ ૧૪૦ ॥

(માળકાંગોણીના બીજનું તેલ.)

જ્યોતિષ્મતીભવતૈલં; એક નામ છે. પિત્તકોપને વધારનાર, ગરમ, યાદશક્તિ અને બુદ્ધિને વધારે છે. ॥ ૧૪૧ ॥

(અખરોટનું તથા નારિયલનું તેલ.)

અક્ષોટિકા; એક નામ અખરોટનું છે. નારિકેળ, એક નામ નારિયળનું છે. બેહુંનું તેલ પિત્ત અને વાયુકોપને હરે, વાળને વધારે, પચવાને હલકું, રસવિકારના કફને વધારે, શિત્તળગુણે;॥૧૪૨॥

(શિરંશુ ચાર જાતની માંછલીનું તેલ.)

શિંશપા મોટી, ગંડીર, રસાળા, દારૂજમ; ચાર જાતની માંછલીનું એકેક નામ છે. તેનું તેલ પચવાને ભારી, કસાયળા સવાદે' કડવાસે, તીખાસે, શરીરસડાને, ફોડકાદિક નાશૂરના વિંષરોગને જીતે છે. ॥ ૧૪૩ ॥ વાતરક્તના ગળતકોડને, ઝેરના રોગને, રસવિકારના કફકોપને, ખુજલી અને ખરસવાને, શરીરસડાને, વાયુકોપને જીતેછે.

(ભીળામાનું તેલ.)

ભલ્લાતક; એક નામ છે. તુરાસે, ગરમ, મીઠા, તીખાસે. શરીરસડાને, બગડેલી ચરબીના મેદને, વાયુ પિત્ત અને કફ ત્રણે કોપને, પરમાને, જીવાતના કૃમિરોગને જીતે છે. ॥ ૧૪૪ ॥

(ખાખરાના, પટોળના કે પાડલીના બીજનું તેલ.)

પલાશ; એક નામ ખાખરાનું મધુર સવાદે છે. પાટલા; પાંડલીનું એક નામ છે. બેહું તુરાસે, કસાયળા સવાદે, મીઠા સવાદે; બળતરને, પિત્તકોપને, રસવિકારના કફકોપને હરે છે. ॥ ૧૪૫ ॥

(કોહલાના, તરબુજના,દુધી ઈત્યાદિના બીજનું તેલ.)

કૂષ્માંડ, ત્રપુ, સૈંવારૂ, તુંબીકા, લિંગ, તિકતકેઃ, કૃતં, પ્રિયાળ, જીવંતી; નવ જાતના કોહલાના બીજને કુષ્માંડ કહે છે. તેના બીજ રસવિકારના કફકોપને વધારે. ॥ ૧૪૬ ॥ તેનું તેલ પચવાને ભારી,

મીઠાસે, પાચન થતા શીતળ રસે, પિશાબ વધારે કરાવે, ભૂખને ઘટાડે, કઢીના જેવા અભિષ્યદિ ગુણે, કફને વધારે, વાયુ પિત્ત કોપને જીતે.

(ચેકૈષજં, ચેકુપિક, કરડીનું તેલ.)

ચેકૈષજં; એક નામ છે. તેલ શીતળ, પિત્તકોપને હરનાર, કફ અને વાયુકોપને વધારે છે.

(જવનું તેલ.)

યવ; એક નામ છે. તીખાસે, તેલ ઉગ્ર, તીક્ષ્ણરસે, રસાયન ગુણે. ॥ ૧૪૭ ॥ ભૂખ વધારનાર દીપન, રસાદિ ધાતુ અને વાતાદિક કોપનું શોષણ કરી શરીર નબળું કર્તા લેખન ગુણે, બુદ્ધિને વધારનાર, પરેહેજી રાખવા જેવું, વાયુ પિત્ત અને કફ કોપને જીતનાર.

(આંબાની ગોટલીનું તેલ.)

આમ્રતેલં; એક નામ છે. સહરાસે, તીખાસે, મીઠાસે, પિત્ત કોપ નહી કર્તા, કફ અને વાયુ કોપને હરનાર, લુખાસે, સુગંધી ભરેલું ઘણું સ્વચ્છ. ॥ ૧૪૮ ॥

(સરવે જાતના ઘી, તેલ, ચરબીના ગુણ દોષ.)

ઘી જગમ ગુણે; તેલ સ્થાવર ગુણે, વાયુ કોપને હર્તા, સર્વે તેલમાં સફેદ તલનું તેલ શ્રેષ્ટ અને બળ વધારનાર છે. ॥૧૪૯॥ ગામમાં વશનાર મેંડાદિજનાવરોની ચરબીનું તેલ પચવાને ભારી, મીઠાસે, ગરમ, વાયુકોપનો નાશ કરે છે. ॥ ૧૫૦ ॥ જંગલમાં વશનારા એક ખુરીના જનાવરોની ચરબીનું તેલ ખરાબ ગુણે, કશાયલા સવાદે, પચવાને હલકું, શીતળ, રક્ત પિત્ત કોપના લોહી ઝાડા ઉલટીને જીતે છે. ॥ ૧૫૧ ॥ ફરીને જણાવેલું છે કે,વાંદરાદિક વનચરની ચરબીનું તેલ કફને વધારનારછે. ઘી, તેલ, ચરબી, ચીકણાઇ, હાડકા મધ્યેની મજ્જાનું તેલ વાયુનો નાશ કર્તા છે. ॥ ૧૫૨ ॥ ઉપલા સર્વે તેલ સરખા ગુણે પેહેલાથી બીજાનો ગુણ દોષ અધીક પાચન થતા સરશ સ્વાદે.

(પીવાના સર્વે જાતનો આસ્વ, ઉરાખ, તાડી, સરખાદિક દારૂ, અરકના ગુણદોષ.)

મધં, હાલા, સુરા, શુંડા, મદિરા, વરૂણાત્મજા, સૂરા, ગંધા-

ત્તમા, કલ્યા, દેવ સ્પૃષ્ટાચ, વારૂણી; ॥ ૧૫૩ ॥ અગીઆર જાતે છે. પિત્તકોપ વધારનાર, થોડો થોડો પીતાં સહરા સવાદે, ખોરાક ખાતા રૂચી આપનાર, ભૂખ વધારનાર દીપન, કોઠાની અગ્નિ વધારે, ઝાડા પિશાબને ઉપજાવે, તીક્ષણ ઉગ્ર, વાયુ અને કફ કોપને જીતે. ॥૧૫૪॥ જમણુનીસાથે થોડો નબળો દારૂ પીધાથી અમૃત પીધા-બરોબરછે, જમવા પછી કે આડે વખતે પીધાથી અનેક રોગોને ઉ-પજાવે, વધારે દારૂ ઈત્યાદી તાડી જલદ પીધાથી ઝેર પીધા બરોબરછે. ॥૧૫૫॥ દરાખનો દારૂ થોડો પીધાથી ભૂખ વધારે, લોહીના ઝાડા ઉ-લટીના રકતપિત્ત રોગને જીતે, શરીરબળ વધારી પુષ્ટ કરે, લોહી ઝા-ડાના હરશ રોગનો નાશ કરી, ભૂખ વધારનાર દીપન ગુણેછે. ॥૧૫૬॥ મવડાનો દારૂમાં થોડાગુણ ખજુરના દારૂને મળતો કે સરખો, મુખે-રૂચી આપનાર, રસવિકારના કફને હરે, ચાળા કરે, બુમબરાડા પડા-વે, પચવાને હલકો. ॥૧૫૭॥ ભાતના છાલાનો કે ચોખાનો, ચોખા-ના લોટનો દારૂ, તાડી, સરખો, પચવાને ભારી, બળ વધારનાર, શ-રીર પુષ્ટકર્તા, ચરબી અને કફ વધારનારછે. ॥૧૫૮॥ ભૂખ વધારી ઝાડાપિસાબને શોષનાર ગ્રાહી ગુણે, સોઝાને, પેટના ગુલ્મરોગને, હ-ર્શના રોગને, સંગ્રહણીના ઝાડાને, પિશાબ અટકવાના મૂત્રકૃછ રોગને જીતેછે. પુનર્નવા એટલે ઘેટુંલી તથા ભાતના ચોખાના લોટની ખટા ઇ, તાડી સરખો. ॥ ૧૫૯ ॥ ઉરાક દારૂથી સરખો તાડી પચવાને હલકી, નાકના પીનસ રોગને, અજીર્ણને, શૂળરોગને જીતે છે. ખજુ-રાદિક ફળની તાડીના ઉરાક,દારૂથી નીરો કે તાડી થોડી પીધાથી ખુશી ઉપજાવે, ઘણુંકરીને તેના ગુણદોષ નબળા દારૂને મળતાછે. ॥૧૬૦॥ જંગલના ટપકતા તાડીના ઝાડમાં ખજુરાદીક, કાચા ફળ સેડ-વેલાનો અર્ક ભારીછે, પાકેલા ફળનો ઉરાક દારૂના ગુણ દોષને મળ-તાછે. ॥૧૬૧॥ ખુશી ઉપજાવનાર, ઝાડો પેશાબાદિ બંધથવાનો આ-નાહરોગને, પેટના ગુલ્મરોગને, હર્શ રોગને, ઉલટીને, અપચાના અ-રોચકરોગને,વાયુકોપને જીતેછે, ભૂખ વધારનાર દીપન, કોઠાના બંધે-જને, છાતીના શૂળરોગને, હૃદયરોગને જીતેછે. ॥૧૬૨॥ દારૂ પચવાને

ભારી, પુષ્ટીકર્તા, ભુખ વધારનાર દીપન, કફ ઉતરતા કે પાછળથી વાયુ કોપને વધારે. સહરા સવાદે. જંગળીફળનો દારૂ કફકોપનેહરે, ભૂખવધારી ઝાડા પિશાબને શોષનાર ગ્રાહીગુણે, સોઝાના રોગને, હર્શના રોગને, ઝાડાના સંગ્રહણી રોગને જીતેછે. ॥૧૬૩॥ કાચાફળ સેડવીને કરેલો આસ્વ, મીઠાસે, બળવધારનાર, ઝાડાપિશાબને બાંધે, શીત્તળ, પચવાને ભારી. (પાકેલા ફળ છોલી સેડવીને કરેલો આસ્વ) ઝાડોપિશાબ કબજ કરનાર વિષ્ટંભી, વાયુકોપ વધારનારછે. ॥૧૬૪॥ ફળને ખમણી સેડવી કરેલો આસ્વ વાયુકોપને સમાવે, હૈયાના રોગને બગાડે, પચવાને ભારી. સેરડીનો, તાડીનો, તેમજ ખજુરનો, મહુવડાનો, ફાળસાદીક ફળનો, ભાતનો, ચોખાનો એટલા દારૂને આક્ષિકી કહેછે. ॥૧૬૫॥ તે શરીર પીળુ થવાના પાંડુરોગને, સોઝાના હર્શ રોગને, પિત્તકોપને, સોહગંધીને, કફકોપના શરીર સડાને જીતે; પણ થોડો વાયુકોપને વધારે, લુખાસે, ભૂખ વધારનાર દીપન, ઝાડો પિશાબ છોડનાર રેચનગુણે, પચવાને હલકોછે. ॥ ૧૬૬॥ જવના લોટનો બનાવેલો દારૂ જવના આસ્વ કે ખાટીના ગુણ દોષને મળતોછે. તેમજ કાકોલિકા કે કંટોલી, સાળઈનો, સેરડીનો, અનાજનો આસ્વ મળતો છે. ॥૧૬૭॥ આસ્વ અને તાડી બેહું એક જાતના યંત્ર માં થાયછે. બેહુંને ઉકાળવાની કીરયા અસલી રીત ઘણી શરસછે. કોઇ વખતે ધાવરાના ફુલનો, ગોળનો, ધાણાના રસનો આસ્વ બનાવે છે. ॥૧૬૮॥ તે પચવાને ભારી, જવનો લુખાસે, સ્વાદિષ્ટ, વાયુ પિત્ત અને કફ કોપને ઉપજાવનાર છે. આસનનો આસ્વ કે દારૂ શરીર પુષ્ટ કર્તા, બળ વધારનાર, આંખોનું તેજ ઘટાડનાર. પચવાને ભારી. (મૈરેયં) એટલે સેરડીના રસનો આસ્વ, મહુવડાના ફુલ, ગોળ, ચોખા અને જવાદિક અનાજનો આસ્વ, શરીર પુષ્ટકર્તા, બળ વધારનાર, પચવાને ભારી, તેજ વધારી તૃસ કરનાર, સહરાસવાદે; ॥ ૧૬૯ ॥ તે સર્વેનો આસ્વ, ખાટી, સરકો અથવા દારૂ બનાવેલો હોય તેને મધુલક કેહે છે. તે પચવાને ભારી, મીઠા સવાદે, ચીકાસે, શુક્ર ધાતુ અને કફને ઉપજાવે. ખાંડ, શાકરનું સરબત, આસ્વ,

ભૂખ વધારનાર દીપન, મીઠાસે, પાચન કર્તા, મુખે રૂચી આપનાર, પચવાને હલકી છે. ॥ ૧૭૦ ॥ સ્ત્રિ સંગની ઇછા થાય, વાયુ કોપને, શરીર શોષ રોગને, ઝાડા પિશાબની બસ્તિ સ્થાનના રોગને ઝીતે છે. (મધ્યાસવો) મધુકના ફુલનો, મહવડાના ફુલનો, દરાખનો આસ્વ પચવાને હલકો, લુખાસે, શરીર સડાને, પરમાને, ઝેરના રોગને ઝીતે છે. (ગોળનો આસ્વ) કોઠાની અગ્નિ વધારે, શરીરનો રંગ રૂપ વધારે, બળ વધારે, તૃપ્ત કરે, પાચન થતા કડવારસે. ॥ ૧૭૧ ॥ (તિકતકો એટલે વાવડીંગનો આસ્વ) શરીર બળ વધારનાર, મીઠાસે.ઝાડા પિશાબ અને વાયુ કોપને છુટો કરે; તેને પકવીને અર્ક કહાડે તો તેને સીધુ, દારૂ કે અર્ક કહે છે; અને કાચા રસનો આસ્વ કરેથી શીતળ રસ કે આસ્વ કેહવાય છે. ॥ ૧૭૨ ॥ એ બેહુંમા પકવેલો સીધું અર્ક શ્રેષ્ટ છે, તે ગળાના સ્વરને સુધારે, કોઠાની અગ્નિ ને, શરીર બળ અને રંગ રૂપને વધારે, વાયુ અને પિત્ત કોપને વધારે, હૈયાને કુવત આપે, ચીકણાસે, ઝાડા પિશાબને ઝીતે છે. બંધ કોઠાને, પિશાબ અટકવાને, સોઝા સહિત હર્શ રોગને, સોઝા સહીત પેટના ઊદર રોગને, કફ કોપને ઝીતે છે. ॥ ૧૭૩ ॥ તે ઉપરાંત અલ્પ શીત્તળ ગુણે રસ, સંલેખણ ગુણે. (જાંબુનો આસ્વ) મધના ગુણે અને જાંબુનો રસ ગોળના ગુણે; ઝાડા પિશાબને બાંધે, તુરા સવાદે, અભિષ્યંદી, કશાયલા સવાદે, વાયુ કોપને વધારે ॥૧૭૪॥ જાંબુના આસ્વને પકવેથી સીધુ દારૂ કે અર્કના ગુણે; તેની ક્રીયા કરવાથી થાય છે. તાજો દારૂ કે અર્ક તેની ક્રીયાથી કરેલો હોય તે વાયુ પિત્ત અને કફના ત્રણે કોપને ઉપજાવનાર અભિષ્યંદી છે. જુનો દારૂ કે અર્ક, ભૂખ વધારનાર, દુર્ગંધિ દૂરકર્તા, શરીર પુષ્ટ કર્તા, વિરસં, જીવાતના કૃમિ રોગને, કફ અને વાયુ કોપને ઝીતે છે. ॥ ૧૭૫ ॥ હ્રદયને, જુવાની આપનાર, લુખાસે, ગરમ, મુખે રૂચી આવે, ભોજન ભાવે, સ્થિતીને સુધારે, અલ્પ ગુણનું ઓષડ, ફરવાનું સુઝવે, પોતાનો મત ચલાવે, દહિ ખાધા જેવા પિચ્છલ ગુણે, કફ કોપને વધારે, કેફ ચડે, મદચડે, બડબડ ઘણી કરાવે,

ઓંતરડાને ગળાવે, દુર્જર કરે છે. ॥ ૧૭૬ ॥ અતિ પિત્ત કોપને વધારે, ઊગ્ર અને તીક્ષ્ણ, ગરમ, કોઠાની અગ્નિ ઉપજાવનાર; હૈયાને, ચતુરાઇને, ખુબસુરતીને, ખડબચડા કે કાંટાવાળા શરીરને, કરમન જીવડાને જીતે. વિરસં, પચવાને ભારી છે; જલદ દારૂ કે અર્ક કહાડેલો હોય તે થોડો કે ઘણો હમેશા પીધાથી ગાલઉપર ફોડકા અને વાયુ કોપ વધારે છે. ॥૧૭૭॥ સર્વે દોષોના રોગોને ઉપજાવે. ઘણા વરસનો બગડેલો કે ઉતરેલો દારૂ પીધાથી–વાયુ કોપને ઉપજાવે. ॥ ૧૭૭ ॥ સર્વે રોગોને એકઠા કરી સર્વેનો કોપ વધારે છે. ઘણા વરસનો બનાવેલો (આસ્વ) ભૂખ વધારનાર દીપન ગુણે, કફ અને વાયુ કોપને જીતે, મુખે રૂચી આપે, આનંદ ઉપજાવે, સુરાતન ચહડાવે, પવીત્ર રાખે, પીવાની ઉમેદ થાય. ॥૧૭૮॥ કોઇ વખતે જલદ આસ્વનો ગુણ દારૂ જેવો વાસ બહાર નીકળે,અનુક્રમે સુક્ષ્મ અવગુણે, વાયુકોપને ફેલાવે, આસ્તે આસ્તે નચાવે, ભૂખને ઉપજાવે. કોઇ વખતે હૃદયને જરા મળે, ધમની નાડી રૂંદ્ધે બગાડે. ॥ ૧૭૯ ॥ છીકાવે, ઇંદ્રિઓને ધ્રુજાવે, ચિતને ભમાવે, ઘેલા ગાંડાકરે, મદ ચડાવે, શુક્ર ધાતુને પીગળાવે, લાંબી મુદતે રસ વિકારને બગાડે, ફોડકા ઉપજાવે, ડોળા જખડાવે, પાડી નાખે, કેફ ચહડાવે. ગચરકાઅને ઊલટી કરાવે, ડોળા કે આંખો ફેરવે; પિત્ત કોપને તૂર્ત ઉપજાવે. ॥૧૮૦॥ નવો કહાડેલો દારૂ–પોતાના ગુણે શરીરની નસોમાં કેફ ભરાઇ રૂંધે, વાયુ પિત્ત અને કફ કોપ ઉપજાવે, સહરાસવાદે; શરીરનો બગાડ કર્તા, જલદ, બલત્તર વધારે, દુર્ગંધ, ઝેર ચહડાવે, પચવાને ભારી, નિર્મળ, તર્ત કેફ ચડાવે, તેજદાર, કૃમિના જીવાતને, રસ વિકારને, વાયુ કોપને જીતે છે. ॥ ૧૮૧ ॥ ગોળ, દરાખ, ફાળસાદિક શિતળ ફળનો નબળો દારૂ થોડો પીધાથી હૃદયને ખુશી કરે, સુગંધી ભરેલો, સારા ગુણે વર્તે, પચવાને હલકો, નાક કાનના વિંધનું શોધન કરે, મનની શાંતી કરે, ગીત ગવાડે, હસાવે, રમાડે, ગુરવા સ્વભાવે, સાહસાદિક કર્મો કરાવે, તામસ સ્વભાવને હણે, વાતોના ગપાટા મારે કે નરસા કામ કરે, બેસુદ્ધ પાડે, નિંદ્રા ઘણી તરત લાવે છે. ॥ ૧૮૨ ॥

શુક્ર ધાતુને વધારે, રસ વિકારને હરે, તીક્ષ્ણ, ગર્મ, પચવાને હલકો, મુખે રૂચી આપનાર, પાચન શક્તિ વધારે છે. શરીર પીળુ થવાના પાંડુ રોગને, જીવાતના કૃમિ રોગને હરે, લુખાસે, ઝાડા પીશાબની બંધાયલી ગાંઠોને પીગલાવી બહાર પાડે, ગોળકે ફળ ઈત્યાદિકનો દારૂ, વધારે પીવાની ટેવ પાડેથી લોહી માંસ અને શરીરને બગાડી, લોહીનો ઝાડો અને ઊલટીનો રક્ત પિત્ત રોગ ઉપજાવે છે. ॥૧૮૩॥ અગાઊ લખેલા ગુણ દોષને મળવા છતાં પચવાને ભારી, શરીર તરફરેકે નસોમાં ભરાઈ શરીર ભારી કરનાર છે. ઉપલી જણસોની રાબ કે કાંજીને સૌવીર કહેછે; એટલે તેનું તત્વ ગુણકર્તા, અને તેનો કુચો રોગને ઉપજાવનાર છે. ॥૧૮૪॥ ઉપલી રાબ શિશિર રૂતુમાં પીધાથી પાચન થાય; મુખે રૂચી આપે, પચવાને હલકી; ભાતાદિક અનાજના છાલા કે તુસ, કુંડો, જવાદિક અનાજના છાલા કહાડેલા અથવા છાલા સુદ્ધા જવાદિક અનાજની કાંજીમાંથી આસ્વ કે દારૂ કરવામાં આવે છે. ॥૧૮૫॥ સૌવીર નામે રાબ કે કાંજીને ઉકાળવામાં, વિલમ ન લાગતા તુર્ત જવાદિક પાકીને સરસ દારૂ થાયછે. સર્વેજાતના અનાજને સેડવેથી તેનો રસ ખાટો થાયછે, પણ તેને ઉકાળેથી સૌવીરને કાંજી કરેથી તેની ખટાસ ઘટી જાય છે. ॥૧૮૬॥ ભાતના છાલા કે કુંડો પાણીમાં સેડવેલો પીધાથી ભૂખવધારનાર દીપન, હૈયાને સુધારે છે, પાંડુરોગને, જીવાતના કૃમિ રોગને જીતે છે. સોવીરની કાંજી પીધાથી સંગ્રહણીના ઝાડાનો, હરસના રોગનો નાશ કરે, ઝાડા પિશાબની બંધાયેલી ગાંઠોને છુટી કરી બહાર પાડે, ભૂખ વધારનાર દીપન ગુણે છે. ॥૧૮૭॥ અનાજને ભીંજવી રાખવાથી તેમાં ખટાઇ આવે, તેથી તેનો પ્રથમ ગુણ દોષ અનાજનો જતો રહે છે, તે પીધાથી મેરીના પિશાબની જગાએ વાયુ કોપકર્તા, સળકળનો પીન્સરોગ કર્તા, પચવાને હલકુ, ભૂખવધારનાર, તે ચોપડવાથી બળતર અને દાહ શરીરે ઉપજાવે, પીધાથી ખોરાકનું પાચન થઇ રસ વિકારનો નાશ કરે છે. ॥૧૮૮॥ તેના કોગળા કરવાથી મુખના સર્વેરોગને જીતે, મુખની દુર્ગંધી કહાડે કફને વધારે છે.

(મૂત્ર–માણસનું અને જનાવરોના પિશાબ).

ગૌ તે ગાય, નાગ તે સર્પ કે નાગ, હાથી, મહિષી તે ભેસ, હયા તે ઘોડો–ઘોડી, યજા તે બકરી–મેંઢી, ખરો તે ગધેડો, ઔષ્ટ્ર તે ઉંટ, નરાણુંચ તે માણસનું મૂત્ર; આંઠ જાતે પિશાબના આઠ નામ જુદા છે. સર્વે પિશાબમાંથી હરેકનું પીધાથી, ખાધેલા ખોરાકનું પાચન થાય, ભૂખ વધારનાર દીપન ગુણે, પચવાને હલકું છે. ॥૧૮૯॥ તે સર્વેમાં ખાર રસ મળેલો હોય તિખાસ્વાદે, લુખાસે, કાનાદિક વિષનું સોધન કર્તા, પિત્ત કોપને વધારનાર, કડવા અને ઉગ્ર સવાદે, હૈયાનું સોધન કરે, ઝાડા પિશાબની બંધાયેલી ગાંઠોને છુટી કરી બહાર પાડે, ઝાડા પિશાબ વધારે લાવે, વાયુ કોપે શરીરના વાળને થતો રોગ દૂર થાય. ॥૧૯૦॥ વાયુકોપે પેટના ગુલ્મ રોગને, હર્સના રોગને, પેટના ઉપર સોઝાના સોફોદરને, કફ કોપના કૃમિના જીવાતના રોગને, શરીરસડાને, શરીર પીળુ થવાના પાંડુ રોગને, ઝાડો પિશાબ બંધ થનાર આનાહ રોગને, ઝેરના રોગને, વાયુ કોપના શળ રોગને, અરૂચીના રોગને ઝીતે છે. ॥૧૯૧॥ ઉપલા સર્વે પિશાબમાં ગાયનું મૂત્ર પાવાને સરશ કહેલું છે. હાથણનું મૂત્ર ઝેરના રોગનું સોધન કર્તા, શરીર સડાને, પેટના ગુલ્મ રોગને, જીવાતના કૃમિ રોગને ઝીતે છે. ॥ ૧૯૨ ॥ ભેંશનું મૂત્ર સોઝાના રોગને, પેટના ગુલ્મ રોગને, હર્સના રોગને, શરીર પીળુ થવાના પાંડુ રોગને, પરમાના રોગને ઝીતે છે. ઘોડીનું મૂત્ર ઝાડા પિશાબની બંધાયેલી ગાંઠોને છુટી કરી બહાર પાડનાર ભેદી ગુણે, ઘણું કરીને કફ કોપની દરાઝના શરીર સડાને, જીવાતના કૃમિ રોગને હરે છે. ॥ ૧૯૩ ॥ બકરીનું મૂત્ર પેટના ગુલ્મરોગને, ઝેરના રોગને, શ્વાસ કે હાંફણના રોગને, આંખો પીળી થવાના કમળાના રોગને, શરીર પીળુ થવાના પાંડુ રોગને ઝીતે છે. મેંઢીનું મૂત્ર સોઝાના રોગને, શરીર સડાને, હર્સના રોગને, પરમાને ઝીતે બંધ કોઠાના રોગને છોડે છે. ॥ ૧૯૪ ॥ ગધેડીનું, મૂત્ર સંગ્રહણીના ઝાડાને, પરમાને, શરીર સડાને, મસ્તાનપણાના ઉન્માદરોગને, જીવાતના કૃમિરોગને ઝીતે છે. ઉંટણીનું મૂત્ર મસ્તાન-

પણાના ઉન્માદરોગને, સોઝાના રોગને, હર્ષના રોગને, જીવાતના કૃમિ રોગને, પેટના શૂળ રોગને જીતે છે. ॥ ૧૯૫ ॥ માણુસનું મૂત્ર સહરાસવાદે, હમેશા પીધાથી સર્વે રોગ હરતા, રસાયનગુણે છે. ગાય, બકરી, ભેશનું મૂત્ર હરયેક રોગી બૈરીએ પીધાથી ગુણકારી છે. ॥ ૧૯૬ ॥ ગધેડી, ઊટણુ, ભેસ, ઘોડીનું મૂત્ર રોગી પુરૂષે પીધાથી ગુણકારી છે.

इतिश्री मदनपालविरचिते मदनविनोदे निघंटौ पनीयनाम विशेषवर्गोऽष्टमः ॥

ઈતિશ્રી મદનપાળ નિઘંટનો પાનાદીક આઠમો અધ્યાય સમાપ્ત.

(નવમોઅધ્યાય પ્રારંભ)

(સેરડી ઇત્યાદિનો રસ ચુશવાની વીધિ.)

मृद्वक्षितानेनस्वेतिवक्रेप्रसारितेवीक्ष्यततोजगन्ति ।
सविस्मयंसादरमीक्ष्यमाणंयशोदयानन्दसुतंनमामि ॥ १ ॥

કુમળો ગર ખાવાને, સુકાયલાનો મુખેથી રસ ચુસવાને લાંબો સાટો વધી, ઉપર છાલ આવે, વચમાં ગર્ભ બંધાય, તેમાં મીઠો રસ ઘણો વખાણવાલાયેક, ઊપજાવનાર વિષ્ણુસુતને નમસ્કાર કરૂછઊ.

(તેર જાતની સેરડી અને તેનો રસ.)

ઈક્ષુર, મહારસો, વેણુર્નિ:, સ્તો, ગુડ પત્રક:,–॥ ૨ ॥ ત્દરવમૂળો, લોહિતેક્ષુ:, પૈડ્રિક:, પૌંડ્રકોઅપાર:, રસાળ:. સુકુમારો, અપિ કૃષ્ણેક્ષુર, ભીરૂકોમત:;॥૩॥ તેર નામ છે. સર્વે મીઠાસે, પચવાને ભારી, શીત્તળ; પુષ્ટ, ચિકણી, શરીરે બળ વધારે, પાણી ભરેલી, સંતોષકાર્ક, વાયુ અને પિત્ત કોપને હરે, તે ઉપરાંત પિશાબના રોગને. કફ કોપને, જીવાતના કૃમિ રોગને ઝીતે છે. ॥ ૪ ॥ થડમૂળનો રસ વધારે મીઠો, ગાંઠની વચ્ચેનો જરા ઓછો મીઠો, ગાંઠોના મૂળની જગાએ ખારો અને મીઠા સવાદે, પિશાબ વધારે કરાવે. ॥૫॥–લાલ-

સેરડી પચવાને ભારી, શિત્તળ, પુષ્ટ, દાહની બળતરને. પિત્ત કોપને, લોહગંધાને, પિશાબ બંધ થવાના રોગને ઝીતે છે.–પીળી–સેરડી શિત્તળ, ચિકણી, પુષ્ટ, કફ વધારનાર, સહરાસવાદે. ॥૬॥ કાળી-સેરડી—જરા ફીકાસે, ખરાસે, જરા ઓછા પણ મળતાગુણે.–વંશ નામે બાંબુને મળતી લીલી સેરડી–બીજી સેરડીના મળતા ગુણે; કુદરતે એકમાંથી સેહજ બીજી ઊત્પન્ન થતી, ગરમ, વાયુના સર્વે કોપને ઝીતે. ॥ ૭ ॥ કાંતા નામે સેરડી–બળત્તરને સમાવવા છતા લાકડા જેવી, વાયુ કોપને ઉપજાવે, શિત્તળ. કાસકારો નામે સેરડી-પચવાને ભારી, શિત્તળ, લોહીના ઝાડા ઊલટીના રકતપિત અને ક્ષય રોગને ઝીતે છે. ॥૮॥ સૂચી પત્રો નામે સેરડી–ઝીણા પાંત્રાની.નીળપરો નામે સેરડી–અસ્માની રંગની. નૈપાળો દીર્ઘ પત્રક નામે નેપાળી મોટા પાંત્રાની સેરડી–ત્રણ જાતની વાયુઅને કફ કોપને વધારે, પિત્ત કોપને ઝીતે, કસાયલા સવાદે, બળતરા અતિ ઉપજાવનાર. ॥ ૯ ॥ સેરડીને દાંતે છોલી રસ ચુશનારનો પિત્ત કોપ અને લોહી ઊકાળાનો રોગ દૂર થાય. ખડીશાકરનો ગુણદોષ સરખા વીર્યે છતા ભૂખ વધારનાર વિદાહી અને કફ વધારનાર છે. ॥૧૦॥ પચવાને ભારી, ભૂખ વધારનાર વિદાહી, બંધ કોઠા વાળાને ઝાડો પિશાબ છુટે, પ્રવાસમાં પાણીની જગાએ ઉપયોગ પડે, શરીરને સંતોષ પમાડે.

(ગોળ, ગોળની કાકવી, લાલ અને સફેદ ખાંડ, શાકર.)

સિતા, મત્સ્યાંડિકા, પલીમ માંડી, બળકસ્તથા. ॥૧૧॥ ચાર નામ છે. બીજી જાતને વિષપલોદ્ગન્ધા, શિગ્રકા, કૃત્તિકા મળા, ખંડ મન્યત્, ખંડસિતા, માધવી, મધુશર્કરા. ॥૧૨॥ યવા, સશર્કરા; નવ-નામ છે. ત્રિજીજાતને–સાયવા, સકવાથ, સંભવા; ત્રણ નામ છે. ચોથીજાતને-પુષ્પ સિતા, પ્રોક્તા, પુષ્પ સંસ્મૃત, શર્કરા, ॥૧૩॥ ફણિતં, ક્ષુદ્ર, ગુડકો, ગુડં, સ્તિવક્ષુરસોદ્ભવ; નવ નામ છે. ભૂખ વધારી ઝાડો પિશાબ છોનડાર આહીગુણે, બળ વધારે, પચવાને ભારી, પિત્ત અને વાયુ કોપને ઝીતે. ॥૧૪॥ સિતોપળા-એક નામ શાકરી-આખાંડનું નામ છે. પચવાને ભારી, વાયુ પિત્ત કોપને હરે, શિતળ.

ખંડ-એકનામ ખાંડનુ છે. સંતાપ દૂરકરે, ગરમીના ઝાડા પિસાબને અટકાવે, મુખે રૂચી આપે, પુષ્ટ અને બળવધારે. ॥૧૫॥ માધવી સકરા-શાકરીઆ લાલ ખાંડનું નામ છે-લુખાસે, કફપિત્તને હરનાર, પચવાને ભારી. યવાસ શર્કરા-જવના દાણા જેવી શાકરીઆખાંડ; શિતળ. વાયુકોપને વધારે, કફ પિત્ત કોપને જીતે. ॥૧૬॥ સિતપુષ્પ, એક નામ; ખાંડનાફુલ, ખુરો, બાંધેલી સાકરનું છે; શિત્તળ, હૃદયને હીતકારી, લોહીઝાડા અને ઉલટીના રક્તપિતને જીતે, પચવાને ભારી.-ફાણિતં-ખટાયેલી કાકવીનું નામ છે. પચવાને ભારી, પોતાની ચિકાસ નસોમાં ભરાઈ શરીર ભારે કરે, વાયુપિત્ત અને કફ કોપના રોગ ઉપજાવે, પિશાબનું શોધન કરે. ॥૧૭॥ મધૂકં, ફણિતં, મીઠી કાકવી; ઝાડાની જગાના બસ્તિ રોગને, વાયુ પિત્તકોપ ઉપજાવે. ગુડઃ ક્ષારા; નવો ગોળ-ખરાસે, પચવાને ભારી, મીઠાસે, વાયુ પિત્ત કોપને, કોઠાની અગ્નિને ઉપજાવે; સહરાસે. ॥ ૧૮ ॥. શરીર બળને, જીવાતના કૃમી રોગને, રસ વિકારને વધારે, પિશાબનું અને લોહીનું શોધન કરે. જુનો ગોળ, લવાયલા શરીરને પુષ્ટ કરે, હૈયાના રોગને જીતે, પચવાને હળકો, નિરોગી, નસોમાં ભરાઇ શરીર ભારે કરનાર, ભૂખ વધારી પુષ્ટીકર્તા. ॥૧૯॥ સર્વે સેંરડીમાંથી જેટલી વસ્તુ થયેલી હોય તેમાંથી જે નિર્મળ હોય તે સર્વે જાણસો ગુણવાન છે, તૃષાને, દાહની બળતરને, મૂર્છાને, પિત્તકોપના સર્વ રોગને, લોહી ઉકાળાને, ઝેરના રોગને, પરમાને જીતે, શિત્તળ. ॥૨૦॥ પચવાને ભારી, મીઠાસે, બળ વધારે, ચિકાસે, વાયુકોપને હરે, સહરા સવાદે છે.

(રાની મધ, સર્વે ફુલોમધ્યેનો મધુર રસ.)

મધુ, પુષ્પાસવઃ, પુષ્પરસે, માક્ષિ, કમીરિતમ. ॥૨૧॥ માક્ષિકં, પૈતિકં, ક્ષૌદ્રં, ભ્રામરં, મધુવિસ્તરાત માક્ષિકં, તૈલસંકાશં, પૈત્તિકં, ઘૃત, સન્નિભમ. ॥૨૨॥ ક્ષૌદ્રં, કપિલ, વર્ણું, તેમજ ભ્રામરં, સ્ફટિકોપમંમ; વીસ નામે મધ જુદાજુદા છે. શિત્તળ, પચવાને હલકી, મીઠાસે, લુખાસે, ભૂખ વધારી ઝાડાપિશાબને સોષનાર આહી, રસાદિ ધા-

તુ અને વાયુ પિત્ત અને કફકોપના રોગને શોષી પાતળા કરનાર છે. ॥૨૩॥ આંખોના રોગને જીતે, ભૂખ વધારનારદીપન, સ્વવીર્યને વધારે, ફોડકાંકેના સૂરાદિક વિંધના રોગનું સોધન કરી રૂઝવે, શરીરના રંગરૂપને સુધારે, બુધ્ધિને વધારે, પુષ્ટીકર્તા, ઝેરના રોગને હરે, ઝાડાનારોચન રોગને જીતે છે. ॥૨૪॥ શરીર સડાને, હર્શના રોગને, ખાંશીને, પિત્તકોપને, લોહી ઉકાળાનાં લોહ્ગંધી રોગને, કફ કોપને, પરમા રોગના જોસ્સાને, જીવાતના કૃમિ રોગને, મદ્યચડી ગાંડા થવાને, તૃષ્ણા કે તરસને, ઉલટીના રોગને, હાફણ અને દમને, હેડકી અને ઉચકીને, અતિસારના ઝરાને, હૈયાના રોગને, દુષ્ટ ગ્રહના રોગને જીતેછે. ॥૨૫॥ શરીર બળત્તરની દાહને, જખમ સાથેના ક્ષયરોગને, રશી વેહેતારોગને, મોગવાહી રોગને, વાયુકોપને જીતેછે. માક્ષિકં–મધમાખે ભેળુંકરેલું મધ–મિઠાસે, ગુણોમાંશ્રેષ્ટ, આંખોના રોગને, પરમાને જીતે, પચવાને હલકુછે. પૈતિકં નામે માખીએ ભેળું કરેલુ મધ--મિઠાસે, લુખાસે, ગરમ, પિત્તકોપને વધારે, દાહની બળતરને, લોહી ઉકાળાને, વાયુકોપને ઉપજાવે છે. ॥૨૬॥ ક્ષૌદ્રં નામે માખીએ ભેળુ કરેલું મધ--મધના ગુણને મળતું, ઘણું કરીને પરમાના રોગને હરે છે. ભ્રામર નામે ભમરાનું ભેળુ કરેલું મધ-લોહીના ઝાડા અને ઉલટીના રક્ત પિત્ત રોગને જીતે, પિશાબ જાડો થઇ થોડોક આવે, પચવાને ભારે. ॥૨૭॥ નવીનં મધ્વ નામે–મધુ પુષ્પમાંથી ભેળું કરેલું નવું મધ-નસોમાં તેની ચિકાસ ભરાઇ શરીર ભારેકરનાર, ચિકણુ, રસવિકારના કફને હરે, સહરાસવાદે. પુરાણું નામે જુનું મધ કે ગોળ–ભુખ વધારી ઝાડાપિશાબને સોષનાર ગ્રાહી, તે ઉપરાંત લુખાસે, બગડેલી ચરબીના મેદ રોગને જીતે બુધ્ધિને વધારે, રસાદિધાતુ અને વાયુ પિત્ત કફ ત્રણે કોપના રોગને શોષી, પાતળા કરનાર લેખન ગુણે. ॥૨૮॥ વિષાદિ નામે માંખીનું ઉપજાવેલું મધ-શરીર પુષ્ટ કરે, ફુલના મધ જેવું, તેમાં માંખીનું ઝેર રહેલું હોય છે. મધુનામે ભમરાનું ઉપજાવેલું મધ–ઘણું કરીને સ્વભાવે ઝેર સહિત હોય છે. ॥૨૯॥ તે ઉપરાંત ગુણોમાં લોહી તપાવનાર છતા, તે

ખાધા પિધાથી માણુસને પ્રાણલેનાર, ગરમીના વખતે અથવા ગરમ દેશમાં ઓષડોની સાથે કે લોહી સાથે મેળવી ઉપયોગ કરેછે. ॥૩૦॥ તેવું એખલુંમધ ખાધાપિધાથી ઉલટી થવાનેચુકે નહી,તેવખતે અટકાવ તેનો નહી કરવો. તે ઉપરાંત ઉકાળી તેનો પાક કરી ખાધા પિધાથી, ઝાડા- પિશાબાદિક મળને અટકાવે અને કોઈ વખતે બેહું રસ્તાને વેહતા કરે. ॥૩૧॥ આમાસ્યની કાચી આમને, પાણીને,તેઉપરાંત ખાવાપીવાનાદ્રવ્ય ખોરાકને વિરૂધ થાય.— મદનં, મધુજં, સિકથં. મધુચ્છિષ્ટં, મધૂ લિતમ ॥૩૨॥ પાંચ નામ. ધતુરાના ફુલ મધ્યેના મધના છે. તે સુ- બાહલું અને ચિકણું સ્નિગ્ધ, ભૂતવાયુના રોગને હરે, નાશરાદિક ગાંઠો અને ફોડકાનું સોધન કરી રૂઝવે, ભાંગેલા તુટેલા હાડને સાંધે, તે ઉપરાંત વાયુકોપના શરીર સડાને, બળતરના વીસર્પ રોગને, બગ- ડેલા લોહીના રોગને ઝીતે છે. ॥૩૩॥

योराज्ञांमुखतिलकःकटारमल्लस्तेनश्रीमदननृपेणनिर्मितेऽत्र।
ग्रन्थेऽभून्मदनविनोदनाम्निपूर्णोवर्गोऽयंमधूररसैरिक्षुकादिः ॥
इतिमधुरवर्गोनवमंअध्यायसंपूर्ण. ॥९ ॥

શ્રીમદનપાળ નૃપના કહેલા મધુરાદિક રસનો નવમો અધ્યાય સમાપ્ત.

અન્નાદિકના ગુણદોષનો દશમોઅધ્યાય પ્રારંભ

अजन्ममृत्युं बहुजन्ममृत्युं तमालभासं विशदप्रकाशम् ॥
मुक्तिप्रदोबन्ध मुलूखलेन त्रैलोक्यतातं शिशुमाश्रयामि॥ १॥

અર્થ—જન્મ મૃત્યું અનેક જન્મ મૃત્યુંમાં તમાલપત્રની સુધં- દી જેવું ભાષણ, સકર્મે આત્મા સુધ્ધ કરી નીતિનો પ્રકાશ દેહ મુક્તિ બંધના મૂળની લગામજગત પત્તી બાપના હાથમાં છે. તેને હું બા- ળ બુદ્ધિએ નમસ્કાર કરૂ છઉં. ૧

(ભાત સર્વેજાતના ચોખા)

શાળચી સફેદચોખા-રક્તશાળાદ્યાઃ લાલ ચોખા-વ્રીહયઃ શા- માના ચોખા, ષષ્ટિકાદયઃ કોદરનાચોખા,-મુદગાદિ મગ,-વૈદલં,-શૈલં, કંગવાદિ એટલે કાંગ ઈત્યાદિક આઠ જાતના અનાજને તૃણ એટલે નબળું ધાન્ય કહેછે. ॥ ૨ ॥

ક્ષુદ્ર ધાન્ય, કુંધાન્યન્તું, શૂકધાન્યં લુખાસે અલ્પ ગુણે, યવાદિક એટલે જવાદિક ધાન્યક. રક્તશાલિ—લાલ છાલાનો સાલીનાં ભાત, લોહિત—મસૂરાદિક અનાજ, જેમ ગરૂડ કે શકુની પક્ષી ન દેખાય તેમ તેથી તૃપ્તી ન થાય. ॥ ૩ ॥ સુગંધિકો—ખુશબોદાર ચોખા, મહા શાળિ—આંબા મોહરાદિક કમોદના ચોખા, કલમસ્તુઃ જીરા સાળ ચોખા : કલામકઃ, ભાતના રોપાને કાપી ફરીવાવેલા ચોખા, રક્ત શાળિ—તાંબા સાળના ચોખા, દીર્ઘશૂકઃ—જવ જેવા અણીદાર લાંબા ચોખા. પુંડ્રો—એક જાતના સફેદ ચોખા, મહિષ મસ્તકઃ—હલવાના જાડા ચોખા. ॥૪॥ પૂર્ણ ચંદ્રો-એક જાતના ચોખા, મહાશાળિઃ-ખુશબોદાર ચોખા, પુંડરીકઃ-સફેદ એક જાતના ચોખા, પ્રમાદકઃ-એક જાતના ચોખા, પુષ્પાંડકઃ-એક જાતના ચોખા, શીત ભીરૂઃ—એક જાતના ચોખા, કાંચનઃ—એક જાતના ચોખા, શકુની પક્ષીની ઝડપ ચાલની રીતે ચોખાનું પાચન થાય છે. ॥ ૫ ॥ પાંડુગોરઃ—પીળા રંગના ચોખા, શારિવાખ્યો—એક જાતના ચોખા, રોધ્રપુષ્પઃ—એક જાતના ચોખા, સુગંધકઃ—ખુશબોના એક જાતના ચોખા, હાયનો—એક જાતના ચોખા, દીર્ઘ લાતશ્ચ—એક જાતના ચોખા, મહાદૂષક—ખરાબ જગાના મદકારી ચોખા, દૂષકો—રોગ ઉપજાવનાર જગાના ચોખા. ॥૬॥ પાતરીસ જાતના ચોખા થાય છે. ચોખા—મીઠાસે, સુહવાળા, ચીકણા, બળવધારનાર, બેવડું તેજ વધારનાર, પિત્ત કોપ સમાવનાર, વાયુ કફ અને પિશાબ વધારનાર. પચવાને હલકા, શિત્તળ. ॥ ૭ ॥ લાલચોખા—શ્રેષ્ઠ ગુણે, શરીર બળ અને રંગરૂપને વધારે, વાયુ પિત્ત અને કફ ત્રણેના કોપને ઝીતે; આંખોના રોગને, પિશાબના રોગને હરે, શુક્ર ધાતુને વધારે, તાવના રોગને તુર્ત હરે છે. ॥ ૮ ॥ ઝેરના રોગને, નાશ્રરની ગાંઠો અને ફોડકાના વિંધ રોગને હરે, થોડા અથવા અલ્પ ગુણો કરે. ॥ ૯ ॥ કાંમઠાની રીતે પિત્તને સમાવે, આનંદ ઉપજાવે, ખુશબો નીકળે, કોમળ, બળવાન, મુકુન્દકઃ નામે એક જાતના ચોખા છે. મહાષષ્ટિક કેદારં—મહાષષ્ટિક—ખેતરના ક્યારા

ના ચોખા, પુષ્પાંકુ—ફુલસંબંધી અવાજ. ॥ ૧૦ ॥ ષષ્ટિકા નામે સાંઠ દિવસે પાકેલા ચોખા, મધુર સ્વાદે, શિત્તળ, પચવાને હલકા, શરીર બળ વધારે, તેજ કાંતિને વધારનાર, વાયુ પિત્ત કોપને સમાવે, સુવાળા, સરખા ગુણે, અતિ ઉત્તમ, તુર્ત પચનાર, હલકાં, ચિકાસે, વાયુ પિત્ત અને કફના ત્રણે કોપને ઝીતે. ॥ ૧૧ ॥ પાચન થતા મીઠો રસ થાય, કોમળ, ભૂખ વધારી ઝાડા પિશાબને શોષનાર ગ્રાહી, સ્થિરતા રાખનાર, બળવધારનાર. રક્તશાળિ—લાલ ચોખા, સરખા ગુણે, તે ઉપરાંત અલ્પ ગુણ વધારે છે. કૃષ્ણ વ્રીહિસ્તુ—કાળા ચોખા, રિતકઃ—ચોખા વિનાનો ખાલી ભાત, કુકકુટાંડક નામે એક જાતના ચોખા, પાટળઃ—વેણુ ચોખા લાલ અને સફેદ મળેલા. ॥ ૧૨ ॥ શળાયુશ્ચ—એક જાતના ચોખા, રાજીવાક્ષો—એક જાતના ચોખા, નન્દી જન્તુ—એક જાતના ચોખા, મુખાદયઃ—એક જાતના ચોખા, આઠ જાતના ચોખાને વન્હયા કહે છે તે મધુર સ્વાદે, શિત્તળ, શાઠ દિવસે પાકનાર ચોખાના સરખા ગુણે. કૃષ્ણ વીન્હિ—ઉપલા કાળા ચોખાના ગુણો ઉપરાંત અલ્પ ગુણે ઓછા છે. ॥ ૧૩ ॥ શાળયો—છોતરા સાથેનો ભાત બળેલો કે સેકીને ભાતની ધાણી કરેલી પચવાને હલકી, લુખાસે, કફ કોપને હરે—સ્થૂળજા—જાડા મોટા ચોખા, સ્વાદિષ્ટ, મુખે રૂચિ આપનાર, પિત્ત અને કફ કોપને હરનાર, વાયુ અને ભૂખ વધારનાર. કેદારા—ખેતરોમાં ઉપજેલા ચોખા વાયુપિત્ત કોપને હરે, પચવાને ભારી, કફ અને શુક્ર ધાતુને વધારનાર. ॥ ૧૪ ॥ રોપ્યાતિરોપ્ય—વાવેલા ભાતને ફરી રોપેલો હોય તેના ચોખા પચવાને હલકા, પિશાબને વધારે, ગુણેતર. છિન્નરૂઢા-નવા કાપેલા ચોખા શિત્તળ, લુખાસે, પિત્ત કોપને હરે, પચવાને હલકા. પુરાણું—જુના ચોખા, આંખો અને મનને હિતકાર્ક, કુવત આપનાર, કામ કાજ કરવાને સુઝે. ॥૧૫॥ વધારે શોષાય, યુક્તધર્મ, લુખાસે, પચવાને હલકા, યાદશક્તિ વધારનાર, ભૂખ વધારનાર દીપન ગુણે, પાચન કર્તા, પવિત્ર, વાયુ અને

રસવિકારના કફ કોપને અત્તિશે હરનાર. વ્રીહિત્વં એટલે ચોખા જુદા જુદા છ ભાગે પેટમાં વેહેચાતા ઝડપથી પાચન થાય છે. ॥ ૧૬ ॥

(ઘંઊ, સેકેલા, રાંધેલા.)

ગોધૂમઃ, સુમનઃ, ક્ષુદ્રી, મધૂલી, રૂપશીતળા, નન્દીમુખો, અલ્પગોધૂ, મોળોકશી, પાસિકોચ્યતે; નવ નામ છે. મધુર; શિત્તળ, વાયુ અને પિત્ત હરનાર, પચવાને ભારી. ॥૧૭॥ કફ અને શુક્ર ધાતુ વધારનાર, બળવાન, ચિકણુસ્નિગ્ધ, ભાંગેલા તુટેલા અવયવને સાંધનાર તીર જેવા, જીવાડનાર, સંરક્ષણ કરનાર, તેજ વધારનાર, આનંદી, મુખે રૂચી આપનાર, સ્થિર પણું કરતા, દૂધ સહિત મધ જેવા, શિત્તળ, ચીકાસે, પિત્ત કોપ હરતા, મધુર સ્વાદે, હલકા. ॥૧૮॥ શુક્ર ધાતુ વધારનાર, પુષ્ટીકર્તા, પરેહજી રાખવા જેવા, આનંદ ઉપજાવનાર, મુખ્ય મતા, ઘણું કરીને લાંબા કાઠા ઘંઊ લૂખાસે, ઓછી ચિકાસે, હલકા ગુણે.

(જવ, રાંધેલા, સેકેલા.)

યવઃ, શુચિ, સ્તીક્ષ્ણુ, શૂકો, નિશૂકો, અતિયવો, યપરઃ ॥ ૧૯ ॥ પાંચનામ જવના અને એકનામે યતી ચવ છે. કશાયળા સવાદે, મધુર, શિત્તળ, પિત્ત અને કફકોપને ઝીતે, નાશૂરાદિક વિંધના રોગ ઉપર કરીજેવા, તલનીરીતે લુખાસે, બુદ્ધિ અને ભૂખને વધારે છે. ॥ ૨૦ ॥ રસાદિ ધાતૂ અને વાતાદિક દોષનું શોષણ કર્તા લેખનગુણે, ઝાડા પિશાબને બાંધે, વીર્યને વધારે, પરમો અને તૃષાના રોગને ઝીતે, વાયુ અને મળને ઘણો વધારે, મનની સ્થિર્તા રાખે, શરીરના રંગરૂપને વધારે, સવાદ વગરના ॥૨૧॥ તે ઉપરાંત અતિયવમાં ગુણ દોષ ઉપલા જવને મળવા છતા થોડોક ઓછા ગુણે જણાય છે.

(દાલ એટલે શિંગમાં થતું અનાજ, રાંધેલું, સેકેલું.)

મુદ્દગસ—મગ, ચણો—ચણા, માષ—અડદ,—ત્રણે અનાજ એક સરખા ગુણે છે. મસૂરસ—મસુર, ચક્રમંગલ્યો—ભમરડી, મકુષ્ટ—મઠ, ત્રણે એ ફ્રાડચાના છે. ॥ ૨૨ ॥ છ નામ છે.

વૈદલા એટલે વાલ-ચણા-વટાણા-તુવર ઈત્યાદિ બે ફાડચાના અનાજ મધુર સવાદે, લુખાસે, તુરાકે કસાયલા સવાદે,પાચન થતા તીખો રસ થાય, વાયુકોપ વધારનાર, કફ અને પિત્તકોપ હરનાર, મળમૂત્રાદિકને બાંધનાર, શરીરબળ વધારનાર, શિત્તળ. ॥ ૨૩ ॥ મગ અને મશૂર એ ઉપરાંત બાકીના ઉપલા સર્વે અનાજ અજીર્ણ કર્તા છે. શિંગનું અનાજ ઝાડા પિશાબને અટકાવનાર વિષ્ટંભી, પરમો અને આંખના રોગને હરે, વાયુ અને પિત્તકોપને ઊપજાવે. ॥ ૨૪ ॥ ઝેરના રોગને નિર્મળ કરે, પચવાને ભારી, મનને કુવત આપે, લુખાસે. પાચન થતા તિખો રસ થાય; સફેદ-લીલી-કાળી જુદા જુદા રંગે શિંગો ઘણી તરેહની થાય છે. ॥ ૨૫ ॥

(મગ અને તેની દાળ, રાંધેલી, સેકેલી)

મુદગો—મંગ એક નામ, બળાઢયો-અડદ, મંગલ્યો-મસૂરાદિ, હરિત એટલે લીલા મગ, કાળા અને અસમાની સરદી કર્તા શિત્તળ અનાજ છે. પીત્ત-પીળારંગે, પ્રચેતો-વરૂણરંગે, બળાકો—બળવાન, માધવ એટલે મીઠા સવાદે, વખણાયલા મગ પ્રસિદ્ધ છે. ॥ ૨૬ ॥ વનમુદ્ગગસ—જંગલી મગ, તુવરકો—તુવર, રાજમૃદુરતું, એ બે ફાડચાનું અનાજ લુખાસે, પચવાને હલકુ, ભૂખ વધારી ઝાડા પિશાબને શોષનાર ગ્રાહી ગુણે, કફપિત્તકોપને હરનાર, શિત્તળ. ॥ ૨૭ ॥ મીઠાસે, અલ્પવાયુ કર્તા, આંખોના રોગને, રંગ રૂપને ગુણ કર્તા છે. લીલા રંગે અનાજ પાચન થતા તિખો રસ થાય. ॥ ૨૮ ॥

(અડદ અને તેની દાળ, રાંધેલી, સેકેલી.)

માષો, જીર્ણુ કરો, ધારિ, ધવળો રાજમાષક; પાંચ નામ છે. પચવાને ભારી, પાચન થતા મીઠા રસે, ચિકણા, પુષ્ટ, વાયુને હરતા. ॥ ૨૯ ॥ ગરમ, બળવીર્યને ઉપજાવનાર, શરીરબળ વધારે, શુક્ર ધાતુને ઉપજાવે, પુષ્ટા કર્તા વૃંહણ અતિશે, ઝાડા પિશાબાદિક મળને. જુદો પાડનાર, કફ ભરેલી ચરબીને, પિત્તને, કફને વધારે. ॥૩૦॥ હરસના રોગને, ખાંશી અને હાફણને, પંક્તી શૂળરોગને જીતે છે.

રાજમાષ-મોટા અડદ મીઠાસે, લૂખાસે, કસાયળા સવાદે, પુષ્ટીકર્તા પચવાને હળકા. ભૂખ વધારી ઝાડા પિશાબને શોષનાર, વાયુ, કફની ચરબીને, લોહીને વધારે છે. ॥ ૩૧ ॥

(મસૂર અને તેની દાળ, રાંધેલી, સેકેલી.)

મસૂરિકા. મસૂર, એ નામછે. બળ વધારનાર, વાયુ કર્તા, ભૂખ વધારી ઝાડા પિશાબને શોષનાર ગ્રાહી, કફપિત્તકોપને હરે, પચવાને ભારી છે. ॥ ૩૨ ॥ ઉલટીને જીતે, પાચન થતા મીઠો રસ થાય, જીવાતના કૃમિ રોગને ઉપજાવે, તાવને જીતે.

(કાંગ, ચોળા, વાળની દાલ રાંધેલી, સેકેલી.)

નિષ્પાવોં, એક નામ છે. વાયુ ઉપજાવનાર, પિત્તને સમાવનાર, પિશાબ વધારે, તીરની રીતે દૂધ ઉપજાવનાર ॥ ૩૩ ॥ બળાત્તર ઉપજાવનાર વિદાહી, ગરમ, પચવાનેભારી, રસવિકારના સળાકમને, સોઝાને, પિશાબ અટકવાને, શુક્રધાતુના રોગને જીતે છે.

(વટાણા કાળા, લીલા અને સફેદની દાલ, રાંધેલા, સેકેલા.)

વર્તુળાસ્તુ; ગોળ વટાણાનું એક નામ છે. બીજી જાતના સતીન ચપટા વટાણા છે. ગોળ વટાણા શિત્તળ, ભૂખ વધારી ઝાડા પિશાબને શોષનાર ગ્રાહી ગુણે, કફ અને પિત્તકોપ હરનારા, પચવાને હલકા છે. ॥ ૩૪ ॥ પાચન થતા મીઠા રસે, લુખાસે, ત્રીજી જાતના લીલા વટાણાને હરેણુ કહે છે. તે ત્રણેના ગુણ દોષ એક બીજાને મળતા છે.—કલાય, ખંડિક, પ્રોક્ત, ત્રિપુર, ક્ષુદ્ર ખંડિક; પાંચ નામ સફેદ વટાણાના છે. કફ અને પિત્તકોપને જીતે, ભૂખ વધારી ઝાડા પિશાબને શોષનાર ગ્રાહી, શિત્તળ, અતિશે વાયુકોપ ઉપજાવનાર. ॥ ૩૫ ॥ ત્રણે જાતના વટાણા સરખા ગુણે છે; તે ઉપરાંત કફ અને પિત્તકોપને જીતે છે.

(ચણા અને તેની દાળ રાંધેલી, સેકેલી.)

ચણકો; એક નામ છે. હરિ મન્થ એટલે વાયુનું મથન કરે, સ્યાદ્વાજી મન્થશ્ચ એટલે શુક્ર ધાતુનું મથન કરનાર વાજીકરણ ગુણે, પાણીના ગુણે જીવન કે આયુસ વધારનાર. ॥ ૩૬ ॥ શિત્તળ,

ભુખાસે, લોહીના ઝાડા ઉલટીના રક્ત પિત્ત અને કફ કોપને જીતે, પચવાને હલકા, કષાયલા, ... પિશાબાદિક મળની બંધાયળી ગાંઠોને છુટી કરી બહાર પાડનાર વિષ્ટંભી, વાયુ ઉપજાવનાર, શરીર સડાને જીતનાર. ॥ ૩૭ ॥

(કાળી, પીળી મસૂર આંખી કે દાલ, રાંધેલી, સેકેલી.)

મસૂરિકારિ, મસૂરિ મંાંગલ્યા, પાંડુ રાપળ; મસૂર ત્રણ જાતની છે. પાચન થતા મીઠો રસ થાય, ભૂખ વધારી ઝાડા પિશાબને શોષનાર ગ્રાહી ગુણે, શિત્તળ, પચવાને હલકી, કફ પિત્ત અને બળને ઉપજાવે, રોગને સમાવે, સંકોચ કરે, પાચન થતા હલકી છતા તેનો તિખોરસ થાય. ॥ ૩૮ ॥

(કુલ્થીનું અનાજ, રાંધેલું, સેકેલું.)

કુલત્થ, ચક્ષુક, ચક્ષુ, કુલાલી, વનજ : પર :; પાંચ નામ છે. બીજી રીતે કબુલ કરવાથી આંખોનો રોગ કુલ્થી નિર્મળ કરે છે. કુલાલી એટલે જંગલની કલ્થી આંખોને હિતકારી. કુંભકારી એટલે તેનું અંજન કરેથી આંખનો મળ દૂર થાય છે. ॥ ૩૯ ॥ કુલ્થી ખાધામાં ઉગ્ર, તિખાસે, તુરાસે, લોહીના ઝાડા ઉલટીના રક્ત પિત્તરોગને જીતે, પચવાને હલકી, અગ્નિ ઉપજાવનાર, ગરમવીર્ય. શ્વાસ હાફણને, ખાંશીને, કફ અને વાયુ કોપને, હેડકીને, પિશાબની જગાએ પથરીના રોગને, શુક્ર ધાતુ ગત રોગને, અજીર્ણું રોગને, નાકના રોગને, રસવિકાર કે સળકમના રોગને જીતે છે, હાથે પગે ઝરતું પાંણી કે વહેતા પરસેવાને બંધ પાડે, પેટના ગુલ્મ રોગને, બગડેલી ચરબીના મેદ રોગને, જીવાતના કૃમિ રોગને મહાદેવના ઝુધની રીતે જીતે છે. ॥ ૪૧ ॥ જંગલની કુલ્થી અતિ શિત્તળ, આંખોના રોગને, ઝેરના રોગને જીતે છે.

(તલ સફેદ, રાતા અને કાળા રાંધેલા, સેકેલા.)

તિલ, પુળ, રતૈલ, ફળરિતલ, પિંજોયપર, સિત. ॥ ૪૨ ॥ જાતિસો, વનજાત, આઢકી, તુવરી મતા; દશ નામ છે. તુરા સવાદે, મિઠાસે, તિખાસે, પાચન થતા તિખારસે, ભૂખ વધારી

ઝાડા પિશાબને શોષનાર, પચવાને ભારી, સ્વાદિષ્ટ, ચીકાસે, પુષ્ટીકર્તા, કફ અને પિત્તને ઉપજાવે છે. ॥ ૪૩ ॥ બળ વધારનાર, શરીરના વાળને વધારનાર, શરીરે શિતળ તેલ મરદન કરેથી ચામડીને સુવાહલી કરે, ફોડકા નાસૂરાદિક વિંધના રોગને ઘણું હિતકારી, કોઠાની અગ્નિને ઉપજાવે, વધારે થતા પિશાબને અટકાવે, શરીરમાં પસરે, શરીરની ધાતુનો નાશ કરનાર, અગ્નિને ઉપજાવે છે. ॥ ૪૪ ॥—કાળા તળ સર્વે ગુણે શ્રેષ્ઠ, શુક્ર ધાતુના વીર્યને વધારે, સફેદ મધ્યમ શિત્તળ ગુણે; ત્રિજી જાતના ગાજરા તલ ઓછા ગુણે, લોહી ઉકાળાના સર્વે રોગને જીતે છે. ॥ ૪૫ ॥

(ધાણાના બીજ, રાંધેલા, સેકેલા.)

તુંબરી ; એકનામ છે. ભૂખ વધારી ઝાડા પિશાબને શોષનાર ગ્રાહી, શિત્તળ, પચવાને હલકા, કફકોપને, ઝેરના રાગને, લોહી ઉકાળાના સર્વે રોગને જીતે છે.

(અળશીના બીજ, રાંધેલા, સેકેલા.)

અતસી, મસૃણા, નીળ પુષ્પી, ચેલૂત્તમા, ક્ષુમા ; ॥ ૪૬ ॥ પાંચનામ છે. શુક્રધાતુને વધારે, આંખોના રોગને હરે, ચીકણી, વાયુકોપને જીતે, પચવાને ભારી છે. ॥ ૪૭ ॥

(કસુંબોઅને તેના બીજ, રાંધેલા, સેકેલા.)

કૌસુંભં, વાધ્ધંકી, પીત મલક્ત, વસ્ત્રરંજની; ચાર નામ કસુંબાના છે. કિરટી, સ્ત્રવ્વી, શુદ્ધ પયોત્તરા; ત્રણ નામ તેના બીજના છે. ॥ ૪૮ ॥ કસુંબો—વાયુ ઉપજાવનાર, પિશાબ અટકાવના મૂત્ર કૃચ્છરોગને, લોહી ઝાડા ઉલટીના રક્ત પિત્તરોગને, કફ કોપને જીતે છે. કસુંબાના બીજના ગુણ દોષ અળસીને મળવા છતા ઘણું કરીને ઝેરના રોગને હરે છે. ॥ ૪૯ ॥

(રાઈ, સરશી, અસાલીયાના બીજ, રાંધેલા, સેકેલા.)

સર્ષપ :, કટુક :, સ્નેહો, ભૂતઘ્નો, રક્ષિતાફળ :, તુંતુંભોયન્યઃ પાંચ નામે સરશી છે. પોતાનો તિક્ષણ ગુણ ખચીત દેખાડનાર, સિદ્ધાર્થ એક નામ ; સફેદ સરશીનું છે. ॥ ૫૦ ॥ રાજીકા ; એક

નામ રાઈનું છે. સુરીરાજી એક નામ અશાલીઆનું છે. તીખ્ખા કે તીક્ષ્ણ પણે કૃષ્ણ સર્ષપ એટલે કાળા રંગે સરશી, રાઈ, અશાલીઓ કફ અને વાયુ કોપને હરે, તીક્ષ્ણ ગુણ ભરેલા ગરમ, લોહી ઝાડા અને ઉલટીને ઉપજાવે, થોડા રૂક્ષકે લુખાસે, કોઠાની અગ્નિને વધારે, ખુજલી અને શરીર સડાને, જીવાતના કૃમિરોગને જીતે છે. ॥ ૫૧ ॥ રાઈનાં સર્વે ગુણ તેમાં મળવા છતાં અતિ તીખાસે ગરમ છે.

(સણઅને તેના બીજ રાંધેલા, સેકેલા.)

શણ, માતુલાની, જન્તુ. તન્તુ મહાશણ; ચાર નામ છે. શિતળ, ભારી, ભૂખ વધારી ઝાડા પિશાબને શોધનાર ગ્રાહી ગુણે, તેના ફુલ બૈરીના પિશાબ માર્ગે ધાતુ વહેવાના પ્રદર રોગને જીતે છે. ॥ ૫૨ ॥

(કાંગના ચોખા, સામો, કોદરા, વરહી જંગલી અનાજ.)

કંગુ શ્યા, માકની, વાર, વરક. ઉદ્દાળ, નર્તકા. વરટિકા, તોદપર્ણી, કો દ્રવશ્વ, મધુલિકા ॥ ૫૩ ॥ નન્દી મુખી, વેણુંર્યવા, પ્રિયંગુ. કોરદુષિકા, ગવેધુકા. નજો, નાળી, મુકુન્દં, વારિકાદિકમ્. ॥ ૫૪ ॥ ઓગણીસ જુદા જુદા નામે જંગલી અનાજ છે. પચવાને હલકા, મીઠાસે, પાચન થતા તિખો રસ થાય. રસાદિ ધાતુનું શોષણ કર્તા લેખનગુણે. લુખાસે. ગરમ, ઝાડા પિશાબાદિકને શોષે, વાયુપિત્તનો કોપ ઉપજાવે. ॥ ૫૫ ॥

(પીળા અને શામળા કોદરા, રાંધેલા કે તળેલા.)

પીત તંડુલિકા. કંગુઃ, પ્રિયંગુઃ, કર્કટીમતા, સિત કંગુસ્તુ, મુસટી, રક્તકંગુસ્તુ, શોધિકા, ચીનાકઃ, કાક કંગુ. તેમજ શામળા રંગના—શ્યામકઃ, શણુ કંગુકઃ ॥ ૫૬ ॥ બારનામ છે. તેનો ગુણ દોષ નિચે લખેલા છે.

(છાળા સાથેના કોદરા, રાંધેલા.)

શાળાદયઃ, કંગુભેદાઃ. કોદ્રવ, કુરસઃ. કોદ્રવઃ. કોરદુષઃ, તેમજ ઉદ્દાલી, વનકોદ્રવઃ,પ્રિયંગુઃ, નવનામછે. ઉપલા પીળા કોદરા પુષ્ટીકર્તા,

ભાંગેલા તુટેલા અવ્યયવને સાંધનાર, પચવાને ભારી. ॥ ૫૭ ॥ શામળા રંગે કોદરા શોષણ કર્તા, શિત્તળ. લુખાસે, પિત્ત અને કફકોપને હરે છે. ઉપર લખેલા સર્વે કોદરા શિત્તળ ગુણે, ભૂખ વધારી ઝાડા પિશાબને શોષનાર ગ્રાહીગુણે, ઝેરના રોગને, પિત્તકોપને, કફકોપને જીતે. ॥ ૫૮ ॥

(નીવાર નામે દેવભાત રાંધેલો.)

નીવાર, ઉટિકાનાડી, મુનિ વ્રીહિર, મુનિ પ્રિયઃ, ચાર નામ છે. શિત્તળ, ભૂખ વધારી ઝાડા પિશાબને શોષનાર ગ્રાહીગુણે, પિત્તકોપને જીતે, કફ અને વાયુને ઉપજાવે. ॥ ૫૯ ॥

(જુવાર, રાંધેલી, સેકેલી.)

યવનાળો, દેવધાન્યં, જુહવ, લિગ્રુહુંવ, લોયનલઃ, ચાર નામ છે. મિઠાસે, શિત્તળ, વાયુ ઉપજાવનાર, કફપિત્તને જીતે. ॥ ૬૦ ॥

(કસેઈના બીજ, રૂષીને ખાવાના ચોખા.)

ગવેધુકા, કર્ષણી, તેમજ ગોજીહવા, કર્ષિણી; ચાર નામ છે. કડવાસે, મિઠાસે. શરીર નબળાઇ અને કફ કોપનો નાશ કરેછે ॥૬૧॥

ઉપલા ચોખા ઈત્યાદિ ફરાળનું પવિત્ર અન્ન આ ગુણે. નબળા, રોગ હર્તા, હમેશ માટે. પૃથ્વિમાં સર્વે નવા ઉપજેલા, જગતમાં પ્રસિદ્ધ, વનસપત્તિ અન્નાદિક છતા ફરાળમાં ગણાય, અતિ ગુણવાન છે. ॥ ૬૨ ॥ અનાજની રીતે ભૂખને સમાવે, નવા તાજા હોય તો નસોમાં તેની ચિકાસ પસરે, બળ વધારનાર, પચવાને ભારી. મિઠાસે, કફ વધારનાર, પુષ્ટીકર્તા, શિત્તળ. સર્વે અનાજના ગુણને મળતા, ભારીપણું, હરેક રોગમાંથી છોડાવનાર. ॥ ૬૩ ॥ ધાતુ વિર્યને તૂતં નહી વેહવડાવતા બાંધે, હમેશા ખાધા પીધાથી અનુક્રમે સંશુદ્ધિ ઘણી ઉપજાવે, કોઠાની અગ્નિને વધારનાર વિદાહી, પચવાને ભારી, ભૂખ વધારી ઝાડા પિશાબને સોષનાર ગ્રાહી ગુણે, ખરાબ ઓપડો કે પદાર્થે બગડેલા કોઠાને સુધારનાર, આંખોના રોગને હરે છે. ॥૬૪॥ જુદા જુદા રંગે જવ, ઘંઊ, તલ, મગ, અડદ નવા હોય તો સ્વાદિષ્ટ

રૂચી ઉપજાવનાર, કોઠારમાં ભરી રાખેલું કે જુનું અનાજ સ્વાદ-વિનાનું કે મુખે રૂચિ નહી ઉપજાવે, પણ ગુણકારી છે. ॥ ૬૫ ॥

यो राज्ञा मित्यादि धान्योऽय ललितपदे श्री मदनपाल नृपेण निर्मितेऽत्रस्तु धान्य वर्गः । ईति धान्य वर्गो दशमोऽध्याय संपूर्णः ।

શ્રી મદનપાળ નૃપના નિઘંટનો ધાન્યાદિક રાંધેલા અને સેકેલા વર્ગનો દશમો અધ્યાય સંપૂર્ણ.

અગીયારમો અધ્યાય પ્રારંભ.

આહારાદિક વિધીનો.

राधा हरिं चरणयोः पतितं कराभ्यां । कोपाज्जघान तमुदीक्ष्य पुनर्ह सन्तम् ॥ तत् पादयोः समयतश्च किता भियातां ऊत्थापयन् जयति कैतव गोप वेषः ॥ १ ॥

વિશાખા નક્ષેત્રમાં બીજ પેરેલું ઈશ્વર કૃપાથી અને સૂર્ય ચંદ્રના પડેલા કિરણ પ્રતાપે, હાથી ઘોડા બળદ ઇત્યાદિક જનાવર અને માણસોના પગે છુંદીને મસળેલું, જળ વૃષ્ટી થયા પછી બીજી વખતે પગેથી છુંદી મસલી કચર ધાણ કરેલું, તરૂણ રોપાને એક જગાએથી ઉખેડી બીજી જુદી જુદી જગાએ રૂઝવાને રોપેલું; ગામેગામ પૂર્વેથી રીત ચાલે છે.

(અન્નાદિ આહાર કે ખોરાક.)

આહારં, ભોજનં, જગધિર, નિત્યશો, જીવનં તથા (પાંચ નામ છે) અન્નાદિક ભોજન કરવાથી જગતમાં શરીરનું બળ તેજ વખતે વધારનાર, હુશીયારી આપનાર, તૃપ્તિ કરનાર, હમેશા ખોરાક ખાધાથી શરીરની વૃદ્ધિ કરનાર, આયુષને ખરેખર વધારે. ॥ ૨ ॥ માંસ, ચરબીને, શરીર તેજને વધારે, શબ્દ સ્વરને શોહેતા આપે, સંતોષ પમાડી ધીરજ રખાવે, ભૂખે નબળાઈ થયેલીને હટાવી સજીવન શરીરને કરે, તેજી વધારે, બુદ્ધિને ઉપજાવે.

(રાંધેલાં કે બાફેલા, સેકેલા ચોખા, ખીચડી ઈત્યાદિ.)

ભક્ત, મન્ધસ્તુ, ભિત્સોહં, કરંદિ, દિવિશોદનઃ, પાંચ નામ છે. ભૂખ ઉપજાવનાર, પથ્ય કે કરી પાળવા જેવો, નિરોગી, તૃર્ત તૃપ્તી કર્તા, પિશાબ વધારનાર, પાચન થવાને હલકો. ॥ ૩ ॥ ઉકાળેલા પાણીમાંથી ચોખા ગાલી લીધાથીકે ઓશાવી લીધેલા ચોખાનો ભાત, ગરમ, સ્વચ્છ, ગુણકારી, આનંદ ઉપજાવનાર. વગર ઓશાવેલા કે થોડા પાણીમાંજ બાફેલા ચોખા શિત્તળ, પચવાને ભારી, પુષ્ટીકર્તા, કફ ઉપજાવનાર. ॥ ૪ ॥ સેકેલા ચોખા કે ભાતની ધાણી મુખે રૂચી અને સુગંધી ઉપજાવે, કફ કોપને જીતે, પચવાને હલકા છે. ચોખાને માંસ સાથે મેળવી રાંધેલી ખીચડીકે ફળ ફળાદિકમાં, જલમાં અથવા વાળ વટાણાદિક કઠોળ સાથે ચોખા મેળવી રાંધેલી ખીચડી અગર દૂધ કે દહીમાં રાંધેલા ચોખાનો ભાત અથવા ચોખાના ભાતમાં માંસાદિકનો ઊકાળો, ફળ ફળાદિકનો મૂરબ્બો, દાળાદિક કઠોળાની રાબ. દુધ કે દહી આમળી કોકમનો સાર કહી, મેળવીને ખાવાને ગુણકારી રીત છે; તેમાં ઘી તેલાદિક ચિકાસ અને તરેહ તરેહના શાક ભાજી ઇત્યાદી ચોખાના ભાત સાથે મેળવીને ખાધાથી ભૂખને સમાવનાર, શરીર પુષ્ટીકર્તા, બળ વધારનાર. કફને ઉપજાવનાર. ॥૫॥ વાયુ કોપ અને જ્વરાદિક તાવને હરે છે. ઘોલ નામે ચોખાનો ભાત અથવા જાડી છાસનો મઠો, દહી સાથે ચોખાનો ભાત રાંધેલા ખાવાથી સંગ્રહણીના ઝાડા, હર્શનો રોગ, મેહન્તના થાકોટાને દૂર કરે ખાધેલો ખોરાક પાચન કર્તા; શિત્તળ ગુણે.

(ચોખાદિકની રાબ કે ઓશામણ અથવા ઘેસકે માવો.)

અત્તિ ગર્માગર્મ રાબ પીધાથી શરીર બળ અને ચરબીને ઘટાડે, શિત્તળ થયેલી રાબ ફરીને ગર્મ કરી પીધાથી રોગ ઉપજાવે. ॥ ૬ ॥ બગડેલી કે ઉતરેલી પીધાથી શરીરે નબળાઇની ગળાની અને રોગ ઉપજાવી શરીર બગાડેછે. મન પસંદ ઊંફાયલી ચોખાની રાબ કે ઓશામણ (સોમ) ગુણકારી મસ્તકને તર કર્તા, બોલવાની શક્તી વધારે, તાવને, તૃષાના રોગને હરે, બળ વધારનાર, પુષ્ટી કર્તા, ઈચ્છા

ઉમેદ સુખ ઉપજાવનાર, મિઠાસે, સ્વાદિષ્ટ, વારંવાર પીવાને પ્રીય લાગે. ચોખા સાથે માંસનો ઉકાળો કે રાબ પીનારને મિઠ્ઠી લાગે, વધારે પીધાથી અપચો થઇ ઉલટી રીતે વિપરીત થાય. ॥ ૭ ॥

ચોખાના વજનથી ૭ ઘણાં વજને પાણીમાં ઉકાળી સિદ્ધ કરે તો રાબ થાય. છોતરા સાથે ચોખાના વજનથી ચોગણું પાણી મેળવી, ઉકાલી સિદ્ધ કરેથી લાપશીની રીતે નર્મ ઘેસ થાય, રાબ નર્મ કરવાને ચોખાથી ચઉદ ઘણું પાણી મેળવીને ઉકાળવાથી ગુણકર્તા ગણાય. ॥૮॥ જાડી રાબ કે ઘેસ સિદ્ધ કરવાને ચોખાદિક અનાજના વજનથી ચઊદ ઘણું પાણીમાં ઉકાળવાથી નર્મ ઘેશ થાય છે.

(ચોખાઈત્યાદિની જાડી રાબ કાંજી.)

યવાગૂ; એક નામ છે. ભૂખ વધારી ઝાડાપિશાબને શોષનાર ગ્રાહી ગુણે, પાણીની તૃષાને, તાવને સમાવે, ઝાડા અને પિશાબના બસ્તિસ્થાનનું સોધન કરે છે. ॥ ૯ ॥

(ચોખાઈત્યાદિકનો શિરો કે લાપશી.)

વિલેપી; એક નામ છે. ભૂખ વધારનાર દીપની, શરીર બળ વધારે, હૈયાના રોગને સમાવે, ઝાડા પિશાબને શોષે, પચવાને હલકી, વિંધના નાસૂરાદિક રોગ ઉપર કરી રાખવા જેવી, તૃપ્ત કરનાર, ભાંગેલા અવ્યયવને સાંધનાર, તાવના રોગને હરનાર. ॥ ૧૦ ॥

(ચોખાઈત્યાદિકની પાતળી રાબકેકાંજી.)

પેયા ; એક નામ છે. પાસળાના શૂળ રોગે પકડેલાને, તાવને. અતિસારના ઝાડાને ઝીતે, મુખે રૂચે આવે, ભૂખ વધારે, પચવાને હલકી, સર્વે રોગને હરે, ઝાડા પિશાબાદિ બંધાયલા મળને છોડે, શરીર નાવાળને વધારે. ॥ ૧૧ ॥

(ચોખાઈત્યાદિકની ઘેસ, આટોલું રાબ.)

મંડો; ચોખાના વજનથી ચોગણું પાણી મેળવી ઉકાળી જાડી ઘેશ કરવી તેનું એક નામ છે. ભૂખ વધારી ઝાડા પિશાબને શોષનાર ગ્રાહી, પચવાને હલકી, શિત્તળ, ભૂખ વધારનાર દીપન, ધાતુ વધાર નાર, કાને સાંભળવાની નબળાઇને, તાવને, રસ વિકારને ઉપજાવે, મેહન્તના થાકોટાને હરે. ॥ ૧૨ ॥

(કાચા કે સેકેલા જવની કે ભાતની ધાણીની રાબ કાંજી ઘેસ, શિરો.)

યાબ મંડો; કાચાજવની રાબ, યવૈર્ભૃષ્ટૈ,–સેકેલાજવની રાબ; લાજ મંડસ્તુ શાળિભિઃ,–છાતરા સાથેના ચોખા પાણીમાં ભીંજવી સેકીને કરેલી ધાણી. ત્રણેના એકેક નામ છે. જુદા જુદા જવની રાબ પચવાને હલકી, ભૂખ વધારી ઝાડા પિશાબને સોપનાર ગ્રાહી, શૂળા રોગને, ઝાડો પિશાબ સાફ કરી વધારે, વાયુ પિત્ત અને કફના ત્રણે કોપને ઝીતે. ॥ ૧૩ ॥ નવ તરેહના તાવ રોગ જીતવા ઉપર પરેહજી રાખવા જેવી. પડવળ અને વનસ્પતીના ગુણો નીરોગી છે, તેમ ભાતની ધાણીની રાબ પાણીની પચવાને હલકી, ભૂખ વધારી ઝાડા પિશાબને સોપનાર ગ્રાહી, તુર્ત પાચન થઈ ભૂખ વધારે. ॥ ૧૪ ॥

(ચોખા અને મગનો ઉકાળો કે રાબડી જેવી ખીચડી.)

ચોખા અને મગ અરધો અરધ ભાગે જરા સેકીને ઉકાળવા એકરસ થયાથી તેમાં હિંગ અને સિંધાલૂણ ખાર, ધાણા કે તેના પાંત્રા, મરી, સુંઠ અને પિપર મેળવી ઉકાળવું. ॥ ૧૫ ॥ તેને અષ્ટગુણો મંડો કહે છે, તે પીધાથી સર્વે જાતના તાવ કે વાયુ પિત્ત અને કફ ત્રણેના કોપે થયેલા રોગ દૂર થઈ, લોહી અને ભૂખને વધારે, પ્રાણાદિક જીવને ચેતન આપે, શિત્તળ, પચવાને હલકા. ॥ ૧૬ ॥

(એ ત્રણ જાતનાં અનાજ કે કઠોળાદિકની કઢી કે ઉકાળો.)

યુષઃ, મેળવેલા અનાજ કે કઠોળની કઢી કે સાર કરવાને અનાજના વજનથી અઢાર ઘણું પાણી મેળવી ઉકાળવું; તેમાં મગ મેળવેલી રાબ ઉત્તમગુણે, ભૂખ વધારનાર દીપન, શિત્તળ, પચવાને હલકા છે. ॥ ૧૭ ॥ લિંધના નાસૂરાદિક રોગને, જીવાતના કૃમિરોગને, બળત્તરની દાહને, કફકોપને, પિત્તકોપને, તાવને, લોહગંધાને ઝીતેછે.

(દાડમ ફળની કઢી કે ઉકાળો.)

દાડિમામળકૈર્યુષઃ, એક નામ છે. દાડમફળના દાણા અ-

થવા આંમળા ઉકાળીને કઢી, પીધાથી પિત્ત અને વાયુકોપને હરે, પચવાને હલકી. ॥ ૧૮ ॥

(મગ અને આંમળાની કઢી, સાર કે ઉકાળો.)

મુદ્ગામળકૈર્યુષ ; એક નામ છે. મગ અને આંમળા ઉકાળી તેની કઢી પીધાથી, તેની શિત્તળતા શરીરમાં ભેદાય, કફ અને પિત્તકોપને જીતે ; પાંણીની તૃષાને, શરીર બળત્તરની દાહને સમાવે, શિત્તળ, ગરમીની મૂર્છાને હરે,અતિ મેહનતના થાકોટાને હરે.॥૧૯॥

(કુલ્થીની કઢી કે ઉકાળો.)

કુલત્થયુષો; એક નામ છે પેટના ગુલ્મરોગને, હર્શના રોગને. કફકોપને, વાયુકોપને સમાવે; મીઠા પરમાના રોગને. પેટના શૂળ રોગને, બગડેલી ચરબીના મેદરોગને. પરમાના રોગને જીતે, ભૂખને, બળને વધારે છે. ॥ ૨૦ ॥

(મસુર, વાલ, વટાણા. ચોળાદિક શિંગના મુળની કઢી કે ઉકાળો.)

સૂપ્યમૂળકજ્ઞેયુષો:, એક નામ છે. ઉપલા અનાજોના રોપાનાં મળ ઉકાળી રાબ પીધાથી ગળાનો સ્વર સુધરે, કફના તાવને, હાફણને. ખાંશીને,સળકમને,બગડેલી ચરબીના મેદો રોગને. કૃમિ કે જીવાતના રોગને જીતે, ભૂખે રૂચી આવે છે. ॥ ૨૧ ॥

(ચણાની કઢી કે ઉકાળો.)

ચણકૈર્વિહિતોયુષો ; એક નામ છે. ચણાની રાબ ઉકાળી પીધાથી શિત્તળ, તુરાસે, પચવાને હલકી, લોહીના ઝાડા ઉલટીના રક્તપિત્ત રોગને, રસવિકારના સળકમને, ખાંશીને, પિત્તકોપને, કફકોપને જીતે છે. ॥ ૨૨ ॥

(મઠની કઢી કે ઉકાળો.)

મકુષ્ઠયુષ:; એક નામ છે. ભૂખ વધારી ઝાડા પિશાબને શોષે, પિત્તકોપને, રસવિકારના સળકમનો, તાવના રોગને હરે છે; પચવાને હલકી, શરીર પૂષ્ટ અને તૃપ્ત કર્તા, પરહેજી રાખવા જેવી, હૈયાના રોગને, સળકમને, ખાંશીને જીતે. ॥ ૨૩ ॥

(યૂષ એટલે કઢી કે ઉકાળા.)

યૂષ ; એટલે કઢી ઉકાળવામાં નિમક અથવા સિંધાલુણ ખાર અને ઘી તેલાદિક સ્નેહ તથા મેથી ઈત્યાદિક, કડવી વસ્તુએ વધારવાથી સ્વાદીષ્ટ અને સિદ્ધ થાય, તેને કૃત યુષ કેહે છે; અગર મેથી ઇત્યાદિક કડવી વસ્તુનો વધારાદિક કરયો નહી હોય તો તે કઢી કે સારની સિદ્ધતા ન થતા ઉકાળો ગણાય, તે ઉકાળો પીધાથી પચવાને ભારી, સિદ્ધ થયેલી પાચન થતા હલકી ગણાય; જે કઢીના ઉકાળામાં દહી કે છાસ, ગોળ, ધાણા, મસાલો, નિમખાદિક ખાટા મીઠા ફળફળાદિક મેળવી, મેથી ઈત્યાદિકે વઘારેલી કઢી કે સાર સિદ્ધ કરેલી હોય તો, પ્રથમ કહેલી રીતથી બીજી કઢી કે સાર ભારી, તૃપ્ત કર્તા, વાયુકોપને હરનાર, મૂખે રૂચી આપનાર છે. ॥ ૨૫ ॥ ધીરજ કર્તા, બુદ્ધિને સુધારે, વિચારશક્તિને વધારે, સદગુણે વરતાવે. ॥ ૨૬ ॥

(શિંગોમાં બે ફાડચાના કઠોળની દાળનો ઉકાળો અથવા સેકેલી દાલ.)

સૂપ્યંત્ , સૂપ્યકો ભૂષ્ટૈ :, ચણા, તુવર. વાળ, વટાણા, મગ ઇત્યાદિક, શિંગમાં થતા બેફાડચાના અનાજને દાલ કહે છે. તુરાસ્વાદે, ઝાડા પિશાબાદિક બંધાયલા મળને છુટા પાડનાર, લૂખા ગુણે, ઘણું કરીને નિર્મળ ગણાય છે. છોતરા કહાડેલી દાલને સેકવાથી કે ઘી તેલાદિકમાં, તળવાથી સિદ્ધ અને ઘણી સ્વાદિષ્ઠ ગુણે થાય છે. ॥ ૨૭ ॥.

(ખિચડી એટલે બે ત્રણ જાતનાં અન્ન મેળવી રાંધે છે.)

કૃશરા ; એકનામ છે. થોડી અડદની દાલ પાણીમાં નાંખી ખિચડી કરવાને તલ અને ચોખા વધારે મેળવી કાળવેથી પાણી બળીને ખિચડી થાય ; તે ખાધાથી શરીર બળ વધારનાર, ભૂખ વધારી ઝાડા પિશાબને સોષનાર, સિદ્ધ કરેલી કઠોલાદિક અને ચોખા મેળવેલી ખિચડી છે. ॥ ૨૮ ॥ શુક્ર ધાતુને ઉપજાવનાર, શરીર પુષ્ટ કર્તા, પચવાને ભારી, પિત્ત અને કફને ઉપજાવે, ઘડપણની નબળાઈને દૂર કરે, પુષ્ટિ કર્તા, ઝાડા પિશાબાદિક મ-

બને ઉપજાવે, હૃદયના રોગને જીતે, વાયુ કોપનો નાશ કરે છે. ॥ ૨૯ ॥ તત્કાળ તેનો ગુણ જણાય, તેનો અઉશ સુખધાન્ય જેવો ગુણકારી છે.

(ખીર.)

ક્ષીરેચ, પરમાન્નં, પાયસં, ક્ષીરતંડુળે. ॥ ૩૦ ॥ ચાર નામ છે. ઘડપણની નબળાઈને દૂર કરે, બળ વધારનાર, ધાતુ પૂષ્ટ કર્તા, પચવાને ભારી, ઝાડા પિશાબની બંધાયેલી ગાંઠોને છુટી પાડે, પિત્તકોપને હરનાર, લોહી ઉકાળાને, લોહી ઝાડા અને ઉલટીના રક્ત પિત્તને સમાવે, તૃષાના રોગને, શરીર બળત્તરને, વાયુ કોપને હરે છે. ॥ ૩૧ ॥

(મૂરબ્બા, અથાણાદિક—)

ખાંડવ; એક નામ છે. ગોળ, ખાંડ અથવા શાકરાદિકની ચાસણીમાં આંબા ઇત્યાદિક ફળો, તેલાદિક ચિકાશ અને આદુ ઈત્યાદિક મસાળો મેળવ્યાથી તેને ખાંડવ કેહે છે. ॥ ૩૨ ॥ તે શિતળ અને મૂખેરૂચી આપવાને, સિંધાળુણાદિક ખાર તથા સ્વાદિષ્ટ થવાને લિંબુ ઇત્યાદિક, ખાટા રસના ફળ મેળવેથી ખાટો મીઠો, રસ તેમાં ઉપજે છે. ॥ ૩૩ ॥ મૂરબ્બો અને અથાણાદિકનો સ્વાદ મીઠાસે, ખટાસે, રસ સહિત થાય છે. તે ભુખને વધારનાર દીપન, પુષ્ટી કર્તા, મુખે રૂચી વધારનાર, તીખાસે, હૃદયને હિતકારી, મેહન્તના થાકોટાને હરનાર. ॥ ૩૪ ॥

(આંબાદિક છ પ્રકારના ફળનો મુરબ્બો, અથાણા.)

આમ્રા, આમલકલેહા; બે નામ છે. હૈયાના બળને, બુદ્ધિ, બળને વધારે, તર્પણ કર્તા, મુખે રૂચી આપનાર, ચિકણા, મીઠાસે-પચવાનેભારી, ઘણા ગુણકારી છે. ॥ ૩૫ ॥

(શિખણ દહીનું.)

પક્વામા, માર્જીકા, માર્જીકા બુધૈઃ; ત્રણ નામ છે. ઘી, મધ, ખાંડ કે સાકર, મરી, એલચી નિચવેલા દહીસાથે મેળવી મથવું. તેમાં કેશર, એલચી, જાયફળ, કપૂરાદિક સુગંધીનું ચૂર્ણ મેળવી

ખુસ્બોદાર કરવું. ॥ ૩૬ ॥ શુક્રધાતુ અને બળ વધારનાર, ભૂખરૂચી આપનાર, વાયુપિત્ત અને કફ કોપને જીતનાર. ॥ ૩૭ ॥ ચીકાસ સ્નિગ્ધ,પચવાને ભારી,રસવિકારના સળકમ ઇત્યાદિ રોગને દૂર કરેછે.

(પન્નુ, સાર, સરબત.)

પાનકં, પંચસારા ભીધં ; એ નામ છે. દરાખાદિક ફળમાં મધ. ઘી પાણી, ગોળ, ખાંડ કે સાકર મેળવી મસલીને એક રસ થયા પછી તેમાં મરી, મસાળો, આદુ, એલચી, લવંગ, કપૂરાદિક ચાર જાતની સુગંધી મેળવી ઉકાળીને સિદ્ધ કરેથી, ખાટું સરબત એક જાતનું અને બીજુ મીઠાસ ભરેળુ સરબત કે પન્નુ થાય. કાચા ફળના રસમાં કે પાણીમાં મસળીને સરબત કરી પીવુ અને બીજો ઉકાળો કરી સિદ્ધ કરે છે. ॥ ૩૮ ॥ એવી બે રીતે પન્નુ થાય છે. દ- રાખ, ખજુર, ફાળસા ઈત્યાદિક કાસ્મર્ય્ય ફળના રસમાં અથવા તેમાં પાણી અને ઘી. મધ ખાંડ કે સાકરાદિક મીઠાસ મેળવી મસ- ળવાથી નિરસ પદાર્થના રૂપ ગુણે(પાનકં)નામે સાર થાય છે. ॥૩૯॥ પાંચે તરેહના ફળ મસળી તેના રસમાં કે ડુંહામાં એલચી, લવં- ગ, કપૂરાદિક સુગંધીની વસ્તું મેળવી પીવાથી, પિશાબ વધારે આવે હૈયાને બળ આપે, રસવિકારના સળ કમને, તૃષાના રોગને, મેહન્તના થાકોટાને હરે છે. ॥ ૪૦ ॥ જેવા ગુણી વસાણુ તેમાં મેળવ્યા હોય, તેવા ગુણો સહિત પચવાને ભારી, હલકાદિ- ક નિર્દોશ સરબત ગણાય છે. પાંચે ફળ મેળવી તેનું સરબત કે સિદ્ધ કરેલો, સાર પીધાથી શરીર પીળુ થવાના પાંડુરોગને, તૃ- ષાના રોગને, શરીર બળત્તરની દાહને, અત્તિમેહન્તે શરીર તવા- યલાને જીતે છે. ॥ ૪૧ ॥ દરાખવેલના રસનું સરબત કે સાર પી- ધાથી અત્તિમેહન્તે તવાયલાને, શરીર બળતરની દાહને, લોહી ઉકા- ળાને, લોહગંધી રોગને, પિત્તકોપને, તૃષાના રોગને જીતે છે. શ- ખ કે કુમળી દાખલીના રસનું સરબત કે સાર પીધાથી હૈયાનું, અને પાચન શક્તિનું બળ વધારે છે. ॥ ૪૨ ॥ આંમળી, કોકમના ડુંહા- માં ગોળ કે સાકર મેળવી, સરબત સિદ્ધ કરેલો સાર પીધાથી, તૃષા

ના રોગને, જીવાતના કૃમિરોગને, શરીર બળત્તરની દાહને, અત્તિ મહેન્તના થાકોટાને ઝીતે છે.

(સદક—દાડમ અને દહી ખાંડનો મેહો.)

સદકો; એક નામ છે. (ઘી તેલાદિક સ્નેહવિના) વગર મ-થેલા દહીમાં ખાંડકે સાકર, મરી, સુંઠ, પિપરનું ચુર્ણ અથવા દાડમ ફળના દાણા મસળીને એક રસ મેઠો કરવો. ॥ ૪૩ ॥ તે ખાધાપી-ધાથી મુખે રૂચી આપનાર, મળેલા પિત્ત અને વાયુકોપને હરે, પચવાને ભારી, ભૂખ વધારનાર દીપન, તૃપ્ત કર્તા, બળ વધારનાર, મેહન્તના થાકોટાને વિસામો આપનાર, મળમૂત્રાદિ બગડેલા મળને સુધારનાર પાણીની તૃષાના રોગને ઝીતે. ॥ ૪૪ ॥

(અન્નાજનાલોટના પુડા, માળપુડા, પૂર્ણ પોળી, મીઠાઈ.)

લોખંડના તાવડામાં ઘી,તેલાદિક સ્નેહ તપાવી તેમાં અન્નાજના રગડામાંથી અકેક વાડકી રેહેડી તેનેમંદાગ્નિએ સેકવામાટે,કાપડનો ડુચે કે દડાએ હલાવી પાથરવુ કે ઉપર નિચે કરવાથી પુડા,વડા,ગેભરાદિક થા-ય,તેને વટગારી કેહે છે.તેની વીધિ અગાઉ લખી છે,તે પચવાને ભારી, પૂષ્ટાકર્તા છે ॥૪૫॥ અન્નાજને પ્રથમ ભીજવી રગડી પાતળો, આથો કરીને મહાળપુડા, પુડા, વડા, ભજીઆ, જલેબી ઈત્યાદિક મીઠા-ઈ કરેલી ખાધાથી, સૂક્ષ્મગુણે, તેમાં એલચી, લવંગ, કપૂરાદિક સુગંધનો ગર્મ મસાળો મેળવીને તળવું. તેમાં ખાંડ સાકરાદિક પૂર્ણ કે માયાળાદિક વેલના પાંત્રાનું પૂર્ણ ભરીને, પૂર્ણ પોલી, ધારી, ઘુઘરાદિક મીઠાઈની પુરીને; પૂપલિકા કેહેછે.॥૪૬॥ બળતા અગ્નિઉપર પૂર્ણપોળી, પુરી કે રોંટલી સેકવાથી તેને અંગારકર્કટી કહે છે. અં-ગારકર્કટી, આટેલા મગકે ચોખાના પુડા ગર્માગર્મ ખાધાથી, પરેહજી રાખવા જેવા શીત્તળ ગુણે, પચવાને ભારી, મુખે રૂચી વધારનાર. ॥ ૪૭ ॥ અંગાર મંડકો, અગ્નિઉપર સેકેલીધાણી ખાધાથી ભૂખ વધારી ઝાડા પિશાબને શોપનાર ગ્રાહી, પચવાને હલકી, વાયુપિત્ત અને કફના ત્રણે કોપને ઝીતે. પોળિકા; ઘઉ ઈત્યાદિની પૂરી, પૂર્ણ-

પોળી; ઘી ઈત્યાદિમાં તળેલી કફ અને શરીર બળ વધારનાર, પિત્તને ઉપજાવે, વાયુકોપને હરે, પચવાને ભારી. ॥ ૪૮ ॥ અંગારકર્કટી; શરીર બળ વધારનાર, પુષ્ટીકર્તા, શુક્રધાતુ વધારનાર, પચવાને હલકા, ભૂખ વધારનાર દીપનં, કફકોપ, હૃદયરોગ, નાકના પિન્સરોગને, ખાંશી અને હાફણને, વાયુકોપને જીતે છે. ॥ ૪૯ ॥

(ચોખાનાં લોટમાંથી કરેલા પદાર્થ.)

શાળિપિષ્ટ;એક નામ છે.ચોખાના લોટના રોટલા અને ઘોકલાદિક પદાર્થો ખાધાથી,શરીર બળ વધારતુ નથી, બળત્તરા ન કર્તા વિદાહીન છે; પુષ્ટી ન કર્તા, પચવાને ભારી, રસવિકારના શ્લેષમને, કફને, પિત્તને ઉપજાવે છે. ॥ ૫૦ ॥

(ઘઉંના લોટમાંથી કરેલા પદાથો.)

ગોધુમ વિહિતા; એક નામ છે. ઘઊંના લોટમાંથી કરેલા પદાર્થો, રોટલી પૂરી ઇત્યાદિક પદાર્થ ખાધાથી, શરીર બળ વધારનાર, પિત્ત અને વાયુકોપને હરે છે.

(કઠોળાદિક બે ફાડચાના અન્નાજના લોટના પદાર્થો.)

વૈદલા; એક નામ છે. વાળ, વટાણા, ચણાદિક બે ફાડચાના કઠોળના પદાર્થ, ખાધાથી વાયુકોપ ઉપજાવે, પચવાને ભારી, તેમ તુવર અને મગની દાળ શિત્તળ ગુણે છે॥ ૫૧ ॥

(અડદના લોટના કરેલા પદાર્થો)

માષા ભક્ષ્યા; એક નામ છે. અડદના-પિષ્ટકૃતા લોટમાંથી કરેલી દાલ, વડા, ભજીઆ, પાપડ, વડી ઇત્યાદિ પદાર્થો ખાધાથી શરીર બળ વધારનાર, પિત્ત અને કફને ઉપજાવે.

(તલેલા કે વધારેલા અન્નાજ.)

વિચાર્ય્યાન્ન; એક નામ છે. ઘી તેલાદિકમાં તળીને સીદ્ધ કરેલું, અન્નાદિક લોટના પદાર્થ ખાધાપીધાથી ગુણાકારી, ઉત્તમ પ્રકારે શરીરમાં પસરે છે. તેમાં ગોળ મેળવેલા પદાર્થ ખાધા પીધાથી પુષ્ટીકર્તા, વાયુ કોપને હરે, કફ અને શુક્રધાતુને ઉપજાવે. ॥ ૫૨॥

(ઘીને સિદ્ધ કરેલું.)

ઘૃત—પાચિત; એક નામ છે. ઘીને ઉકાળી સિદ્ધ કરેલુ ખાવાપીધાથી પૂષ્ટીકર્તા, પિત્ત અને કફકોપને ઝીતે છે.

(તેલને સિદ્ધ કરેલું.)

તૈલજા; એક નામ છે. તેલને ઉકાળી સિદ્ધ કરેલું ખાધાપીધાથી વાયુ કોપને હરે, ગર્મ, પિત્તકોપ અને શરીર સડાને ઉપજાવે છે. ॥ ૫૩ ॥

(દૂધ અને ઘઉ તથા ચોખાના લોટનો કરેલો પદાર્થ.)

દૂગ્ધ લોડિત; એક નામછે. દૂધના ઉકાળામાં ઘઊં કે ચોખાને પદાર્થ ઉકાળી પાક અથવા માવો કે શિરો કરી ખાધાથી વાયુ પિત્ત કોપને હરી,હૈયાના બળને, શુક્ર ધાતુને,શરીર બળને વધારે. ॥ ૫૪॥

(કચોરી. ઘેવર, સુતરફેણી. ધારી.)

વિચાર્યોન; એક નામ છે. ગુણાન ભક્ષ્યા નન્યાનપિ વિનિર્દિશેત્. ઘીમાં તલીને સીદ્ધ કરેલા પદાર્થો, ખાધાથી ઉત્તમ ગુણદાયેક. શરીરમાં પસરે છે. ઘઊંના મેદામાં દૂધ પચવી મસળી મસળાને બાંધવો. ॥ ૫૫ ॥ તેમાં ઘી મેળવી ખેંચવાથી લાંબી તાતની રીતે. તાર નીકળે તેમ વધારે મસળવાથી સફેદ રંગે થાય. તે પછી તેમાં ઘી અને પાણી મેળવીને પૂરીઓ વણવાને નિચે લખ્યા પ્રમાણે એલચી લવંગ કપૂરાદિક સુગંધી અને મરી મસાલાનું ચૂર્ણ મેળવી ॥૫૬॥ હથોડાદિક મોઘરે છુંદીછું દીને મસળતા દુધ અને નારીયલનું દુધ થોડું થોડું મેળવીને મસળતા મસળતા પચાવવું. તેમાં ઘી સારી પેઠે મેળવીને ન્હાના નહાના ગોલા કરવા, તે પછી અકેક ગોળાને ઘી ચોપડી પૂરીની રીતે વણીને ઘી ભરેલા પેણામાં તળવી. ॥ ૫૭ ॥ ગેભર કે પૂરી ખાધાથી પચવાને ભારી, શરીર અને હૈયાને પુષ્ટીકર્તા, પિત્ત અને વાયુ કોપને ઝીતે. તરતજ ભૂખને સમાવી જીવનું સંકટ દૂર કરે. બળ વધારનાર, જખમોના ચાહાને ઝીતનાર, શુક્ર ધાતુને અતિશે વધારનાર. ॥ ૫૮ ॥

(કચોરી, સંગજુરી, ઘુઘરા ઈત્યાદિ પદાર્થમાં મસાલો ભરેલી ધારી.)

સમિતાં–પૂરી;સર્પિષા–મેળવેલું,ભ્રષ્ટા–તળેલી,શ્વેતાં-મસલીનોં મેદો સફેદ કરેલો, મરિચમિશ્રિતામ-મરી મસાલો, યેલા-એલચી લવંગ, કર્પુરાદિ ચૂર્ણાદિક ધઉંના મેદાસાથે મેળવીને, મસલેલો. ॥ ૫૯ ॥ ખુદેલા મેદાની પુરી કરવા સોટા જેવો લાંબો કર્તા તેમાં ઘી પચવવું, તેની પુરી કરવાને નહાના નહાના લુવાકે કટકા કરી અકેક ગોળાની વચમાં મસાલાદિકનું ચૂર્ણ અને સાકર મુકી, તળવાની અગાઉ ફરી મસળવું. ॥ ૬૦ ॥ પુરીને શાકરાદિક મધ દુધસાથે મસળી સફેદ સોભાવાન લુવા કરતા, ઘી જેટલું પચે તેટલું તેમાં પચવવું, ફરી તેના ગોળા કરી નવું ઘી લગાડવું. ॥ ૬૧ ॥ તેને ફરી મરીમસાળાનું ચૂર્ણ મેળવી ખુદવુ કે મસળવું. તે પછી કપુરાદિક સુગંધીની વસ્તુ વચમા ભરીને ઘી ભરેળા પેણામાં તળીને સિદ્ધ કરવું.

(ખાજા મોળા અને મીઠા, પકવાસા, સુતરફેની.)

મર્દયિત્વા–તુ–શમિતા–મપૂ–પારત–વનઃ–કૃતાઃ, ઘઉંના મેદાને ઉપલી રીતે વધારે ઘી અને દુધમાં મસળીને, આખી રાત માટલામાં ભરી તેના મોહડાને કાપડ ઢાંકી દોરીથી બાંધવું. તપાવેલુ ઘી મેળવવા મસળવા તે સાથે શાકરાદિક મીઠાસ મેળવવાને હાંડલાનું મોહડું સવારે છોડવું. ॥ ૬૩ ॥ ઉપલું ઘી મેળવી મસળત મસળતા, શાકર અને લિંબુનો રસ મેળવી, નર્માસ એટલી લાવવી કે ખાજાની ચામડી, બરોબર તળાતી વખતે.ફાટીફુટી માથાના વાળ જેવો છુટો તાર પડે. ॥ ૬૪ ॥ તે વખતે મીઠા અનાર્સા કે સુતરફેની કરવાંને એલચી, ચરોલી, પીસ્તા અને કેશરાદિક સુગંધીના ચુર્ણ ભરેલા,વાસણમાં બોલી બેહુ બાજુએ ફેરવવી,તે પછી ખાંડ કે શાકરની ચાષણી બરોબર કરી, તેમાં ઝબોળવાથી મીઠાસનો પ્રવેશ તેમાં થાય છે. ॥ ૬૫ ॥

(મોળા કે મીઠા પુડા.)

સમિતાં–ગુડતોયેન–મેળયિત્વા–સુગાલિતમૂ; ઘઊંના લોટમાં પાણી અથવા ગોળ અને પાણી મેળવી જાડો રગડો, એક રસ કરી લોઢી ઉપર ચીથરાએ ઘી અથવા તેલ દરેક વખતે ચોપડી તે ઉપર લોટનો રગડો, કડછી ભરી નાંખીને કડછીએ પાથરી બેહું તરફ ઉઠઠલાવી સેકવાથી નર્મ પુડા થાય. ॥ ૬૬ ॥

(દહીવડા, વડી)

શાલિપિષ્ટ–યુતં દધ્ના–મર્દ્દ યિત્વા–ઘૃતે પચેત્. ચોખા, ઘઉ ચણા, જવ, અડદ, ચોળા, લાંગ ઇત્યાદિ જેના વડા કરવા હોય તેના લોટમાં થોડું પાણી મેળવી આખી રાત ભીજવી મુકવો. બીજે દિવસે ઘી અથવા તેલાદિક પેણામાં ભરી તપાવવું તેમાં વડા કે વડી બરોબર તલાયાથી દહીં ભરેલા વાશણમાં આથી મુકવા. ॥ ૬૭ ॥

(અન્નાદિકના સર્વે પકવાન)

સંયાવા; મિષ્ટાન–ચુરમાદિક પકવાન, મધુ શીર્ષાઢચા,–ઘેવરાદિક મીઠા પકવાન. પૂપકા,–મીઠી પૂરી, ના આકારે મીઠા પકવાન, દધિ સંભવા–દહીમાં આઠેલાં વડાદિક. ચાર જાતના પકવાનો પચવાને ભારી, શરીર પુષ્ટી કર્તા, હૈયાને હીતકાર્ક, શુક્ર ધાતુને વધારનાર, પિત્ત અને વાયુકોપને હરનાર. ॥ ૬૮ ॥ તેને પૂર્ણ સિદ્ધકે સંસકાર જુદી જુદી રીતે કરી તળવાથી, તેના ગુણમાં વધારો થાય છે. દહી દૂધનો મેળાપ જેમાં વધારે હોય તો તેના ભાગનો વિશેષ ગુણ વધે છે. ॥ ૬૯ ॥ ચોખા, જવ, તલ, ચારોલી, કૃણસ નાગરા ઈત્યાદિ વસ્તું મેળવેલા. ॥ ૭૦ ॥ દૂધ મેળવવું હોય તો સરખા વજને, ઘી અર્ધા ભાગે, શાકર અર્ધા ભાગે મેળવવું; સિદ્ધ કરેલું પકવાન તૂર્તે પચવાને, મરી, પીપર, સુંહનું ત્રિકુટ સરખા ભાગે, કેસર, કસ્તુરી, એલચી, કપૂરાદિક સુગંધી માટે મેળવવું. ॥ ૭૧ ॥ એવું પકવાન ખાધાથી આનંદ ઉપજાવે, એ પદાર્થ દેવલોકને અત્તિ દુર્લભ છે. અવગુણ કર્તા (કાચુધી) મોહમાં લપટાય છે. ॥ ૭૨ ॥ કદાચ હરેક પદાર્થમાં

રંધાઇ વિધીપ્રમાણે પાકુ થયેલું ધી ઝરપે છે, તે મિઠાઈ ખાધાથી શરીર પુષ્ટ થઈ શુક્ર ધાતુની વૃદ્ધિ, હરદયને હેતકારક, પિત્ત અને વાયુ કોપને હરે, પચવાને ભારી. ॥ ૭૩ ॥

(શિરો અને લાપશી.)

લપ્સિકા; એક નામછે. ઘઉંનો લોટ અથવા જાડા રવાને, ખુડતા ઘીમાં સેકવાથી તેનો સફેદ રંગ બદલાઈ, લાલરંગે લોટકે રવો થાય એટલે ખાંડ, ગોળકે શાકરનું પાણી કરેલું હોય, તેમાં દુધ ભેળીને લોટ બુડે તેટલું, તેમાં નાંખીને લોટકે રવાને ઉપર તળે કરતા, સર્વે પાણી બાળીને પચવવુ. ॥ ૭૪ ॥ તેમાં એલચી દાણા, તજ, ખશખશ, ચારોલી પીસ્તા ઇત્યાદી સુગંધી ભરેલા પદાર્થોનું ચુરણ મેળવવાથી, ખાનારને આનંદ ઉપજાવે, શરીર પુષ્ટ અને ધાતુની વૃદ્ધિ કર્તા, વાયુ પિત્તકોપને હરતા, પચવાને ભારી. ॥ ૭૫ ॥

(ગળમાણું.)

ફેનિકા-પુટિની,-શુભ્રા; ત્રણ નામ છે. ઘઉંના લોટને ઘીમાં શાંતવી, લાલરંગે લોટ થયાથી, તેમાં ગોળ, ખાંડ કે શાકરનું મેળવેલું પાણી, આઠ ઘણા વજને તેમાં નાંખી ઉકાળવું, તે પછી તેમાં એલચી લવગાદિક સગંધી ભરેલુ ચુર્ણ નાંખીને પીવું; તેથી વાયુ અને પિત્તકોપ હરે, પચવાને હલકુ; તેના લક્ષણ વિશે સૂપ-શાસ્ત્રાદિક પુસ્તકમાં લખેલા છે. ॥ ૭૬ ॥

(સર્વે લાડવા, મોદક.)

મોદકા, લડુકા, એ નામ કહેલા છે. લાડવા કરવાની અનેક વિધીઓ છે, તેમજ ખટાસ મેળવેલા, અડદના, ઘહુના, મગ ઈત્યાદિ લોટના થાય છે. ॥ ૭૭ ॥ હરેક પદાર્થમાં ઘી, દહી, દુધ મેળવી મુઠીયા બાંધવા, અડદના લોટના, સુરણાદિક કંદ મૂળ-ના, મેથીના, શાળમના, સફેદ કોહોલાના, ભોયકોહોલાના,કમળ કાંક-ડીના, માંસના, માચ્છલીના. ॥ ૭૮ ॥ ઈત્યાદિ ઘણી તરેહથી જુદી જુદી જાતના સૂપ શાસ્ત્રમાં લાડવા કરવાને કહેલા છે. હરેક પદાર્થના લાડવા કરવાને, પાક શાસ્ત્રનો વિચાર જાણવાને બુદ્ધિ બળ

અજ્ઞાવી, સારા ગુણુની જણુસો મેળવવી જોઈએ. ॥ ૭૯ ॥ લાડવા ખાધાથી નબળાઇ કે ઘડપણ ન જણાય, શરીરપૂષ્ટીકર્તા, બળ વધારનાર, પિત્ત અને વાયુકોપ દૂર થાય છે.

(અડદ અને મગ ઈત્યાદિના વડાકે વડી.)

માષ,મુદ્દગાદિ;અડદ અને મગ ઇત્યાદિક લોટ પાણીમાં ભીજવી. તેમાં તિખાસ ઇત્યાદિ મસાળો મેળવી વડાકેવડીઓ ઉપર લખેલી રીતે થાય.તેમાં જે જાતનું અનાજ હોય તેવા તેના ગુણ જણાયછે.॥ ૮૦॥

(અડદના લોટના વડાકેવડી.)

માષાણાં વટકા ; એક નામ છે. અડદના લોટના વડા હૃદયને હિતકારી, બળ વધારનાર, વાયુ કોપને હરનાર, પચવાને ભારી, ઝાડો પિસાબ બંધાયલાને છુટો પાડનાર, તે વડામાં (ઘોળ) ની ભાજી મેળવીને કરવાથી ભૂખને વધારે, વિદાહી, વાયુકોપને હરે. ॥૮૧॥ લોટની રાબ કરી તેના વડા કરેથી, દૃષ્ટિનો નાશ કરનાર. રોગ વધારનાર, પચવાને ભારી, ભાતના છાતરાના પાણીમાં ભીજવેળા લોટના વડા,મુખે રૂચી વધારનાર, પિત્તાળ, કફ વાયુકોપને જીતે. ॥૮૨॥

(મરઘાદીકના ઈંડાનાવડા.)

ઈન્ડલી ; એક નામ છે. શુક્ર ધાતુને વધારનાર, લુખાસે, ઝાડા પિસાબને છોડનાર, કફવાયુને ઉપજાવે. ॥ ૮૩ ॥

(ગરેળકે ગુળવેલનાવડા.)

સુમાલિકા ; એક નામ છે. પચવાને ભારી, શરીર બળ વધારનાર, સંતોષ કારક, પિત્તકોપ હરતા.

(જલેબી કરવાની રીત)

કુંડલિકા ; એક નામ છે. દ્વિ પ્રસ્થા એટલે ૧૨૮ તોલા ઘઉંનો લોટ સુદ્ધ હોય તેમાંથી ૬૪ તોલા મેદો ગાળી લેવો. ॥૮૪॥ તેમાં પચતું દૂધ મેળવી મસળી મસળીને, રાબ જેવો જાડો રગડો કરી,માંટલા માંતેને ખટાવા એક બે દિવસ ભરી રાખવો,જ્યારે તેમાં બરોબર ખટાસ આવે એટલે નારીયલની કાચલી વચમાં એક છિદ્ર પાડી સફાઈ દાર કરવી. ॥ ૮૫ ॥ તે પછી ઘી ભરેલો પેણો ત-

ખવાથી રાબની કાચલી ભરી પેણામાં ફરતી ધારનું કુંડાળું એવડું તેવડું જલેબી જેવું કરી મંદાગ્નિએ તળવી, પાકી તલાયા પછી ખાંડની ચાષણીમાં ઝબોળીને કપૂરાદિક એલચીનું ચુર્ણ તે ઉપર છાંટી કઠરોટ ઉપર કાંમઠાં પાથરી કરેલા છાપરા ઉપર મુકવી જેથી ઘી કઠરોટમાં નિતરે. ॥ ૮૬ ॥ આકરી તળાયેલી રસ ભરેલી હોય, જરા શિત્તળ થયાથી રસ નિતરી જાય છે. પુષ્ટીકાર્ક શરીરની કાંતિને, બળને વધારે, ધાતુને બાંધે; ચેતન્ય ઇંદ્રિયોને તૃપ્ત કરેછે. ॥૮૭॥ તેમાં ખટાસનો ભાગ હોયછે તેથી ઘણી શિત્તળ થયાથી ખાટા ગુણે ઘઉં. ખાંડ મળવાથી પિત્તકોપને હરે છે.

(હલવો, ઘુઘરા.)

ઘહુંને પાણીમાં ભીજવીને બાર કલાકે નીચવવાથી દૂધ તેમાંથી નીકળે છે, તે દૂધ ખાંડની ચાષણીસાથે મેળવી મસળી ઘુટીને એકરસ થયા પછી પાટીઆ ઉપર પાથરી સરખો કરવાથી હલવો થાયછે. તેજ દૂધને જરા સુકી પુરીવણી તેમાં એલચી, બદામ, ચારોળી, પીસતા, ખસખસ અને સાકર ઇત્યાદિ મસાળો વચમાં મુકી તેની ધારો બંધ કરી ઘી ભરેલા પેણામાં તળવાથી ઘુઘરા થાય છે. તે પચવાને ભારી. લુખાસે, વાયુ કોપને ઉપજાવનાર, મળમૂત્રાદિકને જુદા જુદા બાંધે, શરીર પુષ્ટ કરતા છે.

(જવનો મંથો, રાબ.)

મંથો; એક નામ જવની રાબનું છે. નવા જવને છડી તેન છોતરા કાઢી જવને સેકવા, સારીપઠે સેકાયા પછી તેને ઘંટીમાં દલીને લોટ કરવો તેને સત્તુ કહેછે. ॥ ૮૯ ॥ તે લોટમાં પાણી મેળવી જાડી રાબ કરી હોય તેને મંથો કહે છે. ॥ ૯૦ ॥ તે મંથો પીધાથી શરીરબળ વધારે, તૂર્તજ ગુણ દેખાડે, પાછળથી શરીર પુષ્ટ અનેબળવાન થાય. તેથી પરમો, તૃષ્ણા, ક્ષય, ઊલટી, શરીરસડો, બળત્તરની દાહ, મેહન્તનો થાકોટાના રોગને ઝીતે. ॥ ૯૧ ॥ તેમાં દરાખ અને સાકર મેળવી પીવાથી પિત્તકોપના સર્વે રોગને, બળત્તરની દાહને ઝીતેછે. અથવા તેમાં દરાખ અને મધ. મેળવી પીધાથા

શરીરબળ વધારે, કફકોપ અને મેહન્તના થાકોટાને હરે. ॥૯૨॥ ત્રણ પ્રકારની રાબના જુદા જુદા ગુણો છતા શરીરના રૂવાટાનું તેજ વધે.

(જવાદિકનો શત્તુ.)*

શક્તવો; એક નામ જવના શત્તુનું છે. ઉપલી રીતે જવનો લોટ ઘીસાથે મેળવી ખાધાથી શીત્તળ, ભૂખ વધારનાર દીપન, પ-ચવાને હલકો, સહરાસ વાદે. કફ અને પિત્તકોપને હરનાર. રૂક્ષગુણો રસાદિ ધાતુ અને વાતાદિક દોષને સોષી પાતળા કરનાર, તેમાં પાણી મેળવી પીધાથી અતિ તૃષાને હરનાર. ॥૯૩॥ તૂર્ત બળ વધારનાર, પથ્ય કે પરેહજી રાખવા જેવું શરીરે પરસેવો છુટે, દેહની કાંત્તિને વધારે

(ચણા, મગાદિકનો શત્તુ.)

છોતરા વિનાના ચણાનો લોટ ઉપલા જવની રીતે સેકીને સર્વે વીધિએ શત્તુ કરવો. ॥ ૯૪ ॥ તેમાં ખાંડ કે શાકર મેળવી ગરમીના ગ્રીષ્મરૂતુમાં ખાવા તેનું સેવન કરવું; તેનો લાડવો ઘી ઇત્યાદિ સારી વસ્તું મેળવી ખાધાથી હેડકી બંધ થાય. પચવાને હલકો. ॥ ૯૫॥ તે ખાવાનો અભ્યાસ રાખવા પછી બીજા અન્નાદિક પદાર્થ માણસે ન ખાધા હોય તોપણ શરીરને શાંતિ રેહે. વૃદ્ધ માણસ કે જેના દાંત પડી ગયા હોય તેને અથવા હરેકમાણસે શત્તુ રાત્રે નહી ખાવો. પાણી પીધા પછી કે તૃષ્ણાએ પીડાયલા રોગી માણસે એખ-લો શત્તુ ન ખાવો; તથા શત્તુ ખાધાપછી પાણીમાં તરવું નહીં.॥૯૬॥

(જવાદિકની ધાણી.)

લાજા; એક નામ ધાણીનું છે. છોતરાસાથે ભાત અથવા જવને ગર્મ રેતીમાં સેકવાથી ધાણી થાય છે. તે પચવાને હલકી શીતળ, બળ વધારનાર, પિત્તને ઉપજાવી ભૂખ વધારે, કફને ઉપ-જાવી શરીર પુષ્ટ કરે, ઊલટીને, ઝાડાના અત્તિસારને, શરીર બળત્તર-ની દાહને, પરમાના રોગને, ચરબી બગડવાના મેદરોગને, પાણીની અતિ તૃષાના રોગને, તાવને જીતે.

---

* શત્તુ હિંદુસ્થાનમાં મુસાફરી કરનારા હમેશા ખાય છે.

(સેકેલા ધાણા.)

ધાન્યા ; એક નામ છે. ઝાડાપિશાબાદિ મળને છુટા પાડનાર. ભુખાસે. કફકોપને, બગડેલી ચરબીના મેદરોગને હરે, પચવાને ભારી.

(સેકેલા ચોખા દિક ચ્યૂડાં)

પૃથુકા; એક નામછે. પાકેલા ચોખા ઈત્યાદિકને છડી સુધ્ધ થયા પછી તેને પાણીમાં ભીજવી તાવડી ઉપર સેકવાથી તેને ચ્યૂડાં કહેછે. ॥ ૯૮ ॥ તે પચવાને ભારી, શરીરબળ વધારનાર, રસવિકારનાં શ્લેષ્મને, વાયુકોપને ઝીતે.

(અરધુ સેકેલુ અન્નાજ, હોલા.)

હોલકો; એક નામછે. ભરડેલા કે આખા અન્નાજને સુકા અથવા પાણીમાં ભીજવી તાવડી ઉપર થોડા ઘણા સેકીને શિત્તળ કરવ ॥ ૯૯ ॥ તે થોડા સેકવાંથી વાયુકર્તા, ચરબી અને કફ વધારનાર ઘણા સેકવાથી સ્વાદીષ્ટ.

(સેકેલા ઘહું, કુરી.)

લંબ, લંબીકા; એ નામછે. ઘહુને સુકા કે ભીજવી તાવડી ઉપર થોડા સેકવાથી કુરી થાયછે. તે કફ ઊપજાવનાર, બળ વધારનાર, પચવાને હલકા, પિત્ત અને વાયુને હરેછે. ॥ ૧૦૦ ॥ (સંસ્કૃતમાં) અડદ નામે અનાજને માસ કેહેછે તેમજ જનાવરો ઈત્યાદિના માંસને પણ માંસ કેહેછે. અડદનો ગુણદોષ માંસને મળતો છે.

(જનાવરોનું સારૂ અને તાજુ માંસ રાંધવાની રીત.)

(પરિશુષ્ક) એક નામછે. હરેક માંસના ઝીણા કટકા ધોઇ હિંગાદિક ઘીમાં નાંખી કડકડતું ઘી થાય તેમાં હરેક માંસ નાંખી ઉપર તળે કરવાને હલાવી. જ્યારે તેમાંનું પાણી છુટેલું બળી જાય અને માંસનો રંગ લાલ થાય ત્યારે નવું પાણી તેમાં બીજુ ઉમેરીને ઊકાળવું, પાણી સર્વ બળે માંસના રેશા જુદાપડે ॥ ૧૦૧ ॥ તે વખતે મરી આદુ અને સુગંધી ભરેલા મસાલાની ચટણી કે ચૂર્ણ તેમાં નાંખી ઉપર નીચે કરી મેળવીને સુકુ કરવું. ॥ ૧૦૨ ॥ (પ્રલિપ્ત;) એક નામ ઉપલી રીતે માંસ તળીને તેમાં વધારે પાણી નાંખી ઊકાળી એક રસ

ભાડી કઢી જેવું થયાથી વાયુકોપને જીતે, શરીરબળને વધારે, પચવાને ભારી, શુક્રાદિ ધાતુને વધારે. (રસોયુક્તં) એક નામ ઉપલી રીતે માંસ ઘીમાં તળીને અતિ ઘણુ પાણી નાંખી પાતળી કઢી જેવો ઉકાલો કરવાથી શળ રોગ દૂર થાય. (પરિશુષ્ક) એક નામછે. કાચા માંસના કટકા ઉપલી રીતે ફકત ઘીમાં જલદ અગ્નિ ઉપર બરોબર તળવાથી સુવાળુ માંસ થાયતો શરીરની કાંતી વધારનાર, સંતોષકાર્ક શરીર પુષ્ટકર્તા, પચવાને ભારી. (પષ્ટત્વા;) એક નામછે. માંસને છુંદી લોટજેવો ભુકો કરી ઉપલી રીતે મસાલો મેળવી ફકત ઘીમાં અત્તી જલદ અગ્નિ ઉપર લાલ થાય ત્યાસુધી બરોબર તળવાથી શુક્રાદિક ધાતુને વધારનારછે. ॥ ૧૦૪ ॥

(જનાવરોનુ તાજુ સારૂ માંસ સેકવાની રીત.)

(ઊલ્લીમ) એક નામછે. કાચામાંસને મસાલો લગાડી અગ્નિ ઉપર સેકવું તે માંસ, પચવાને ભારી, પથ્ય કે પરેહજી રાખવા જેવું, તે ઉપલા પરિશુષ્ક માંસના ગુણે. (પ્રદિગ્ધ) એક નામછે. ઉપલી રીતે માંસને અત્તિઘણુ સેકેલુ વાયુ ઉપજાવે, બળ વધારનાર, પચવાને ભારી, શુક્રાદી ધાતુને વધારનાર ॥ ૧૦૫ ॥ (સરસં) ઉપલી રીતે માંસ સેકતા તેમાં અલ્પ રસ રહેલો હોય તે ઉપલા ગુણસહિત ઘણુંકરી પચવાને હલકુ, ભૂખ વધારનાર દીપનગુણે. (પ્રોતં) હરેક માંસ છુંદી લોટ જેવો ઝીણો ભુકો કરી તેને ઉપલી રીતે મસાલો લગાડી લાડુવા જેવા ગોળા કરી લોખંડની શિકમાં પોરવી અગ્નિ ઉપર સેકવાને તેમાં તુંબરૂ ફળનો રસ વધારે મેળવવાથી ઘણો રસ છુટે ॥ ૧૦૬ ॥ ચંદનાદિ એલચી લવંગની સુગંદીનું ચૂર્ણ મેળવેલા લાડુવા અગ્નિ ભરેલી સગડી ઉપર બરોબર સેકવા. બરોબર સેકાયલું સર્વેથી ઉત્તમ માંસ થાય, પચવાને હલકુ, (પથ્યોત્તમં) એટલે અતિ ઉત્તમ પ્રકારે પરેહજી રાખવાજેવું છે. ॥ ૧૦૭ ॥ (અંગારાદિષુ) સગડી ઉપર બરાબર સેકવાથી તદ્દા નામે ખાંચા પાડેલા ઝારાઉપર સેકવાને માંસ દાડમફળના દાણા, સિંધાલૂણ, એલચી ઈત્યાદિ સુગંદી ભરેલો મસાલો મેળવી તેના પુડા કે ઢેબરા કરવાને ઘઉ કે ચણાનો

લોટ મેળવી ઢેબરાની રીતે અગ્નિ ઉપર સેકવા તેને (પિષ્ટમાંસપૂપાદિ) કહેછે. તે અગ્નિ ઉપર સેકવા પછી ફરી ઘી ભરેલા પેણામાં તળવાથી તેને (ઘૃતાદિ સાધિત્તમ) કેહેછે.

(ચોખાદિક અન્નાજમાં રાંધેલું માંસ.)

માંસં સૌરભસં લિપ્તં; એક નામ. ચોખાદિક અન્નાજમાં તરેહ તરેહની સુગંદી અને નિમખાદિક ખરાસ, ખટાસ તથા માંસ મેળવી રાંધવાથી મધુર ગુણે થાય. સુકુ કરવું કે થોડું લચપચુ રાખવું. ઘણું સુકુ કરવું, હલકા તાપે રાંધવું. ॥ ૧૧૦ ॥ અગ્નિના અતિસે તાપે તાકીદે સુકુ થાય, સિકમાં માંસ પોરવી સેકવાથી તાકીદે સેકાય.

(તેલમાં હરેક માંસ રાંધવા કે તળવાની રીત.)

માંસં તૈલેન એક નામ. હરેક માંસને રાંધવા કે સેકવાથી ઘણું ગર્મ ગુણે. પચવાને ભારી, પિત્તકોપ વધારનાર, પિત્તાળ થાય. ॥ ૧૧૧ ॥

(ઘીમાં હરેક માંસ રાંધવા કે તળવાની રીત.)

ઘ્રતપક્વં; એક નામ; તૂર્ત તૈયાર થાય, પચવાને હલકુ, મુખે રૂચી આવે. પિત્ત કોપ વધારનાર, અતિ ગર્મ, શુક્રાદિ ધાતુ વીર્યને વધારનાર, શરીર બળ વધારનાર, હ્દયને હીતકારી, આંખોનું તેજ વધારનાર. ॥ ૧૧૨ ॥

(છાસમાં હરેક માંસ રાંધવાની રીત.)

ગોરસ સ્નેહ; હરેક માંસમાં છાસ, ઘી તેલાદીક સ્નેહ, અન્નાદિક ધાન્ય, આંબાદિક ફળ, તિખાસના સુગંદીદાર મસાલો મેળવીને માંસ રાંધવાથી માંસ નબળુ દુર્બળ થાય, તે શરીર પુષ્ટ કર્તા. સ્વાદીષ્ટ, સંતોષકાર્ક. ભૂખ વધારનાર દીપન, પચવાને ભારી. ॥૧૧૩॥

(અતિ ઝીણું રાંધેલું માંસ.)

(માંસમતિરસં;) એક નામ. રાંધેલું કે તળેલુ હરેક માંસ અતિ ઝીણું રસા ભરેલું લચપચતું હોય તે લુખાસે રૂક્ષ ગુણે અને (વિલસં) એક નામ રસા વિનાનું અતિ સુકુ માંસ થયું હોય તો વાયુકોપને ઉપજાવે, પચવાને ભારી.

(હાડકા વિનાનું રાંધવું, તળવું, સેકવાની રીત.)

વેસવારો, ગતાસ્થિમાસં; એકેક નામ છે. હાડકા કહાડી નાંખી ફક્ત માંસને ઝીણું છુંદી ૭૨, હીંગ, મરી, ગરમમસાલો ઘી કે તેલાદિકમાં વઘારવું ॥ ૧૧૪ ॥ તે પછી ઉપલી વીધી પ્રમાણે ઘી કે તેલાદિકમાં રાંધવું તે ઘણું સ્વાદિષ્ટ, શરીર બળ વધારનાર, વાયુ કોપ હરનાર, પચવાને ભારી. ॥ ૧૧૫ ॥

(મગ ઈત્યાદિ અનાજની સાથે માંસ રાંધવાની, તળવાની રીત)

સૌરવ; એક નામ છે. માંસ અને મગ ઇત્યાદિ અનાજની દાળ સાથે ચટણી જેવું ઝીણું માંસ કરી ઉપલી રીતે ઘી તેલાદિકમાં રાંધવાને; હલદ, મરી, ગરમમસાલો, નિમક અથવા સિંધાલૂણ, હિંગ, ધાણા, દાડમના દાણા. ॥ ૧૧૬ ॥ ઇત્યાદિ સુધંદી ભરેલી જણાસો મેળવીને ઉપલી રીતે ઘી કે તેલમાં રાંધવાની અથવા તલવાની વિધી કરવી.

(મગ ઈત્યાદિ અનાજ સાથે માંસની કઢી કરવાની રીત.)

સૌરસ; એક નામ છે. મગ ઈત્યાદિ અનાજ અને માંસ સાથે ઉપલી સર્વે વીધીએ રાંધવા પછી તેમાં પાણી કે છાસ ઇત્યાદિ વસ્તું મેળવવાને કહેલુ છે. તે કઢી ઉકાળતા માંસનો લોટ થઈ કઢી રૂચી કાર્ક થાય છે. ॥ ૧૧૭ ॥ સૌરવથી સૌરસઃ; ઘણું કરીને ગુણકારી નિમખની ખરાસ મેળવેથી થાય છે. ઉપલા વેસવારો મેળવેથી તેનો સવાદ બગડી કે ઘટી જાય. ॥ ૧૧૮ ॥

માંસનો ઉપલી રીતે ઉકાલો રસો અર્ક; હૈયાને હિતકાર્ક, મેહનતના થાકોટાને, ખાંશીને, વાયુ અને પિત્તકોપને, ક્ષયરોગને ઝીતે; જુનો રોગ, વિંધના ફોડકા નાસૂરાદિ રોગ, શરીર ઘસારો કે તવાપલાનો રોગ, ઝાડો પિશાબ સુકાવાનો રોગ, શુક્ર ધાતુ ક્ષીણ થવાનો રોગ. ॥ ૧૧૯ ॥ હાથ પગના સાંધા છુટા કે ઘીલા પડેલાનો રોગ, ભાંગેલા હાડકાનો રોગ, ભૂખ ન લાગવાના મંદાગ્નિ રોગને, શરીર ઘસારાના ક્ષયરોગને, જરૂર કરીને ગળાનો સ્વર ઝીણો થવાને, આંખોના રોગને, કાને ન સાંભળવાના ન બેહેરા કે શ્રવણાર્થિ રોગને ઝીતે છે. ॥ ૧૨૦ ॥

(દાડમના દાણામાં માંસ રાંધવાની રીત.)

દાડિંમાદિ ; માંસને ઉપલી રીતે તૈયાર થયાથી દાડમફળના દાણામાં રાંધેથી શરીર બળ વધારનાર, વાયુ પિત્ત અને કફ ત્રણેના કોપને જીતે ; શરીર સંતોષ ઉપજાવે. ॥ ૧૨૧ ॥ તેનો સેરવો કે ઉકાળો સંતોષકાર્ક, હૈયાને હીતકર્તા, શિત્તળ, મુખ શોષને, મેહ, ન્તના થાકોટાને જીતે, ભૂખ વધારનાર દીપન, વાયુ કોપને હરે સર્વે ધાતુનો વધારો કરનાર, ઉકાળાના પાણી વિનાનું સુકું માંસ પચવાને ભારી, પથ્ય, કરવા લાયક ભૂખ વધારનાર છે.।૧૨૨

(માંસની રાબ અને કઢી.)

દકલા ચણિકા ; એક નામ છે. થોડાક માંસને ચણા જેટલા કટકા કરી તેને ઉપલી રીતે વીધી પ્રમાણે કરી તેમાં નિમખ અને સોળઘણું પાણી મેળવીને ઉકાળવું, માંસ પાણીસાથે મળી એક રસ રાબ થયાથી પચવાને હલકા છે. તેમાં છાસ મેળવી ઉકાળો કરવાથી તેને કુથિતા કેહે છે. તે પાચન કર્તા પાચની છે, હૈયાને હીત્તકાર્ક, મુખે રૂચી આપનાર, ભૂખને વધાનાર, પચવાને હલકી. કઢી કફ કોપને. વાયુકોપને , બંધકોષ્ટના રોગને જીતે. પિત્તકોપને અલ્પ રીતે વધારે. ॥ ૧૨૪ ॥

(માંસ અને છાસની કઢી.)

કુથિલી ; એક નામ છે. થોડાક ઝીણા માંસને ઉપલી રીતે વિધી કરી તેમાં સોળ ઘણી છાસ મેળવી ઉકાળવી, માંસ અને છાસ એક રસ થયાથી ભૂખ વધારનાર દીપની, મુખે રૂચી આપનાર વાયુકોપ અને રસ વિકારના શ્લેષ્મને, અત્તિ મેહન્તના થાકોટાને દૂર કરેછે. ॥ ૧૨૫ ॥ તરતની ઊકાળેલી માંસની ઉપલી કઢી તૂર્ત ગુણનો ચમત્કાર બતાવેછે.

(અડદના કે માંસના પાપડ, પાપડી, ઢોકલા, વડી કે વડા,)

પર્પટા; અડદના લોટને પાણીકે છાસમાં ભીજવી તેમાં મસાલો સિંધાલૂણ કે સંચળખાર મેળવીને પુરીને રીતે પાપડ પાત્તળા વણવા, જાડી પાપડી, ઢોકળા, વડી કે વડા વણીને તડકે સુકવી રાખવા-

જ્યારે ખાવાની ગરજ પડે ત્યારે તેને અગ્નિ ઉપર સેકવા અથવા ઘી કે તેલાદિકમાં તળવા તેજ પ્રમાણે જનાવરનાં માંસનો ઝીણો ભૂકો અડદ ઇત્યાદી અન્નાજનો લોટ અને ઉપલી રીતે સર્વ મસાલો નિમખ મેળવી પાપડ, પાપડી, વડી કે વડાની રીતે વણીને ઘી તેલાદિકમાં તળવા ; એહું પચવાને હલકા, મુખે રૂચી આપનાર, લાઘણુ કરવા જેવા ખારા પાપડનો ગુણછે. ॥ ૧૨૬ ॥

(તલ ઈત્યાદિ બીજની ખોળ, માંસનો કુચો લોટ)

પિણ્યાક રિતલકિટ્ટ; એક નામછે. ઘાણીમાં પીલાયલા તલની ખોળ માંસ નીચવેલો કુચો ઉપલી પાપડની રીતે સેકવાથી કે તળવાથી પાચન થતા હલકો, લુખાસે, ઝાડાપિશાબને અટકાવનાર, આંખોના રોગને વધારનાર ॥ ૧૨૭॥ તેના લોટનો પદાર્થ કીધાથી તે શરીર પુષ્ટિ કર્તા, ચિકણું સ્નિગ્ધ, કફ પિત્તને ઉપજાવે, પચવાને ભારી.

હરેક પદાર્થો વિધી પ્રમાણે કરેલા હોય તે ખાધાપિધાથી અને ફરતી નવી નવી રૂતુઓનાં ગુણદોષ, રાંધવા તળવા ઈત્યાદિ ક્રિયાના જુદા જુદા ગુણદોષ, માણસોના શરીરના દેહાદિક પ્રકૃતિના જુદા જુદા ગુણ દોષવીશે પાકો વિચાર કરવો. ॥૧૨૮॥ જુદા જુદા ધાન્ય ઇત્યાદિક ઘણું કરીને સરદી ગરમીની જુદી જુદી ચાલુ રૂતુમાં હરેક પદાર્થના ગુણદોષ ફેરવાયછે તેનો વિચાર કરવો જોઈએ કેમકે ગરમીની રૂતુમાં જે પદાર્થ ગુણ કરેછે તેજ પદાર્થ સરદીમાં અવગુણ કરેછે.

इतिश्री मदनपाल विराचिते मदनविनोदे मिस्रादि धान्य नामोऽमृत संमः कृतान्नवर्गः एकादशअध्याय समाप्तः ॥११॥

અથ માંસનો વર્ગનો બારમો અધ્યાય પ્રારંભ.

मुखेन्दु पद्म प्रतिबोध लुब्धं विधुन्तुदालि भ्रम माद धानम् ।
लक्ष्मी कपोल प्रति विम्बिताङ्गंनी लाब्जनालं कलयामितेजः ॥

મુખેંદુ–પ્રથમ–પદ્મ–હાથીજેની સૂંઢ ઉપર પદ્મનો આકાર રંગે લો હોયછે. પ્રતિબોધ લુબ્ધં–જુદાજુદા અકેકની સમજણ ઈચ્છ-

વાને. વિધુંતુદાલી ભ્રમમા હધાનમ-વાઘ, હાલતા ચાલતા ધ્રુજતા, જંગલમાં વસનારાને ઊછેરે તેનું પાળણુ પોષણુ કરેછે. લક્ષ્મી કપોળ ભાગ્યવાન હાથીનું કપાળ અને ગાળ-પ્રતિવિંબિતાંગં-એક એક બીજાને આસરે રેહેછે. નીલામ્બ્જ નીલં-સાંમળા રંગે-કળયામિતેજ-મહા બળવાન, તેજેશ્રી મોટા દાંતો, દેવને દુર્લભ હાથી છે.

(હાથી અને તેનું માંસ.)

હસ્તી. મતંગજો, દન્તી, માતંગો, અનેકપઃકરી, સિંદૂરઃ કુંજરઃ, પદ્મીવારણો, દ્વિરદો દ્વિપઃ ॥ ૧ ॥ ઈભો, દન્તા, બલોતાંગઃ, કુંભી, સ્તંવેરમો, ગજઃ. હસ્તિની ધેનુકા, પ્રોકતા કરેણુંઃ, કરિણીચસા ॥ ૨ ॥ અઢાર નામો છે. તેનું માંસ કફ અને વાયુ કોપને હરે, ગરમછે, પિત્તકોપ અને લોહગંધાને વધારે.

(ઘોડા અને તેનું માંસ)

ઘોટકઃ, સૈંધવો, વાજી, તુરંગ, સ્તુરગો, હયંઃ, તુરંગમો, અશ્વો, ગંધર્વો વાહઃ, સપ્તિય જુર્જવી ॥ ૩ ॥ ઘોટિકા, વડંવા, વામી, પ્રસુતા, અશ્વાચ, વાજીની; સોળ નામછે. તેનું માંસ પાચન થતા કડવારસે, ભૂખ વધારનાર દીપન, કફઅને પિત્તને વધારનાર ॥ ૪ ॥ વાયુ કોપ અને હૈયાના રોગને હણે, શરીર બળ વધારનાર, પુષ્ટ, આંખોનું તેજ વધારે, મધુરસ્વાદે, પચવાને હલકુ ॥ ૫ ॥

(ઘોડો અને ઘદેડીના સંગમથી ઉપજેલા ખચ્ચર અને તેનુંમાંસ)

તજ્જો, ઘોટચામ, અશ્વતરો, શીઘ્ર, વેગોઅનંગ, પૂજીતઃ ૭ નામછે. તેનું માંસનો ગુણ ઘોડાને મળાવા છતા પુષ્ટ બળ વધારનાર કફ અને પિત્ત કોપને ઉપજાવે ॥ ૬ ॥

(ઊંટ અને તેનું માંસ)

ઊષ્ટ્રઃ. ક્રમેલકો, વક્રગ્રીવઃ, શાખાશનો મયઃ, શ્રૃંખલ, કરભે દીર્ઘ જંઘો, ધૂમ્રો, મરૂત્પ્રિયઃ ॥૭॥ નવ નામછે. તેનું માંસ પચાવાને હલકુ, મીઠાસે. આંખોનું તેજ વધારે, વાયુકોપ અને હર્શના રોગને જીતે, ચરબી, પિત્ત અને કફને વધારે ॥ ૮ ॥

(ગધેડા અને તેનું માંસ)

ગર્દભો, રાસભો, ભારવાહી, દૂરગમ:, ખર:; પાંચ નામછે. તેનુ માંસ પિત્તાળ, શરીર બળ વધારનાર, પૂષ્ટીકર્તા. કફ પિત્ત ઉપજાવનાર. ॥ ૯ ॥ પાચન થતા કડવારસે, પચવાને હલકુ છે. તેમધ્યે જંગલી ઘદેડાનું માંસ શ્રેષ્ઠ ગુણેછે.

(ભેંસ, પાડા અને તેનું માંસ.)

મહિષ:, સૈરભ:, શ્રૃંગી, વાહ વૈરી. ધનાવન:, કાંસરો. ગવલોદં, શીલુલાય:, કાલવાહન:, ॥ ૧૦ ॥ નવ નામ છે. તેનું માંસ મધુર સ્વાદે, ચિકાસે, ગર્મ. વાયુકોપને જીતે, નિદ્રા, શુક્ર ધાતુ, શરીર બળને, ધાવણામાં દૂધને વધારે, તવાયલા શરીરને વધારે, પચવાને ભારી ॥ ૧૧ ॥ તેમજ જંગલી ભેસના માંસનો ગુણ સરખો છતા જાડા શરીરને પાત્તળુ કરનાર છે.

(રીછ અને તેનું માંસ.)

રૂક્ષોચ્છ, ભલો, ભાલ્લુક:, ખંગી, ખંગશ્ચ, ગંડક:, છ નામ છે. તેનું માંસ ચિકાસે સ્નિગ્ધ, પચવાને ભારી, શરીર પુષ્ટકર્તા, મીઠાસે, ગરમ, વાયુકોપને હરનાર. ॥ ૧૨ ॥

(ગેંડો અને તેનું માંસ.)

ગંડકો; એક નામ છે. તેનુ માંસ ચિકાસે, ભારી, પુષ્ટ, મીઠાસે, ગરમ, પિશાબને સાધી વધારે લાવે, વાયુ કોપને જીતે.

(સિંહ, કેશરી સીંહ તથા શારદુલ અને તેનું માંસ.)

સિંહ:, પંચનનો, દંષ્ટ્રો, મૃગેંદ્ર:, કેસરી, હરી. ॥ ૧૩ ॥ શાર્દૂળ, પંચનખો, મૃગનાથ, સકૃત્પ્રજ:; દશ નામ છે. બેહુંનું માંસ ગરમ, વાયુકોપે આંખોના રોગને જીતે છે. ॥ ૧૪ ॥

(વાઘ અને તેનું માંસ.)

વ્યાઘ્રો; મૃગારિ, મૃગહા, વ્યાલો, ભીમ પરાક્રમ; ચાર નામ છે. તેના માંસનો ગુણ દોષ નિચે લખ્યો છે.

(તરસ અને તેનું માંસ.)

તરક્ષુશ્ચ, એક નામ છે. તેના માંસનો ગુણદોષ નિચે લખેલો છે.

(ચિત્તો, વાઘ અને તેનું માંસ.)

ચિત્રકો, વેગવાન, શ્રિત્રી, દ્વીપી, દીર્ઘ દંષ્ટ્રક : ॥ ૧૫ ॥ પાંચ નામ છે. તેના માંસનો ગુણદોષ નિચે લખેલો છે.

(કોહલો અને તેનું માંસ.)

વૃકદેહ, વૃક :, કોકસ્તર, ક્ષુસ્તુ, મૃગાદન ; પાંચ નામ છે તેના માંસનો ગુણ દોષ નીચે લખેલો છે.

(કુતરો અને તેનું માંસ.)

કુર્કકુર , શુનક :,સ્વાનો, કૌલેય :, સુનક :, શુનઃ,સારમેય :, કૃતજ્ઞશ્ચ, વૃકાણાં, પક્ષંગુરૂ, મૃગદંશક ; ॥ ૧૬ ॥ અગીયાર નામ છે. તેના માંસનો ગુણ દોષ નીચે લખેલો છે.

ઉપલા—વાઘ, તરસ. ચિત્તા, વાઘ, કોહલો, કુતરો, છ જાતના જનાવરોનું માંસ પચવાને ભારી, ગરમ, વાયુકોપને હરનાર, સ્વવીર્યને વધારે, આંખોના રોગને હિતકારી છે. ॥ ૧૭ ॥

(ડુક્કર અને તેનું માંસ.)

સૂકરો, રોમશઃ, પોત્રી, કોલઃ, ઘ્રાણી, કિરી. કિટિઃ, દંષ્ટ્રી, ક્રોષ્ટ, સ્તૂર્ક્ક રોમા, ભૂદારશ્ચ, વરાહકઃ ॥ ૧૮ ॥ બાર નામ છે. તેનું માંસ મીઠાસે, શરીરબળ વધારનાર. વાયુકોપને હરનાર, પચવાને ભારી, ચીકણુ, ગરમ, શુક્ર ધાતુ વધારનાર, મુખે રૂચી વધારનાર, નિદ્રા વધારનાર, શરીર જાડું કરનાર. ॥ ૧૯ ॥

(બકરા અને તેનું માંસ.)

છાગી, ગલસ્તની, મંડા, સર્વ ભક્ષ્યા, ત્વજા, ભૃજા, વર્કવીરઃ, છાગલઃ, છાગો, વસ્તેયઃ, કાલકઃ, પશુઃ ॥ ૨૦ ॥ બાર નામ છે. તેનું માંસ પચવાને ભારી, ચિકણું, કુમળુ, વાયુપિત્ત અને કફ ત્રણેના કોપને જીતે, અગત્તરની દાહનહી કર્તા, પુષ્ટીકર્તા, સરદી ન કર્તા, નાકના પીનસ રોગને હરતા. ॥ ૨૧ ॥ શરીરના સાંધે સાંધા અને સર્વે ધાતુ સરખી કે તર કરતા, આંખો ઝરવાનો રોગ નહી થાય. શરીર પુષ્ટી કર્તા.

(મેંઢા તથા ચરબી ભરેલા દુંબા અને તેનું માંસ.)

મેષો, ભેડો, હુડો, મેદ્ર, ઉરભ્ર, ઉરણોવિકઃ છ નામ મેંઢાના છે. તથા ઉર્ણા, પુરડકો, વૃશ્ચિભદઃ, પુચ્છસ્તુ, દુંબુકઃ ॥ ૨૨ ॥ પાંચ નામ દુંબાના છે. મેંઢાનું માંસ પચવાને ભારી, ચિકણું, શરીરબળ વધારનાર, પિત્ત કફ અને વાયુને વધારે છે.—દુંબાનું માંસ શરીર પુષ્ટકર્તા, કફપિત્ત અને વાયુ કર્તા, પચવાને ભારી.

(હરણ અને તેનું માંસ.)

હરિણુ, રતાભ્રવર્ણઃ, કુરંગ, શ્રારૂલોચનઃ, સારંગો, જીતયોનિશ્ચ, વાતાયુશ્ચ, પળોમૃગઃ ॥ ૨૪ ॥ યેણઃ, કૃષ્ણો, અપરઃ કૃષ્ણ, કુરંગઃ, કૃષ્ણસારકઃ, તેર નામો છે. તેનું માંસ શિત્તળ ગુણે, મુખે રૂચી આપનાર, ભૂખ વધારી ઝાડા પિશાબને સોષનાર ગ્રાહી, વાયુ પિત્ત અને કફના ત્રણે કોપને જીતે. ॥ ૨૫ ॥ શરીરમાં છ રસ ધાતુને ઉપજાવે, બળ વધારનાર પુષ્ટ, કરી રાખવા જેવું પથ્ય, કુમળુ અને હલકુ હૈયાને હીતકારી, તાવ અને લોહ ગંધી રોગને જીતે.

(ગોકર્ણ તથા સાંબર અને તેનું માંસ.)

ગોકર્ણો વિકટઃ, શૃંગી, વિદ્રુંધ્વો, શંબરઃ ॥ ૨૬ ॥ પાંચ નામ છે. તેનું માંસ શિત્તળ, પચવાને ભારી, ચિકણું, કફકોપને ઉપજાવે. ॥ ૨૭ ॥ પાચન થતા મીઠારસે, લોહીના ઝાડા ઉલટીના રોગને જીતે. ॥ ૨૮ ॥

(રોઝ અને તેનું માંસ.)

રક્ષો, નીળાંડકો, નીલો ગવયસ, ચારૂ દર્શનઃ, ચાર નામ છે. તેનું માંસ મીઠા સ્વાદે, શરીર પુષ્ટ કર્તા, ચિકણું, ગર્મ, કફ અને પિત્તને ઉપજાવે છે. ॥ ૨૯ ॥

(કસ્તુરીયો મૃગ તથા મુંડાયણ બેહુનું માંસ.)

કસ્તૂરી, હરિણી, ગંધી, મુંડની, મૃગમાતૃકા; પાંચ નામ કસ્તૂરીવાળા મૃગ હરણ જાતના છે. તેનું માંસ મીઠાસે, તુરા સ્વાદે, ભુખ વધારનાર દીપનગુણે, પચવાને કુમળુ હલકુ. ॥ ૩૦ ॥ મુંડની એકનામ મુંડાયણનું છે; તેનું માંસ તાવને, ખાંશીને, લોહગંધાને, લોહી ઉકાળાના ક્ષય રોગને, હાફણને જીતે છે, શિત્તળ ગુણે.

(ચિત્તલ તથા છિક્કારી નામે બેહુ મૃગનું માંસ.

કૃતમાળો, વર્ણચરઃ, પૃષતો, બિન્દુચિત્રકઃ; ચાર નામ ચિત્તલના છે:—વાતપ્રમીર, વાતમૃગઃ, છિક્કારઃ, કૃષ્ણપુચ્છકઃ, ॥૩૧॥ ચાર નામ છિક્કારી મૃગનાછે. બેહુનું માંસ મધુરસ્વાદે, ભૂખ વધારી ઝાડાપિશાબને સોષનાર ગ્રાહીગુણે, ભૂખ વધારનાર દીપનગુણે, હૈયાને હીતકર્તા, શિત્તળ, કુમળુ, હાફ્ણુ શ્વાસને, તાવને, વાયુપિત્ત કફ ત્રણેના દોષને લોહગંધી રોગને ઝીતે. ॥ ૩૨ ॥

(ભૂવાર કે રૂરૂ તથા રોહે નામે મૃગ અને તેનું માંસ.)

રૂરૂ, શરન, મુક્તમૃગો, અન્યંકુર, બહુવિષાણકઃ, પાંચ નામ ભૂવારના છે. તેનું માંસ પચવાને ભારી, મીઠાસ્વાદે, પુષ્ટીકર્તા, પિત્ત અને વાયુ કોપને ઝીતે.—અન્યુંકુઃ, એક નામ રોહે મૃગનું છે. તેનું માંસ કુમળુ પચવાને હલકુ, શરીરબળ વધારનાર, પુષ્ટીકર્તા, વાયુ-પિત્ત અને કફ ત્રણે દોષના કોપને ઝીતે. ॥ ૩૩ ॥

(સસલા અને તેનું માંસ.)

શશઃ, શલી, રોમકર્ણો, લંબકર્ણો, વિલેશયઃ, ચાર નામ છે. તેનું માંસ કુમળુ અને પચવાને હલકુ, મીઠાસે, ભૂખ વધારી ઝાડા પિશાબને શોષનાર ગ્રાહી, કરી રાખવા જેવું, કોઠાની અગ્નિ ઉપજાવનાર, સન્નિપાતના તાવને, હાફ્ણ અને શ્વાસને, લોહી ઝાડા અને કલઝીના રકત પિત્ત રોગને, કફ કોપને ઝીતે. ॥ ૩૪ ॥

(શલ્લક તથા મેધા નામે કાશ્મીરનો ખવલો બીલાડો અને તેનું માસ.)

શલ્લકઃ, શલ્લી, શ્વાવિદ્, ભેધા, સૂચિની ખરા; પાંચ નામ શલ્લક મોટા ખવલાબીલાજે કાશ્મીર દેશ, તરફ મોટા જંગલમાં મોટા આઠ પ્રકારના ખુશી ઉપજાવનાર ચાર પગના ઉછાળા મારે છે. તેનું માંસ હાફ્ણના શ્વાસને, ખાંશીને, લોહગંધી રોગને, સોઝાના રોગને, વાયુપિત્ત કફકોપના સન્નિપાત રોગને ઝીતે છે. ॥૩૬॥ મેધા; એક નામ છે. તેના માંસનો ગુણદોષ ઉપલા શલ્લકને મળવા છતા ઘણું કરીને બળ વધારનાર છે.

(બીડાલક નામે બીલાડા તથા નોળીયો અને તેનું માંસ.)

બીડાલક; માજર્જારી, વિષદંશક, આખુ ભુખ; ચાર નામ બિડાળકના છે.—નકુળઃ, પિંગળો, વભ્રૂઃ, સર્પારિઃ, સર્વ ભક્ષકઃ, ॥૩૭॥ એહુંનું માંસ મીઠા સ્વાદે, ચીકણું, ઉષ્ણ વિર્યે ગરમ, કફ અને વાયુ કોપને જીતે; તવાયલા શરીરને પુષ્ટ કરે, હાફણને, ખાંશીને જીતે છે. ॥ ૩૮ ॥

(વાંદરા અને તેનું માંસ.)

વાનરો, મર્કટઃ, કીશો, વનૌકાચ, બળીમુખઃ, હરિઃ, શાખામૃગઃ, પ્લાવી પ્લવંગ, પ્લવંગઃકપિઃ ॥ ૩૯ ॥ નવ નામ છે. તેનું માંસ વાયુકોપને, હાફણને, બગડેલી ચરબીના મેદ રોગને, શરીર પાળુ થવાના પાંડુ રોગને. જીવાતના કૃમિ રોગને જીતે છે.

(કોહલા જેવું ગીદડું જનાવર અને તેનું માંસ.)

શૃગાળો, જંઃબુકઃ, ફેરૂગોમાયુઃ, ફેરવઃ, શિવઃ ॥ ૪૦ ॥ શિવેશો, વંચકઃ, કોષ્ટુ, લેપાળઃ, સ્વલ્પ, જંબુકઃ; અગીયાર નામ છે. તેનું માંસ શરીરબળ વધારનાર, પૂષ્ટીકર્તા, સર્વે વાયુકોપને, ક્ષયરોગને હરે છે. ॥ ૪૧ ॥

(ઊંદર અને તેનું માંસ.)

મૂષકઃ, ખનક, સ્તેયી, વૃષ, ઉન્દુરૂ, રાખુકઃ; ચાર નામ છે. તેનું માંસ ઝાડા પિશાબને બાંધી અટકાવે, શરીરબળ વધારે, પુષ્ટીકર્તા, વાયુકોપને હરે.

इति चतुष्पदः समाप्त.

ચાર પગના જનાવરનું વર્ણન સમાપ્ત.

અથ પક્ષી વર્ગ પ્રારંભ.

પક્ષી, विहंगमः, બે નામ પક્ષીના છે. પત્રી પીછાવાળા. શકુન્ભીર,-સમડા, ગીદ, ચલ્લાદિક. વિહગઃ-ઝડપ ચાલે ચાલનારા, ઉડનારા. ખગઃ-ગરૂડપક્ષી.॥૪૨॥ અંડજોતિ-ઇંડાનું સેવન કરેથી ઉપજેલા પ્રાણી. પત્તરથઃ—પક્ષી. પતત્રી—પીછા ભરેલી પાંખોના. શકુનિ-સમડા. ગીધ—ચટકપક્ષી; ચલ્લા છત્યા. દ્વિજ—ઇંડામાંથી ઉત્પન્ન થયેલા પક્ષીઓ

(તિત્તર પક્ષી અને તેનું માંસ.)

તિત્તિર, શ્ચિત્રપક્ષઃ, કૃષ્ણો, ગૌરઃક, પિંજળઃ, પાંચ નામ છે. તે ચિત્રામણવાળા તિત્તરનું માંસ શરીરનો રંગ સુધારનાર, ભૂખ વધારી ઝાડા પિશાબને સોષનાર ગ્રાહી, હેડકીના રોગને, વાયુપિત્ત કફ ત્રણેના કોપને ઝીતે. ॥૪૩॥ શ્વાસ હાફ્ણ દમને, ખાંશીને ઝીતે, કરી રાખવા જેવું, તેમાં સફેદ તિત્તરનું માંસ વધારે ગુણકારી છે.

(ગાંઝણપક્ષી તિત્તર જેવા અને તેનું માંસ.)

વર્તિરો, વર્તિકો, શ્ચિત્ર; ત્રણ નામ ગાંઝણપક્ષીના છે. તેને અલ્પ રીતે મળતા બીજો પક્ષી વર્તિકા છે. બેહુનું માંસ કોઠાની અગ્નિને ઉપજાવે, શિત્તળગુણે, તાવ અને વાયુપિત્તકફ ત્રણેના કોપને ઝીતે છે. ॥ ૪૪ ॥

(લાવાપક્ષી ચાર તરેહના અને તેનું માંસ.)

લાવ શ્ચિત્ર, શ્ચિત્રતનુઃ; એનામ લાવાનાંછે, બીજા ચાર તરેહના ભેદ લાવાના ગણાયછે. એક પાંશુલો, બીજો ગૌરિકો, ત્રીજો પૌડ્રકો, ચોથો દર્ભરો ॥૪૫॥ લાવાનું માંસ હૈયાના રોગને હીતકાર્ક, શિત્તળ, સુહવાળુ, ચીકણું, ભૂખ વધારી ઝાડા પિશાબને શોષનાર, કોઠાની અગ્નિ વધારનાર દીપન.–પાંશુળાનું માંસ રસ વિકારનાં કફને વધારે, ગરમ વીર્યોષ્ણેઃ, વાયુકોપનો નાશ કરેછે.॥૪૬॥ ગૈરિકઃનું માંસ કફ અને વાયુકોપને ઝીતે, લુખાસે, ભૂખ અતિશે વધારે છે.–પૌડ્રકઃનું માંસ પિત્તકોપ ઉપજાવનાર, થોડું કુમળુ, રસવિકારના કફને, વાયુકોપને ઝીતે.–દર્ભરો; નું માંસ લોહી ઝાડો ઊલટીના રક્તપિત્તરોગને ઝીતે, હૈયાને હીતકારી, પરમાના રોગને હરે, શિત્તળગુણે; ॥૪૭ ॥

(ચટક પક્ષી, ચક્લા જેવા ગામડાના અને જંગલના. તેનું માંસ)

ચટુકઃ, કળવિંકઃ એનામ જંગલી ચટકનાછે. તેવોજ પુંડ્રક ગામડાના ચીત્રામણનાછે. જંગલીનું માંસ શીતળ, સુહવાળુ ચીકણું, મીઠાસે, શુક્ર ધાતુ અને કફને વધારનારછે, વાયુ પિત્તકફ કોપના સન્નિપાતરોગને હરે, ગામડાનો પુંડ્રકનું માંસ શુક્ર ધાતુને અતિ વધારો કરનારછે.

(ગાંજીણ જેવા પક્ષી અને તેનું માંસ)

વાર્ત્તિકો; એક નામ છે. તેનું માંસ મીઠાસે, શીત્તળ, લુખાસે, કફ અને પિત્તકોપને ઝીતે. ॥૪૯॥

(ખબૂતર તથા કપોત પક્ષી અને તેનું માંસ.)

પારા વતઃ, કળરવો, મંજુઘોષો, મદોત્કટઃ, કપોતા, ધુધુકૃત, ગાંડુરન્યઃ, કાણં કપોતકઃ આઠ નામ કબુતરના છે. ॥૫૦॥ તેનું માંસ પચવાને ભારી, ચીકાસે સુહવાળુ, લોહીના ઝાડા ઉલટીના રક્તપિત્ત રોગને, વાયુકોપને હરનાર, ભૂખ વધારી ઝાડા પિશાબને શોષનાર સંગ્રાહી, શુક્ર ધાતુને વધારનાર, શીત્તળ ગુણે.—કપોત પક્ષી ખબુતર જેવા છતા જેનાં ગળાને રંગીન ચીત્રામણ હોય, તેના માંસના ગુણ દોષ ઉપલા ખબુતરને મળતો છે. ॥ ૫૧ ॥

(મોર પક્ષી અને તેનું માંસ.)

મયૂર, શ્ચન્દ્રકી, કેકી, મેઘરાવો, ભુજંગ ભુક ॥ ૫૨ ॥ શિખી, શિખાબળો, વર્હી, શિખંડી, નીળકંઠક :, -સુકલા પાંગ :, કલપીચ, મેઘનાદો, તુલાસ્યપિ. ॥ ૫૩ ॥ ચઉદ નામ છે. તેનું માંસ પુષ્ટીકર્તા, કાનના રોગને, મસ્તકરોગને, વાયુકોપના રોગને, શરીર શોષ રોગને ઝીતે, ગર્મ, શરીર બળને, આયુસને, બુદ્ધિને, કોડાની અગ્નિને, આંખોના તેજને, શરીરના વાળ અને રંગરૂપને વધારે છે. ॥ ૫૪ ॥ હેમન્ત અને શશિર બે રૃતુંમાં મોરનું માંસ ખાવાને ગુણાકારી છે, અને ગ્રીષ્મ રૃતુંમાં કરી પાળવા જેવું, વર્ષા રૃતુંમાં અત્તિ સ્વપ્ના ઉપજાવી રોગ વધારે. ॥ ૫૫ ॥

(શેહેરી, કે જંગલના, પાણીના મરઘા કુકડા અને તેનું માંસ.)

કુકકુટો, વિક્રિર :, શૌંડી, કાળજ્ઞ, શ્ચરણાયુધ :, કૃકવાકુ, સ્તાશ્ચુડ :, યરણ્યકુકુટ. ॥ ૫૬ ॥ આઠ નામ શેહેરી કુકડાના છે. જંગલી મરઘા–લુખાસે રૂક્ષગુણે, તુરાસવાદે. ॥ ૫૭ ॥—પાણીના મરઘા સુહવાળા ચીકાસે, પુષ્ટીકર્તા, રસવિકારના કફને વધારનારા, પચવાને ભારી.

(પોપટ તથા મેના પક્ષી અને તેનું માંસ.)

શુકો, રક્ત મુખ :, કીરી, વાગ્મી, સુન્દર દરશન ; પાંચ નામ પોપટના છે.—સારીકા, રસિતા, દુતી, સુમતી :, પ્રિય વાદિની ॥ ૫૮ ॥ પાંચ નામ મેનાના છે.-પોપટનું માંસ શીતળ, કુમળુ, ભૂખ વધારી ઝાડા પિશાબને સોષનાર ગ્રાહી, જખમ ધારાને, છાતી દુઃખવાના ક્ષત કાસને, ખાંશીને, ક્ષય રોગને જીતે, લુખાસે રૂક્ષ ગુણે, ગુણકર્તા.-મેનાનું માંસ ઉપલા પોપટના ગુણદોષને મળ-વા છતા સુદ્વાળુ ચીકાસે, બુદ્ધિબળ વધારનાર, કોઠાની અગ્નિને વધારનાર છે. ॥ ૫૯ ॥

(કોયળ અને તેનું માંસ.)

કોકિળ :, કળકંઠ :, પરપુષ્ટો, વનપ્રિય :, પિક :, પરભૃતા અહારી, તામ્રાક્ષો, મધુદ્દુતક : ॥ ૬૦ ॥ નવ નામ છે. ભૂખ વધારનાર દીપન, ભૂખ વધારી ઝાડા પિશાબને શોષનાર ગ્રાહી, તુરાસ્વાદે, આંખોને હીતકારી, શરીરક્ષય રોગને, ખાંશીના રોગને જીતે છે.

(કાગડાં, ગીડર, કાક ભેદના પક્ષી અને તેનું માંસ.)

કાકો, ધ્વાંક્ષો, ગૂઢકામી, બળિપુષ્ટ :, સકૃત્પ્રજ :, વાયસો, બળિ ભુક્વાણુ :, કરટ, શ્ચતુરો, દ્વિજ : ॥૬૧॥ બાર નામ કાગડાના છે.—ભાસા. સિખાવા, ભ્રસતી, ગૃધ્રાકારો, રજ :, પ્રજ : છ નામ ભાસના છે. બેહુંનું માંસ આંખોનું તેજ વધારનાર, ભૂખ વધારનાર દીપન, કુમળુ, હલકુ, આયુશને વધારનાર, પુષ્ટી કર્તા, શરીર બળ વધારનાર, ધારા જખમના ક્ષત રોગને, વાયુપિત્ત કફના ત્રણે દોષને, ક્ષય રોગને જીતે છે- ॥ ૬૨ ॥

(ગિદ્ધ પક્ષી અને તેનું માંસ.)

ગૃધ્ર :, સુદૃષ્ટ :; શકુની, વક્ર દૃષ્ટિશ્ચ, દૂરદૃક્ ; પાંચ નામ છે. તેનાં માંસનો ગુણ દોષ કાગડા ને મળવા છતા ઘણું કરીને આંખોના રોગને જીતે છે. ॥ ૬૩ ॥

(હંસ, રાજહંસ, કળહંસાદિક અને તેનું માંસ.)

હંસાઃ શ્વેતા, ગુરૂત્માનઃ, સૌકાર કર્તા, પદાન હૈ; ચાર નામ હંસના છે.—રાજહંસઃ, કૃષ્ણાઃ ધાર્ત; રાણ, માલિકઃ, પાંચ નામ રાજહંસના છે. ॥૬૪॥ મલિનેઃ, એક નામ કળહંસનું છે.—પીતૈઃ પીળા રંગે હંસને કાદંબ કેહેછે. કારંડવઃ પ્લવો, મદ્દગુવરટા, ત્રણનામ કરંડહંસનાછે. ॥ ૬૫ ॥ સર્વે જાતના હંસનું માંસ સુહ-વાળું ચીકણું, પચવાને ભારી, પુષ્ટીકર્તા, ગરમ વીર્યે, ગળાના અવા-જને, શરીરના રંગ રૂપને સુધારે, વાયુકોપને, લોહગંધી રોગને, પિત્તકોપને સમાવે, શરીર બળ અને ભુખને વધારે, ॥ ૬૬ ॥

(સારસ, ચકુવાક, બગલા, આડીપક્ષી અને તેનું માંસ)

સારસો, લક્ષ્મણો, રક્ત મૂર્ધા. પુષ્કરા હ્વઃ; ચાર નામસાર-સનાછે.— ચક્ર વાકઃ, પત્રરથ, શ્રક, શ્રકી, સુકાર્મુકઃ ॥ ૬૭ ॥ રથાંગ, નામાકો, કોયથ, કંકઃ, સ્યાલ્લીહ, પૃષ્ટકઃ; અગીયારનામ ચક્ર-વાકપક્ષીનાછે.—વકો, બકોટી, ધવળો, વગાકા, વિશકંટિકા. ॥ ૬૮ ॥ પાંચનામ બગલાના છે.—આડિઃ, શિરારિરાતિશ્ચ, વિચિત્ર, જળ ચારિણી; ચારનામ બગલાની સ્ત્રીનાછે. સારસ, ચકવાક, બગલા અને તેનાસ્ત્રિ આડિનું માંસ સુહવાળુ ચીકણું. શિત્તળ, પચવાને ભારી. મીઠાસ્વાદે, ઝાડા પિશાબને છોડે, વાયુપિત્તકોપને, લોહગંધી રોગનો નાશ કરતા. ॥ ૬૯ ॥

(કરકુલાપક્ષી, અને તેનું માંસ)

કારેડુકઃ, કર્કરેડુઃ, કરકઃ, કૃંકણસ્તથા; ચારનામછે. તેનું માંસ પુષ્ટીકર્તા, શરીરબળવધારનાર, વાયુપિત્તકોપને હરનાર, કુમળુ પચ-વાને હલકુ. ॥ ૭૦ ॥

(વાળના અને વિના વાળના ખંજરીટ પક્ષી તેનું માંસ)

ખંજરીટઃ, ખંજનક, શ્રાખ, નામાક્રિ. ક્રીદિવી; પાંચ નામ વાળ સાથેના કૈશાખંજરીના છે. તે બેહુના ગુણદોષ નીચે લખેલોછે.

(ચાતક, પપીહા પક્ષી અને તેનું માંસ)

ચાતકસ્તુ. ઘનરવઃ, સારંગ. સ્તોકકો. ભ્રમાઃ ॥ ૭૧ ॥ ચાર નામ પપીહાના છે. તેનો ગુણદોષ નીચે લખેલો છે.

(ભરદ્વાજ, કુંભા, કક્કરાટો પક્ષી જેની ચાંચ કાગડા જેવી, પીછા બાણ જેવા હોય અને તે ખીજવાઈ પીછા છોડવાથી, તીરની રીતે વિંધી નાખે છે તેનું માંસ.)

ભરદ્વાજઃ, કકરાટો, વ્યાઘ્રાટાંહિ, કુટિઃ પરઃ, ચાર નામ ભરદ્વાજ પક્ષીના છે. તેમાં ખંજરી, ભરદ્વાજ, શ્વાપનું માંસ એક સરખા ગુણે રસવિકારના કફને, વાયુ કોપને જીતે છે. ॥ ૭૨ ॥ પીપાહ વાયુ, પિત્તકફના ત્રણે દોષને અને ભરદ્વાજ પિત્તકોપને લોહગંધાને જીતે, કફને વધારે ॥ ૭૩ ॥

(સીંચાન તથા ચીલઝ પક્ષી અને તેનું માંસ.)

શ્યેનઃ, સમાદનઃ, પત્રી. ચિર. શ્રિલ્લી, ચિરિલ્લિકા; છ નામ છે. ચીરીભવં; એક નામ ચીલકાનું છે. બેહુનું માંસ અનેક રોગોને ઉપજાવે, પચવાને ભારી. ॥ ૭૪ ॥

(ઉલુક ઘુવડ પક્ષી અને તેનું માંસ.)

ઉલૂકઃ. કૌશિકઃ, કાકદેરી. ઘુકો, નિશાચર; પાંચ નામ છે તેનું માંસ ખાનારો સુદ્ધિવિનાનો બેભાન ઘુવડ જેવો થાય, વાયુ પિત્ત અને કફ ત્રણે કોપને વધારે. ॥ ૭૫ ॥

(ચકોર પક્ષી અને તેનું માંસ.)

ચકોર, શ્ચંદ્રિકા, પાયી, જીવંજીવઃ, સુલોચનઃ; પાંચ નામ છે. તેનું માંસ પુષ્ટીકર્તા, શરીરબળ વધારનાર, ચીકણું, ગરમ, વાયુકોપને જીતે. ॥ ૭૬ ॥

(ક્રોંચક, કુરરો, ટિટિભથોરી પક્ષી અને તેનું માંસ.)

ક્રોંચકઃ, એક નામ છે. પેચકો, એક નામ છે. તેજ પ્રમાણે પુચ્છાઘો, ભાગલો, ડિતઃ, વક્રોશઃ, ચારનામ કુરરોના છે.—ક્રોયષ્ટિ, ટિટ્ટિ ભરતથા, ॥ ૭૭ ॥ બેનામ ટિટી ભથોરીનાછે.— ક્રૌંચકનું માંસ પિત્તઅને વાયુકોપને હરે.... પેચકનું માંસ કફ અને વાયુ કોપને જીતે.–કુરર અને ક્રૌંચકનું માંસ સરખા ગુણેછે.–ટિટ્ટિ ભથોરીનું માંસ વાયુ કોપને ઉપજાવેછે. ॥ ૭૮ ॥

ઈતિ પક્ષી વર્ગ સમાપ્ત.

(अथ मत्स्य वर्ग प्रारंभ.)

(અથ મચ્છ વર્ગ પ્રારંભ.)

(માચ્છલા)

† મત્સ્યો, મીનઃ--મચ્છલા, કંડી–ગળાનું ભુષણ, વૈસારિણો–એક જાતના માચ્છલા; ઢવઃ-ક્રીડા કરનારા.પૃથુરોમા-એકજાતના માચ્છલા, અભિસાર–પ્રાકમી. તેવાજ વિસાર–એક જાતના માચ્છલા ગમન કર્તા. શકુલી–માચ્છલાની એક જાત ઇત્યાદિઃ ॥ ૭૯ ॥ રક્તોદરો–લાલ લોહી જેવાપેટના રોહીત માચ્છલા, રક્ત મુખો–લાલ મોહના રોહીત માચ્છલા. રોહિતો–લાલ લોહિ જેવા રંગના માચ્છલા, મતસ્યપુંગવ–એક જાતના લાલ માચ્છલા. સહસ્ત્ર દંષ્ટ્ર–એક જાતના માચ્છલા,–પાઠીન–એક જાતના માચ્છલા. કૃષ્ણ વર્ણો.–મહા સિરા. ॥ ૮૦ ॥ શફરઃ. ક્ષુદ્ર મતસ્યઃ,–પ્રોષ્ટી,–શફરી,સ્મૃતા,–જળ મીન.–શ્રિળળિ,–ચિભસ્તિભિઃ–સમુદ્રજઃ ॥૮૧॥ ઓગનતિશ જાતના માચ્છલા જુદા જુદા નામે છે. ઘોળ, ભિંગ, પાળવો, દાંતાળ, કર્લી. તોવરી, વિસ્વણ, તારલી, પેડ, માંદળ્યા, ખુરાટો, ભિર્ઝી. વેર્લી. કાટેરો, બોંબલા, છમના. હલવા, બાંગડા, રાવસ, બાળા, સેતુક, સૈંવટા, ગુંજ્યા, મોડી, મુડૂદસી, વિણંગ, નેવટા, પુતળી, ઘોડીયાર. ધુમા, વાગ, સુંગટ, કોલબી, મોરી, મુસી, ખરવડ. ટોળી, કાળદૂર. પેડવા, દરેક જાત તેનું માંસ શરીર બળ વધારનાર, પુષ્ટીકર્તા, પચવાને ભારી, કફ અને પિત્તને વધારનાર, ગરમ, શરીરની સર્વે નસોમાં તેની ચીકાસનો ગુણ દોષ પસરનાર અભિષ્યંદી ગુણે. ચીકણી સ્નિગ્ધ, શુક્ર ધાતુ વધારનાર, વાયુકોપને જીતે ॥ ૮૨ ॥ નદીના મીઠા પાણીમાં ઉપજેલી માંચ્છલીનું માંસ શરીર બળ વધારે, પચવાને ભારી, વાયુકોપને જીતે છે.—કોપ્પા–કુવામાં ઉપજેલી માંચ્છલીનું માંસ શરીર બળ વધારનાર, કફકોપને. પેટમાંનીગાંઠને કે પિશાબમાં બંધાયલી પથરીને, પિશાબનાં

---

† पक्कवन्धन्याय.

રોગને. શરીર સડાને બાંધે. ॥૮૩॥ તાડાગા–તલાવ કે ખાબોચીઆની ઉપજેલી માંચ્છલીનું માંસ પચવાને ભારી,-પુષ્ટીકર્તા, શીતળ, શરીર બળ અને પિશાબને વધારે.—તડાગ, વન્નિર્ઝરજ્ન–ખાબોચીઆ અને ઝરાના પાણીની ઉપજેલી માંચ્છલીનું માંસ શરીર બળને, ઉંમરને, બુદ્ધિને, આંખોના તેજને વધારે. ॥ ૮૪ ॥–સરોજા–સરોવરની ઉપજેલી માંચ્છલીનું માંસ મીઠાસે, ચીકાસે, બળ વધારનાર, વાયુ અને પિત્તરૂકોપના રોગને હરનાર.—સમુદ્રમાં ઉપજેલી માંચ્છલીનું માંસ પચવાને ભારી, પિત્તકોપનહી વધારતા, વાયુકોપને હરતા. ॥ ૮૫ ॥ તે ઉપરાંત નિમખ લગાડી તેને ખારી કરી હોય તો ભૂખ વધારી ઝાડા પિશાબને સોષનાર ગ્રાહી ગુણે, આંખોનું તેજ ઘટાડનાર. સ્વચ્છ જળમાં ઉપજેલી માંચ્છળીનું માંસ હૈયાને હીત કારી, શરીર બળ વધારનાર ગણાય છે. ॥ ૮૬ ॥–હેમંત રૂતુમાં કુવાની ઉપજેલી માંચ્છલી શ્રેષ્ટ ગુણે.–શિશિર રૂતુંમાં સરોવરની ઉપજેલી માંચ્છલી શ્રેષ્ટ, મીઠાસે, ગ્રીષ્મ રૂતુના વખતમાં નદીની, ઝરાની, કુવાની, તલાવની ઉપજેલી શ્રેષ્ઠ છે. ॥૮૭॥ સરદ અને વર્ષા રૂતુમાં સરોવર, ઝરા ઇત્યાદિ ઠેકાણે ઉપજેલી હરેક જાતની માંચ્છલીનું માંસ ખાનારને સર્વે પ્રકારે રોગ ઉપજાવનાર છે.—રોહિત : જાતની લાલ માંચ્છલીનું માંસ સર્વે માચ્છલીમાં શ્રેષ્ઠ ગુણે છે, તે પિત્તકોપ ઉપજાવનાર નથી પચવાને હલકી છે. ॥ ૮૮ ॥ તેનો ઉકાળો પીનારને શરીર બળમાં વધારો થાય.—પાઠીના જાતની માંચ્છલીનું માંસ રસ વિકારના કફને વધારે, પચવાને ભારી.—ક્ષુદ્ર મત્સ્યા :–ઝીણા ઝીંગા જાતની માંચ્છલી મીઠાસે. વાયુ, પિત્ત, કફ ત્રણે કોપને જીતે છે.—સૂક્ષ્મા : પરં–અતિ ઝીણો કોલબ"ની માંચ્છલી ખાનારાને પુરૂષ ત્વની શુક્ર ધાતુનો વધારો થાય, મુખેરૂચી ઉપજાવે સ્વાદીષ્ટ, ખાંસી, વાયુકોપને હરે. ॥ ૮૯ ॥

મત્સ્ય ગર્ભ :–માંચ્છલાંનો ગર્ભ કે ઇડાળ, ત્રિદોષનો કોપ ઉપજાવે શરીરબળ અતિ વધારનાર, અતિ પુષ્ટીકર્તા, ચીકણા, સ્થિરતા રાખે, પચવાને ભારી. ॥ ૯૦ ॥ કફ અને ચરબીને વધારે, શરીરબળ વધારે, સુસ્તી વધારે, પરમાના રોગનો નાશ કરે.

(મગરમચ્છ અને તેનું માંસ.)

શિશુમારો, દતેરતુરયો, મકર. રિતમિદંષ્ટ્રકઃ ॥ ૯૧ ॥ ચાર નામ છે. તેનું માંસ પચવાને ભારી, પુષ્ટીકર્તા, કફ વધારે, વાયુ કોપનો નાશ કરે, શરીર જાડુ કરી બળ વધારે, ચીકાસે, ચચલાઈ ઉપજાવે. ॥ ૯૨ ॥

(કાચબા અને તેનું માંસ.)

કચ્છપો, ગુઢપાત્કૂર્મઃ, કમઠો, દઢ પૃષ્ઠકઃ; ચાર નામ છે. તેનું માંસ શરીરબળ વધારે, ચિકાસે, વાયુકોપને જીતે, પુરૂષત્વકે શુક્ર ધાતુને ઉપજાવે. ॥ ૯૩ ॥

(દેડકા અને તેનું માંસ.)

મંડૂકઃ, પ્લવકો, ભેકો, વર્ષાભૂર, દર્દુરો હરિઃ, પાંચ નામ છે. તેનું માંસ રસવિકારના કફને વધારે, પિત્તકોપને નહી ઉપજાવે, શરીરબળ ઉપજાવનાર. ॥ ૯૪ ॥

(કરચલા, ખેકડા અને તેનું માંસ.)

કર્કટઃ, કુરચિલ્લઃ, કુલિરઃ, ષોડંશાંઘ્રિબકઃ, ચાર નામ છે. તેનું માંસ શરીર જાડુ કરે, પુષ્ટીકર્તા, શિત્તળગુણે, લોહગંધી રોગને, શરીર ગળાવાના રોગને જીતે છે. ॥ ૯૫ ॥

(સાપ, નાગ ઈત્યાદિ સર્પ જાત અને તેનું માંસ.)

સર્પો, ભુજંગો, ભુજગઃ, ફણીભોગી. ભુજંગમઃ, કુંડલી, કંચુકી, ચક્રી. પન્નંગઃ, પવનાશનઃ ॥ ૯૬ ॥ ગૂઢપાદુ. ઉદુરગો, નાગો, જીહ્મગશ્ચ, સરીસૃપઃ, ચક્ષુઃ શ્રવા, દીર્ઘ પૃષ્ટો, વ્યાળ, આશીવિષ, સ્ત્વહિ ॥ ૯૭ ॥ દર્વીકરો, વિષધરો, દંદશૂકો, વિલેશયઃ, કુંભીનસઃ પૃદાકુઃ, તેવાજ દંષ્ટ્રી, કાકોદરો, વિષી. ॥ ૯૮ ॥ ડિંડિંભો, રાજીલઃ, પ્રોક્તો, અજગરો, વાહસઃ, શયુઃ, જળાસર્પો, ગલાર્દઃ, તેવાજ તિલિત્સયો, ગોનસઃ સ્મૃતઃ ॥ ૯૯ ॥ ચાળીસ જાતના જુદા જુદા નામે, સર્પ અને નાગ છે. તે સર્વેનું માંસ ચિકાસ ભરેલું સ્નેહન, આંખોનું તેજ વધવાને શ્રેષ્ઠ છે, શરીર પુષ્ટીકર્તા, પચવાને ભારી. બગડેલી આંખો અથવા કોઢને, ઝેરી વસ્તુ ખાધેલાના રોગને, છવા-

તના કૃમિરોગને હરે છે, બુદ્ધિને, મંદ કોઠાની અગ્નિને, ભૂખને, શરીરબળને વધારે છે. ॥ ૧૦૦ ॥

(ગોહ પાટલા ગોહ અને તેનું માંસ.)

ગોધા, ઘોર, ફટા, પંચનખા, રાજનિય રતથા કૃષ્ણ સર્પણ, ગોધેયો, ગોધરોસુ, મહાગુણા. ॥ ૧૦૧ ॥ નવનામ છે. તેનું માંસ કોઠાની અગ્નિને ઉપજાવે, શરીરબળ વધારે, શરીર પુષ્ટકર્તા, પિત્ત અને વાયુ કોપને હરે છે.

(વધ કરેલા કે મુવેલા સર્વ જનાવરનું તાજુ કે વાશી માંસના ગુણદોષ.)

સદ્યોહતં ભર્જે માંસં,-તરત વધ કરેલા જનાવરનું માંસ ભુંજી ખાનારને અમૃત જેવું ગુણકારી, બગડેલા કોઠાના કે રોગીનુ, રોગથી નબળા થનારનું શરીરબળ વધે છે. તે ઉપરાંત કેટલા રોગી જનાવરનું માંસ નહી ખાવું અથવા વર્જ કરવું. ॥ ૧૦૨ ॥ વૃદ્ધાનાં દોષલં,-ઘરડા કે રોગી જનાવરનું માંસ રોગ ઉપજાવનાર છે.-બાળાનાં—જનાવરના બચ્ચાનું કુમળું માંસ ખાનારનું શરીરબળ વધારે, પચવાને ભારી છે; ગર્ભવાન સ્ત્રિને અથવા જેનો ગર્ભ પડી ગયો હોય કે અધુરે ગયુ હોય તેને ગુણકારી છે.-સ્વયં મૃતમ-પોતાના મોતે મરણ પામેલા જનાવરનું માંસ ખાનારના શરીરનું બળ ઘટાડે, અતિસારના ઝાડા કરાવે, પચવાને ભારી.—ઝેરી પાણી પીધાથી કે ઝેરીવસ્તુ ખાધેલી અથવા રોગ થયાથી મરણ પામેલા જનાવરનું માંસ ખાનારને વાયુ, પિત્ત કફ ત્રણે કોપના રોગને વધારે છે. ॥ ૧૦૪ ॥

(પક્ષીઓ અને જનાવરમાં નર અને માદાના માંસનો જુદો ગુણ દોષ.)

બિહગેષુ પુમાન શ્રેષ્ઠ :—પક્ષીઓમાં નરનું માંસ ખાવાને શ્રેષ્ઠ છે. સ્ત્રી ચતુષ્પાદ જાતિષુ-ચોપગા જનાવરમાં માદાનું માંસ શ્રેષ્ઠ ગુણે છે. પશ્ચાર્ધ લઘુ પુંસાં,-પશુ અને પક્ષીના પાછળા ધડનું માંસ (નર)નું કુમળુ અને માદાનું આગલા ધડનું માંસ શ્રેષ્ઠ ગુણે છે. ॥ ૧૦૫ ॥ સરખી જાતના, મોટા સ્થૂળ દેહના, મહાદેહેષુ—ઘણા

મોટા શરીરના પૂજાય છે —અલ્પ દેહેષુ શસ્યંતે-ન્હાના અલ્પ શરીરના શ્રેષ્ઠ ગુણે; તથૈવ સ્થૂળ દેહિનઃ ॥ ૧૦૬ ॥—તેવાજ ગુણે મોટા શરીરના છે. ચેષ્ટાવતાં પરં-ગેલકર્તા ઘણા સુખીનું માંસ શ્રેષ્ઠ ગુણે, પચવાને હલકું.—દેહ મધ્યં ગુરૂઃ—મધ્ય દેહના પશુપક્ષીનું માંસ, પચવાને ભારી. પ્રાયઃ સર્વેષાં પ્રાણીનાં મતમ્-સરખા ગુણે. સર્વે પ્રાણીમાત્રના માંસમાં ॥૧૦૭॥ પક્ષ્મોક્ષેપાદ્વિહંગાનાં-છડા મુકનાર પક્ષીઓ ઉડનારા, બે પગનાપાણીમાં ક્રીડા કરનાર ઘણું કરીને સરખા ગુણે. મોટા કે ભારી ઇંડાના સર્વે જાત પ્રાણીમાં, ગળનારા લવો મોટા જેની લાંબી અને સોભાવાન ગરદનના પક્ષીઓ છે. ॥ ૧૦૮ ॥ પાણીથી દૂર રહેનાર પશુપક્ષી હરણાદિક, જલદ ચાલના દેખાવ દઈ નહાશી જનાર, અંકાતે દૂરવાસો કરનાર, ફાળ મારનર, કુદકા મારી રખડનાર તેનું માંસની ચીકાશ, ખાનારના શરીરની નસોમાં પસરનાર અભિષ્યંદિ, સર્વે પ્રકારે ઉલટા ગુણે એક બીજાથી. ॥ ૧૦૯ ॥ પાણીમા ફરનારા અને પાણીમાં ઉપજેલા અને ભારી વસ્તું ખાનારા પ્રાણીઓનું માંસ પચવાને ઘણું ભારી, તર, શોષાતા શરીરને. દાહને હરે છે. ॥ ૧૧૦ ॥ અનાજ, ચારો, પાલો ખાનારા પશુ પક્ષીનું માંસ કુમળુ પચવાને હલકું, તેની છાતીનું, ખાંદનું, પેટનું. જાગનું, આગલા પાછલા પગનું, ગરદનનું, કંબરનું, પીઠનું. ચામડું. કલેજું, દાંત, મોહનું જડબું, પચવાને ભારી. પેહલા પદાર્થથી બીજું અને બીજાથી ત્રીજું ભારી છે. ॥૧૧૧॥

इतिश्री मदनपालनृपविरचिते मांसवर्गो

द्वादशः अध्याय समाप्त.

અથ શરીર રક્ષણ અનુપાનવિધીનો તેરમો અધ્યાય પ્રારંભ.

गोपालबालैः सहमल्ल विद्या विनोददक्षं घृतकाकपक्षम् ।
उपास्महेवाङ्मनसातिदूर महःपरंनीलं चिंत्य नीयम ॥ १ ॥

પૃથ્વિ પતિ સુગંધિ તૃણ ધાન્યવિશેષ, રોગ ક્ષુધાદિ જન્ય દુઃખ

થયેલુ હોય તે સોષી સહન કરવુ, જુદ્ધની રીતે તેને હટાવવું, વાદ-વિવાદથી તાકીદે રોગનો ઉપાય કરી હણવું, જેમ કાગડા પક્ષીનું અધું અંગ પકડ્યાથી નહાસવાને હજારો ઉપાય કરે છે તેમ, રોગ હટાવવાને ઓષડો ખાવા પીવાનો, અભ્યાસ, વિચાર શક્તિએ હીમતે કીધાથી ઘણા મોટા વાયુકોપના દુઃખ ઓલખીને દુર કરવા.

(પીવાની જણસોનો ગુણદોષ.)

વાતે અનુપાનં, વાયુકોપ ગલાવા ઉપર અનુપાન પદાર્થ પીવાને. ઘી તેલાદિક ચીકાસ અને ગરમ વસ્તુ અથવા ગર્મ પાણી કે ઉકાળો પીવો; વાયુ જાતે રૂક્ષ ગુણે ગરમ છે પણ રસવિકારનો, કફ તેની સાથે ખેંચાઈ સંગમ થાયછે.—પિત્તકોપ ઉપર ચીકણું ઘી ઈત્યાદિ સ્નિગ્ધ સુહવાળા પદાર્થ હીતકારી, તે સ્નિગ્ધ ચીકાસ અને તર પદાર્થની રાબડી પીધાથી,પિત્તકોપ શિત્તળ થાય. ॥૨॥ ભલ્લાતકઃ—ભિલામાદિક વસ્તું ખાધા પીધાની ગરમી ઉપર ઘી કે તેલાદિક સ્નેહ વધારે પીધાથી તેનો આફરોકે ગરમી ઉપર, ઘુમરી અથવા ચકરીથી પડી જવાનો કે બેભાન થવાના રોગ, ઉપર શીત્તળ પાણી વધારે પીવાની ટેવ રાખવી ફાયદા કાર્ક છે. તેમજ ચોખા અને મગ અડદ ઈત્યાદિ ધાન્યની ખીચડી ખાવાના અભ્યાસથી દુઃખી થનારને, તેમજ માંસ કે તેનો ઉકાળો પીનારને ગુણાકારી છે. ॥ ૩ ॥ અડદ કે માંસનું ભોજન કરેથી, અંબાયલુ કે ખટાયેલુ અનાજ ખાધાથી, દહી ઇત્યાદિ વસ્તું ખાધાથી રોગ ઉત્પન્ન થયો હોય, તેમજ દારૂ પીનારને, શરીર શોષના રોગને, ઝેર ખવાયલા રોગીને,આતુર કે સંતાપ અને દીલગીરી થવા ઉપર, ગરમીથી ભૂખ નહી લાગવાના મંદાગ્નિ ઉપર શિત્તળ પાણી ફાયદો કરે છે. ॥ ૪ ॥ અતિ મેહનતે થાકેલાને, તવાયલા શરીરને, મળમૂત્રાદિના બંધકોષ્ઠને, અપવાસકે લાંઘણે પીડાયલાને, ઓછુ ખાનારને, ભાર ઉપાડનારને, સ્ત્રિનો અતિ સંગ કરનારને,વાયુકોપે પીડાયલાને, પચે તેટલું ગાયનું ધારોષ્ણ દુધ પીવાનો અભ્યાસ રાખેથી અમૃત પીધા બરોબર છે, તેમજ ક્ષીણ થયેલા શરીરને,લોહી ઝાડા દસ્તીના

રક્તપિત્ત રોગને ગુણાકારી છે. ॥ ૫ ॥ અસાત્મ્યં, અપરેહજીના વાવડા પદાર્થો ખાધા પીધાથી રોગ ઉપજાવે.આખા શરીરે શીત્તળ-તા ઉપજાવી રસાદિ સર્વે ધાતુનું મંથન કરે, પચવાને ભારી છે.॥૬॥ ઉપર કહેલા અનુપાનો પ્રમાણે પદાર્થો ખાધાપીધાથી, શરીરને સુખ ઉપજે, વાયુ રોગને ઝીતે છે. ॥૭॥ ઉપલી રીતે નહી ખાધા પીધાથી સ્વચ્છપણે રેહેવાછતા ખાંશી,હરશ,જીવાતનો કૃમિ રોગ,ધારા જખ-મનો ક્ષતાતુર રોગ થાય.–પાધાથી ઉપર કહેલા ગુણો,નિદ્રા તૂર્ત નહી આવે.॥૮॥ તે ઉપરાંત કફ,વાયુ અને પિત્તકોપમાંથી એક અથવા એ ત્રણે નાહાસી જાય. વારિ–ગરમ કરેલું પાણી ઇત્યાદિ કહેલા પદાર્થ. ઉત્તમ પ્રકારે શ્રેષ્ઠ ગુણે રોગને જુદો પાડનાર. એવા રીતે નયુક્ અભ્યાસ રાખવાથી ઘણે દિવસે આંખોનું તેજ વધી રસાયન ગુણે જણાય. ॥ ૯ ॥ ઘડપણમાં ચામડીની કરચલી શરીરે ન પડે. સફેદવાળ ન થાય. આયુષની વૃદ્ધી થાય. નાકના પીનસ રોગને, હાફણના શ્વાસરોગને, શરીર શોષ રોગને ઝીતે.–ઉપર કહેલુ ગરમ કરેલુ પાણી, આખા શરીરમાં પસરે, મળમૂત્રાદિ કચરો બહાર પાડે માટે સૂર્ય ઉદે થવાની અગાઉ.ગરમપાણી પીવામાં આવે તો ઘણું ગુણાકારી છે. ॥ ૧૦ ॥

(ભોજન કે ખાવાનો ખોરાક ખાધા પછીની વિધી.)

ધાન્યેષુ–ચોખા ઇત્યાદિ અનાજનું. માંસે–માંસનું. સકલેષુ — સર્વે જાતનું સંપૂર્ણ. ચૈવં–કહેલું. શાકેષુ–ફળ, મૂળ, પાંત્રા ઇત્યા ભાજી, માંસ, માંચ્છલી. ચાનું ક્તં–જે અનુકુળ, પસંદ પડતું. સ્નિહ–ઘી તેલ અને પાણી મેળવેલુ. પ્રમાદાત–રાંધવાની ક્રીયા કરીને. અશ્વાદિતો–વનસ્પતિ ઇત્યાદિ. ભૂતગણે–હીસાબથી મેળવેલું. ગૃહીત્વા–લીધેલું. તદાદિશેત–તેજ વખતે કહેલું. દ્રવ્ય–પદાર્થો. મન –મનને ગમતું.અલ્પબુદ્ધિ–અલ્પબુદ્ધિએ. ॥ ૧૧ ॥

ષષ્ટિકા- સાઠ દિવસે પાકેલા ચોખા. યવ–જવ. ગોધુમા–ઘઊં. લોહિતા-લાલ ચોખા. શાળિ–સર્વે જાતના ચોખા. મુદગા–મગ સા-રાખેતરના. મસૂરાશ્ચ–મસૂરાદિક સાત નામે ધાન્ય. ઘણુ કરી તેનો

ઉપયોગ કરેથી, ઘડપણના જરાને. હરેક રોગને ઝીતે. મનને આનંદ ઉપજાવે. સોવરશની ઉમર સુખે થાય. ॥ ૧૨ ॥ ભુકત્વો–ભોજન કીધા પછી ભરેલા પેટે નિરાતે બે ઘડી બેસવાથી, શરીર બળમાં ગુણ કરે. આયુર્વામકટિ–જમવા પછી ડાબે પડખે સુનારને શરીર બળ વધે, જમણે પડખે સુનારનું આયુષ વધે. જમીને તરત દોડે કે હમેશા દોડતો ચાલે તો તેનું મૃત્યુ દોડતુ આવે. રાત્રૌ–રાત્રે જાગરણ કરનારનું લોહી સુકાઈ રૂક્ષ ચેહરો થાય. તવાયલા શરીરના માણસે ચિકણો સ્નિગ્ધ પદાર્થ ઉત્તમ ખાવો. ઊંઘ જે વખતે આવે તે વખતે સુવું દિવસે પણ. ॥૧૩॥ ચ્યન તેષાં–પોશ મહીનો ન હોય, સુનારનો રોગ જાગરૂત થતાજ જાય. ભોજનાનંતર–ભોજન કે જમવા પછી તરત દિવસે સુનારના વાયુકોપને ઝીતે, કફ અને ચરબી વધી શરીર પુષ્ટ થાય. ॥ ૧૪ ॥ કફમેદો–જેના શરીરે કફનો વધારો થતો હોય તેણે, બગડેલી ચરબી વધી મેદ રોગના જાડા માણસે, જેના પેટમાં ઝેરી પદાર્થ ગયા હોય તેવા રોગીએ રાત્રે જાગરણ કરવું શ્રેષ્ઠ છે. દિવાસ્વપ્નંચ–દિવસે સુનારને સપનાની ઝખના થતી હોય કે જેને પાણીની તૃષા ઘણી લાગતી હોય, જેના શરીરે શૂળરોગ થયો હોય, ઉચકી કે હેડકીનો રોગ થયો હોય, જેને ખાધેલા ખોરાકનું પાચન નહી થઈ હમેશા અજીરણ થતું હોય, ઝાડા ઘણા થઈ અતિસારનો રોગ થયો હોય તેને ગુણકારી છે. ॥ ૧૫ ॥

(દાતણ કે દાંત ઘસવા, મોહ ધોવું, પગ ધોવા, કોગળા કરવા વિશે.)

દંત ધાવન મુદ્દિષ્ટ—બાવળ કે જે પાલાદિકનું લીલું દાતણ હમેશા દાંતે ઘસેથી મેલ ભરાયલો નિકળી સફાઈદાર દાંત થાય, મનને આનંદ ઉપજાવે, મોહ અને ચેહેરો સ્વચ્છ થાય. તે ઉપરાંત બળગમ કફ બંધાયલો છુટો પડે, મુખે અરૂચી અને દુર્ગંધી હોય તે દૂર થાય, જાડો પિસાચાદિક બંધાયલો મળ અને કફ પિત્ત કોપ દૂર થાય. ॥ ૧૯ ॥ દારૂપીનારને ચડેલો મદ, કેફની ખુમારી વાલાને, શરીરે તવાયલાને, અતિ મેહનતે થાકેલાને, તાળવાના રોગીને, હો-

કના રોગીને, હેડકી અને ઊચકીના રોગીએ. ઉલટીના રોગીએ, માથુ દુઃખવાના શીર પીડાવાળાએ, ભાન વગરના કે ધુમરી આવી પડી જવાના રોગીને. શરીરે સોષ કે સોઝાની થોથર આવેલાને ઉપર લખેલી રીતે દાતણુ ઘસીને કરવાથી રોગનો ઉછાળો થઇ ઉલટી થાય માટે એટલા રોગીએ ન કરવું. ॥ ૧૭ ॥

મુખપ્રક્ષાલનં—મોહ શીત્તળ પાણીએ ધોવાથી શરીરે શીત્તળતા ઉપજે, લોહી ઉકાળાના લોહીના ઝાડા ઉલટીના રક્ત પિત્ત રોગને જીતે, મોહ સફાઈદાર થઇ તેનું તેજ વધે, મોહની પીડા અને તે ઉપર થતી ફોડકી ન થાય, શરીર સોષાતુ કે સોઝાની થોથર થતી અટકે, વાયુ કોપ અને નિલિકા નામે ફોડકી ખીલનો નાશ થાય. ॥ ૧૮ ॥

પાદ પ્રક્ષાલનં—પગ ગરમ પાણીએ ધોવાથી આંખોનું તેજ વધે, શરીર પુષ્ટા કર્તા, મેહન્તના થાકોટાને સમાવે; પગના તળીઆને ઘી કે માખણુ મસળીને જેરવવાથી શરીર ઘણું પુષ્ટથાય, આનંદકારી ઉપજાવે. ॥ ૧૯ ॥ ઊંઘ સુખે આવે, મેહન્તના થાકોટાને તથા મદવાડને વિસામો મળે, આંખોના રોગને જીતે. સ્નેહ ગંડુષ કરણું—ઘી તેલાદિક સ્નેહના કોગળા કરવાથી મુખે શોષ પડતો, દાંતોના ઘસાદિ રોગો દૂર થાય. ॥ ૨૦ ॥ ગળાનો અવાજ સુધરે, હોઠ ફાટવાનો રોગ, મૂખમાંથી નીકળતો ખરાબ વાશ, અનાજ બગડવાનો રોગ, લોહી અને વાયુ બગડવાનો રોગ દૂર થાય. મુખોષ્ણોદકં ગંડુષઃ—ગરમ પાણી કે ઉકાલાના કોગળા કરવાથી કફ કોપને, મુખની અરૂચીને જીતે, ઝાડા પિશાબના બંધાયલા મળને છુટા પાડે. ॥ ૨૧ ॥ પણ ઝેરી વસ્તુ ખાધાના વિષ રોગને, ભાનવગર થવાના મૂર્છા રોગને, કેફ ચડવાના મદ રોગને, શરીર કે મુખ સોષ રોગને, લોહી ઝાડા અને ઉલટીના રક્તપિત્ત રોગને, બગડેલી આંખોના રોગને, ઝાડા પિશાબના મળ મૂત્ર રોગને. તેજ હીણારૂક્ષ શરીરને માફક નહી આવે. ॥ ૨૨ ॥

(આંખનું અંજન કરવા વિશે.)

અંજનં, આંખના રોગઉપર સૂર્માદિકનું અંજન કરેથી આં

ખો નિર્મળ થાય, આંખોનું તેજ વધે, આંખના રોગને જીતે, રાતના જાગરણ કીધા પછી, અતિ મેહન્તે થાકેલાને, ઉલટી થયા પછી, જમતા પછી અંજન કરવું ગુણકારી છે. ॥ ૨૩ ॥ પણ તાવે પીડાયલા રોગીને, મસ્તક દુઃખવાના રોગીને, નહાવાની અગાઊ કોઈ વખતે અંજન કરવું નહી.

(શરીર કસરત કે મેહન્ત કરવા વિશે.)

વ્યાયામઃ—શરીર કસરત કે મેહન્ત, કર્મ-મેહન્ત મજુરી કરીને શરીરમાંથી પરસેવો કહાડવો,તેથી શરીર બળ અને સામર્થ વધે, સ્થિરતા રેહે, શરીર નિરોગી થાય, નબળાઈ અને ક્ષય રોગ ઘટી શરીર પુષ્ટ થાય, કોઠાની અગ્નિ પ્રદીપ્ત થઈ ભૂખ વધે. ॥ ૨૪ ॥ હર હમેશા ગુણવાન પદાર્થમાં ઘી શાકરાદિક બળ વધારનાર, અતિ ચિકણા પદાર્થનું ભોજન કે ખાનારાઓએ શરીર કસરત કરેથી,તેનું શરીર મજબુત થઇ; કદાપિ તેને રોગ નહી થાય. ॥ ૨૫ ॥ તે વારંવાર ઉપરા ઉપરી ખોરાક ખાય અથવા ન પચવા જેવું કાચુ કે બળેલું ખાય, તેનું પાચન તૂર્ત થાય; અને શરીરે થાકોટો ન લાગે, ઘડપણની શરીરે કરચલીન પડે, વાળ સફેદ ન થતા, ઘડપણ નુજરાન આવે. ॥ ૨૬ ॥ વસંતરૂતુમાં અને તહાડના વખતે ઘણું ઉત્તમપણું એક સરખો ફાયદો કરે છે. શરીરે પરસેવો વહેવડાવે, બીજા નરસ કર્મો, ભોજન કે મૈથુન કર્મ નહી કીધાથી અથવા સુભ કામ કીધાથી, શરીર શક્તિમાં વધારો થઈને બળમાં અતિ ઘણો વધારે થાય છે. ॥ ૨૭ ॥ શરીર વિશે વિચારપૂર્વક જે નહી વર્તનારા રોગી કે દુઃખી ખેદ અથવા બળતરા કરનારા સ્વભાવના, ગળાના, રોગીએ ગરદનના રોગીએ, કપાળ કે ભીજણ દુઃખવાના રોગીએ, ભૂખ તરસ કે લાંઘણો કરનારા રોગીએ,સંગોગ કર્મ કરેલાએ, ખાંસીના રોગીને, હાફણ કે શ્વાસના રોગીને, ક્ષય રોગીને, શરીર તવાયલા કૃશ રોગીને. ॥૨૮॥ લોહી ઝાડા અને ઉલટીના રક્તપિત્ત રોગીને, શરીર ક્ષય રોગીને, શરીર શોષ કે સોઝાના રોગીએ મેહન્ત કે શરીર કસરત ન કરવી, એટલા રોગી કરેથી તેના રોગમાં વધારો થાય.

અતિ ઘણી શરીર કસરત કે મેહનત કરેથી ખાંશીનો રોગ, તાવ. ઉલટીનો રોગ ઉપજે છે. ॥ ૨૯ ॥

(ઘી તેલાદિ સ્નેહ મરદન કરવા વિશે.)

મર્દનં, ઘી તેલાદિક ચીકણા પદાર્થ શરીરે મરદન કરી નહા- વાથી, અતિ મેહનતના થાકોટાને સમાવે, વાયુ કોપને હરે, ઊંઘ સારી આવે, શરીર પુષ્ટી કરી બળને વધારે.

(હજામત કરાવવી, વાળ કતરાવવા, નખ કહડાવવા, સુગં- ધીઓટણું ચોળવા, નિંદરાલેવા વીશે.)

કેશશ્મશ્રુ ; એકનામછે. વાળ સરખા કરવા,ઓડાવવા. નખા- નાંચ–નખ વધેલા કતરાવવા. કલ્પનં–મેલકહડવો. શુચિ ઝાડે પિ- શાબે જઈ નિર્મળ શરીર કરવું; રૂપ કૃત ॥ ૩॥ રૂપ વાન સોભાવાન થવું. અભ્યંગો–સુગંધીનું ઓટણું શરીરે મસળવું.તેથી વાયુ રોગના કોપ દૂરથાય. સાતે ધાતુ તૃપ્ત થઈ તેનું સમાધાન થાય, શરીર બળ વધારે, સુખ ઊપજે.—નિંદ્રા-ઊંઘ આવેથી નિદરા કરવી, તેથી શરીરનું વર્ણ રૂપ રંગ નિર્મળ થાય, નબળા શરીરને પુષ્ટી આપે, આંખોનું તેજ વધારી પુષ્ટકરે. ॥ ૩૧ ॥

(વાળોનો અંબોડા કે વેણીબાંધવી, તેલ ભરવું, ઓટણું ચોલવા વિશે)

કેશ પ્રશાધની; એકનામછે. માંથાના વાળાનો અંબોડા બાં- ધવાથી વાળનો સંભાળ અને વધારો થાય, કાસકીએ વાળ સાફ- કરેથી તેમાનો કચરો બહાર નીકળી આવેછે. માંથા ઈત્યાદિવાળમાં સુધંદીભરેલું તેલ મસળવાથી અને તાળવે તેલ જેરવવાથી મગજની અને વાળની,આંખોની તૃપ્તિ થઈ મજબુતવાળ થાય શરીર પુષ્ટિકર્તા- થાયછે. ॥ ૩૨ ॥ મોટા આવાજે બોલવાને બળ વધે. કાનનું બેહ રાપણા માટે, ઝાડા પિશાબના બંધાયલા મળને છુટો પાડવાને, દાઢી કે જડબુ વાયુ કોપે વાંકુ થવાનોકે અકડાવાના હનુગ્રહ રોગને જીતે.કાનના કર્ણરોગમાટે કદાપી ઉપાય કરવો હોયતો કાનના વિંધસુ- ધી તેમાંથી પૂરવું. ॥૩૩॥ તેલથી ભીંજવેલા વાળના મૂળને જુવાનીકે

તેજવધે, ફલ્લુસાફુટે, વાળનો વધારો અને સુહવાળા થવાને ભીજવી ચિકણા કોવાથી. સાતે ધાતુનો વધારો થાય. ॥ ૩૪ ॥ શરીરનું તેજ વધારે, વાયુકોપને સમાવે. સર્વધાતુને વધારી શરીર પુષ્ટી કર્તા છે. એકલું તેલ, ચોખાનો લોટ.ચાર–પાંચ વનસ્પતીનું ઓટણ મેળવવું. છ–સાત જાતની ગર્મ વનસપત્તી તેમાં નાંખવી નહી ॥૩૫॥ રસવિકાર થયા હોય , જુલાબ થવાના ઓખડો ખાધેલા હોય, લોહી બગડવાનો વિકાર, માંસ બગડવાનો, ચરબી બગડવાનો મેદ રોગ, હાડરસ મજ્જાનો રોગ, ધાતુ ઇત્યાદિ એક પછી એક અનુક્રમે. ઊલટી કરનાર રોગી, નવ પ્રકારના તાવના રોગી, અજીર્ણ થવાના રોગી, લોહી વગરના શરીરવાળા, એખલાકે સર્વે ઉપલા રોગી. ॥ ૩૬ ॥ જે રોગીને ઝાડા પિશાબ માર્ગે પિચકારી મારીહોય એટલાને ઓતેલાદિ સ્નેહ મરદન કરવાનો પ્રયોગ નહી કરવો.

ઊકતેન–એકનામછે સુગંધી ભરેલું ઓટણું, શરીરે ચોળવાથી વાયુ કોપને હરે. પિતકોપ અને લોહુગંધી કે દુરગંધી રોગને ઝીતે. ભૂખને વધારે ॥ ૩૭ ॥ શરીરના સાંધા અને ગાત્રોને સ્થિરતા આપે. ચેહેરો તેજવાન દેખાય. શરીર સડો, જખમને, અશુદ્ધ થવાના મદ રોગને સમાવે, શરીરની ચામડી સુહવાલી થાય. (નાહવા, શરીર ધોવા, ઓખડ ખાવો પછી નાહી નાહવા વગેરે)

સ્નાન; એકનામછે. આખા શરીરે નહાવાથી વાયુ કોપ અને થાકોટાને સમાવે શરીર સારા અને તેજ વધે.શરીર સડા અને ખુજલી, ખજવાળ,શરીરનો મેલ દૂર થાય ॥૩૮॥હૈયાના રોગને હત કરી, કામને ઉપજાવે, ભૂખને વધારે, સર્વે ઇન્દ્રિઓને જાગ્રત કરે. અતિ ગર્મ પાણી માંથા ઉપરનાખવાની મનાઈ કરેલાછે. કેમકે તેથી આંખોના તેજનો ઘટાડો નિત્ય થાય. ॥ ૩૯ ॥ ઓખડ ખાધા પછી નહાવાથી તેજ વધે કફ અને વાયુ કોપનો વધારો થાય. તેસાથે અતિસારનો ઝાડા થાય, તાવનો રોગ વધે,કાનના કર્ણ શૂળાદિક રોગ અને વાયુનો કોપ વધે. ॥ ૪૦ ॥ વાયુ કોપ પેટ ફુગેલા એ, અરોચક રોગનુ અજીર્ણ ભોગવનારા એ છોડી દેવું.

(નાહીને ટીલુ,અંજન, શરીરે ચંદનાદિ સુગંધી કે તેનું તેલ ચોળવા.ફુલનાગજરાહાર, શણગાર પેરવા વિશે)

અનુલેપ; એકનામછે નાહીને શરીરે ચંદનાદિક સુગંધી, અતર લગાડવાથી તૃષાનો રોગ, બેભાન થવાનો મૂર્છારોગ, શરી. રની દૂરગંધી રોગ અતિ મેહનતના થાકોટાને, વાયુ કોપને જીતેછે. ॥૪૨॥સૌભાગ્ય ભાગ્યવાનકે સુવાસિકપણું થવાનેઅંજન.કંકુનોચાંદલો, સુગંધી લગાડી તેજવાન થવું શરીરનો રંગ સુધારવાને સુગંધી લગાડવી,તેથીમનને આનંદ ઉપજે.શરીર બળવધે—કુસુમાંબર રંગીન સારો પોશાક પેહેરવો,ફુલના ગજરા હાર વેણી પેહરવી–રત્નનાંમ–સોના ઈત્યાદિ ઝવેરાતનો શણુગાર સજવો – તેથી શરીરની કાંત્તિનો વધારોથાય. ॥૪૨॥ પાપરક્ષો– પાપ કર્મ કરવાથી શરીરનું રક્ષણ કરવું, નરસ ગ્રહનો દોષ હરે, કામનેજીતો, શરીર બળના ઓજને વધારે,ધનદોલતની લક્ષ્મીને વધારે.

(પગમાં જોડા, મોજા પહેરવા વિશે)

પાદત્યા ધારણું—એક નામ છે. જોડા કે મોજા પેહેરવાથી આંખોનું તેજ વધારે. ગરમી આપે, આયુષને વધારે. પગનો બંચાવ કરી રોગ હરે. ॥ ૪૩ ॥

(માથે જટા. ટોપી. મુગટ. પાઘડી અને શરીરે પોશાક પહેરવા અને છત્રી માંથે ધરવા વિશે.)

ઉષ્ણીષં; એક નામ છે. સુદ્ધ અને સફાઈદાર પાઘડી ઈત્યાદિ માંથે પેહરવાથી માંથાનું અને શરીરે પોશાક પેહરવાથી શરીરનું રક્ષણ થઇ વધારો થાય, કચરો કે રજ જેથી ન ભરાય, વાયુ કોપ નહી વધે. તડકા ઈત્યાદિ ગર્મીથી માથુ નહી તપતા શિત્તળ થાય.—છત્ર ધારણ–છતરીમાંથે ઉઘાડી ધરવાથી. શરીરની ચરબીને આંખોને શિત્તળ રાખે,તડકાના તાપને જીતે.૧૪૪,

(વાળાદિક સુગંધીના પંખ્ખા, હાથમાં લાકડી રાખવા વિશે.)

વાળવ્યં; એક નામ પખ્ખાનું છે. સુગંધી ભરેલા પંખ્ખાએ પવન નાંખવાથી આનંદ ઉપજે, ગરમીને જીતે,મચ્છર કે માખી ઉ-

ત્યાદિને નસાડી તેની વેદના દૂર કરે.પખ્ખો હલાવેથી વાયુને,પાણીના શોષને,બે ભાન થવાના મૂર્છા રોગને અફ્રારાની ગરમીને અત્તિ મેહન્તના થાકોટાને જીતે. ॥ ૪૫ ॥—યષ્ટિ: એક નામ છે. જેઠી મધ ઈ-ત્યાદિ ગુણી ઝાડની લાકડી હાથમાં રાખવાથી મનને આનંદ ઉપજાવે, મનને સ્થિરતા કે હીમત આપે.ઝાડા પિશાબાદિક મળ મૂત્રના બંધકો-ષ્ટને છોડે. શુક્ર ધાતુના વીર્યને વધારે, રાખ્ખસ અને સર્પાદિકની બીહી-કને જીતે;ઘણું કરીને જ્યાહ હોય ત્યાહ સૂરાપણુ ઉપજાવે છે.॥૪૬॥ શરીર જાડું કે મજબુત કરે. સુખે રૂચી ઉપજે. રસવિકારના કફને વધારે, જુવાનીનું બળ વધે, મૂખ્ય કે પેહલો વર્તે, નિશ્ચય કરીને ફરવાથી ચામડીને સુખ ઉપજે, શરીરને પીડા કરવાથી કે કોઈને મારવાથી સુખ ઉપજનાર નથી. ॥૪૭॥ સારી હવામાં ફરવાથી તરત આવરદાને, બુદ્ધિને, ભૂખને વધારે, શરીરની સર્વે ઇન્દ્રિયોને ચેતાવે.

(તલાઈ કે બીછાના પાથરેલા પલંગની સેજઉપર સુવા વિશે.)

ત્રિદોષ શમની શય્યા—વાયુ પિત્ત કફ ત્રણે દોષને સમાવનાર સેજેસુવું કેનિદ્રા છે;તૂળી—લાંબા થઇ સુવાથીવાતાદિ ત્રણે દોષ અને કફ કોપનો રસ વિકાર દૂર થાય. સુખ ઉપજાવનાર સેજ ઉપર સુતા પછી સારી નિદ્રા આવે તો શરીરની ઈન્દ્રીઓનું બળ વધે. ॥૪૮॥ આતપ—સૂર્ય અને ચન્દ્રનો પ્રકાશનાં તેજમાં ઉષ્ણતામાં સુતા હોય અથવા તે વખતે બફારો, ભાન વગર, મૂર્છા, લોહગંધી, તૃષા, બળ-તાર, શરીર અંબાય થાકી જાય, હાથ પગ ઢીળા, પિત્તને ઉકાળી શરીરના રંગ રૂપને બગાડે. બફારો અને ઉકળાટ થાય. છાયાં—જે વખતે સૂર્ય ચંદ્રની શીત્તળ છાયામાં કે ઘરમાં અથવા છાયડામાં સુતા હોય તે વખતે ગરમીને હાંકી કહાડે છે.॥૪૯॥ઉષ્ણતા—અગ્નિ-ને ઉપજાવે તથા શીતળતા વાયુકોપને અટકાવે, બેહુના વખતમાં કફ અને ધ્રુજારાનો નાશ કરે ; લોહી ઝાડા અને ઉલટીના રક્તપિત્ત રોગને વધારે. તેમજ આમવાયુ અને વેહતા રોગનું પાચન કરે. ॥ ૫૦ ॥ ધુમ:—જે વખતે ધુમ્મસ વરસતો હોય તેમાં સુતાથી પિત્ત અને વાયુકોપને ઉપજાવે,કફ અને વાયુને વશ કરે;—જ્યોત્સ્ના—

ચાંદણી રાતમાં કે ચાંદરણામાં સુનારને હુનાળામાં શીતળતા અને આનંદ ઉપજે, લાંબે વખતે વાયુ કોપે શરીર અકડાવે; તૃષાને પિત્ત કોપને, બળાત્તરને ઠીતે. ॥ ૫૧ ॥ રીશ અને ગુસ્સો તમોગુણને બીહકને લઇ જાય;મોહ—અંધારી રાતે અથવા જંગલમાં અંધારયામાં · તાથી અજ્ઞાન પણાને. કફકોપને, પિત્ત કોપને વધારે. ઘણી મહેન્ત કરેલી હોય તેવો થાકોટો લાગે.—વૃષ્ટિ-વૃષ્યા—વરસાદની રૂતુમાં સુનારનું શરીર પુષ્ટ થાય, શાત્તળ તા જણાય. સારીસુખે ઊંઘનો વધારોથઈ લાંબે દિવસે ભાન વગરનો પડે. શરીરે આળસ વધેછે. ાપરા વાયુ કોપને ઉપજાવે, રૂક્ષપણુવધે. શરીરના રંગ રૂપને બદલે, બુદ્ધિને ભ્રાંતિ અને બીહકણુથાય. શરીર બળત્તરનીદાહનો, પિત્ત કોપનો, બફારો કે પરસેવાનો, બેભાન પણાનો, પાણીની તૃષાનો નાશ થાય, વાયુ કોપનો વધારો, રીશ ગુસ્સો ઇત્યાદિ દૂર થાય. ॥ ૫૩ ॥

(શરીરે સુખ દૂઃખ થવાની રૂતુ અને સારાનરસા ખોરાક વિશે)

સુખં—સુખ ઉપજવાને:—ઘણુકરીને. ઉત્કર્ષ—સારી સુખાકારી ખમવા લાયેક હવા. ગ્રીષ્મ અને શરદ રૂતુનો પવન વધારે ફુકનાર, એ રૂતુના પવનનું સેવન કરવું ગુણકારી છે.—નિવાત—જ્યારે પવન ફુકવાની રૂતુ ન હોય અથવા જયાહ પવન ફુકાતો નહોય, તે અનુમાને કે અજમાસે આયુષ ઘટાડનાર પવનનું સેવન કરેથી. શરીરે હમેશાનો રોગ ઉપજે. ॥ ૫૪ ॥—૧ સદ્યો માંસં—તાજામાંસના પદાર્થનો ખોરાક. ૨ નવુ પાકેલું અનાજ. ૩ પોતાથી નહાની ઉન્મરની જુવાન ઐરીનો સંભોગ. ૪ ગાયના તાજા દૂધ સાથે પેટભરી પચતું ભોજન. ૫ અત્તિ ઘી સાથેનું પચતુ ભોજન. ૬ સહવાય તેવા ગરમ પાણીએ દરરોજ નાહવુ. ઉપલી છ પ્રકારે તાજી વસ્તુનો ઉપયોગ કરવાથી શરીર અથવા પ્રાણનું રક્ષણ થઈ લાંબા દિવસ જીવેછે. ॥ ૫૫ ॥ આયુસને હરતાકે મોત લાવનાર. ૧—પૂતિ માંસ—ગંધાતુકે સડેલા માંસનો ખોરાક. ૨ સ્ત્રિયો વૃદ્ધા—પોતાથી મોટી ઊંમરની વૃદ્ધ ઐરીનો સંભભોગ—૩ બાલાર્ક રતરૂણં દધિ—

દહી બરોબર મજેલુ ન હોય તે કાચુ અને સૂર્ય ઊગે થતી વખતે હમેશા દહી ખાનાર. ૪ પરોઢીએ કે સવારના સ્ત્રિ સંગકે મૈથુન કરનાર. ૫ નિદ્રા સદા—તૂતેનો ઊંઘેલો. ઓછીકે બુજ ઊંઘ લેનાર, જાગરણ કરનાર. ૬ જે ઘણી ભૂખ્યો હમેશા રહી લાંઘણો કરે. રાત્રે ભૂખ્યો હમેશા સુએ: ઉપર લખેલા છ પ્રકારે હમેસા જે વરતે થી મોત વેહલુ તેનું આવે, અથવા શરીર રોગી થઈ તેના પ્રાણનો નાશ થાય. ॥ ૫૬ ॥

(અનાજ, દુધ, માંસ, ઘીએકબીજાથી ચઢતા ગુણો વિશે.)

અન્નાદષ્ટગુણં પિષ્ટં—આખા અનાજના ગુણ બળથી તેના લોટમાં આઠ ઘણો વધારે ગુણ છે.—પિષ્ટાદષ્ટગુણંપયઃ—લોટથી આઠ ઘણુ બળ અને ગુણ દુધમાં છે.—પયસોઽષ્ટગુણં માસં—દુધથી આઠ ઘણુ બળ અને ગુણ માંસમાં છે.—માંસા દષ્ટ ગુણં ઘૃતમ્. ॥ ૫૭ ॥ માંસથી આઠ ઘણા ગુણો અને બળ ઘી માંછે— ઘૃતા દષ્ટ ગુણ તૈલં—ઘી થી આઠ ઘણા ગુણ અને બળ તેલમાં છે. ઘી. તેલ. અન્નાદિક સાથે મસલીને ભોજનના પદાર્થો કરવા.

(લાઘણકે અપવાસથી ભૂખ્યા રેહુવાના ગુણ દોષવિશે)

લંઘનં; લાઘણ કે ભૂખ્યા રહેવાથી કફ કોપના વધારાને. ચરબી વધેલા મેદ રોગને. આમ વાયુના તાવના રોગને હરે, શરીર હલકુ થાય. ॥ ૫૮ ॥ અપચાનું પાચન કરે ભૂખ વધારનાર. વાયુ કોપને હરનાર, શૂળ સહિત અતિ સારના ઝાડાના રોગને જીતે છે. પણ નબળા એ. તલાયલા શરીરે. નવાજુના રોગીએ, બાળકે. ગર્ભવાન બૈરી એ, ઘરડાડોશાએ, જેનું શરીર પાતળુ સુકાયલુ હોય તેણે. ॥ ૫૯॥ અફશોસ ભરેલા શોકાતુરે, કામ કાજ ઘણું કરનારે, ઘણી ધારતી રાખનારે, રીશ ભરેલા આકરા સ્વભાવના, ક્રોધીએ, ઘણું ચાલનારે, અતિ મેહનતથી થાકેલા એ, ઘણા દિવસથી તાવનો રોગ ભોગવનારે એટલા માણસો એ ભૂખ્યાકે અપવાસ નહી કરવો.

(પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, અને ઊત્તર ચારે દિશાના ફુકાતા પવનનો ગુણદોષ)

પૂર્વ્યાનિળો; પૂર્વ દિશાનો ફુકાતો પવન ભારીગુણે, મીઠાસ્વાદે, ચીકણો, સુહવાળો, પિત્ત કોપ અને લોહ ગંધી રોગને વધારે છે. ॥ ૬૦ ॥ નવા રોગોને ઉપ જાવે, ઝેરના રોગને, શરીર સડાના કુષ્ટ રોગને, ધારાકે જખમના રોગને, વિંધના નાશૂર ફોડકાના રોગને બગાડે. શરીર બળત્તર ઉપજાવે, પિત્તને ઉકલાવે, વાયુ ઉપજાવનાર, થાકેલાને શાંતી, કફ કોપના સોઝા અને તેવા રોગને હેતકારીછે. ॥ ૬૧ ॥ (દક્ષિણઃ) દિશાનો ફુકાતો પવન મીઠા સ્વાદે, લોહી ઊકાલાના લોહી ઝાડા અને ઊલટીના રકત પિત્ત રોગને હરે, હલકા ગુણે, શરીર બળત્તર નહી કરાવે, પિત્ત અને લોહી નહી ઊકળાવે, શરીર બળ વધારે, આંખોને હિતકારી, વાયુકોપને ઉપજાવતો નથી. ॥ ૬૨ ॥ (પશ્ચીમઃ) દિશાનો ફુકાતો પવન લુખાસે, રૂક્ષ ગુણે. તીક્ષણ સ્વાદે, સુહવાળો ચીકણો, શરીર બળ ઘટાડે, ઝેરના રોગને નિર્મળકરે, શોષણ કર્તા, પુરૂષાર્થ વધાર્તા, કફ કોપને. ચરબી વધવાના મેદો રોગને હરનાર, હલકા વજને. ॥ ૬૩ ॥ (ઊત્તરો) ઉત્તર દિશાનો ફુકતો પવન શીતળ, ચીકણો, રોગોનો કોપ વધારનાર, દુઃખ ઉપજાવે, ધભરાવે, પંચ ભુત જીવના સ્થાનો ધુજાવે, શરીર બળ વધારે, મીઠા મધુરસ્વાદે, નમીસ ભરેલો પવન ફુકાય. ॥ ૬૪ ॥ ક્ષય રોગને, બગડેલા લોહીના ધારા જખમના રોગને, ઝેરના રોગને, દુઃખી પ્રાણીઓમાં ઘણુ કરીને ગુણાકારીએ હવાછે.

(અતિમિઠા પદાર્થો હમેશા ખાનારને ગુણ દોષ)

રસો મધુરકઃ, એકનામછે. શીતળગુણે, શરીરની સાતે ધાતુને વધારે, ધાવણામાં દુધ ઉપજાવે, શરીર બળ વધારે. ॥ ૬૫ ॥ આંખોનું તેજ વધારે, વાયુ અને પિત્ત કોપને હરે, શરીર જાડું કરે, કફને વધારે, જીવાતના કૃમિ રોગને ઉપજાવી અતિશે વધારે, મીઠાઈ હમેશા ખાનારને તાવનો રોગ ઉપજે, ખાંશી અને હાફણુ-થાય, ગંડમાળા દિક ગળગંધ અને નાસૂરોની ગાંઠોનો રોગ ઉપજે. ॥ ૬૬ ॥

(ખટાસે મીઠાઈમાં જલેબી ઈત્યાદિ પદાર્થો હમેશા ખાનારના ગુણદોષ)

રસોઽમ્લઃ;એકનામછે. જલેબી ઈત્યાદિ ખટાવેલીમીઠાઈ,ખાધેલાખોરાકનુંપાચન કર્તા,મુખેરૂચીવધારનાર, પિત્ત અને કફને ઉપજાવે પચવાને હલકી, શરીરના વાતાદિ ત્રણે દોષોને સોષી પાતળા કરનાર લેખન ગુણે, ગરમ, મળેલા શીતલ પણાના આળસ મદને, જીવ મચલાવવાના ઉલટી રોગને, વાયુકોપના રોગને હરે છે. ॥૬૭॥ અતિ ઘણી કે હમેશા વધારે ખાનારને શરીરે બળત્તરની દાહ થઈ, લોહી ઉકાળાનો લોહી ઝાડો અને ઉલટીનો રોગ ઉત્પન્ન થાય.

(તિક્ષણ, તિખ્ખા વશાણા ખાવાના ગુણદોષ.)

કટુકઃ; એક નામ છે. મરી મસાલાનાતિખ્ખા પદાર્થ ખાધાથી પિત્તકોપ વધે, રસવિકારનો કફ શ્લેષ્મ, જીવાતનો કૃમિરોગ, ખુજલીની ખજવાળ, ઝેરના રોગને હરે છે. ॥ ૬૮ ॥ વધારે ખાધાથી ઉલટી કરાવે, રસવિકારનો કફ અને પિત કોપને સમાવે, ઝાડો કરાવે, લોહી ઉકાળાનો લોહી ઝાડો અને ઉલટી થાય.

(જંગલીમેથીનું શાક.)

વાસ્તિવાતહરા;એક નામ છે. વાયુકોપને હરે,તેમજ ઉબાળાને, ઉષ્ણતાને, પરસેવાને, મંદ કોઠાનાનબળાને અપકાર કર્તા છે. ॥૬૯॥ અગ્નેયો-અગ્નિ જેવા જલદ કોઠાવાળાને,જાડા માણસને,અતિ તિક્ષણ પદાર્થ ખાધાથી વાયુ કોપનો, ધાવણામાં દૂધ ઉપજવાનો ઘટાડો થાય. શરીરે વધેલી ચરબીના મેદરોગને હરે, પચવાને ભારી. (સોડતિ યુક્તો-અત્તિશે વધારે હમેશા ખાનારને મસ્તકે ભ્રમ વાયુનો કોપ થાય, શરીર જાડુ થાય, મસ્તકે અને તાળવે શોષ પડે, અતિ બળત્તરની દાહ શરીરે થાય. ॥ ૭૦ ॥

(કડવા વશાણા ખાવાના ગુણ દોષ.)

તિક્તઃ; એક નામ છે. કડવા ઇંદરજવાદિક પદાર્થ ખાવાથી શીત્તળ ગુણે, તૃષાના રોગને, ભાન વગરના મૂર્છાના રોગને, તાવના રોગને, પિત્ત અને કફકોપને જીતે, વાયુને ઉપજાવે, કોઠાની અગ્નિ કે ભૂખને વધારે, ધાવણમાં દૂધને ઉપજાવે, શરીરનું શોષ

ન કરે, રોગનું શોષણ કરે. પચવાને હલકા. ॥ ૭૧ ॥ સોઽતિ યુક્ત- અતિ ઘણા વધારે ખાધા પીધાથી મસ્તક શૂળ રોગ થાય, પગ અકડાવાનો રોગ થાય, ભાન વગરનો ભ્રમીષ્ટ રોગ ઉપજાવે છે.

(લવણાદિક ખારા પદાર્થ ખાવાના ગુણ દોષ.)

લવણ:, એક નામ છે. નિમખ ખાર ખાધા પીધાથી શરીરનું શોધન થાય, મુખે રૂચી આવે, ખાધેલા ખોરાકનું પાચન કર્તા કફ અને પિત્તકોપને ઉપજાવે. ॥ ૭૨ ॥ પણ પુરૂષત્વની મરદાઇને, વાયુ કોપને હરે, શરીરના ગાત્રોને ઢીળા પણ જણાય. જે હમેશા અતિ ઘણો ખારો પદાર્થ ખાય પીએ તો આંખો પાકીને વહે, લોહી આંખે ચઢી આવે, પિત્ત કોપને વધારે, કોઢો અને આંખો તપ શરીરે ફોડકા થઇ જખમ પાડે, તાવને ઉપજાવે. ॥ ૭૩ ॥

(તુરા સ્વાદના પદાર્થો ખાવાના ગુણ દોષ.)

કષાયો; એક નામ છે. તુરા સ્વાદના પદાર્થનું ચુરણ, ઉકાળો, ઝાડનો ચીક ખાધાથી શરીરના જખમો ઉપર રૂઝ લાવે, ભૂખને વધારી ઝાડા પિશાબને સોષે, રોગનું શોષણ કર્તા, વાયુકોપ નહી કર્તા. તે હમેશા અતિ ઘણો ખાય પીએ તો ફેફરાનો રોગ, હૈ- યાનો રોગ. શરીર અકડાયે, વાયુકોપના સર્વે રોગ, આંકડી આવ- વાનો, સન્નિપાત ધનુર્વાયુ રોગને ઉપજાવે. ॥ ૭૪ ॥

(આનંદ ઉપજાવનાર સુંઘવાની તપખીર, દાંતે ઘસવાનું મંજનના ગુણ દોષ.)

પ્રસન્ન-એક નામ.આનંદ ઉપજાવનાર: દ્દષ્ટિર્દ્દઢ–તપખીર સુંઘ- વાથી આંખોને મજબુતી, સ્થીરપણું થાય. દન્ત–દાંત, કેશ:–વાળ. શશાંક–કપૂરાદિક સુગંધીનું મંજન દાંત ઘસવાથી વક્ત્રં–પલિતૈ વિ- હીનઃ–મોહ અને સફેદ થતા વાળ સંબંધી પીડાને, પાકેલા ગળાંના રોગને,પિશાબના રોગને,મોહ ઈત્યાદિ સ્થાનની દુર ગંધી સાફ થવા માટે સારી તપખીર કપુરાદિક સુગંધિ સહીત નાકમાં સુઘવાથી અને હમેશા દાંતેઘસવાથી વાળને પીંડી બાંધવાથી ઉપલા રોગ દૂર થઈ, દાંતકે મોહે ઈત્યાદિ સ્થાને થયેલી જીવાત મર્ણ પામે છે. ॥ ૭૫ ॥

(છીકણી, નાક છીકણીના ગુણ દોષ.)

કાશીપલેપ; એક નામ–કાશીપ કે કસઇ વનસપત્તી તેનું ચુર્ણ નાકમાં સુંઘવાથી ગળાનો અવાજ બગડવાનો સ્વરભેદ, ભાન વગર સુનારની નિંદ્રા કે તંદ્રા,મોહની દુર્ગંધી દૂર થઈ ઝેરના રોગને હરે છે.

(જુલાબના ઝાડા થવા, પીચકારી મારવીકે ઉલટી થવાના પંચ કર્મો થવાના ગુણ દોષ.)

કફ પ્રસેકો; એક નામ કફ ઝરાવાનું છે.—ગ્રહણી-રાત્રે ઝાડા થવાને ઘણુંનુકસાન કરતા કહેલુ છે, તેમજ ઉલટી થવાનું ઓષડ રાત્રે નહી ખાવાના સંસ્યને નમસ્કાર કરવો. જુલાબાદિ પંચ કર્મ સવારે કરેથી બુદ્ધિ નિર્મળ થાય, શરીરની દશે ઇન્દ્રીયો પ્રબળ થાય, ધાતુસ્થિર થાય, શરીર બળ અને કોઠાની અગ્નિ પ્રદીપ્ત થાય. જુનો શરીર સડો દૂર થાય, આવરદા વધારે; (વિરેચન) જુલાબના ઓષડો ખાવા પીવાની અગાઉ, અથવા તેની પિચકારી ઝાડા પિસાબ માર્ગે બસ્તિકર્મ કરવાના વખતે ભૂખ્યા રેહવું. ॥ ૭૬ ॥ બસ્તિ કર્મ અને ઉલટી કરવાથી વાયુ, પિત્ત, કફ અને લોહી વિકારનો કોપ સમાય છે, સન્નિપાત સંબંધી સર્વે રોગ માટે બસ્તિ કર્મ સદા હિતકારી છે. ॥ ૭૭ ॥ વનસ્પતીના ઓષડો જુલાબ કે પંચ કર્મ કરવાને ઝાડના મૂળ, વરજ કરવા કે મુકી દઈ જેટલા ઝાડ કહેલા હોય, તેની દાખલી, ટીટયા, સ્વચ્છ કુમળા પાંત્રા, મથાળાનો અંકુર કે અગ્ર ભાગ, જે વખતે ઘણા ફળ અને ફુલોનો બહાર, જે જે ઝાડોને આવે છે, તે વખતે ઝાડને ઓલખી સમઝી સુગંધી ભરેલા ઝાડની અંત્તરછાલ, ચામડી, છોલ તાકાંદે વિચાર નકતો ફુલાદિક સુગંધી ભરેલા કહાડી લેવા. ॥૭૮॥ શરીરના રૂવાટામાં થતો રોગ, ગડ ગુમડાં, ગાંઠો, સોઝાનો રોગ, લોહી બગાડમાંથી થએલા સર્વે રોગને ઉપલો જુલાબ પણ ઘણો ફાયદા કરતા છે. (રક્તમોક્ષણ) સંગ્રાદિક શસ્ત્ર કર્મ કરાવી લોહી કહડાવેલુ હોય, રોગે તવાયલા કે દુબળા, બાળક, વૃદ્ધ અવસ્થાના બુઢાએ તથા જેના કોઠાની અગ્નિ પ્રદીપ્ત હોય તેણે ઉપલા પંચ કર્મકદાપી નહી કરવા. ॥ ૭૯ ॥

(વર્ષા ઋતું, અશાડ અને શ્રાવણમાં, શરદઋતુ, ભાદરવા અને આસોમાં માણસોએ કેહુવીરીતે વરતવું તે વિશે)

સંહર્ષાત્—ફરતો વાયુ. કુપિત્તા—કોપવાન. ભવન્તિ—ચાલતો વખત. હિમલા—શિત્તળતા. વર્ષાસુ—વરસાદની ઋતુમાં. વાતાદયઃ—વાયુ બળવાન થઇ, પિત્ત, કફનો કોપ વધેછે. કિતંત્વા—સરદી અને ભિનાસ ભોયમાં પસરે. દ્રુપુષો—રૂઊ. ઊનનાકે વ્યાઘ્રાદિકના ચામડાનો પોશાક પેહરવો. અનળે—અગ્નિનો શેક—ગર્મ ખોરાક ખાવો, પિત્તને તપાવવું.—ભૂખ વધારવી. કુશાન્તરે— દર્ભા દિકના વસ્ત્રો પોશાક. વૈદ્યેન— જ્ઞાતા પુરૂષો જે રોગ શાંત થવાના ઓષડો જાણુતા હોયતે. દેયં—આપવા યોગ્ય તતઃ—માટે. અન્નં-અન્નાદિક ખાધેલા ખોરાક. દીપન—ભુખ વધારનાર પદાર્થો. પાચનંચ—જે ઓષડો ખાધાથી આમાદિક અને ખાધેલા ખોરાકનું પાચન કરેતે. મળ કૃત્—ઝાડો પિશાબાદિ મળને વેહવડાવે. ક્લેદાપહોષ્ણુ દ્રવં— તદ્.ખે ઘભરાયલાને, ગર્મ ગુણે ઓષડો આપી રોગદૂર કર્તા. રૂક્ષં—કઠોરકે લાકડા જેવો સખત પદાર્થ. નાતિ કષાય—ખોરાકમાંકે ઓષડમાં નહી વાપરવો. તિક્ત—કડુકે કડવા પદાર્થો. કટુકઃ—તિક્ષણુ તડકો અને તિખા પદાર્થો. સ્નિગ્ધંચ—દુધ, દહી, માખણુ, ઘી, તેલાદિક ચિકણા પદાર્થો. કિંચિદ્રસૈઃ—અલ્પકે થોડા વાપરવા ॥ ૮૦ ॥

(શિશિર ઋતું, પોશથી મહામાં આવે તે વખતે માણસોએ કેહવી રીતે વરતવું તે વિશે.)

દિવ્યં—આંખા શરીરમાં નવું લોહી વધે. યૌંગ્યમથાંપુ—પરસેવો વાજબી નિકળે.તપ્તશિશિરં-શશિર ઋતુનો તડકો તપવાથી.સક્ષૌદ્રમલ્પં પિબેત્—વાયુ ઉપજાવનાર પાણી અલ્પકે થોડુ પીવું તેથી વાયુકોપનો ઘટાડો થાય; તેસાથે ભૂખ ઊઘાડનાર ઓષડો અને મધ અથવા ગોળાદિક પદાર્થ મેળવી ખાધાપીધા પછી, જુવાન માણસોએ પણુ શરીર કસરતકે અતિમેહન્તનું કામ નહી કરવુ. તેમ મરી મસાલાના તીખા પદાર્થ અને સ્ત્રિઓ સાથે સંભોગકરવાનું

મૈથુન કર્મ શરીર સુખ ઇચ્છાનારે પોતાનું મન વશરાખી ઉપ-લા કામ કદાપી ન કરતા વર્જ કરવા; ભોયતલીએ કે પૃથ્વી ઉપર નહી રેહેવું; પીવાનાપદાર્થ ઘણા નહીપીવા, સર્પાદિક ડંખકરનારથી દૂર રહેવું, મંછર, ચાંચડ, જળો, ઘુવડ પક્ષીથી દૂરરહેવું; તે વખતે કપટી દગલબાજ દુશમનથી; ઉપજત; કમળ ફુલની જગાથી દૂરરહેવું; ઊંઘકે નિદ્રાનો ભંગ નહી થાય તેમ વરતવું. ॥ ૮૧ ॥ શીતળ પાણી પીનારે સંભાળથી થોડું પીવું. કેમકે વાયુ કોપ અને વરસેલા વરસાદની સરદીનું બગ માણુસો એ તપાસી દુશમનને જીતવાને સંભાળથી જેમ વરતવું પડેછે; તેમ ઘરમાં અને બહાર ગયાથી ફુકાતો પવન નહી હોય, તેવી જગાએ બેસવું કે રેહવું; અને રાજ કરવું; સુખે ઊંઘવું, મધુર મીઠું પાણી થોડું થોડું પીવુ; કાશ્મીર દેશના ભારી પદાર્થ નહી ખાવા, શરીરે ઓટણાદિક સુગંધીનો લેપ નહી કરવો, શણગાર કે અળંકાર નહી સજવા, શરીરે વાળનો વધારો નહી કરવો,કસ્તુરી ઈત્યાદી ગર્મ વસ્તુ નહી ખાવી; પોતાનો ધંધો રોજગાર કરતા બફારો થાય તો પંખાએ પવન લેવો, દરરોજ સવારે નહાવુ, દિવસે નિદ્રાકે ઊંઘ લેવી નહી. ॥ ૮૨ ॥ જે ઓષડકે ખોરાકમાં મીઠા પદાર્થ, તુરાસ્વાદે, કડવા અને સુગંધી ભરેલા તથા સાફ અને સ્વચ્છ પદાર્થો વરસાદની રૂતુંમાં અને જંગલમાં નહી ખાવાકે પીવા દરાખ અથવા દૂધ, શીતળ પદાર્થ, મીઠા ચોખાના પદાર્થ, ઘઉ; મગ ઈત્યાદિ નિર્મળ પદાર્થ, ગર્મ કરેલું પાણી, હલકા પદાર્થનું ભોજન કરવું, રેહેવાનું ઘરકે સ્થાનમાં સુગંધી ભરેલા ચનંદનનો ધુપ કરતા રહેવું. ખાવા પીવા માટે રોગી માણુસને માફક આવે તેમ કરવું; રાતની વખતે નહાવુ જરૂર રોગીને નુકસાન ભરેલુછે,॥૮૩॥ વરસાદની રૂતુમાં રાબકે કઢી, ગરમાલું, સાર, માંચ્છલા કે માંસનો ઊકાળો પીવાનો અભ્યાસ રાખવો, જેથી ઝાડો પિશાબ છુટી-દાળ શરીર શક્તિપ્રમાણે થાય. જેથી પિત્ત કોપનો નાશ થઇ બુદ્ધિનો વધારો થાય; યથાયોગ્ય આખાશરીરમાં સરખીરીતે

લોહી છુટા પણાથી ફ્રીશકે તેમ, તે ઊકળે નહી માટે ગરમ મસાલાના તિખા પદાર્થની રાબકે કઢી અથવા સેરવો ખાવો પીવો નહી; રાત્રે જાગરણ કરવું નહી, અત્તિ મહેન્ત નકરવી, હરેક પદાર્થો ખાધા પીધાથી નવા ઉપજતા રોગ હોયતે ખાવા નહી, જેથી વધારે બફારો થાય તે કામ ન કરવું, શરદ રૂતુમાં વરસતા વરસાદકે ધુમસમાં રેહવુંકે ફરવું નહી, દહી જેવો ખાટો પદાર્થ ખાવોનહી, અત્તિ ખારા કે ખાટા પદાર્થ ખાવા નહી, ગરમતિખા પદાર્થ ખાવા નહી, શરીર બળત્તર ઉપજાવનાર પદાર્થ ખાવા નહી, ત્તિખ્ખાકે તિક્ષણ પદાર્થ ખાવા નહી, કડવા પદાર્થ ખાવા નહી, દિવસે ઊંઘવુંકે નિદ્રા કદાપી કરવી નહી. ॥ ૮૪ ॥

(હેમન્ત રૂતુ-કારતક અને માગશરમાં આવે તે વખતે માણસોએ કહેવીરીતે વરતવું)

હેમન્તે-શીયાળાની હેમન્ત રૂતુમાં. લવણા-ખરાસના પદાર્થ તથા આમ્લ એટલે મીઠા કે ખાટા ફળાદિકનો તાજો ગેવો. તિક્ત-ગર્મ મસાલા તેજાણુ વશાણું. કટુકા-કડવી મેથી ઇત્યાદિક તેજદાર પદાર્થ. ક્ષારોત્કટં-વન્સપત્તિ ઇત્યાદિ ખાર મેળવેલા પદાર્થ. વૃંહણમ્-શરીર પુષ્ટ અને ધાતુ વધારનાર શાલમાંદિક વશાણા. લાડવા, પાક. સર્પિસ્તૈલ-ધી અથવા તેલ ભરેલા, તે સાથે લોહ ભસ્માદિક માત્રા મેળવેલા, વનસ્પતિ વિશેષકરીને તિક્ષણ પદાર્થ ખાવા અથવા પીવાનો અભ્યાસ રાખવો, ઘણા શ્રેષ્ટ પદાર્થોના લોટ અથવા ચૂર્ણમાં ગોળકેધી શાકરાદિક સુગંધીમાં વાળાદિક મેળવી શંગારેલુ પકવાન, ખાધાપીધાથી શરદ રૂતુની સરદીકે નબળાઇ શરીરમાં પસરી હોય.તેને અત્તિઘી તેલાદિ સ્નેહ શરીરમાં પ્રવેશ થયાથી, ઘડપણ અને સફેદવાળ થવાનો અટકાવ થાય. કૌશેયા-તૃણ યારતરેણે વિશેષ કે કસઇના ભેદ ઈત્યાદિના અથવા રેશમી કાપડના બીછાના ઉપર સુનારાકે સુતેલા રોગીનું સંરક્ષણ થવાને સ્વચ્છ ધરમાં રેહવું. ॥૮૫॥ રાત્રે સુગંધી ભરેલા કાષ્ટાદિકઓષડોનોધુવાડો કરવો, પુષ્ટિકર્તા ધારોષ્ણ દૂધાદિક પીવાનો ખોરાક દુ:ખી રોગીએ રાખવો, વર્ષા રૂતુની રીતે, અડદાદિક ભારી પદાર્થનો

ખોરાક તકે સક્તિએ નિશ્ચે ઓછોકરવો; કોઠા અગ્નિ પ્રદિપ્ત કર્તા કે ભૂખવધારનાર ઊત્તમ અન્નાદિક કે વનસ્પતીનો ખોરાક ખાવો, જેથી વાયુને તપાવી છુટોપાડી બહાર કહાડે. પુરૂષત્વ, વીર્ય અને ઇચ્છાને વધારે, સ્ત્રિસંગકે મૈથુનની ઇચ્છા થાય, પિત્તને ઉપજાવે; શરીરબળ અને સાતે ધાતુને ઉપજાવનાર, બરોબર સુદ્ધ કરેલી રસાયણ માંત્રા ખાવાનો અભ્યાસ રાખવો.—શરદ રૂતુમાં—ઉપર કહેલી રીતે હમેશા દરરોજ ખાવા પીવા કહેલું છે જેને એહું રૂતુની સરદીનો રોગ થયો હોય તેણે તેમ વરતવું. ॥ ૮૬ ॥

(વસંત રૂતુ, ફાગણ અને ચૈતરમાં થાય તેવખતે માણસો-એ કેહવી રીતે વરતવુ)

તીક્ષ્ણ—તીખા પદાર્થ; ક્ષાર—ખારના પદાર્થ; કષાય—તુરા સ્વાદના; રૂક્ષ—લુખ્ખા; કટુકં—કડવા; કોષ્ણં—થોડાગર્મ પદાર્થો; વસંત રૂતુમાં ખવાયછે. તેમધ્યે જંગલી જનાવર સિંહનું માંસ;રાણી મધ; મગ અનાજ; જંગલી જવ ઘણું કરી થોડા થોડા ખાવા પીવાને ગુણાકારીછે. મેહન્ત મજુરી કરનાર માણસે, જંગલમાં રેહેનાર કોયલ પક્ષી અને મોર ઇત્યાદિક જીવજંતુનુ માંસ, મરજી પ્રમાણે ખાવાની અગાઉ, પ્રથમ રેચકાદિકઓખડો ખાઇ,શરીર સુદ્ધી કે કોઠો એવડીરીતે સુદ્ધ કરીને,ચંદના દિકની સુગંધીનો લેપ માણસોએ પોતાના રેહેઠાણે,અને શરીરે કરી વાપરવાને સુંદર દેખાવે ફુલના હાર, ગજરા ઇત્યાદિએ શણગારવું. ॥ ૮૭ ॥ હેમન્ત રૂતુના પ્રતાપે માણસોના શરીરમાં કફાદિક રોગ એકઠો થયો કે આંખોનો રોગ ઉપજેલો હોય, અપવાસાદિકની ગરમી થઈ હોય, તેનું જ્ઞાન થયાથી, મસ્તકને તિક્ષણુ રોગ થયાથી, જુલાબ કે ઢાલ થવાના પદાર્થો, ખાવા કે પીવા, ઊલટી થવાના પદાર્થો ખાવા કે પીવા, મૂખરોગ થવા માટે કોગળા કરવાનો ઉપાય કરવો, ધુરી લેવા લાયેક રોગ થયો હોયતો ધુરીકે ધુમાડાનો ઉપાય સારી રીતે કરવો, તેથી શરીર નિર્મળ થાય, બુદ્ધિ અને જ્ઞાન વધે, સર્વે વ્યાપી ઈશ્વર કૃપાથી રોગને જીતે, વરસાદની રૂતુના રોગ માટે એકઠા

કરેલા ઓષડોનો ઊકાળો, ગરમ હુક્ ભરેલો પીધા પછી શીત્તળ અને ચીકાસ ભરેલા ભારી પદાર્થ ખાવા કે પીવા નહી, ફળાદિક ખટાસ અને મીઠાસના મધુર પદાર્થ ખાવા નહી, દિવસે નિંદ્રા કે ઊંઘવુ નહી. ॥ ૮૮ ॥

(ગ્રીષ્મરૂતુ, વૈશાખ અને જેઠ મહીનામાં આવે તે વખતે માણસોએ કેહવી રીતે વરતવું)

ગ્રીષ્મરૂતુંમાં સર્વે માણુસોએ શિત્તળ ઘરમાં, તલાવ કે નદીની વચમાં અથવા તેના કીનારે, હવાદાર બાગ બગીચામાં,ઝાડની ઘટાની છાયામાં કે જયાહ, શીત્તળ પવનની લેહકી તાજી આવતી હોય ત્યાહ રહેવું, ખાવા પીવાના પદાર્થ એવી રીતના ખાવા પીવા કે, જેથી શરીરમાં શીત્તળતા ઉપજે, તલાવ કે નદી અથવા ઝાંડોની ઘટાની શીત્તળ હવાનું સેવન કરવું. રેહઠાણુ સ્વચ્છ સફાઇદાર હોય ત્યાહ રેહેવું, પચવાને હલકા અને કુમળા મીઠા મધુર અને શીત્તળ પદાર્થ ખાવા,પાણીના ઝરા જેવા પદાર્થો ખાવાપીવા,દહીંનીમહલાઈ કે મથો, ધારોષ્ણ દૂધમાં શાકર મેલવીને અથવા ઘી સારી રીતે શાકરાદિ શીતળ પદાર્થ ખાવા પીવા, કુમળા અને હલકા, શીતળ અન્નાદિક પદાર્થ ખાવાપીવા. ॥ ૮૯ ॥ સફેદ ઝીણો પોશાક પેંહરવો, પાથરવો, શ્રીમતના હવાદાર ઘરના ભોયતળીએ સુતેલાને સારી ઉંઘ આવે શિત્તળતા ઉપજે, ફુલાદિકની ખુસબો અને ઝાડની લેહેકી ઉપજે, ગરમીનો બફારો, લોહી ઉકાળો તથા વાયુપિત્ત અને કફના ત્રણે દોષને સમાવવાને ચંદનાદિક, કપુર કાચલી ઈત્યાદિ સુગંધીનો લેપ આખા શરીરે કરવો, ચંદ્રના અજવાળામાં કે ચાંદણીમાં સુવું બેસવું,તેની છાયા શરીરે લાગવાથી સુખ ઉપજે,શરીર કસરત કે અત્તિ મેહન્ત કરેથી આખુ શરીર શોષાય, મૈથુનકે સ્ત્રિનો સંગ કરેથી શુક્ર ઘાતુની રતિ શોષાય, બફારોકે પરસેવો ઘણો થયાથી શરીરની ધાતુ, પાણી, લોહી, કફને શોષે છે. નાગા ઉઘાડા શરીરે ચોતરફ નહી રખડવાનો વિચાર રાખવો, એવી રીતે વિદ્વાન વૈદ્યના વાક્ય કહેલા છે. ॥ ૯૦ ॥ નવા ટીકાકારે પૃથ્વિ ઉપર સર્વેનું સંરક્ષણ

કર્તા. અતિ ઘણા પવિત્ર તલાવના પાણી જેવા પદાર્થો પ્રસિદ્ધ અથવા નિશ્ચે શેહેરોમાં જય મેળવનાર પ્રસિદ્ધ કીધાછે, જેમ માંસ જન્યસ્નેહ, ચરબી ઇત્યાદિ બગડેલી વર્જ્ય કરવાને, પોતાના મનમાં ધારિત રાખવી એઇ છે. ઋતુવિશે તવાયલા કે અતિ નબળા શરીરવિશે, સુતેલા કે ઘણી ઊંઘવાળાએ વર્જ્ય કરવાં, તે સાથે ક્ષય રોગીએ પણ વર્જ્ય કરવા.॥૯૧॥

तत्रश्रीरत्नपाल: समजनिजननतानन्दवृन्दैककन्द:

કુટુંબ કે જગતનું સંરક્ષણ કરવાને શ્રી રત્નપાલે, જંગલની વનસ્પતીનો સંગ્રહ કીધો, તેમાંથી ગુણ દોષનો નિશ્ચે કરી લોકો માટે સંગ્રહ આનંદ ઉપજાવવા, સર્વે સંપૂર્ણ એકદમ સુરણાદિક દરેક કંદ મૂળનું વર્ણન નિચે કરેલું છે.

कुंदेदु:स्वच्छकीर्ति: परमद दलनोद्दान दीक्षैकदक्ष: ।

ચરકાદિકરૂષીએ, નામદારી મેળવવાને રોગ ભોગવનાર દુઃખી-માટે સ્વચ્છ નિર્મળ અતિ ઉત્તમ ઝાડો ફળો, પાંત્રા, દાખલી આ-પવાને યોગ્ય ઉપદેશ કરેલો છે.

यस्या कर्ण्य प्रभूतं प्रथित गुण गणं कर्ण साफल्यभाजो

પ્રયત્ન કરીને અથવા ખુશીથી કરવા જોગ, ઘણી તરેહથી, જે પ્રખ્યાત થયેલા સર્વે ગુણે ગણાયલા સાંભળેલા સફળ પણું ઉપભોગ કીધાથી થાય.

दैवान्निन्दन्ति लोका नयन विफलता खेद मविदयन्त: ॥९२॥

દૈવયોગે કે માઠા નશીબે ઈશ્વર કૃપામાં ઘટાડો થયાથી, સર્વે મેહનતનું ફળ નહી મળતા દુઃખ મંદવાડ, ગરીબી, દરિદ્રપણું, શરીર ગળાવે, બંધાવે છે.

जन नयन सुधां शुस्तस्य शुद्धस्तनूजो

આખા જગતમાં પ્રાણીમાત્ર માટે અમૃતાદિ હાર ફળફલાદી અને તેનું મધ યથાયોગ્ય, સારી રીતે તથા શરીરના અવયવ અને શરીર પંજર ચોખુ, સફેદ, રૂપાળુ શરીર ઉપજાવ્યુ છે.

जगति भरण पाले क्षोणि पालोवभूव

જગતનું પાળન પોષન મદદ સંરક્ષણ કરનાર, શરીરમાં લોહી અને પૃથ્વિ અને શરીર સરજાવનાર જીવાડનાર, પાણી ઉપજાવનાર.

सकल सकल वांछा सिद्धि हे तो विंधाता

સર્વે સંપૂર્ણ જેની ઇચ્છા ઉપજી હોય, તે પૂરી થવાને ઈશ્વરની મરજી હોય તો થાય.

सुरतरुवर चक्रे यत्कर छद्म नैवः ॥ ९३ ॥

સૂર્ય ચંદ્રના પ્રતાપે કલ્પ વૃક્ષાદિક ઉત્તમ પ્રકારે ઉપજે છે તે, જનવિશેષના કારણ માટે ઊપજાવનાર ઇશ્વરે ખાવાપીવાના નવા નવા પદાર્થો ઉપજાવેલા છે.

हारिश्चंद्रस्तस्मात् समज निजनानन्द जननो

મહાપરાક્રમી હરીસચંદ્ર રાજાએ જગતના પ્રાણીઓને આનંદ ઉપજવા, અને પોતાનું સત્ય રાખવા રાજપાટ ખોઈ,વનવાસનું અતિ દુઃખ ભોગવ્યું.

हरिश्चंद्रो लोके परद्रव परिताप ज्वलनः

હરિશ્ચંદ્ર રાજાએ પૃથ્વિ ઉપર પારકાની ધન દોલત જોઇ, તેની અદેખાઈ કે પોતાના મનને સંતાપ અથવા બળતરા નહી કીધી.

परं विश्वामित्रेष्व हितमय माधत्त मतिमान्

સર્વે રૂષીમાં શ્રેષ્ઠ ગણાતા વિશ્વામિત્ર રૂષીએ, પોતાની મતલબ સાંધવાને ઇંદ્ર જેવા જ્ઞાનબુદ્ધિને.

विशिष्टो नैतस्माज्जगाति महितोऽन्यः सुकृतिनः ॥९४॥

સર્વે પ્રકારે ભરપૂર જે હરીસચંદ્ર રાજા તેનું નિત્ય નેમે, સભામાં જગ-તના બ્રહ્માડાદિક રૂષીયો પુજાય, તેમજ બીજા પરાક્રમીઓ અને ઉત્કર્ષ પુરૂષોનું સંનમાને પુજન અતિશે થતું, પંડિતો, વિદ્વાનો, ધર્મશાસ્ત્રોમાં પ્રવીણોની ઈચ્છા પૂર્ણ થતી.

तस्माद भूदद्भुत कस्य मान्यः साधारणो भूमिपतिर्वदान्यः ।

તે ઉપરાંત પ્રતિપાળ કરનારા રાજાઓને, બૈરી, ધન દોલત

અથવા પૃથ્વિ ઇત્યાદિક આપનાર, વશ કરનાર, માંગેલુ આપનાર કે કબુલ રાખનાર, સર્વેને સરખા ગણી સમાન ધર્મ સમજે, હરેક ભૂમિપતી મોટો રાજા હોય અથવા ભીક્ષુક દાનનો લેનાર હોય.

दारिद्रमुन्मूल्य पुनःस्ववैरि स्वस्थापि कामं कृपयैव येन ॥९९

ગરીબપણામાટે વ્યાસાદિક રૂપીએ વૃક્ષાદિકોના મૂળ ફરીથી પોતાની ખાત્રીથી કાયેમ કરેલા ઇચ્છા પૂર્વક અભિપ્રાય આપવા સમર્થ થયેલા સરખી રીતે આશ્ચર્યકારક.

कामो धर्म महेश मान्य उदयो नास्तं प्रयातः क्वचित्

મદન કે ઇચ્છાથી કુળાચાર ધર્માચાર દેશાચારે મહાદેવને માનવા યોગ્ય છે, તેમજ સુર્યાદિ નક્ષત્રોને, જેને અભાવ હોય તે થોડાજ હશે.

क्वचिन्मोदानं मधुपः प्रियन्तन मनः सन्ताप स्त्सूरता

કોઇ ઠેકાણે ધાન્ય વિશેષનું દાન આપવાને મધ, ઘી, ગોળ, ખાંડ (મધુપઃ) પોતાના મનને ગમતા પદાર્થો વિશ્વાસ રાખીને મનને સંતાપ કે ગરબડ નહી કરતા મંદ બુદ્ધિથી દાન કરેછે.

सचक्राति विचित्र मित्र सुखिता वृद्धि प्रदा चंद्रदा

મહાદેવ કે બિષ્ણુના ચક્રવડે અચંબો ઉપજાવનાર, પરસ્પરો- ઉપકારી વનસ્પતિ સૂખમાં વધારો કરનારા નક્ષત્રોની રીતે છે.

चातुर्येण महेन्द्रता कविमना किंचित् न यस्याद्भुतम् ॥९६॥

ચતુરાઇથી ચંદ્રાદિક નક્ષત્રે દેવાદિકનો રાજાઇંદ્ર વીશે, કવિયોએ મનુ જેવા જ્ઞાની પુરૂષે થોડી વનસ્પતી વિશેષ શરખી રીતે બતાવી નથી.

अजानि सहज पालस्तस्य पूर्व्व स्तनूजः

ધાતુમય પદાર્થો રસાયણમાત્રાદિકના ખરાપણા વિશે, બરોબર સંરક્ષણ કે સંભાલી રાખેલુ તૂર્ત ગુણ દેખાડનાર, સોવરશનું જુનું હોય તો ગુણકારી છે. તેમ નવા પદાર્થ તેવા ગુણકારી નથી.

सकल गुण निधानं शास्त्र धर्मैकवेत्ता:

સર્વે ગુણ ભરેલા જેમ કુબેરનો ભંડાર છે તેમ વૈદ્યક શાસ્ત્રના પુસ્તકો શાસ્ત્રોક્ત આચારી મહા જ્ઞાની પુરૂષે રચેલા છે.

प्रथित पुरुषरत्नं यंसमालोक्य लोकाः

પ્રખ્યાત થયેલા રૂષીયો એ હીરાદિકની માત્રા કરવાની મહેનત કરી માલમી મેળવી છે, તેમ પ્રાણી માત્રને ઉપયોગ થવા માટે આ ગ્રંથ પ્રસિદ્ધ કરેલો છે.

बहु विधिषु विधातुः कान्ततां मन्यतेस्म ॥ ९७ ॥

અનેક પ્રકારે સાદીરીતે ઉપાય કરવાને જે યોગ્ય હતા તે, મનને ગમતા પદાર્થો માનવા લાયક સરખી રીતે રચેલા છે.

यो राज्ञां मुख तिलकः कटार मल्लस्ते न श्री मदन नृपेण निर्मितेऽत्र।
ग्रंथेऽस्मिन् मदन विनोद नाम्नि पूर्णो वर्गोऽयं गुण मिश्रकोऽयम्॥

રાજા મદન પાળ નૃપના કહેલા આ પુસ્તકના મદન વિનોદ નામે પૂર્ણો વર્ગો અન્નાદિક અને જુદાજુદા પદાર્થોની મેળવણી કરવાનો અધ્યાય.

इतिश्री मदनपालविरचिते मदन विनोदनाम्नि निघंटो मिश्रवर्गः त्रयोदशः अध्याय संपूर्ण.

ઇતિશ્રી મદન પાળના કહેલા મદન વિનોદ નામે
નિઘંટના જુદાજુદા પદાર્થોની મેળવણી
કરવાનો તેરમો અધ્યાય સંપૂર્ણ.

સમાપ્ત.